# કૈવલ વિલાસ ગ્રંથ

(સટીક)



જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક

કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

॥ શ્રી પરમગુરવે નમઃ ॥



# કૈવલ વિલાસ

## (સટીક)

જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક

કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

|| શ્રી પરમગુરવે નમઃ ||



# કૈવલ વિલાસ

## (સટીક)


જ્ઞાન સંપ્રદાય આદ્યસ્થાપક

કૈવલવેત્તા પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર રચિત

**પ્રેરણામૂર્તિ :**

કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર

**સંકલન-અનુવાદ**

શ્રી બીપીન આર. શાહ

૨, કંચન વાટીકા, વકીલ વાડી, મણીનગર, અમદાવાદ

website: www.kaivalgyan.org



**પ્રકાશક**

ભજનાનંદ પબ્લિકેશન

વિશ્વ સર્વજનમંગલ ચેરિટી ટ્રસ્ટ

૯-૧૦ સત્યમ એપાર્ટમેન્ટ, વકીલવાડી, મણીનગર,

અમદાવાદ, ગુજરાત, ૩૮૦૦૦૮

# કૈવલ વિલાસ (સટીક)

**પ્રેરણામૂર્તિ :**
કૈવલવેત્તા પુરુષ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર

**1st Edition: March 2016**
**Price: Rs. 200/- ($ 20 + S.H.)**
**ISBN: 978-81-921648-0-9**

**કોપીરાઈટ : © વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ**

**પુસ્તક પ્રાપ્તિ સ્થાન**
**શ્રી બીપીન આર. શાહ**
૨, કંચન વાટીકા, વકીલ વાડી,
મણીનગર, અમદાવાદ
M: 001 4438510051 (USA)
WhatsApp no.: 9879966409 (India)
bshah6900@gmail.com

LyűŜǋl·ŎűẊØŜ t5C
tǋl·ɩl·ăK {dzűKl·ǋ
² Kl·űă!LJLJ y2Y +91 9фтпфпнфрф

website: www.kaivalgyan.org

**Disclaimer**
આ ગ્રંથના રચયીતા જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક કુવેરસ્વામી છે. આ રચના હસ્તલેખીત ગ્રંથોમાં ઉપલબ્ધ છે. આ ગ્રંથમાં વ્યક્ત કરવામાં આવેલ સિદ્ધાંતીક વિચારધારા અને ઉદાહરણ દ્વારા રજૂ કરેલ આધ્યાત્મિક દ્રષ્ટિકોણ મૂળ રચયીતાના છે. આ ગ્રંથની ચોપાઈઓનો શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ અમે અમારી સમજ મુજબ આ પુસ્તકમાં કર્યો છે. આ પુસ્તકમાં ચોપાઈના અર્થઘટન દર્શાવતા લખાણમાં રહી ગયેલ ક્ષતિ અંગે પ્રકાશક કોઈ પણ રીતે જવાબદાર નથી. અંતિમ સમજ માટે હસ્તલેખીત ગ્રંથને આધારભૂત માનવા.



# સમર્પણ

**સાદર સમર્પણ**
**જ્ઞાન સંપ્રદાય આદ્ય સ્થાપક**
**પંચમ શ્વસમ વેદાચાર્ય કૈવલ ધર્મધૂરંધર**
**કૈવલવેત્તા દિવ્ય પરમગુરુ**
**શ્રીમત્ કરુણાસાગરના પવિત્ર ચરણોમાં**
**સમર્પણ કરીએ છીએ.**

**આપના ચરણરજના અભિલાષી**
**શાહ પરિવાર**

Shah Family
5 Blackridge Ct. Catonsville MD - 21228, USA
M: 001-443-851-0051
email: bshah6900@gmail.com

# નિવેદન

પ્રિય આત્મબંધુઓ,

કૈવલ કર્તાના પરમવિશેષ પાટવી અંશ, સકર્તા સિદ્ધાંતના પ્રણેતા, જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક, કૈવલવેત્તા પંચમ સ્વસમ વેદાચાર્ય, કૈવલ ધર્મ ધુરંધર, નવ બુદ્ધિ અને સોળ વિભૂતિથી વિભૂષિત પ્રગટ ઘનશ્યામ સ્વરૂપ કુવેરસ્વામીનાં ચરણકમળમાં નમસ્કાર કરી નિવેદન પ્રસ્તુત કરું છું.

આજથી બાર વર્ષ પહેલાં મને પરમગુરુની પ્રેરણાથી વિચાર આવ્યો કે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા રચિત ધર્મગ્રંથોનો શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ કરીને તૈયાર કરવાં જોઈએ. જેથી જિજ્ઞાસુ જીવોને ગૂઢાર્થભરેલા કૈવલજ્ઞાનને સમજવામાં સરળતા રહે. પરમગુરુની પ્રેરણા થકી આ ભગીરથ કાર્યને આગળ ધપાવવા પૂ. ગુરુજીના આશીર્વાદ મેળવી પ્રારંભ કર્યો. અને બે વર્ષના વિચાર-વિમર્શ બાદ સૌ પ્રથમ "નિત્ય નિયમ ઉપાસના પાઠ" (સટીક) ગુજરાતી આવૃતિ પ્રકાશિત કરી. જેનો વાંચન વર્ગ દ્વારા ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. મારું મનોબળ વધ્યું અને આ પ્રમાણે દરેક ગ્રંથ તૈયાર કરવાનો નિર્ણય લઈ લખાણ ચાલુ કર્યું. ગ્રંથના ઊંડા અભ્યાસી સંત અને સજ્જનના સાથ અને સહકારથી લખાણનું કામ આગળ ચાલ્યું. હાલ જસુજીના કૈવલધામ થવાથી મને મારા કાર્યમાં પીઠબળ આપનારની મોટી ખોટ પડી છે, પરંતુ કહેવાય છે કે ધાર્યું ધણીનું થાય છે !

વિચાર-વિમર્શના લાંબા સમયગાળાને ધ્યાનમાં રાખીને નક્કી કર્યું કે આ સ્થૂળ દેહની અવધિ કેટલી ? હાલ ૬૫ વર્ષ થયાં છે. આમ સમય મર્યાદાને ધ્યાનમાં રાખીને મને પરમગુરુની કૃપા થકી જેવી સમજ પડી તે મુજબનું લખાણ પ્રકાશિત કરવાની પ્રેરણા થઈ.

દિવ્ય પરમગુરુ કૈવલધામ સંવત ૧૯૩૪માં ગયા. આજકાલ ૧૩૮ વર્ષ થવાં આવશે. પરંતુ મારા અહોભાગ્ય કે મને આ રીતે ગ્રંથોનું વિવેચન કરવાની પ્રેરણા આપીને કૃપા કરી કે હું આવા કાર્યનો પ્રારંભ કરી શક્યો. જેથી આ પુસ્તકને પુષ્પરૂપે પરમગુરુનાં ચરણોમાં સમર્પિત કરું છું.

"કેવલ વિલાસ" ગ્રંથ એટલે કે વિશ્વનિયંતા કૈવલકર્તા દ્વારા કોઈની પણ મદદ લીધા સિવાય બાહ્યહંગના પસારા રૂપે રહેલ બ્રહ્મક્ષેત્રમાં પાંચ પ્રકારના દેહો સહિતની સર્વ રચના અને આંતરહંગના પસારા રૂપે ત્રણ પ્રકારના અંશોનો કરેલો વિલાસ. આ ગ્રંથના નામ મુજબ તેમાં ગુણો સમાયેલા છે. આ ગ્રંથ કદમાં ભલે નાનો દેખાય, પરંતુ તેમાં દર્શાવેલી તત્ત્વોના પંચીકરણ અંગેની ગૂઢાર્થ ભરેલી માહિતીને ખૂબ જ સરળ રીતે સમજ પડે તે રીતે જણાવવામાં આવી છે.

કુવેરસ્વામી દ્વારા રચિત આ ગ્રંથમાં કુલ-૪૩ અંગ છે.

આ ગ્રંથનું વિવેચન કરતાં પહેલાં મેં ઉપલબ્ધ નકલ (કોપી) કરેલા હસ્ત લિખિત ગ્રંથ સાથે દરેક ચોપાઈના શબ્દે શબ્દની મેળવણી કરેલી છે. જૂના ગ્રંથોની સરખામણીમાં કોઈ શાબ્દિક ફેરફાર થયેલો જણાય તો તે હસ્તલેખિતના આધારે હશે તેમ સમજવું, વળી, હસ્ત લિખિતમાં નકલ કરવામાં લહિયાઓએ ભૂલ કરી હોય ત્યાં સકર્તા સિદ્ધાંતને આધારે યોગ્ય સુધારો કર્યો છે. અગાઉના મહાપુરુષોએ અથાગ મહેનતના અંતે કરેલી ટીકા મને શબ્દાર્થ, અનુવાદ અને ભાવાર્થ લખવામાં ખૂબ જ સહાયભૂત થઈ છે. કોઈ ગ્રંથના અભ્યાસી મારા લખાણ સાથે સંપૂર્ણ સહમત ન થાય તે માનવા યોગ્ય છે. કારણ કે, પરમગુરુએ જ અગાધબોધ ગ્રંથ અંગ ૮૫માં જણાવ્યું છે કે **"વિવિધ વિક્ત કરી અરથ વિકાશો"** એટલે કે, એક જ ચોપાઈના અતિ ગૂઢાર્થ એવા સકર્તા સિદ્ધાંતના પ્રાકૃત ભાષાની ચોપાઈના શબ્દોનું જેટલું મંથન થાય તેટલું તેમાંથી અર્થઘટન થઈ શકે તે સ્વાભાવિક છે. શબ્દકોશમાં પણ ઘણા શબ્દોનો ખુલાસો મળતો નથી. એટલે મેં જે લખ્યું છે તેવું જ પરમગુરુ કહેવા માગે છે તેમ નથી. નવ બુદ્ધિથી વિભૂષિત કૈવલવેત્તા પુરુષનાં વચનો સામાન્ય અંશ અને અલ્પ બુદ્ધિના જીવો પરિપૂર્ણ રીતે કેમ કરીને સમજી શકવાના ? એમ હું પણ એક અલ્પ સામાન્ય અંશ છું તેમ છતાં મને નિમિત્ત બનાવી પરમગુરુએ જે પ્રમાણે પ્રેરણા કરી તે મુજબ આ લખાણ રજૂ કરેલ છે.

ગ્રંથનું વાંચન માત્ર ઉપલક દૃષ્ટિએ નહીં, પરંતુ એક અભ્યાસી તરીકે ખૂબ જ બારીકાઈથી વાંચીને સમજવા પ્રયત્ન કરવામાં આવશે તો ગૂઢાર્થ ભરેલું કૈવલજ્ઞાન સરળતાથી સમજવામાં વાંધો આવશે નહીં.

પરમગુરુને પણ સકર્તા સિદ્ધાંતનું સ્થાપન કરતાં પ્રતિવાદીઓનો ઘણો સામનો કરવો પડ્યો હતો. પૂજ્ય નારણદાસ મહારાજશ્રીને સુરકુવામાં મૂર્તિ

પ્રતિષ્ઠા વખતે વિઘ્નસંતોષીઓનો સામનો કરવો પડ્યો હતો. આમ શુભ કાર્યમાં અડચણ રૂપ સંજોગો આવવાના એ સ્વાભાવિક છે. મારા ઉપર પરમગુરુની પૂર્ણ કૃપા છે તેમ હું માનું છું. અન્ય સંપ્રદાયની સરખામણીમાં સાહિત્ય ક્ષેત્રે થવો જોઈએ તેવો પુરુષાર્થ થયો નથી તે હકીકત છે. કૈવલજ્ઞાનને ચક્રવર્તી કરવાના અમારા આ ભગીરથ કાર્યમાં શુદ્ધ અને હકારાત્મક ભાવથી કાર્યને વધાવશો તો ભવિષ્યમાં અમો આ અંગે સવિશેષ કાર્ય કરી હિન્દી અને અંગ્રેજીમાં ગ્રંથો આપની સમક્ષ મૂકવા કટિબદ્ધ છીએ.

લખાણમાં કોઈ ક્ષતિ પણ હોઈ શકે, ગ્રંથના ઊંડા અભ્યાસીને કોઈ સૈદ્ધાંતિક ભૂલ જણાય તો જરૂર મને લેખિતમાં (bshah6900@gmail.com) જાણ કરવા વિનંતી, જેથી હવે પછીની આવૃત્તિમાં યોગ્ય સુધારો-વધારો કરી શકાય.

**- બીપીન આર. શાહના હૃદયપૂર્વક**<br>
સંત પુરુષોને સત્ કૈવલસાહેબ<br>
ભક્તજનોને સત્ કૈવલ પરમાત્મ્

# પ્રકાશકના બે બોલ

જ્ઞાન સંપ્રદાયના આદ્ય સ્થાપક શ્રીમત્ કરુણાસાગર મહારાજશ્રી અનંત બ્રહ્માંડાધીશ કૈવલકર્તાની આજ્ઞાથી આજથી ૨૪૪ વર્ષ પૂર્વે પ્રગટ થયા હતા અને સકર્તા સિદ્ધાંતની સમજ પંદર ગ્રંથો દ્વારા આ જગતને આપી છે.

દેવોને પણ દુર્લભ એવું મનુષ્ય જીવન આપણને પ્રાપ્ત થયું છે. પ્રત્યેક મનુષ્યનું લક્ષ્ય શાશ્વત સુખની પ્રાપ્તિ છે. આ ભવ સાથે પરભવમાં પણ સુખની અભિલાષા સંતોષવા મનુષ્યો આધ્યાત્મિક જીવન જીવવા તત્પર બને છે અને જગતના વિભિન્ન ધર્મના શરણે જઈ ધર્મગુરુઓ દ્વારા ચીંધાયેલા ટૂંકા માર્ગે પ્રભુ પ્રાપ્તિના માર્ગે ગમન કરવા છતાં, અંતે હતાશ થાય છે. આવા સમયે દિવ્ય પરમગુરુનું માર્ગદર્શન અને પ્રેરણા ખૂબ જ ઉપયોગી છે.

સગુણ-નિર્ગુણથી તીત સકર્તા સિદ્ધાંતનું શ્રેષ્ઠજ્ઞાન રજૂ કરતાં અમોને આનંદ થાય છે. ટ્રસ્ટના બંધારણની વિવિધ પરોપકારી પ્રવૃત્તિના આધારે વિશ્વના માનવોને કલ્યાણ અર્થે કૈવલજ્ઞાન પ્રકાશિત કરવાનું જરૂરી લાગ્યું. આ જ્ઞાન કોઈ સંસ્થા, વ્યક્તિ અને ધર્મની સંપતિ નથી કે કોઈ જ્ઞાતિ, જાતિ કે દેશ માટે સીમિત નથી. સર્જનહારે વિશ્વના માનવ સમુદાય માટે અંશ-અંશીનો લક્ષ આપવા દિવ્ય પરમગુરુને બ્રહ્માંડમાં મોકલ્યા છે. ''વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ'' નો પણ ઉદ્દેશ સમગ્ર વિશ્વના માનવ કલ્યાણ માટે પરમગુરુના જ્ઞાનને દરેક ભાષામાં પ્રગટ કરી કૈવલજ્ઞાન ચક્રવર્તી કરવા માટેનો છે.

આ પુસ્તક સારા કાગળ, બે કલરમાં છપામણી, સિલાઈ બાઈન્ડિંગ કરી ગ્રંથની શ્રેષ્ઠતા મુજબ ટાઈટલ પણ યોગ્ય વિચારી ખર્ચની ગણતરી ન કરતાં સારું પુસ્તક તૈયાર કરવાના પ્રયત્નો કર્યા છે. હાલની દૃષ્ટિએ તેની પડતર કિંમત ઘણી છે. પરંતુ ધાર્મિક સંસ્થા, મંદિર કે અન્ય ચેરિટેબલ ટ્રસ્ટને આ પુસ્તક વિનામૂલ્યે આપવામાં આવશે. અમારો ઉદ્દેશ ધંધાધારી પ્રવૃત્તિ કરી નાણાં મેળવાનો નહીં, પરંતુ પરમગુરુનું જ્ઞાન મુમુક્ષુજનો સુધી પહોંચાડવાનો અને કૈવલ જ્ઞાનને ચક્રવર્તી કરવાના કાર્યમાં સહાયભૂત થવાનો છે.

આ ગ્રંથને વાંચી, વિચારી તેનું મનન કરીને દિવ્ય પરમગુરુના ગૂઢ જ્ઞાનને

ગ્રહણ કરવામાં આવશે તો જ અમારો પ્રયત્ન સફળ થયેલો માની શકાય. વાચકોને અનુરોધ છે કે અન્ય ધર્માનુરાગીઓને પ્રસંગોપાત્ત આ પુસ્તક ભેટ તરીકે આપીને અમારી યોગ્ય કદર કરે. જેથી જગતનાં પ્રત્યેક ઘરમાં આ પુસ્તકને સ્થાન મળે.

દિવ્ય પરમગુરુનું શ્રેષ્ઠ આધ્યાત્મિક જ્ઞાન હૃદયમાં ઉતારીને પરમપદના માર્ગે મનુષ્યજીવન સાર્થક કરવાનું આપણા સૌનું  કર્તવ્ય છે. પ્રત્યેક વ્યક્તિ વિકાસક્રમની સીડીનાં જુદાં જુદાં પગથિયાં પર હોય છે, તેથી 'તૂંડે તૂંડે મતિર્ભિન્ના' એ સૂત્ર અનુસાર દરેકની વિચારસરણી જુદી હોય છે. જો આમ હોય તો દરેકને કેવી રીતે સંતોષી શકાય? અમારો વિનમ્ર પ્રયાસ પ્રત્યેક મનુષ્યને સંતોષ આપવાનો અને પથ ભૂલેલા આત્મબંધુઓને દિવ્ય પરમગુરુના સત્ય અભિગમનું દર્શન કરાવવાનો છે. દિવ્ય પરમગુરુ અમારા આ ધ્યેયને સફળ બનાવવા આશીર્વાદ આપે તેવી અમારી પ્રાર્થના છે.

અમારી ક્ષતિઓ દરગુજર કરી આપનાં સૂચનો તથા અભિપ્રાયો મોકલી જ્ઞાનસેવાના આ કાર્યમાં આપનો સહકાર આપશોજી.

**- ભજનાનંદ પબ્લિકેશન**
**વિશ્વ સર્વજનમંગલ ચૅરિટી ટ્રસ્ટ**
સત્ કૈવલ સાહેબ
સત્ કૈવલ પરમાત્મા

# અનુક્રમણિકા


નિવેદન ........................................................ vi

પ્રકાશકના બે બોલ ................................................. ix

૧. અંગ ૧ પિંડમાં પૃથ્વી અને અગ્નિ તત્ત્વમાં
ચાર તત્ત્વોની મેળવણીની સમજ ...................................... ૧

૨. અંગ ૨ પિંડમાં ચાલતા પ્રણવમાં પૃથ્વી અને અગ્નિ તત્ત્વની ઓળખ........ ૬

૩. અંગ - ૩ પિંડમાં જળ અને વાયુ તત્ત્વમાં ચાર તત્ત્વોની મેળવણી..........૧૧

૪. અંગ ૪ પિંડમાં ચાલતા પ્રણવમાં જળ અને વાયુ તત્ત્વની ઓળખ..........૧૬

૫. અંગ ૫ પિંડના આકાશ તત્ત્વમાં ચાર તત્ત્વની મેળવણી ..................૨૧

૬. અંગ - ૬ પિંડમાં ચાલતા પ્રણવમાં આકાશ તત્ત્વની સમજ ...............૨૬

૭. અંગ ૭ વૈરાટના પૃથ્વી તત્ત્વમાં ચાર તત્ત્વોના વિભાગની સમજ...........૩૨

૮. અંગ - ૮ વૈરાટના પ્રણવમાં ચાલતા પૃથ્વી તત્ત્વના ચિહ્નોની સમજ ........૩૭

૯. અંગ ૯ વૈરાટમાં જળ અને અગ્નિ તત્ત્વમાં
ચાર તત્ત્વના વિભાગની સમજ ........................................૪૨

૧૦. અંગ ૧૦ વૈરાટના પ્રણવમાં ચાલતા જળ તત્ત્વના ચિહ્નોની સમજ .........૪૬

૧૧. અંગ ૧૧ વૈરાટના અગ્નિ અને વાયુ તત્ત્વમાં
ચાર તત્ત્વોના વિભાગની સમજ .......................................૫૧

૧૨. અંગ ૧૨ વૈરાટના પ્રણવમાં ચાલતા અગ્નિ અને
વાયુ તત્ત્વના ચિહ્નોની સમજ .........................................૫૬

૧૩. અંગ ૧૩ વૈરાટના આકાશ તત્ત્વમાં ચાર તત્ત્વના વિભાગની સમજ........૬૧

૧૪. અંગ - ૧૪ વૈરાટના પ્રણવમાં ચાલતા આકાશતત્ત્વના ચિહ્નોની સમજ .....૬૬

૧૫. અંગ ૧૫ પંચકોશની સમજ............................................૭૧

૧૬. અંગ ૧૬ દેહની ઈન્દ્રિયોની સમજ ......................................૭૬

૧૭. અંગ ૧૭ મતપક્ષ અને પક્ષાંતરની સમજ.................................૮૨

૧૮. અંગ ૧૮ સત્ય સ્વ-સ્વરૂપ સમજ અભાવ .............................૮૬

૧૯. અંગ ૧૯ અવસ્થા અને અંતઃકરણ વિશે ..............................૯૨
૨૦. અંગ ૨૦ ચતુર્દેહ તત્ત્વની સમજ ..........................................૯૬
૨૧. અંગ - ૨૧ અવસ્થા અને પેટા અવસ્થાની સમજ .................... ૧૦૩
૨૨. અંગ ૨૨અવસ્થા અને અંતઃકરણનો ભેદ ............................ ૧૦૮
૨૩. અંગ ૨૩ તુર્યાવસ્થાનો ભેદ................................................. ૧૧૩
૨૪. અંગ ૨૪ તુર્યાવસ્થા અને અંતઃકરણનો ભેદ .......................... ૧૧૯
૨૫. અંગ ૨૫ વેદ-શાસ્ત્ર અંગે વિશ્વની ભ્રમણા ............................ ૧૨૫
૨૬. અંગ ૨૬ બ્રહ્મ અંગેની ભ્રમણા ............................................ ૧૩૦
૨૭. અંગ ૨૭ વિવિધ ઉપાસનામાં ચિત્ત લગાવનકો......................... ૧૩૬
૨૮. અંગ ૨૮ અખિલ વિશ્વ નાશકો.............................................. ૧૪૦
૨૯. અંગ ૨૯ વ્યાપક મત મતાંતર ભૂલ દેખાવનકો......................... ૧૪૫
૩૦. અંગ ૩૦ બ્રહ્મ વિલાસ દેખાવનકો ........................................ ૧૫૦
૩૧. અંગ ૩૧ બ્રહ્મ વિશ્વ વિલાસ ઉત્પન્નકો .................................. ૧૫૫
૩૨. અંગ ૩૨ બ્રહ્મ અખિલ વિશ્વ વિલાસ ઉત્પન્નકો ....................... ૧૬૦
૩૩. અંગ ૩૩ અદ્વૈત બ્રહ્મમે ઘાટ જામણકો ................................ ૧૬૫
૩૪. અંગ ૩૪ બ્રહ્મ ભવાટી મંડાણકો .......................................... ૧૬૯
૩૫. અંગ ૩૫ બ્રહ્મ ગુણગાન ગાવનકો ........................................ ૧૭૫
૩૬. અંગ ૩૬ ઘાટમેં બ્રહ્મ સર્વાંગે વ્યાપક દેખાવનકો...................... ૧૭૯
૩૭. અંગ ૩૭ બ્રહ્મ વાણી ઉચરનકો ........................................... ૧૮૪
૩૮. અંગ ૩૮ વેદ-શાસ્ત્ર રચનાકો.............................................. ૧૮૮
૩૯. અંગ ૩૯ વેદના મહાવાક્યકો .............................................. ૧૯૩
૪૦. અંગ ૪૦ વેદ ના મહાવાક્યનો ભેદ....................................... ૧૯૮
૪૧. અંગ ૪૧ સકર્તા પરમલક્ષનો મત .......................................... ૨૦૪
૪૨. અંગ ૪૨ અક્રત અકથ પરમપદ ની સમજ............................... ૨૦૯
૪૩. અંગ ૪૩ કૈવલકર્તાની સ્તુતિ ............................................... ૨૧૫
ચોપાઈ અનુસુચી ................................................................ ૨૨૧

# અંગ ૧
# પિંડમાં પૃથ્વી અને અગ્નિ તત્ત્વમાં ચાર તત્ત્વોની મેળવણીની સમજ

(ઉમંગ છંદ)

**સુનો તત્ત્વકે પ્રતિલોમ અન્યોન્ય;**
**અંતઃકરણ અવસ્થા સમેત. ૧**

### શબ્દાર્થ

**સુનો** = સાંભળો **તત્ત્વકે** = તત્ત્વોના **પ્રતિલોમ** = વિપરીત, ઊલટા ક્રમનું, પ્રતિકૂળ **અન્યોન્ય** = અન્યો અન્ય, એકબીજા પ્રત્યે, પરસ્પર **અંતઃકરણ** = અંતઃકરણ તત્ત્વ (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર નચિંત) **અવસ્થા** = અવસ્થાઓ (જાગ્રત, સ્વપ્ન, સષોપતિ, તુર્યા અને ઉનમૂની) **સમેત** = સાથે, સહિત.

### અનુવાદ

**તત્ત્વો ઊલટા-સૂલટી એકબીજામાં પરસ્પર મળીને રહેલા છે. તેવા તત્ત્વો અંતઃકરણ અને અવસ્થા સહિત દરેકના ભાગ કરીને સમજાવું છું, તે તમો સાંભળો.**

### ભાવાર્થ

આ સૃષ્ટિના સર્જનહાર અનંત બ્રહ્માંડાધીશ કૈવલકર્તાએ પોતાના શુદ્ધ સંકલ્પ દ્વારા જ્યારે સૃષ્ટિની રચના કરી, ત્યારે અવ્યક્ત શુદ્ધ તત્ત્વોની રચના કરી હતી. તે તત્ત્વો કાર્યરૂપ ન હતા. તેથી પોતાની ઈચ્છા મુજબ તત્ત્વોને ઊલટા-સૂલટી મેળવણી કરીને વ્યક્ત કાર્યાન્વિત તત્ત્વો બનાવ્યાં હતાં. દા.ત., અવ્યક્ત મહદ્ અગ્નિ તત્ત્વ કે જેનાથી ગરમી અને પ્રકાશ પેદા થતાં નથી, પરંતુ તે અવ્યક્ત અગ્નિ તત્ત્વમાં અન્ય તત્ત્વો ભેળવી, વ્યક્ત અગ્નિ તત્ત્વના સ્વરૂપને કાર્યરૂપ બનાવ્યું છે, જેમકે અગ્નિ તત્ત્વનું વ્યક્ત સ્વરૂપ સૂર્ય છે જેનાથી ગરમી અને પ્રકાશ પેદા થાય છે.

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આ ગ્રંથ દ્વારા વિશ્વના માનવોને પોતાના શરીરના બંધારણમાં રહેલા કુલ ચોર્યાસી તત્ત્વો અન્યોઅન્ય ઊલટા-સૂલટી રીતે એકબીજામાં પરસ્પર મળીને કેવી રીતે રહેલાં છે. ઉપરાંત પાંચ પ્રકારના અંતઃકરણોઃ મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત અને નચિંત પણ કેવી રીતે રહેલા છે તથા જાગ્રત, સ્વપ્ન, સષોપતિ, તુર્યા અને ઉનમૂની એમ પાંચેય પ્રકારની અવસ્થાઓ શરીર કેવી રીતે ભોગવે છે ? તે સઘળી હકીકત સમજાવે છે જે એકાગ્ર ચિત્ત રાખીને સર્વે શ્રોતાજનોને સાંભળવા અનુરોધ છે.

**ભોમી વિભાગ કહું પંચકે સંચ;**
**ઉષ્ણ શરીર સો તેજ તપત. ૨**

### શબ્દાર્થ

**ભોમી** = પૃથ્વી, તત્ત્વ **વિભાગ** = વિભાગ, પેટાભાગ, હિસ્સો **કહું** = કહુ છું **પંચકે** = પાંચેયમા **સંચ** = ગોઠવણ, ગુપ્ત કરામત, સંગ્રહ **ઉષ્ણ** = ગરમ **શરીર** = શરીર, ઘાટ **સો** = તે **તેજ** = અગ્નિ તત્ત્વ **તપત** = ગરમી, ગરમાવો, તાપ.

### અનુવાદ

**પૃથ્વી તત્ત્વ સહિત પાંચ તત્ત્વો રહેલા છે તે કહુ છું. ગરમાવો-ગરમપણું છે, તે અગ્નિ તત્ત્વનો વિભાગ જાણવો.**

### ભાવાર્થ

સ્થૂળ શરીરના બંધારણમાં પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એમ પાંચ મહાતત્ત્વોના વિભાગ છે. શરીરમાં જે ઉષ્ણતાપણું રહેલું છે તે મિશ્રિત અગ્નિ તત્ત્વનો વિભાગ જાણવો. સ્થૂળદેહના જંગમ જાતિના તત્ત્વોનાં બંધારણમાં પૃથ્વી તત્ત્વના ૬ ભાગ રહેલા છે. બાકીના જળ, અગ્નિ, વાયુ અને આકાશ તત્ત્વોના એક એક ભાગ રહેલા છે. કુલ ૧૦ ભાગના અહંકાર ઘણના પાંચ ભૂતનો સમાવેશ સ્થૂળદેહમાં થયેલો છે.

નોંધ : તત્ત્વોની મેળવણી અંગેના પ્રમાણ(ભાગ)ની વિગતવાર માહિતી પંચમ સ્વસમવેદ વેદના જંગમ જાતિ વિભાગમાં છે, તે જોવા વિનંતી.

**રહત ધનંજય વાયુ જે પડે પિંડ;**
**નીર શરીર છૂટત પ્રસેત. ૩**

### શબ્દાર્થ

**રહત** = રહે છે **ધનંજય** = ધનંજય વાયુ, ધનુર **વાયુ** = પવન તત્ત્વ **જે** = જે **પડે** = નાશ થતાં, **પિંડ** = શરીર, ઘાટ **નીર** = પાણી તત્ત્વ, જળ તત્ત્વ **શરીર** = શરીર **છૂટત** = છોડે છે, બહાર કાઢે છે, છૂટે છે **પ્રસેત** = પરસેવો, ચામડીનાં છિદ્રોમાંથી નીકળતું ખારાશવાળું પ્રવાહી જે માત્ર સ્તનપાયી એટલે કે, માતાના સ્તનનું પાન કરીને રહેતા શરીરમાં જ જોવા મળે છે.

### અનુવાદ

**શરીર છૂટી જતાં જે ધનંજય વાયુ રહે છે, તે વાયુ તત્ત્વનો વિભાગ જાણવો અને શરીરમાંથી જે પરસેવો છૂટે છે તે જળ તત્ત્વનો વિભાગ જાણવો.**

### ભાવાર્થ

વાતાવરણમાં કુલ ૪૯ પ્રકારનાં વાયુ ગમન કરે છે. તે પૈકી પાંચ લેતા પ્રાણાયામ અને પાંચ મુકતા પ્રાણાયામ ગણાય છે. શરીરમાં સૌ પ્રથમ અંશનો આભાસ પ્રણવ ઉપરથી ખસીને ચક્ષસત્ત્વ ઉપર જાય, ત્યારે ધીરે ધીરે લેતો પ્રાણાયામ પછી મુકતા પ્રાણાયામ બંધ થાય અને છેલ્લે જો કાળ ચક્ષસત્વ સર્વે પ્રાણાયામને બહાર કાઢીને નાશ પામે ત્યારે દેહનું મૃત્યુ થયું ગણાય છે. આ વખતે કોઈ કારણસર જો થોડો પ્રણવ દેહમાં રહી ગયો હોય તો મુખારવિંદ ઉપર તેજ ઉત્પન્ન થાય છે. જો સંપૂર્ણપણે પ્રણવ બહાર કાઢીને કાળ ચક્ષસત્ત્વ નાશ પામે તો મુખારવિંદ ઉપર કાળાશ(શ્યામતા) છવાઈ જાય છે. દેહમાં આ રીતે વાયુ તત્ત્વનો વિભાગ જાણવો.

શરીરમાં ઘણાં બધાં કારણોને લઈને ચામડીમાંથી પરસેવા રૂપે પાણી બહાર આવે છે, જે જળ તત્ત્વનો વિભાગ જાણવો.

**રોમ કે છિદ્ર સો વ્યોમ કહાવત;**
**રહાવત ભોમીમે ભાગ સંકેત. ૪**

### શબ્દાર્થ

**રોમકે** = રુંવાટાનાંવાળ **છિદ્ર** = કાણું, છિદ્રો **સો** = તે **વ્યોમ** = આકાશ તત્ત્વ **કહાવત** = કહેવાય છે **રહાવત** = રહેલા છે **ભોમીમે** = પૃથ્વી તત્ત્વમાં **ભાગ** = વિભાગ, હિસ્સો **સંકેત** = નિશાની સ્વરૂપે.

### અનુવાદ

**રોમમાં જે છિદ્રો રહેલાં છે, તે આકાશ તત્ત્વનો વિભાગ છે. એ મુજબ પૃથ્વી તત્ત્વના ભાગ રૂપે આ તત્ત્વો રહેલાં છે.**

### ભાવાર્થ

આપણા શરીરમાં જે રુંવાટાનાં છિદ્રો છે, તે આકાશ તત્ત્વનો વિભાગ છે. આમ પૃથ્વી તત્ત્વના કુલ ૬ ભાગમાં આકાશ તત્ત્વનો જે એક ભાગ સમાયેલો છે તે આપણે નિશાની રૂપે જોઈ શકીએ છીએ.

## તેજમે તોય તપે અપ છાંડત;
## કષ્ટ શરીર આંસુ જો ઝરત. ૫

### શબ્દાર્થ

**તેજમે** = અગ્નિ તત્ત્વમાં **તોય** = જળ તત્ત્વ **તપે** = ગરમ થાય, તાપ અનુભવે **અપ** = પાણી તત્ત્વ **છાંડત** = છૂટે **કષ્ટ** = દુઃખ, પીડા, આપત્તિ **શરીર** = શરીરમાં **આંસુ** = આંસુ, આંખમાંથી નીકળતો પાણીનો ભાગ **જો** = જો, જેથી **ઝરત** = ઝરે છે, નીકળે છે.

### અનુવાદ

**અગ્નિ તત્ત્વમાં જળ તત્ત્વનો વિભાગ હોવાથી શરીર તપે ત્યારે પરસેવો છૂટે છે અને શરીરને કષ્ટ પડે ત્યારે આંખમાંથી આંસુ ઝરે છે.**

### ભાવાર્થ

આપણા સ્થૂળ શરીરમાં જે અગ્નિ તત્ત્વ છે. તેના બંધારણમાં અન્ય પૃથ્વી, જળ, વાયુ અને આકાશનો તત્ત્વ મિશ્રિત એક ભાગ સમાયેલો છે, જ્યારે શરીરમાં ગરમી ઉત્પન્ન થાય ત્યારે શરીરમાંથી જે પરસેવો છૂટે છે તે, તેમજ શરીરમાં દુઃખ થાય ત્યારે આંખમાંથી નીકળતાં આંસુ તે અગ્નિ તત્ત્વમાં રહેલા જળ તત્ત્વનો વિભાગ જાણવો.

## ડોલત નેંન સો વાયુ વિસેષન;
## કુવેર શૂન્ય સુરતી ન કટાતત. ૬

### શબ્દાર્થ

**ડોલત** = આમતેમ હલવું, ડોલવું **નેંન** = આંખ **સો** = તે **વાયુ** = વાયુ તત્ત્વ **વિસેષન** = ગુણ **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **શૂન્ય** = આકાશ તત્ત્વ **સુરતી** = દૃષ્ટિ **ન** = નહીં **કટાતત** = કપાવવું, રુકાવટ આવવી.

### અનુવાદ

**નેત્રમાં રહેલા ડોળા આમતેમ ડોલે છે, તે અગ્નિ તત્ત્વમાં વાયુ તત્ત્વનો ભાગ જાણવો. કુવેરસ્વામી કહે છે કે, શરીરમાં નેત્રોની દૃષ્ટિ કપાતી નથી, તે આકાશ તત્ત્વનો ભાગ જાણવો.**

### ભાવાર્થ

આપણા શરીરના બન્ને નેત્રોમાં રહેલા ડોળા વારંવાર આમતેમ હલનચલનની ક્રિયા કરે છે, તે અગ્નિ તત્ત્વમાં રહેલા વાયુ તત્ત્વનો ભાગ જાણવો. વળી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે આપણા શરીરમાં રહેલાં નેત્રોની દૃષ્ટિ આકાશ તરફ લાંબા અંતરે રહેલા પદાર્થોનું પણ નિરીક્ષણ કરે છે ત્યારે દૃષ્ટિમાં વિક્ષેપ પડતો નથી, તે અગ્નિ તત્ત્વમાં રહેલા આકાશ તત્ત્વનો વિભાગ જાણવો.

# અંગ ૨
# પિંડમાં ચાલતા પ્રણવમાં
# પૃથ્વી અને અગ્નિ તત્ત્વની ઓળખ

**(પરિબોધ મોરાલકંદ)**

**ભોમી તેજ ભાગ કહે ઉદર અંકુર રહે;**
**ચતુર ચતુર એકુ એકુમે સંજાુક્ત હે. ૧**

### શબ્દાર્થ

**ભોમી** = પૃથ્વી તત્ત્વ **તેજ** = અગ્નિ તત્ત્વ **ભાગ** = માં રહેલા વિભાગ **કહે** = કહે **ઉદર** = અંદર, પેટા વિભાગ સ્વરૂપે **અંકુર** = અંકુર, ભાગ **રહે** = રહેલા છે **ચતુર ચતુર** = ચારેચારમાં **એકુ એકુમે** = એક ભાગ, એક એકમાં **સંજાુક્ત** = જોડાયેલા, અવિભક્ત, સાથે ભળેલાં **હે** = છે.

### અનુવાદ

**પૃથ્વી અને અગ્નિ તત્ત્વના પેટા વિભાગમાં બીજા ચાર-ચાર તત્ત્વોનાં વિભાગ અંકુર રૂપે એક એકમાં સંયુક્તપણે રહેલાં છે.**

### ભાવાર્થ

પૃથ્વી તત્ત્વમાં બાકીના જળ, અગ્નિ, વાયુ અને આકાશ તત્ત્વના ભાગ સૂક્ષ્મપણે પેટા વિભાગે સમાયેલાં છે. તેમજ અગ્નિ તત્ત્વમાં બાકીના પૃથ્વી, જળ, વાયુ અને આકાશ તત્ત્વના ભાગ સૂક્ષ્મપણે પેટાવિભાગે ભળેલાં છે.

**લહે કોઈ સંત જન જાકે નિરમલ મન;**
**અંતર અવિલોકન બુદ્ધિકે ધીરક્ત હે. ૨**

### શબ્દાર્થ

**લહે** = જાણે **કોઈ** = કોઈક **સંતજન** = સંતગતિના માનવ **જાકે** = જેમનું **નિરમલ** = નિર્મળ, વિકાર રહિત, પવિત્ર શુદ્ધ **મન** = મન અંતઃકરણ **અંતર** = હૃદયથી, અંતરવૃત્તિથી **અવિલોકન** = નિરીક્ષણ,

તપાસ, અવલોકન **બુદ્ધિ કે** = બુદ્ધિ અંતઃકરણના **ધીરક્ત** = ધૈર્યવાન, અડગ, નિશ્ચયી **હે** = હોય.

## અનુવાદ

**જેનું મન નિર્મળ અને બુદ્ધિ ધૈર્યતાવાળી હોય અને અંતરથી અવલોકન કરી શકે તેવા સંત આ રહસ્યને જાણી શકે છે.**

## ભાવાર્થ

આપણા શરીરમાં રહેલા તત્ત્વોના વિભાગનું પંચીકરણ જે રીતે મિશ્રિત કરવામાં આવેલું છે તેના રહસ્યને જેનું મન મળથી રહિત શુદ્ધ હોય અને જેની કુશાગ્ર બુદ્ધિમાં ધૈર્યતા હોય તથા પોતાના હૃદયમાં અવલોકન કરવાની શક્તિ, સૂઝ હોય તેવા સંતગતિના માનવ જાણી (ઓળખી) શકે છે.

**અવનિ અમલ શ્વાસામહી કે લગત ગત;**
**દ્વાદશ આંગૂલ જાકે રંગ સો પીલકત હે. ૩**

### શબ્દાર્થ

**અવનિ** = પૃથ્વી તત્ત્વનો **અમલ** = સત્તા, પ્રભાવ, હકૂમત, શાસન **શ્વાસામહિ** = શ્વાસ ઉપર, પ્રણવ ઉપર **કે** = કે **લગત** = લાગે છે **ગત** = ગતિ, પ્રવાહ **દ્વાદશ** = બાર **આંગૂલ** = આંગળીનું માપ **જાકે** = જેનું,જેનો **રંગ** = રંગ, કલર **સો** = તે **પીલકત** = પીળાશ પડતો **હે** = હોય છે.

## અનુવાદ

**જ્યારે પૃથ્વી તત્ત્વનો અમલ પ્રણવ ઉપર ચાલતો હોય, ત્યારે શ્વાસની ગતિનો વેગ બાર આંગળ ચાલે છે અને તેનો રંગ પીળો હોય છે.**

## ભાવાર્થ

આપણા શરીરમાં રહેલા રેચક, પ્રેરક અને કુંભસ્થ પ્રણવની ગતિ તત્ત્વોના આધારે બદલાતી રહે છે. એટલે કે, પ્રણવ ઉપર જે તત્ત્વનો અમલ વર્તાતો હોય તે મુજબની પ્રણવની ગતિનો વેગ હોય છે અને તેના રંગમાં પણ ફેરફાર થતો

હોય છે. તે વિગત દિવ્ય પરમગુરુ અહીં દર્શાવે છે.

જ્યારે પ્રણવ ઉપર પૃથ્વી તત્ત્વનો અમલ ચાલતો હોય ત્યારે પ્રણવની ગતિનો વેગ બાર આંગળના માપનો હોય છે-વહે છે. તે સમયે ચાલતા પ્રણવનો રંગ પીળાશ પડતો હોય છે.

**અગની અમલ ભલે, આંગૂલ ચતુર ચલે;**
**પાવે સો મીંચે ન પલ બરન સો રક્ત હે. ૪**

**શબ્દાર્થ**

**અગની** = અગ્નિ તત્ત્વનો **અમલ** = અમલ, સત્તા **ભલે** = ઠીક, ચાલે ત્યારે, પૂરેપૂરી રીતે, સારી રીતે **આંગૂલ** = આંગળીનું માપ **ચતુર** = ચાર **ચલે** = વહે **પાવે** = પામવું, મેળવવું, પરિણામે **સો** = તે **મીચે ન પલ** = પાંપણો પણ મીંચાતી નથી **બરન** = વર્ણ, રંગ **સો** = તેનો **રક્ત** = લાલ **હે** = હોય છે.

**અનુવાદ**

**અગ્નિ તત્ત્વનો પૂરેપૂરો અમલ વર્તાય ત્યારે પ્રણવ ચાર આંગળ વહે છે અને એક પળમાત્ર નેત્રો બંધ થતા નથી. વળી, તેનો રંગ લાલ હોય છે.**

**ભાવાર્થ**

આપણા શરીરમાં ચાલતા પ્રણવમાં જો અગ્નિ તત્ત્વનો સંપૂર્ણ અમલ વર્તાતો હોય, ત્યારે બહાર નીકળતા શ્વાસ(પ્રણવ)ની ગતિનો વેગ ચાર આંગળના માપ પ્રમાણે વર્તાય છે, વહે છે. તે વખતે અગ્નિ તત્ત્વનો ગરમ સ્વભાવ હોઈ આંખની પલક બંધ થતી નથી. વળી તે વખતે નીકળતા શ્વાસનો રંગ લાલાશ પડતો હોય છે.

**તીક્ષણ અગન્ય મીષ્ટ મહીકી કહત પુનિ;**
**લગત સવાદ સાધ જો જો કછુ ભૂક્તે હે. ૫**

**શબ્દાર્થ**

**તીક્ષણ** = તીખો **અગન્ય** = અગ્નિ તત્ત્વનો **મીષ્ટ** = મધુર, મીઠો **મહીકી** = પૃથ્વી તત્ત્વનો **કહત** = કહુ છું **પુનિ** = વળી **લગત** = લાગે છે **સવાદ** = સ્વાદ **સાધ** = સાધક **જો જો** = જેજે, જો, જે પણ **કછુ** = કોઈ પણ **ભૂક્તે** = ભુક્તમાન કરે, અનુભવે **હે** = છે.

### અનુવાદ

**અગ્નિ તત્ત્વનો સ્વાદ તીખો અને પૃથ્વી તત્ત્વનો સ્વાદ મીઠો હોય છે. જો સાધક કંઈ પણ ભુક્તમાન કરે ત્યારે આ સ્વાદ અનુભવે છે.**

### ભાવાર્થ

આપણા શરીરમાં ચાલતા પ્રણવમાં ક્યા તત્ત્વનો અમલ ચાલતો હોય છે, તે અંગેની જાણ જે વ્યક્તિ પોતાની સાધનાથી તપાસીને નિહાળે તો તેને અનુભવ થાય છે. જ્યારે પ્રણવમાં અગ્નિ તત્ત્વનો પ્રભાવ હોય તો તેનો સ્વાદ તીખો અને પૃથ્વી તત્ત્વનો પ્રભાવ હોય તો તેનો મીઠો સ્વાદ સાધક અનુભવે છે.

**ધીરજ અવન્ય મન અગની અકલ પત;**
**યાહીકે સુભાવ ગત સાધને ઓલકત હે. ૬**

#### શબ્દાર્થ

**ધીરજ** = ધીરજ, ઠરેલ વૃત્તિ, શાંત સ્વભાવ **અવન્ય** = પૃથ્વી તત્ત્વથી **મન** = મન, અંતઃકરણ **અગની** = અગ્નિ તત્ત્વ **અકલ** = અકળ, અગમ્ય, અકળામણ ભર્યા **પત** = વ્યવહાર, પ્રયત્ન **યાહીકે** = આ પ્રમાણેનો, આ રીતનો **સુભાવ** = સ્વભાવ **ગત** = સમજ **સાધને** = સાધના દ્વારા સાધકને **ઓલકત** = ઓળખાણ **હે** = થાય છે.

### અનુવાદ

**પૃથ્વી તત્ત્વથી મનમાં ધીરજ રહે છે. અગ્નિ તત્ત્વથી મનમાં અકળામણ થાય છે. તે સર્વ તત્ત્વોના સ્વભાવની સમજ સાધના કરવાથી ઓળખાય છે.**

### ભાવાર્થ

આપણા શરીરમાં પ્રણવ ઉપર પૃથ્વી તત્ત્વનો અમલ હોય તો તે સમયે મનમાં શાંત સ્વભાવવાળી વૃત્તિ અને ધીરજપૂર્ણ સ્વભાવ પ્રવર્તે છે. જ્યારે અગ્નિ તત્ત્વનો પ્રભાવ પ્રણવ ઉપર હોય ત્યારે વ્યક્તિ પોતે મનમાં અકળામણ અનુભવે છે અને વ્યવહાર પણ તેવો જ કરે છે. આ સર્વે તત્ત્વોના સ્વભાવની સમજ પ્રણવની સાધના

કરનાર સાધકને પડે છે અને અમલી તત્ત્વોને ઓળખી શકે છે.

**લગત માતરા ગંધ રુપ હી સ્વરૂપ ઉપ;**
**કુવેર પરમાત્મા તાહી તે વીરક્ત હે. ૭**

### શબ્દાર્થ

**લગત** = લગતું, સંબંધ ધરાવતી **માતરા** = માત્રા **ગંધ** = ગંધ, સુગંધ અથવા દુર્ગંધ **રુપહી** = સ્વરૂપને બતાવવું, આકાર, આકૃતિ, દૃશ્ય પદાર્થ, દેખાવ **સ્વરૂપ** = ઘાટ, પોતાનું મૂળરૂપ લક્ષણ, સ્વભાવ, આત્મભાવ **ઉપ** = પાસે, નજીક **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **પરમાત્મા** = પરમાત્મા **તાહી** = તેનાથી **તે** = તે **વિરક્ત** = જુદો, અલગ **હે** = છે.

### અનુવાદ

**તત્ત્વોને સંબંધ ધરાવતી ગંધ અને રૂપ માત્રા શરીરનાં લક્ષણો ઉપરથી જણાય છે. કુવેરસ્વામી કહે છે કે પરમાત્મા તે સર્વથી અલગ છે.**

### ભાવાર્થ

ગંધ માત્રા ધરાવતું પૃથ્વી તત્ત્વ અને રૂપ માત્રા ધરાવતું અગ્નિ તત્ત્વ છે. જેમાં પૃથ્વીતત્ત્વની ગંધ માત્રા સુગંધ અને દુર્ગંધ પારખી શકે છે. જ્યારે અગ્નિ તત્ત્વની રૂપ માત્રા આકૃતિ રૂપે રહેલ પદાર્થને અનુભવી શકે છે, તેમજ સૌંદર્યતાને (સુંદરતાને) નિહાળે છે. આ બન્ને ક્રિયા શરીર થકી અનુભવી શકાય છે. વળી કયું તત્ત્વ પ્રણવ વિશે વહે છે તેની પરખ શરીરનાં વ્યવહાર પરથી જણાઈ આવે છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે આ બધા જ નાશવંત તત્ત્વોથી પરમાત્મા અલગ છે.

# અંગ - 3
# પિંડમાં જળ અને વાયુ તત્ત્વમાં ચાર તત્ત્વોની મેળવણી

(ઉમંગ છંદ)

**ભોમી વિભાગ લઘુ પલ મીંચત;**
**ખોલત દષ્ટ દ્વિગ તેજ પૃષ્ટ. ૧**

**શબ્દાર્થ**

**ભોમી** = પૃથ્વી તત્ત્વનો **વિભાગ** = વિભાગ **લઘુ** = થોડો સમય, અલ્પ **પલ** = પાંપણો **મીંચત** = મીંચે છે **ખોલત** = ખોલતાં, ઉઘાડતાં **દષ્ટ** = દષ્ટિ, નજર **દ્વિગ** = દૂર, સુધી **તેજ** = અગ્નિ તત્ત્વ **પૃષ્ટ** = પૃષ્ટિ, પોષાવું, તૃપ્તિનો અનુભવ.

**અનુવાદ**

**એક પળમાત્ર આંખ મીંચવી તે પૃથ્વી તત્ત્વનો વિભાગ છે અને આંખ ખૂલ્યા બાદ દષ્ટિની પૃષ્ટિ થાય તે અગ્નિ તત્ત્વનો વિભાગ છે.**

**ભાવાર્થ**

જ્યારે આપણી આંખોની પાંપણો બંધ થઈને નેત્રો પળભર દેખતાં બંધ થાય, તે અલ્પ સમયના પાંપણ મીંચાવાની ક્રિયાને પૃથ્વી તત્ત્વનો વિભાગ જાણવો. ફરીથી તે આંખની પાંપણો ખૂલવાથી દષ્ટિ સૂર્યના પ્રકાશ અને ચંદ્રના તેજની પૃષ્ટિ કરીને દશ્યને નિહાળે ત્યારે તે ક્રિયાને અગ્નિ તત્ત્વનો વિભાગ સમજવો.

**તોઈમે તેજ રહે સો સુનો ગત;**
**અમી આંસુ લાલ લાગત ઉષ્ટ. ૨**

### શબ્દાર્થ

**તોઈમે** = જળ તત્ત્વમાં **તેજ** = અગ્નિ તત્ત્વ **રહે** = રહે છે **સો** = તે **સુનો** = સાંભળો **ગત** = સમજ ગતિને **અમી** = અમી, પાણી **આંસુ** = આંસુ **લાલ** = લાલ **લાગત** = લાગે **ઉષ્ટ** = ઉષ્ણ, ગરમ.

### અનુવાદ

**જળ તત્ત્વમાં અગ્નિ તત્ત્વ સમાયેલું છે તેની વિગત સાંભળો. નેત્રમાં અમી રૂપે જળ તત્ત્વ રહેલું છે, પરંતુ નેત્ર લાલાશ પડતાં થાય તે વખતે ગરમ આંસુ નીકળે છે. તે જળ તત્ત્વમાં અગ્નિ તત્ત્વનો વિભાગ જાણવો.**

### ભાવાર્થ

આપણા શરીરના જળ તત્ત્વમાં પૃથ્વી, અગ્નિ, વાયુ અને આકાશના સૂક્ષ્મ ભાગ સમાયેલાં છે. તે પૈકી શરીરમાં રહેલ જળ તત્ત્વમાં અગ્નિ તત્ત્વ સમાયેલું છે. તેથી નેત્રોમાં અમીરૂપે જળ રહેલું છે. જ્યારે આંખો લાલાશ પડતી થાય ત્યારે આંખોમાંથી નીકળતાં આંસુઓ ગરમ હોય છે. તે જળ તત્ત્વમાં અગ્નિ તત્ત્વનો ભાગ સમજવો.

## વાયુ રહ્યો રસના રસ ગ્રાહત;
## હે અપમે અવની કફ જાુષ્ટ. ૩

### શબ્દાર્થ

**વાયુ** = વાયુ તત્ત્વ **રહ્યો** = રહ્યો છે **રસના** = જીભ, જિહ્વા **રસ** = રસો, છ પ્રકારના રસને, ખારો, ખાટો, તીખો, મધુર, ચરપરો અને કડવો **ગ્રાહત** = ગ્રહણ કરે છે **હે** = છે **અપમે** = જળ તત્ત્વમાં **અવની** = પૃથ્વી તત્ત્વ **કફ** = કફ, શરીરની વિકારયુક્ત ધાતુ, ઉધરસ આવતાં નીકળતો ચીકણો પદાર્થ **જાુષ્ટ** = જામે છે, બંધાય છે.

### અનુવાદ

**જિહ્વા પાણી રૂપ રસોને ખેંચી ગ્રહણ કરે છે, તે જળ તત્ત્વમાં વાયુ તત્ત્વનો વિભાગ જાણવો. વળી કફ બંધાય છે તે પૃથ્વી તત્ત્વનો વિભાગ જાણવો.**

### ભાવાર્થ

જ્યારે આપણી જિહ્‌વા ખોરાકને ખાતાં તેમાં રહેલા છ પ્રકારના રસોને ખેંચીને ઓળખે છે, તે જળ તત્ત્વોમાં રહેલા વાયુ તત્ત્વનો વિભાગ જાણવો. જ્યારે ઉધરસ આવે ત્યારે ફેફસામાં દુઃખ દેનારા રસને બહાર કાઢી નાંખનાર ધાતુનું કફ રૂપે બંધારણ થાય છે, તેવા ચીકણા પદાર્થને જળ તત્ત્વમાં રહેલા પૃથ્વી તત્ત્વનો ભાગ જાણવો.

**તત્વ સમાસ કરે તે માટે શૂન્ય;**
**રહત અમીત સદા નહીં કષ્ટ. ૪**

### શબ્દાર્થ

**તત્વ** = તત્ત્વ, **સમાસ** = સમાઈને, સમ મિશ્રિત થઈ **કરે** = કરે **તે** = તે **માટે** = માટે થી **શૂન્ય** = આકાશ તત્ત્વ **રહત** = રહે છે **અમીત** = અમીવાળા, રસવાળા **સદા** = સદાને માટે, કાયમ **નહીં** = નથી **કષ્ટ** = દુઃખ, વ્યાધિ.

### અનુવાદ

**જળ તત્ત્વમાં આકાશ તત્ત્વનો વિભાગ સમાઈને રહેલો છે. તેથી આકાશ તત્ત્વથી (જળમાં) દૃષ્ટિ કષ્ટ વગર (અવરોધ સિવાય) રહે છે.**

### ભાવાર્થ

જળ તત્ત્વમાં પદાર્થને સમાવી દેવાની જે ક્ષમતા રહેલી છે, તે જળ તત્ત્વમાં રહેલા આકાશ તત્ત્વનો ભાગ સમજવો. કારણ કે, તે જળ તત્ત્વમાં અમીરૂપે રહેલા આકાશ તત્ત્વને કારણે દૃષ્ટિ કોઈ પણ અવરોધ સિવાય પસાર થાય છે. એટલે કે, જળમાં દૃષ્ટિથી નિહાળતાં આપણી દૃષ્ટિ રૂંધન પામતી નથી અને ઊંડે રહેલા પદાર્થને જોઈ શકાય છે.

**વાયુમે વ્યોમ રહે ભુક્ષ લાગત;**
**પીવત નીર સો તેજની ત્રષ્ટ. ૫**

### શબ્દાર્થ

**વાયુમે** = વાયુ તત્ત્વમાં **વ્યોમ** = આકાશ તત્ત્વ **રહે** = રહેલું છે **ભુક્ષ** = ભૂખ જગાડે છે **લાગત** = લાગે છે **પીવત** = પીવાથી **નીર** = પાણી **સો** = તે **તેજથી** = અગ્નિ તત્ત્વથી **ત્રષ્ટ** = શાંતિ, સંતોષ, તરસ, પ્યાસ.

### અનુવાદ

**વાયુ તત્ત્વમાં આકાશનો વિભાગ ભૂખ જગાડે છે અને અગ્નિ તત્ત્વનો વિભાગ તરસ જગાડે છે, જેથી પાણી પીવાથી સંતોષ થાય છે (તૃષા છિપાય છે).**

### ભાવાર્થ

આપણા શરીરમાં રહેલ મુખ્ય વાયુ તત્ત્વમાં પૃથ્વી, જળ, અગ્નિ અને આકાશ તત્ત્વના સૂક્ષ્મ ભાગો સમાયેલાં છે. તે પૈકી વાયુ તત્ત્વમાં આકાશ તત્ત્વનો ભાગ હોવાથી આપણને ભૂખ લાગે છે, જે ખોરાક લેવાથી તૃપ્ત થાય છે. અગ્નિ તત્ત્વનો ભાગ રહેલો હોવાથી આપણને તરસ લાગે છે, જે પાણી પીવાથી શાંત થાય છે.

**સોસત તેજ તાતે તે કહ્યો અપ;**
**કુવેર સાસ ઝપટ સો સૃષ્ટ. ૬**

### શબ્દાર્થ

**સોસત** = શોષવું, ચૂસવું **તેજ** = અગ્નિ તત્ત્વ **તાતે** = તેથી **તે** = તે **કહ્યો** = કહેવાયો **અપ** = જળ તત્ત્વ **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **સાસ** = શ્વાસ, પ્રાણાયામ **ઝપટ** = ઝપાટો, વેગ **સો** = તે **સૃષ્ટ** = પ્રવાહ, શ્રોત.

### અનુવાદ

**અગ્નિ તત્ત્વમાં વાયુ તત્ત્વ રહેલું હોવાથી જળનું શોષણ થાય છે કુવેરસ્વામી કહે છે કે પ્રણવમાં જે ઝપાટો લાગે છે, તે વાયુ તત્ત્વનો વિભાગ રહેલો જાણવો.**

## ભાવાર્થ

આપણા શરીરમાં રહેલ અગ્નિ તત્ત્વમાં વાયુ તત્ત્વનો ભાગ ભળેલો હોવાથી તે જળનું શોષણ કરે છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે પ્રણવમાં શ્વાસ લેતાં કે બહાર કાઢતાં પવનનો જે ઝપાટો - વેગ રહેલો છે તે વાયુ તત્ત્વનો વિભાગ જાણવો.

# અંગ ૪
# પિંડમાં ચાલતા પ્રણવમાં જળ અને વાયુ તત્ત્વની ઓળખ

(પરિબોધ મોરાલકંદ)

**મારુત અપકે ચીન ભેદ જાકે ભીંન ભીંન;**
**સુનીયો સકલ જન સો મમ બતાવહુ. ૧**

### શબ્દાર્થ

**મારુત** = પવન તત્ત્વ **અપકે** = જળ તત્ત્વ **ચીન** = ચિહ્ન **ભેદ** = તફાવત, રહસ્ય, મર્મ **જાકે** = તેમનો **ભીંન ભીંન** = જુદા જુદા, અલગ અલગ **સુનીયો** = સાંભળો **સકલ જન** = સર્વે શ્રોતાજનો **સો** = તે **મમ** = હું **બતાવહુ** = બતાવું છું, દર્શાવું છું.

### અનુવાદ

**વાયુ તત્ત્વ અને જળ તત્ત્વનાં ચિહ્નો અને તેમાં રહેલ તફાવત વિશે હું જણાવું છું. તે હે સર્વ શ્રોતાજનો ! તમે સાંભળો.**

### ભાવાર્થ

આપણા શરીરમાં રહેલો વાયુ તત્ત્વ અને જળ તત્ત્વ જે જે પ્રકારનાં ચિહ્નોથી ઓળખાય છે. તે તે પ્રકારે, પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને ભિન્ન ભિન્ન રીતે તફાવત બતાવે છે, માટે દરેક શ્રોતાજનોને ખૂબ જ ધ્યાનથી સાંભળવા અનુરોધ છે.

**સુનવા સમીર હીર શ્રોતા મન કરો ધીર;**
**વિધિસે વાની અનીર લક્ષસે લખાવહુ. ૨**

### શબ્દાર્થ

**સુનવા** = સાંભળવા માટે **સમીર** = વાયુ તત્ત્વ **હીર** = સત્વ **શ્રોતા** = સાંભળનાર વર્ગ **મન** = મનમાં **કરો ધીર** = ધીરજ ધારણ કરો **વિધિસે** = વિધિપૂર્વક **વાની** = વાણી **અનીર** = વર્ણન ન

થાય તેવું, અસ્પષ્ટ **લક્ષસે** = લક્ષથી, સમજપૂર્વક, લક્ષ દ્વારા **લખાવહુ** = જણાવું, દર્શાવું છું.

### અનુવાદ

**વાયુ તત્ત્વના હીરરૂપ વિત્તને સાંભળવા હે, શ્રોતાજનો ! મનમાં ધીરજ ધારણ કરો. વાણી વડે વર્ણન ન થઈ શકે તેવો લક્ષ હું વિધિપૂર્વક દર્શાવું છું.**

### ભાવાર્થ

શરીરમાં રહેલ વાયુ તત્ત્વના સત્વરૂપ વિત્તનું વર્ણન કરવું અશક્ય છે. કારણ કે, તેનું રહસ્ય વાણીથી વર્ણન થઈ શકે તેવું નથી. તેમ છતાં તે બાબતનો લક્ષ સરળ રીતે સમજ પડે તે રીતે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર અહીંયાં સમજાવે છે. તેવા ગૂઢ રહસ્યને સર્વે શ્રોતાજનોને મનને સ્થિર કરી એક ચિત્તથી સાંભળવા અનુરોધ છે.

**સોડસ આંગુલ જલ ચલત આ દમ સમ;**
**સ્ફાટીક બરન સ્વાદ મધુરો જનાવહુ.૩**

#### શબ્દાર્થ

**સોડસ આંગૂલ** = સોળ આંગળ માપથી **જલ** = જળ તત્ત્વ **ચલત** = ચાલે છે ત્યારે **આ દમ** = આપણો શ્વાસ **સમ** = સમાન, સરખો **સ્ફાટીક** = સફેદ **બરન** = વર્ણ, રંગ **સ્વાદ** = સ્વાદ **મધુરો** = મધુર, મીઠો **જનાવહું** = જણાવું છું, જણાય છે.

### અનુવાદ

**પ્રણવમાં જ્યારે જળ તત્ત્વ ચાલતાં હોય ત્યારે આપણા શ્વાસ સોળ આંગળ જેટલો ચાલે છે. તેનો રંગ સફેદ અને સ્વાદ મધુર જણાય છે.**

### ભાવાર્થ

આપણા શરીરમાં ચાલતાં પ્રાણાયામમાં જ્યારે જળ તત્ત્વનો અમલ ચાલતો હોય એટલે કે, શ્વાસમાં જળ તત્ત્વનું વહન થતું હોય ત્યારે શ્વાસની બહાર આવવાની ગતિ સોળ આંગળના માપ જેટલી હોય છે. તે વખતે તેનો રંગ સફેદ હોય છે અને સ્વાદ મધુર હોય છે.

**અજપા આંગૂલ અષ્ટ ચલત પવન પૃષ્ટ;**
**હરીયા વરન સ્વાદ ચર્પરા લગાવહુ. ૪**

### શબ્દાર્થ

**અજપા** = પ્રણવ, શ્વાસ **આંગૂલ** = આંગળીનું માપ **અષ્ટ** = આઠ **ચલત** = ચાલે છે ત્યારે **પવન** = પવન તત્ત્વ **પૃષ્ટ** = પોખાયેલું, પૃષ્ટિ પામેલું **હરીયા વરન** = લીલાશ પડતો રંગ **સ્વાદ** = સ્વાદ **ચર્પરા** = ચરપરો **લગાવહુ** = લાગે છે.

## અનુવાદ

**જ્યારે પ્રણવમાં વાયુ તત્ત્વ વર્તમાન કરે ત્યારે પ્રણવ પૃષ્ટિ પામીને આઠ આંગળના માપ જેટલો હોય છે. તેનો રંગ લીલાશ પડતો અને સ્વાદ ચર્પરો લાગે છે.**

## ભાવાર્થ

આપણા શરીરમાં ચાલતા પ્રાણાયામમાં જ્યારે વાયુ તત્ત્વનું વર્તમાન થતું હોય ત્યારે જે પ્રણવ પૃષ્ટિ પામીને બહાર આવે છે, તે આઠ આંગળના માપવાળા અંતરે વહે છે. તે બહાર નીકળતા ઉચ્છવાસનો રંગ લીલાશ પડતો અને સ્વાદ ચરપરો હોય છે.

**ચપલ સભાવ ચાહાવ કરત પવન ધાવ;**
**અપકે અમીત રીત શીતલ સહાવહુ. ૫**

### શબ્દાર્થ

**ચપલ** = ચપળ, ચાલાક, ચંચળ **સભાવ** = સ્વભાવ, પ્રાકૃતિક ગુણ, લક્ષણ **ચાહાવ** = ચાહના **કરત** = કરે છે **પવન** = પવન તત્ત્વ **ધાવ** = ધારણ, ઈચ્છા **દોડ** = વેગ **અપકે** = જળ તત્ત્વ **અમીત** = અમીવાળી **રીત** = રીત, પદ્ધતિ **શીતલ** = ઠંડક, શીતળતા **સહાવહુ** = સોહાવે છે, સાથે મળીને વહે છે.

## અનુવાદ

**જ્યારે પ્રણવમાં વાયુ તત્ત્વ વર્તમાન કરતું હોય ત્યારે ચંચળ સ્વભાવ અને ચાહના કરવાનો ભાવ થાય છે. જ્યારે અમીરૂપ જળ તત્ત્વ ચાલતું હોય ત્યારે શાંત સ્વભાવ સોહાવે છે.**

### ભાવાર્થ

જ્યારે પ્રણવમાં વાયુતત્ત્વનું વર્તમાન ચાલતું હોય ત્યારે માનવનો સ્વભાવ ચંચળ રહે છે અને અનેક પ્રકારની ઈચ્છાઓ પૂરી કરવા માટે મન દોડે છે. જ્યારે પ્રણવમાં અમીરૂપ જળ તત્ત્વના પ્રભાવનું વર્તમાન થતું હોય ત્યારે માણસમાં શાંત અને શીતળતા ભર્યો સ્વભાવ વહન કરે છે.

**લગત માતરા સપરસહી પવન તન;**
**અપકી રસીક રસબસહી રચાવહુ. ૬**

### શબ્દાર્થ

**લગત** = લાગે છે **માતરા** = માત્રા **સપરસહી** = સ્પર્શ **પવન** = પવન તત્ત્વ **તન** = શરીરમાં **અપકી** = જળ તત્ત્વની **રસીક** = રસમાત્રા, રસ ઉત્પન્ન કરવાવાળી **રસબસહી** = રસથી પરિપૂર્ણ **રચાવહુ** = રચના રચાયેલી છે, સમાયેલી છે, રહેલી છે.

### અનુવાદ

**શરીરમાં વાયુ તત્ત્વની સ્પર્શ માત્રા અને જળ તત્ત્વની રસ માત્રા રસબસપણે રહેલી છે.**

### ભાવાર્થ

આપણા શરીરમાં પવન તત્ત્વની સ્પર્શ માત્રા રહેલી છે. જેથી આપણે સ્પર્શને લીધે પવનની અનુભૂતિ કરી શકીયે છીએ અને જળ તત્ત્વની રસ માત્રા રસબસ પણે રહેલી છે. જેથી આપણે રસોનો પરિપૂર્ણ સ્વાદ જાણી શકીયે છીએ.

**તત્ત્વની ચતુર ઉર ચુરચુર કહીયે ચીંન;**
**તાઈતે આત્મા ભીંન કુવેર રહાવહુ. ૭**

### શબ્દાર્થ

**તત્ત્વની** = તત્ત્વોની **ચતુર** = ચારેય **ઉર** = હૃદયથી **ચુરચુર** = ચૂરેચૂરા કરીને, ખૂબ જ ઝીણવટભરી રીતે દર્શાવીને **કહીયે** = કહ્યું **ચિન** = ચિન્હો દર્શાવીને **તાઈતે** = તેનાથી **આત્મા** = આત્મા **ભીંન** = અલગ **કુવેર** = કુવેરસ્વામી કહે છે **રહાવહુ** = રહેલો છે.

## અનુવાદ

**આ ચાર તત્ત્વોનાં ચિન્હો દર્શાવીને તેની ગતિને ઝીણવટભરી રીતે મેં મારા હૃદયથી કહી સમજાવી. કુવેરસ્વામી કહે છે કે તે સર્વથી આત્મા અલગ રહેલો છે.**

## ભાવાર્થ

આપણા શરીરમાં રહેલા અલગ અલગ તત્ત્વો પૈકી અત્યાર સુધી ચાર તત્ત્વોના ચિહ્નોને દર્શાવીને તેની ખૂબ જ ઝીણવટભરી રીતે છણાવટ કરી છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હૃદયપૂર્વક આ સર્વ બાબતોને સમજાવે છે કે આ સર્વે તત્ત્વોની માયાજાળથી આત્મા અલગ રહેલો છે.

# અંગ ૫
# પિંડના આકાશ તત્ત્વમાં ચાર તત્ત્વની મેળવણી

(ઉમંગ છંદ)

**ચાર પદારથકે ક્રત સૂર્લભ;**
**દુર્લભ વ્યોમ વિભાગ લહે કોઈ. ૧**

### શબ્દાર્થ

**ચાર** = ચાર **પદારથકે** = પદાર્થોની **ક્રત** = રચના **સૂર્લભ** = સરળ, સુલભ્ય, સહેલાઈથી મળે તેવું **દુર્લભ** = દુર્લભ્ય, મુશ્કેલ, અઘરું, દુષ્પ્રાપ્ય **વ્યોમ** = આકાશ તત્ત્વ **વિભાગ** = વિભાગ **લહે** = જાણે **કોઈ** = કોઈક જ.

### અનુવાદ

**ચાર તત્ત્વોની ક્રિયા જાણવી સહેલી છે. આકાશ તત્ત્વનો વિભાગ જાણવો અઘરો છે, છતાં કોઈક જ જાણી શકે છે.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબના પૃથ્વી,જળ, અગ્નિ અને પવન તત્ત્વો અંગેની માહિતી પ્રણવની સાધના થકી જાણવામાં સહેલી છે, પરંતુ આકાશ તત્ત્વની ક્રિયા પ્રાણાયામમાં રહેલી છે, તેને સમજવી થોડી અઘરી છે, છતાં સ્વરની સાધના કરવાવાળા કોઈક વિરલ સંત ગતિના માનવોને તે સુલભ થઈ શકે છે.

**બોલત તાડ કરે સો કહ્યો તેજ;**
**વચન વિમાસ ધીમે અપ ઓઈ. ૨**

### શબ્દાર્થ

**બોલત** = બોલતાં, વાણીનો ઉચ્ચાર કરતાં **તાડ** = ત્રાડ, સિંહની ગર્જનાયુક્ત તાડૂકીને **કરે** = જો કોઈ કરે, બોલે **સો** = તે **કહ્યો** = કહેવાય **તેજ** = અગ્નિ તત્ત્વ **વચન** = વચન, શબ્દો, વાણી

**વિમાસ** = ચિંતન કરીને, વિચાર કરીને **ધીમે** = ધીમે, મંદ અવાજ, મંદ ધ્વનિ **અપ** = જળ તત્ત્વ, **ઓઈ** = સમજવું છે તે.

## અનુવાદ

**વાણી બોલતાં જે ત્રાડ રૂપ ગર્જનાયુક્ત શબ્દો નીકળે તેને અગ્નિ તત્ત્વ કહેવાય. જ્યારે કોઈ વિચાર કરીને ધીમેથી વચનો બોલે તેને જળ તત્ત્વનો વિભાગ સમજવો.**

## ભાવાર્થ

શરીરના પ્રણવમાં રહેલા આકાશ તત્ત્વના પ્રભાવમાં જ્યારે અગ્નિ તત્ત્વ ભળેલું હોય ત્યારે માણસ ત્રાડ, ગર્જનાયુક્ત અથવા તો તાડૂકીને સામેના વ્યક્તિ સાથે શબ્દો ઉચ્ચારે કરે છે. આકાશ તત્ત્વમાં જ્યારે જળ તત્ત્વનો પ્રભાવ ભળેલો હોય ત્યારે માણસ મનથી વિચાર કરીને મધુર અને હિતકારી વચનો ઉચ્ચારે છે.

**શબ્દ વિભાગ કરે સો કહીયે મહી;**
**વાયુ તે વેગે સુને સર્વ કોઈ. ૩**

### શબ્દાર્થ

**શબ્દ** = શબ્દ **વિભાગ** = છૂટા પડવા, અંતર પડવું **કરે** = ઉચ્ચારે **સો** = તે **કહીયે** = કહેવાય **મહી** = પૃથ્વી તત્ત્વ **વાયુ** = વાયુ તત્ત્વ **તે** = તે **વેગે** = વેગથી ગતિથી **સુને** = સાંભળે **સર્વ કોઈ** = સર્વ કોઈ, બધાં જ.

## અનુવાદ

**વાણી બોલતાં શબ્દોમાં અંતર પડે તે પૃથ્વી તત્ત્વનો વિભાગ જાણવો અને શબ્દનું સર્વ કોઈ જલદીથી શ્રવણ કરે તે વાયુ તત્ત્વનો વિભાગ જાણવો.**

## ભાવાર્થ

જ્યારે શબ્દોને બોલતાં અંતર પડે એટલે કે તૂટક તૂટક કે અટકી શબ્દ અટકીને બોલાતો હોય ત્યારે પ્રણવમાં આકાશ તત્ત્વમાં પૃથ્વી તત્ત્વનો વિભાગ વહન કરે છે તેમ જાણવું. શ્રોતાજનો કોઈના બોલેલા શબ્દને જલદીથી (ત્વરિત)

શ્રવણ કરી શકે ત્યારે પ્રણવમાં આકાશ તત્ત્વના વિભાગમાં વાયુ તત્ત્વનો પ્રભાવ કાર્યરત છે તેમ સમજવું.

**એ પંચભૂત કહ્યો હિરણગ્રભ;**
**ઓહંગ અંશ અનુસુત પ્રોઈ. ૪**

**શબ્દાર્થ**

**એ** = આ રીતે **પંચભૂત** = પાંચ મહાભૂત, પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશના પ્રભાવને **કહ્યો** = દર્શાવ્યો, બતાવ્યો **હિરણગ્રભ** = જેની ગતિ ગુપ્ત રીતે સમાયેલી દૃષ્ટિમાં ન આવે તે રીતે છુપાયેલી **ઓહંગ** = ઓહંગ પૂરક શ્વાસ, અવિકાસ મહાતત્ત્વ **અંશ** = બ્રહ્મના અંશસ્વરૂપે, **અનુસુત** = એકમેક, એકબીજું, અન્યોન્ય, જોડાયેલ **પ્રોઈ** = પરોવાયેલાં.

**અનુવાદ**

**આ પાંચ તત્ત્વો એકબીજાની સાથે હિરણ્યગર્ભ રૂપે રહેલાં છે, તે કહ્યાં. તે સર્વ તત્ત્વો બ્રહ્મના અંશ - ઓહંગ દ્વારા એકમેક પરોવાયેલાં છે.**

**ભાવાર્થ**

શરીરમાં ચાલતા પ્રણવમાં અગાઉ દર્શાવ્યા મુજબ પૃથ્વી, જળ, તેજ, પવન અને આકાશ એમ પાંચેય તત્ત્વોનો અમલ વર્તાય છે ત્યારે પ્રણવની ગતિ, માપ તથા રંગ વિગેરે અલગ અલગ વર્તમાન થાય છે તે જણાવ્યું. આ પાંચેય તત્ત્વો પ્રણવમાં ગુપ્ત રીતે સમાયેલાં છે જે પ્રત્યક્ષ નજરમાં આવતા નથી, પરંતુ સ્વરની સાધનાવાળા સાધક તેની અનુભૂતિ કરી શકે છે, વળી બ્રહ્મના અંશોના ત્રણ ઘટકો અવિકાસ, વિકાસ અને કુંભસ્થ પૈકી વિકાસ મહાતત્ત્વથી ચલાયમાન બહાર નીકળતાં સોહંગમાં તત્ત્વોની ગતિ અનુભવી શકાય છે અને અવિકાસ મહાતત્ત્વથી ચાલતા લેતા પ્રાણાયામ ઓહંગમાં તત્ત્વો એક સૂત્રવત્ વહ્યા કરે છે.

**સ્થાવર જંગમ વિશ્વ ચરાચર;**
**સોહંગ બ્રહ્મ સબે ઘટ સોઈ. ૫**

### શબ્દાર્થ

**સ્થાવર** = સ્થિર રહેલા ઘાટો **જંગમ** = ચલાયમાન ઘાટો **વિશ્વ** = જગત, સૃષ્ટિ **ચરાચર** = સ્થાવર જંગમ **સોહંગ** = સોહંગ, અવિકાસ મહાતત્ત્વથી ચાલતો પ્રણવ **બ્રહ્મ** = સર્જનહારનો પ્રકાશ, બ્રહ્મ **સબે** = સર્વે **ઘટ** = ઘાટોમાં **સોઈ** = તે, છે, રહેલો છે.

### અનુવાદ

**અખિલ વિશ્વના સ્થાવર અને જંગમના સર્વે ઘાટોમાં સોહંગ બ્રહ્મ વ્યાપક રહેલો છે.**

### ભાવાર્થ

ચૌદ લોક રૂપ અખિલ વિશ્વના સ્થાવર અને જંગમ પૈકી હાલતાં-ચાલતાં ૬૬ લાખ પ્રકારના ઘાટ અને ૧૮ લાખ પ્રકારના સ્થિર સ્થાવર જાતિના ઘાટ છે. તે સર્વેમાં અવિકાસ, વિકાસ અને કુંભસ્થ આ ત્રણ બ્રહ્મના અંશો વર્તમાન કરે છે. જે સમગ્ર ઘાટનું જીવન કહેવાય છે. તેમાં સોહંગ પ્રણવની ગતિ પણ તત્ત્વોના પ્રભાવથી બધામાં એક સરખી રીતે ગમન કરે છે. જે દરેક ઘાટોમાં વ્યાપક સ્વરૂપે સમાયેલો છે.

## કારણ માત્ર કુવેર કહેવા ઈત;
## ગાવત આપ દુજો નહીં કોઈ. ૬

### શબ્દાર્થ

**કારણ** = કારણરૂપે **માત્ર** = માત્ર **કુવેર** = કુવેરસ્વામી **કહેવા** = કહેવા યોગ્ય **ઈત** = આ **ગાવત** = ગાવું, ઉચ્ચાર કરવું, બોલવું **આપ** = પોતે **દુજો** = બીજો **નહિં કોઈ** = કોઈ નથી.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે આ સર્વના કારણ રૂપે અંશ છે. જ્યારે પ્રણવની ગતિ આ બાજુની છે માટે ઉચ્ચાર કરનાર પોતે જ છે. બીજું કોઈ અન્ય નથી.**

### ભાવાર્થ

આ સર્વે ઘાટોમાં કારણ રૂપે સર્જનહારનો સજાતીય અંશ છે. જેના

સામાન્ય આભાસથી જ પ્રણવ ચેતનવંત બને છે. પ્રણવથી અન્યોઅન્ય તત્ત્વો ચલાયમાન થાય છે. સોહંગ પ્રણવ બહાર નીકળતાં તેની ગતિ થકી શબ્દનું ઉચ્ચારણ થાય છે, જાગ્રત અવસ્થામાં થતી શબ્દ રચનામાં પ્રણવ ઉપર આપનપુ ચૈતન અંશની નિજ જાણનો અમલ કારણભૂત છે, બીજું કોઈ કારણ રૂપે નથી.

# અંગ - ૬
# પિંડમાં ચાલતા પ્રણવમાં આકાશ તત્ત્વની સમજ

(પરિબોધ મોરાલકંદ)

**શૂન્યકે સમાસ આસ કરત પ્રકાશ હાસ;**
**અંતર ઉજાસ જેસે નિગમ નિરુપહે. ૧**

### શબ્દાર્થ

**શૂન્ય કે** = શૂન્યના, આકાશ તત્ત્વના **સમાસ** = સમાવેશ **આસ** = આશા, હેતુ **કરત** = કરે છે **પ્રકાશ** = સમજાય તે રીતે દર્શાવવું **હાસ** = વિનોદ, આનંદ **અંતર** = હ્રદયમાં **ઉજાસ** = જ્ઞાન, પ્રકાશ **જેસે** = જેવી રીતે **નિગમ** = વેદમાં **નિરુપહે** = નિરૂપણ કરેલું, દર્શાવેલું, બતાવેલું.

### અનુવાદ

**આકાશ તત્ત્વમાં સમાવેશ થયેલ તત્ત્વોના હેતુ અંગે વેદમાં જે રીતે નિરૂપણ કરેલું છે, તેનો તમારા હ્રદયમાં આનંદ અને પ્રકાશ થાય તે રીતે જણાવું છું.**

### ભાવાર્થ

આકાશ તત્ત્વમાં પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુ તત્ત્વનો સમાવેશ થયો છે. જ્યારે પ્રણવમાં આકાશતત્ત્વ ચાલતું હોય ત્યારે શરીર કયા પ્રકારની ક્રિયાઓ, વર્તન, વહન અને વિચાર કરે છે તે વિષેની સમજણ બ્રહ્માજીએ વેદમાં જે રીતે આપેલી છે તે રીતે આપણા હ્રદયમાં જ્ઞાનની પ્રાપ્તિ થાય તે ઉદ્દેશને ધ્યાનમાં રાખી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને અહીં દર્શાવે છે.

**આંગૂલ આકાશ અડી સુખમણા ચલે ઝડી;**
**ફીકે જાકે સ્વાદ પડી શ્યામહી સ્વરૂપ હે. ૨**

### શબ્દાર્થ

**આંગૂલ** = આંગળીના માપે **આકાશ** = આકાશ તત્ત્વ **અડી** = અઢી (બે અને અર્ધો) **સુખમણા** = સુષમણા નાડીનું વહન **ચલે** = ચાલે **ઝડી** = ઝડપથી, વેગથી **ફીકે** = ફીકો **જાકે** = જેનો **સ્વાદ** = સ્વાદ **પડી** = માલુમ પડે **શ્યામહી** = શ્યામ, કાળાશ **સ્વરૂપ** = સ્વરૂપે **હે** = રહે છે.

### અનુવાદ

**આકાશ તત્ત્વના વર્તમાનથી પ્રણવ અઢી આંગળ વેગે ચાલે છે, ત્યારે સુષમણા નાડી વહન કરે છે. તેનો સ્વાદ ફીક્કો અને રંગ શ્યામ હોય છે.**

### ભાવાર્થ

નાસિકાની જમણી બાજુએ ચાલતી નાડીને સૂર્ય નાડી અને નાસિકાની ડાબી બાજુએ ચાલતી નાડીને ચંદ્ર નાડી કહેવાય છે. બંનેની મધ્યમાં જ્યારે શ્વાસ ચાલતો હોય છે ત્યારે તેને સુષમણા નાડી કહેવાય છે. આ રીતે નાસિકાની મધ્યમાં ચાલતી સુષમણા નાડીમાં આકાશ તત્ત્વનો પ્રભાવવાળો પ્રણવ બહાર નીકળે, ત્યારે તેનું માપ અઢી આંગળનું હોય છે. આ વખતે ચાલતા પ્રાણાયામનો રંગ શ્યામ હોય છે અને તેનો સ્વાદ ફિક્કો હોય છે.

**માતરા શબદ જાકી ઉદાર સભાવ તાકી;**
**ઉઠત ન અવિલાખી ધ્યાન મત ગુપહે. ૩**

### શબ્દાર્થ

**માતરા** = માત્રા **શબદ** = શબ્દ **જાકી** = જેની **ઉદાર** = ઉદારતાવાળો **સભાવ** = સ્વભાવ **તાકી** = તેનો **ઉઠત** = ઉઠે **ન** = નહીં **અવિલાખી** = આકાંક્ષાઓ ઈચ્છાઓ, અભિલાષા **ધ્યાન** = ધ્યાનમય રહેવું, પ્રભુભક્તિમાં તલ્લીન રહેવું **મત** = લક્ષ, હેત, કાર્ય **ગુપ હે** = ગોપનીય છે, ગુપ્ત છે, ગહન છે.

### અનુવાદ

**આકાશ તત્ત્વની શબ્દ માત્રા છે. જેનો સ્વભાવ ઉદાર છે. તેને કોઈ આકાંક્ષા ઉત્પન્ન થતી નથી અને તેનો હેતુ ધ્યાન છે, જે ગુપ્ત છે.**

## ભાવાર્થ

પ્રણવમાં આકાશ તત્ત્વ જ્યારે વર્તમાન કરતું હોય ત્યારે વ્યક્તિનો સ્વભાવ ઉદાર રહે છે. આકાશ તત્ત્વની શબ્દ માત્રા છે તેથી તે વખતે ઉચ્ચારેલ શબ્દનો પ્રભાવ વિશેષ હોય છે. એટલે જ કહ્યું છે કે આ વખતે અન્ય કોઈ પણ જાતની ઇચ્છાઓ અને આકાંક્ષાઓને ન સંતોષતાં માત્ર પ્રભુભક્તિ અને ધ્યાનમય સ્થિતિમાં જ રહેવું. કારણ કે, સુષમણા નાડી એ નપુસંક નાડી છે. તેથી અન્ય કાર્યોની ફળ પ્રાપ્તિ અસંભવ છે, અર્થાત્ લૌકિક કાર્યોની અર્થપૂર્ણ ફળપ્રાપ્તિ થતી નથી. આ ગહન વિષયને પ્રાણાયમની સાધના કરનાર સાધક જ સમજી શકે છે.

## પંચની ચલત ચાલ સ્વાસમે હલત હાલ;
## દીસત ખલક ખ્યાલ ચેતન અરૂપ હે. ૪

### શબ્દાર્થ

**પંચની** = પાંચેય તત્ત્વોની **ચલત** = ચાલવાની, વેગની **ચાલ** = ચાલ, રીત **સ્વાસમે** = શ્વાસોશ્વાસમાં **હલત** = આવવા જવા, રેચક પ્રેરક **હાલ** = ની ગતિ, સમજ, સ્થિતિ, દશા **દિસત** = દેખાય છે, દશ્યમાન થાય છે **ખલક** = વિશ્વના **ખ્યાલ** = વિચાર, કલ્પના, સ્મરણ, તર્ક **ચેતન** = ચૈતન, સ્વરૂપ **અરૂપ** = રૂપથી પરે **હે** = છે.

## અનુવાદ

**પિંડમાં ચાલતા પ્રણવમાં પાંચ તત્ત્વોના વર્તમાન અંગેની અને પ્રણવની ચાલ અંગેની સમજ દર્શાવી, પરંતુ તેથી પરે રહેલો ચૈતન અંશ અરૂપ છે.**

## ભાવાર્થ

સ્થાવર જંગમના સર્વે સજીવ ઘાટોમાં ચાલતો પ્રાણાયામ હાલ હજુર પ્રત્યક્ષ રીતે વર્તમાન કરતો માલુમ પડે છે. તે પ્રણવ ઉપર પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એમ પાંચ તત્ત્વોના પ્રભાવને કારણે તેની વહેવાની લંબાઈ અંગેની અને સ્વાદ તેમજ રંગ અંગેની સમજ દર્શાવવામાં આવી, પરંતુ પ્રણવની ચેતનતાના કારણરૂપે રહેલો સર્જનહારનો સજાતીય ચૈતન અંશ અરૂપ હોઈ, કદી દષ્ટિમાં આવતો નથી.

## તીરસી સમીર સ્વર સુભર ચલે અમર;
## મધ્યે સો ચલત ધરા અગની સો ઉપ હે. ૫

### શબ્દાર્થ

**તીરસી** = ત્રાંસો **સમીર** = પવન(વાયુ) તત્ત્વ **સ્વર** = પ્રાણાયામ,શ્વાસની ગતિ **સુભર** = ભરપૂર બંને નસકોરામાં સપ્રમાણ **ચલે** = ચાલતો **અમર** = આકાશ તત્ત્વ **મધ્યે** = મધ્યમાં **સો** = જે તે **ચલત** = ચાલે છે **ધરા** = પૃથ્વી તત્ત્વ **અગની** = અગ્નિ તત્ત્વની **સો** = તે **ઉપ** = ઉપર **હે** = છે.

### અનુવાદ

**શ્વાસ ત્રાંસો ચાલે તો પવન તત્ત્વ જાણવું. સરખો પ્રણવ ચાલતો હોય તો આકાશ તત્ત્વ જાણવું. મધ્યમાં ચાલે તો પૃથ્વી તત્ત્વ અને ઉપરની ધારે ચાલે તો અગ્નિ તત્ત્વ જાણવું.**

### ભાવાર્થ

અહીંયા નાસિકામાંથી બહાર નીકળતા પ્રણવની ચાલવાની ગતિને દર્શાવવામાં આવી છે. જો શ્વાસ ત્રાંસો ચાલતો હોય તો તે વખતે પવન તત્ત્વનો પ્રભાવ સમજવો, અને જો બંને નસકોરામાં સંપૂર્ણ ભરાઈને ચાલતા શ્વાસમાં આકાશ તત્ત્વનો પ્રભાવ સમજવો. વળી જ્યારે ઉપર અને નીચે પણ નહીં એમ મધ્યમાં વહેતો હોય તો પ્રણવ પૃથ્વી તત્ત્વના પ્રભાવવાળો જાણવો. નસકોરાની ઉપરની ધારે ઘસાઈને વહેતા શ્વાસને અગ્નિ તત્ત્વના પ્રભાવવાળો પ્રાણાયામ સમજવો.

## નીચેકું ચલત નીર અવિરલ અતિધાર;
## પિંડકે એહી પ્રકાર જ્ઞાનીકુ જનુપ હે. ૬

### શબ્દાર્થ

**નીચેકું** = નીચેની ધારે અડકીને **ચલત** = ચાલતો **નીર** = જળ તત્ત્વનો પ્રણવ **અવિરલ** =સતત **અતિધાર** = એક ધાર્યો **પિંડકે** = શરીરમાં **એહી** = એ **પ્રકાર** = પ્રકારે **જ્ઞાનીકુ** = જ્ઞાનીને **જનુપ હે** = જણાય છે.

### અનુવાદ

**નાસિકાની નીચેની ધારે ઘસાઈને પ્રણવ ચાલે ત્યારે જળ તત્ત્વ જાણવું. એ પ્રમાણે પિંડમાં સર્વ તત્ત્વોની ક્રિયાનું વર્તમાન થાય છે. તેની જાણ્ય જ્ઞાની પુરુષોને જ થાય છે.**

### ભાવાર્થ

નાસિકાની નીચેની ધારે ઘસાઈને એક સરખા પ્રમાણમાં ભરપૂર ભરાઈને ચાલતા શ્વાસને જળ તત્ત્વનો પ્રભાવવાળો સમજવો. આ પ્રમાણે પિંડમાં રેચક, પ્રેરક અને કુંભકની સ્થિતિમાં પ્રણવ સતત ચાલ્યા જ કરતો હોય છે, પરંતુ પ્રાણાયામ અંગેની જાણ દરેકને હોતી નથી, તેમજ દરેક અનુભવી શકતા નથી. જેમણે સ્વરની સાધના કરી હોય તેવા સંત દશાના કોઈ વિરલા સાધક જ આ ગુપ્ત અને ગહન વિષય અનુભવથી સમજી શકે છે.

**જ્ઞાનક્રમ ઈન્દ્રિ મીલી પ્રકૃતિસુ હલીચલી;**
**કુવેર આતમા મની પ્રકાશી અનુપ હે. ૭**

#### શબ્દાર્થ

**જ્ઞાનક્રમ** = જ્ઞાન અને કર્મવાળી **ઈન્દ્રિ** = ઈંદ્રિયો **મીલી** = મળીને **પ્રકૃતિસુ** = પ્રકૃતિ સાથે **હલીમલી** = હળમળીને **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **આતમા** = આત્મા, અંશ **મની** = મણિની જેમ **પ્રકાશી** = પ્રકાશિત હોવાથી **અનુપ** = અનુપમ, અજોડ, શ્રેષ્ઠ **હે** = છે.

### અનુવાદ

**જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો પ્રકૃતિ સાથે હળીમળીને રહેલી છે. કુવેરસ્વામી કહે છે કે મણિરૂપ આતમાનો પ્રકાશ અજોડ અને શ્રેષ્ઠ છે.**

### ભાવાર્થ

શરીરમાં રહેલી પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિયો શરીરનાં પ્રાકૃતિક જડ તત્ત્વો સાથે હળીમળીને રહેલી છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે આ સર્વે તત્ત્વોને ચલાયમાન કરનાર મણિરૂપ પ્રકાશક શાશ્વત ચૈતન અંશ છે.

કારણરૂપે રહેલા અંશના ચૈતન આભાસથી જ સર્વે ઈન્દ્રિયો ચલાયમાન થાય છે. તે અંશ સર્વે તત્ત્વોથી અલગ તત્ત્વાતીતપણે રહેલો છે. જેને પિંડના બંધારણમાં રહેલા, તત્ત્વો સજાતિય સાથે સરખામણી કરી શકાય તેમ નથી. કારણ કે, તે અજોડ (વિજાતી) અને સર્વશ્રેષ્ઠ છે.

# અંગ ૭
# વૈરાટના પૃથ્વી તત્ત્વમાં ચાર તત્ત્વોના વિભાગની સમજ

(ઉમંગ છંદ)

**એ પિંડકે પંચતત્ત્વ પ્રણાલીકા;**
**રાલીકા ભેદ લહે બ્રહ્મવેત્તા. ૧**

**શબ્દાર્થ**

**એ** = એ **પિંડકે** = પિંડની શરીરની **પંચતત્ત્વ** = પાંચ તત્ત્વોની **પ્રણાલીકા**=પ્રણાલિકા, રૂઢિ, પદ્ધતિ, પરંપરા **રાલીકા** = પરંપરા **ભેદ** = ભેદ, રહસ્ય, મર્મ **લહે** = જાણે **બ્રહ્મવેતા** = બ્રહ્મના જાણકાર.

**અનુવાદ**

**ઉપર પ્રમાણે પિંડમાં પાંચ તત્ત્વોની જે પ્રણાલિકા છે, તે પ્રણાલિકાનો ભેદ બ્રહ્મવેતા પુરુષો જ જાણી શકે છે.**

**ભાવાર્થ**

અગાઉ જણાવ્યા મુજબ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એમ પાંચ મહાતત્ત્વોની કાર્ય પદ્ધતિ, પ્રણવ ઉપર તેના વર્તમાન અને તેનો પ્રભાવ સામાન્ય માનવી સમજી શકે તેમ નથી, પરંતુ જેને બ્રહ્મવેતા પુરુષો કહેવાય તેવા અને પ્રાણાયામ સાધક હોય તેમને જ શરીરમાં રહેલાં પાંચ તત્ત્વોની પ્રણાલિકાનો ભેદ ખ્યાલ આવે છે.

**મહાભૂત કે પંચીકરણ કહુ અબ;**
**સાંભળો સંત થઈને સચેતા. ૨**

### શબ્દાર્થ

**મહાભૂત કે** = પાંચ મહાભૂત, પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ **કે** = નો **પંચીકરણ** = પાંચેય, તત્ત્વોની રચના **કહુ અબ** = હવે કહુ છું **સાંભળો** = સાંભળો, સુણો **સંત** = સંત **થઈને** = બનીને, થઈને **સચેતા** = સચેતા, ચેતનાયુક્ત, ધ્યાનથી, એકચિત્તે, સાવચેત થઈને.

### અનુવાદ

**પાંચ મહાતત્ત્વોનું પંચીકરણ કહુ છું, હે સંતપુરુષો ! તમે સાવચેત થઈને શ્રવણ કરો.**

### ભાવાર્થ

પાંચ તત્ત્વોનો પ્રભાવ પિંડમાં ચાલતા પ્રણવ ઉપર કેવી રીતે પડે છે તેની સમજણ અગાઉ આપણે મેળવી.

હવે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર વૈરાટમાં પાંચ મહાતત્ત્વોઃ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એકબીજામાં કેવી રીતે ભળેલા છે, તેની સ્થિતિ અને તે અંગેની સમજ દર્શાવે છે. જે સંતદશા પ્રાપ્ત કરેલ શ્રોતાજને ખૂબ જ સાવચેત થઈને શ્રવણ કરવા અનુરોધ છે.

**ભોમીમેં હેજ રહે સમસો અપ;**
**વ્યોમ વ્હની દોઉ નીર સોસાતા. ૩**

### શબ્દાર્થ

**ભોમીમેં** = પૃથ્વીમાં **હેજ** = ભેજ, ભિનાશ, અમી **રહે** = રહે **સમસો** = સમાયેલ, સમાવેશ થઈને **અપ** = પાણી તત્ત્વ **વ્યોમ** = આકાશ તત્ત્વ **વ્હની** = અગ્નિ **દોઉ** = બન્ને **નીર** = પાણી **શોસાતા** = શોષાય છે.

### અનુવાદ

**પૃથ્વીમાં જે ભિનાશ રહેલી છે, તે જળ તત્ત્વનો વિભાગ જાણવો અને પૃથ્વીમાં જે જળનું શોષણ થાય છે, તે આકાશ તત્ત્વ અને અગ્નિ તત્ત્વ બંનેના વિભાગ જાણવા.**

## ભાવાર્થ

વિરાટમાં મહદ્ પૃથ્વી તત્ત્વનાં બંધારણમાં પૃથ્વી તત્ત્વના ૯ ભાગ અને બાકીના ચાર તત્ત્વોના પા પા ભાગ કરી એક ભાગ ભેળવીને કુલ ૧૦ ભાગની પૃથ્વી બનેલી છે.

પૃથ્વીમાં રહેલી ભિનાશ - ભેજથી પર્વતો જડાકાર જતમત રીતે બંધાઈને રહ્યા છે, તે જળ તત્ત્વનો વિભાગ સમજવો.

પૃથ્વીમાં રહેલા છિદ્રોમાં જળ પ્રવેશ કરે છે તે પૃથ્વીને વિષે આકાશ તત્ત્વનો ભાગ સમજવો અને પૃથ્વીમાં રહેલા જળનું શોષણ થઈને પૃથ્વી સુકાઈ જાય છે, તે અગ્નિ તત્ત્વનો વિભાગ સમજવો.

**શ્વાસ ઉશ્વાસ ભોમીમે વાયુ દમ;**
**ઉર્ધ્વ ગતિ વૃક્ષને અપ પાતા. ૪**

### શબ્દાર્થ

**શ્વાસ** = લેતાં પ્રાણાયામ **ઉશ્વાસ** = મુકાતો પ્રાણાયામ **ભોમીમે** = પૃથ્વીમાં **વાયુ** = પવન, તત્ત્વ **દમ** = પ્રાણાયામ, પ્રણવ **ઉર્ધ્વ** = ઊંચે **ગતિ** = વેગ, ઝડપ **વૃક્ષને** = ઝાડને **અપ** = પાણી **પાતા** = પીવડાવે છે, પહોંચાડે, છે.

## અનુવાદ

**પૃથ્વીમાં શ્વાસોશ્વાસની ક્રિયા થાય છે, તેના ઊર્ધ્વ શ્વાસથી વૃક્ષને પાણીનું પોષણ પહોંચે છે.**

## ભાવાર્થ

પૃથ્વીમાં પણ શ્વાસની રેચક અને પ્રેરક ગતિ થાય છે. તે પણ લેવાતા શ્વાસથી પાણીનું શોષણ કરીને પોતાની અંદર સમાવે છે. જ્યારે પોતાના ઊર્ધ્વ શ્વાસથી વૃક્ષમાં જળનું સિંચન કરે છે. વળી, અઢારભાર વનસ્પતિનાં થડ, પાંખડી, ફૂલ અને ફળો સુધી પાણીનું પોષણ થાય છે, તે પૃથ્વીમાં રહેલા વાયુ તત્ત્વનો વિભાગ જાણવો.

**આરધ ખેંચત વાયુ સર્વના મૂલ;**
**ઉલટ નીર સમીર બ્રોઈતા. ૫**

**શબ્દાર્થ**

**આરધ** = અંદર **ખેંચત** = ખેંચતાં **વાયુ** = વાયુ તત્ત્વ **સર્વના** = દરેક વનસ્પતિના **મૂલ** = મૂળિયાં **ઉલટ** = બહાર **નીર** = પાણી **સમીર** = પવન તત્ત્વ **બ્રોઈતા** = પોષણ કરવું.

**અનુવાદ**

**પૃથ્વીમાં અંદર ખેંચાતા વાયુ તત્ત્વથી વનસ્પતિનાં મૂળ જમીનમાં ઊંડે સુધી ખેંચાય છે, વાયુ ઊર્ધ્વ મુખે ગમન કરે ત્યારે વનસ્પતિનાં ડાળ પાન વગેરેને પોષણ મળે છે.**

**ભાવાર્થ**

અંદર ખેંચતા વાયુને લીધે વનસ્પતિનાં મૂળ જમીનમાં ઊંડે સુધી ખેંચાય છે અને પ્રસરણ પામે છે, જે વાયુ તત્ત્વનો વિભાગ સમજવો. વાયુ બહાર ખેંચાય ત્યારે શોષણ પામેલ જળને સમગ્ર વૃક્ષના દરેક ડાળ, પાંદડી, ફૂલ, ફળ વગેરેને પહોંચતું કરીને પોષણ કરે છે, જેથી વૃક્ષનો પસારો થાય છે-વૃદ્ધિ થાય છે. આ વાયુ તત્ત્વનો વિભાગ સમજવો.

**કહત કુવેર અનેરે એ પંચીર;**
**યા વિધિ ભોમી વિભાગ રહાતા. ૬**

**શબ્દાર્થ**

**કહત કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **અનેરે** = અનેરો, અસાધારણ, આશ્ચર્યજનક **એ** = એક **પંચીર** = પંચીકરણ, પાંચ તત્ત્વોનું જોડાણ **યાવિધિ** = આ રીતે, આ મુજબ **ભોમી** = પૃથ્વી તત્ત્વના **વિભાગ** = વિભાગ **રહાતા** = રહેલા છે.

**અનુવાદ**

**કુવેરસ્વામી કહે છે કે આ એક અનેરો પંચીકરણનો વિષય છે, જેમાં આ મુજબ પૃથ્વીમાં બીજા ચાર તત્ત્વોના વિભાગ રહેલા છે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે તત્ત્વોની મેળવણી અંગેનો વિષય એ ખૂબ જ આશ્ચર્યજનક અને અનેરો છે. અગાઉ દર્શાવ્યા મુજબ પૃથ્વી તત્ત્વમાં અન્ય જળ, અગ્નિ, વાયુ અને આકાશ આ ચાર તત્ત્વોનું મિશ્રણ થયેલું છે, જે પૃથ્વીના વાસ્તવિક્તાવાળા ગુણથી દર્શાવી શકાય તેમ છે.

# અંગ - ૮
# વૈરાટના પ્રણવમાં ચાલતા પૃથ્વી તત્ત્વના ચિહ્નોની સમજ

(પરિબોધ મોરાલકંદ)

**પિંડકે પંચિકરણ વિભાગ બહુ વરણ;**
**પ્રતાપ ગુરુ ચરણ ચીને તાકુ મોક્ષ હે. ૧**

**શબ્દાર્થ**

**પિંડકે** = શરીરના ઘાટમાં રહેલ **પંચીકરણ** = પાંચ તત્ત્વોના મિશ્રણ અંગે **વિભાગ** = વિભાગ **બહુ** = ખૂબ જ **વરણ** = વર્ણન કર્યા છે **પ્રતાપ** = પ્રતાપે **ગુરુચરણ** = ગુરુના ચરણ **ચીને** = સમજે, જાણે, ઓળખે **તાકું** = તેણે **મોક્ષ હે** = મોક્ષ થઈ શકે છે.

**અનુવાદ**

**પિંડમાં રહેલા તત્ત્વોના મિશ્રણ અંગેના વિભાગનું ઘણું વર્ણન કરવામાં આવ્યું છે. શ્રેષ્ઠ ગુરુનાં ચરણોના પ્રતાપે જે જાણે તેને મોક્ષ પ્રાપ્તિ થઈ શકે છે.**

**ભાવાર્થ**

આ ગ્રંથના પ્રારંભમાં શરીરમાં રહેલા પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એમ પાંચેય જડ તત્ત્વોના મિશ્રણ અંગેનું જ્ઞાન ખૂબ જ વિસ્તારપૂર્વક દર્શાવવામાં આવ્યું છે, પરંતુ સમર્થ ગુરુના શરણે જવાથી ગુરુકૃપા થતાં આ પંચીકરણનું જ્ઞાન જેને સમજાય છે, તેવા મુમુક્ષુને અખંડ કૈવલ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

**યેસે મહાભૂત જૂથ અન્યો અન્ય અનુસૂત;**
**પિંડકે પ્રત્યક્ષ દક્ષ યાકે તો પરોક્ષ હે. ૨**

### શબ્દાર્થ

**યેસે** = આ રીતે **મહાભૂત** = પાંચ તત્ત્વો, અહંકાર ઘણના ઉત્પન્ન થયેલ મહાભૂત **જૂથ** = ભેગા, સમૂહ **અન્યોઅન્ય** = એકબીજામાં, પરસ્પર **અનુસૂત** = ભળેલ છે, સંબંધકર્તા છે, જોડાયેલા છે **પિંડકે** = શરીરના **પ્રત્યક્ષ** = દષ્ટિગોચર થતા **દક્ષ** = દષ્ટિમાં દેખાતા **યાકે તો** = અહીંયા તો (વિરાટમાં તો) **પરોક્ષ હે** = પરોક્ષ સ્વરૂપે રહેલા છે, નજરમાં આવે તેવી રીતે.

### અનુવાદ

**એ પ્રમાણે પાંચ તત્ત્વોનું જૂથ અન્યોઅન્ય એકબીજા સાથે ભળેલું છે, પરંતુ તે વિરાટમાં પરોક્ષ સ્વરૂપે રહેલા છે, જ્યારે પિંડમાં તે પ્રત્યક્ષ માલૂમ પડે છે.**

### ભાવાર્થ

એ પ્રમાણે પાંચ મહાભૂતનું જૂથ અન્યોઅન્ય એકબીજા સાથે અનુસૂત રૂપે એકમેક થઈને રહેલું છે. વિરાટમાં તે તત્ત્વોનું જૂથ પ્રત્યક્ષ માલુમ ન પડતાં પરોક્ષ સ્વરૂપે રહેલું છે. જ્યારે તે પાંચતત્ત્વોનું જૂથ પિંડમાં પણ એ જ રીતે રહેલું છે જે પ્રત્યક્ષ રીતે માલૂમ પડે છે.

**કહત અવનિ મહા તત્વની સ્વાસાની સત્વ;**
**સપ્ત કરોડ લક્ષ પચાસ કોસક્ષ હે. ૩**

### શબ્દાર્થ

**કહત** = કહેવાય છે કે, કહુ છું **અવનિ** = પૃથ્વી **મહા તત્વની** = મહાતત્ત્વની **સ્વાસાની** = શ્વાસોશ્વાસની, પ્રાણાયામની **સત્વ** = ગતિ, શક્તિ, વેગ **સપ્ત કરોડ** = સાત કરોડ **લક્ષ** = લક્ષ, લાખ **પચાસ** = પચાસ **કોસક્ષ** = કોસ, દોઢ માઈલનું અંતર **હે** = છે.

### અનુવાદ

**પૃથ્વી તત્ત્વના પ્રણવની શક્તિ સાત કરોડ પચાસ લાખ કોસ સુધીના વેગની હોય છે.**

### ભાવાર્થ

વૈરાટમાં પૃથ્વી તત્ત્વનો પ્રાણાયામ ચાલતો હોય ત્યારે સાત કરોડ પચાસ

લાખ કોસ (ગાઉ) એટલે કે, આશરે અગિયાર કરોડ પચ્ચીસ લાખ માઈલના અંતર સુધીની શક્તિ ધરાવતો પ્રણવરૂપ પવનનો વેગ હોય છે.

**અધર ચલત વાયુ અવનિ પ્રસત નાંહી;**
**વહત બ્રહ્માંડમાંહી ભોમિ કે સાસક્ષ હે. ૪**

**શબ્દાર્થ**

**અધર** = અદ્ધર **ચલત** = ચાલતો **વાયુ** = પવન **અવનિ** = પૃથ્વીની સપાટીને **પ્રસત** = સ્પર્શતો **નાંહી** = નથી **વહત** = વહે છે **બ્રહ્માંડમાંહી** = બ્રહ્માંડમાં **ભોમિકે** = પૃથ્વી તત્ત્વનો **સાસક્ષ** = શ્વાસોશ્વાસ **હે** = છે.

## અનુવાદ

**વૈરાટમાં પૃથ્વીને સ્પર્શ કર્યા સિવાય બ્રહ્માંડમાં અદ્ધર ચાલતા પવનના વેગને પૃથ્વી તત્ત્વનો શ્વાસ જાણવો.**

## ભાવાર્થ

જ્યારે વૈરાટમાં પવનનો વેગ પૃથ્વીની સપાટીને સ્પર્શ કર્યા સિવાય બ્રહ્માંડમાં અદ્ધર ચાલતો હોય તો તેવો પૃથ્વી તત્ત્વનો શ્વાસ છે તેમ જાણવું.

**સવાદ જાઈકો મીષ્ટ લગત તાઈકો સ્ત્રષ્ટ;**
**માતરા રહત ગંધ ઈંડકે જહાં નાક્ષ હે. ૫**

**શબ્દાર્થ**

**સવાદ** = સ્વાદ **જાઈકો** = જેનો **મીષ્ટ** = મીઠો **લગત** = લાગે છે **તાઈકો** = તેનો **સ્ત્રષ્ટ** = તે પ્રમાણે, ગ્રહણ કરતા, તેને ચાખતાં **માતરા** = માત્રા **રહત** = રહેલી છે **ગંધ** = ગંધ **ઈંડકે** = ઈંડના **જહાં** = જ્યાં **નાક્ષ હે** = નાક છે, નાસિકા છે.

## અનુવાદ

**પૃથ્વી તત્ત્વનો સ્વાદ મીઠો લાગે છે અને ઈંડનું જ્યાં નાક છે ત્યાં ગંધ માત્રા રહેલી છે.**

### ભાવાર્થ

વૈરાટમાં વહેતા પૃથ્વી તત્ત્વના પવનનો સ્વાદ મીઠો લાગતો હોય છે અને પૃથ્વી તત્ત્વની ગંધ માત્રા છે. જ્યાં બ્રહ્માંડનું નાક છે ત્યાં તે (ગંધ માત્રા) રહેલી છે.

## ધીરજ પ્રગટ ભોમિ અચલ ચલત નાંહી;
## રંગ સો તાઈકો બીજ ઉગત પીલોક્ષ હે. ૬

### શબ્દાર્થ

**ધીરજ** = ધીરજ, ધૈર્યતા **પ્રગટ** = પ્રત્યક્ષ **ભોમિ** = પૃથ્વી **અચલ** = અચલ, ન ચાલી શકે તેવું **ચલત** = ચાલતી **નાંહી** = નથી **રંગસો** = તે રંગે **તાઈકો** = તેનો **બીજ** = બીજક **ઉગત** = ઊગે ત્યારે **પીલોક્ષ** = પીળા રંગના **હે** = હોય છે.

### અનુવાદ

**પૃથ્વીમાં પ્રગટ રીતે ધૈર્યતા રહેલી છે. જેથી તે ચલાયમાન થયા સિવાય અચળ રહે છે. તેમાં ઊગતાં બીજકોનો રંગ પીળો હોય છે.**

### ભાવાર્થ

પૃથ્વીમાં પ્રગટ સ્વરૂપે ધીરજ એટલે કે, ધૈર્યતા રહેલી છે, જેથી તે ચલાયમાન થયા સિવાય સદાને માટે અચળ રહે છે. ઉપરાંત પૃથ્વીનો રંગ પીળો હોવાથી જ્યારે પૃથ્વીમાં રહેલા બીજકો અંકુરિત થાય છે, ત્યારે શરૂઆતમાં સ્ફુરી નીકળેલા અંકુરોનો રંગ પીળો હોય છે.

## અરથ અતિ અરુઢ અંતસકર્ણ શુદ્ધ;
## કુવેર અગાધ બુદ્ધ તાઈકુ પરક્ષ હે. ૭

### શબ્દાર્થ

**અરથ** = અર્થ, ઉદ્દેશ, સમજૂતી **અતિ** = અધિક **અરુઢ** = મહાન, કઠિન, અપ્રસિદ્ધ **અંતસકર્ણ** = અંતઃકરણ **શુદ્ધ** = નિર્મળ **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **અગાધ** = વિશેષ, વિશાળ **બુદ્ધ** = બુદ્ધિ **તાઈકુ** = તેને જ, તે જ **પરક્ષ** = પરીક્ષા કરી શકે, ઓળખી શકે **હે** = છે.

## અનુવાદ

**અર્થ ઘણો કઠિન છે, પરંતુ કુવેરસ્વામી કહે છે કે જેની બુદ્ધિ અગાધ છે અને અંતઃકરણ શુદ્ધ હોય તે પારખી શકે છે.**

## ભાવાર્થ

તત્ત્વોના આ ગહન વિષયને જાણવો ખૂબ જ કઠિન છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જેની અગાધ બુદ્ધિ હોય અને જેના અંતઃકરણ કોઈ પણ પ્રકારે વિકારથી રહિત, નિર્મળ હોય તેવા મુમુક્ષુજનો જ આવા અત્યંત ગૂઢાર્થ ભરેલા વિષયને ઓળખી શકે છે અને સમજ પ્રાપ્ત કરી શકે છે.

# અંગ ૯
# વૈરાટમાં જળ અને અગ્નિ તત્ત્વમાં ચાર તત્ત્વના વિભાગની સમજ

(ઉમંગ છંદ)

**વારીમે વાઈ રહે નીસયા સુર;**
**ડારત વસ્ત ઉઠત બોરંગા. ૧**

**શબ્દાર્થ**

**વારીમે** = જળ તત્ત્વમાં **વાઈ** = વાયુ **રહે** = રહે છે **નીસયા** = નિરંતર **સુર** = અખંડ, જેનાં આંદોલનનો વેગ પામી શકાય તેવો, તૂટક તૂટક ન હોય તેવો **ડારત** = નાખતાં, ફેંકતાં **વસ્ત** = વસ્તુ, પદાર્થ **ઉઠત** = ઊઠે છે, નીકળે છે **બોરંગા** = પરપોટા.

**અનુવાદ**

**વૈરાટના જળ તત્ત્વમાં વાયુ તત્ત્વ નિરંતર ગતિ સાથે મળીને રહેલો છે. પાણીમાં કોઈ વસ્તુ નાખતાં તેમાંથી પરપોટા ઉત્પન્ન થાય છે.**

**ભાવાર્થ**

વૈરાટના જળ તત્ત્વમાં જળના પોતાના ૯ ભાગ રહેલા છે. જ્યારે બાકીના ચાર તત્ત્વોના પા - પા ભાગ મળી થયેલો એક ભાગ તેમાં ભળીને કુલ ૧૦ ભાગનું બંધારણ થયેલું છે.

જેમાં વાયુ તત્ત્વનો પા ભાગ તે જળ વિષે ચાલવાપણું રહેલું છે. જેથી જળ નિરંતર અટક્યા સિવાય વેગે ચાલી શકે છે - વેગવંત રહે છે, વળી પાણીમાં કોઈ પદાર્થ ફેંકવામાં આવે તો જળમાંથી પરપોટા ઉત્પન્ન થાય છે. તે પણ વાયુ તત્ત્વના ભાગનો પ્રભાવ જાણવો.

**મીનની આદ્ય અનંત અતિ જીવ;**
**મહાલત મગ્ન આકાશ અભંગા. ૨**

**શબ્દાર્થ**

**મીનની** = માછલીની **આદ્ય** = સહિત **અનંત** = અનેક, અસંખ્ય **અતિ** = મોટા **જીવ** = ઘાટો **મહાલત** = મહાલે છે, જીવન જીવે છે **મગ્ન** = મગ્ન થઈને તલ્લીન રહીને, આનંદિત રીતે **આકાશ** = આકાશ તત્ત્વ **અભંગા** = દૃષ્ટિને રુંધન પામ્યા સિવાય.

**અનુવાદ**

**માછલીની આદ્ય લઈ અસંખ્ય મોટા જીવો જળમાં મહાલે છે અને પાણીમાં દૃષ્ટિને રુંધન થયા સિવાય રહે છે, તે જળ તત્ત્વમાં આકાશનો વિભાગ જાણવો.**

**ભાવાર્થ**

જળ તત્ત્વમાં રહેલા આકાશ તત્ત્વના વિભાગ ને કારણે અગાધ પાણીમાં માછલીની આદ્ય લઈ અસંખ્ય જળચર જીવો જીવન જીવે છે અને આનંદિત રીતે પોતાની દૃષ્ટિને રુંધન થયા સિવાય દૂર સુધી નિહાળી શકે છે.

**જામત લવણ મોતી બ્રફ સો મહી હેં;**
**સહી જો કહી ભોમી વિભાગા. ૩**

**શબ્દાર્થ**

**જામત** = જામણ થાય છે **લવણ** = મીઠું **મોતી** = મોતી **બ્રફ** = બરફ **સો મહી** = તેમાં **હેં** = છે **સહી** = તે **જો કહી** = જે કહ્યો **ભોમી** = પૃથ્વીનો **વિભાગા** = વિભાગ.

**અનુવાદ**

**જળમાં મીઠું, મોતી અને બરફનું જામણ થાય છે. તે જળ તત્ત્વમાં રહેલ પૃથ્વી તત્ત્વનો વિભાગ જાણવો.**

**ભાવાર્થ**

અગરિયા મહદ્ જળમાંથી દરિયાકાંઠે મીઠું પકવે છે વળી, છીપલામાં ગોળાકાર

મોતી પ્રાપ્ત થાય છે. પાણીમાંથી બરફનું પણ જામણ થાય છે. આમ જળ તત્ત્વમાં પૃથ્વી તત્ત્વનો વિભાગ રહેલો હોવાથી જળમાંથી મીઠું, મોતી અને બરફનું સ્વરૂપ બંધાય છે.

**ઝલકત તોઈ રહત અહોનિશ;**
**કાટત મેલ સો તેજ ઉતંગા. ૪**

**શબ્દાર્થ**

**ઝલકત** = ચળકાટ **તોઈ** = પાણીમાં **રહત** = રહે છે **અહો નિશ** = સદાને માટે, હમેશાં **કાટત** = કાપે છે, દૂર કરે છે **મેલ** = વિકાર **સો** = તે **તેજ** = અગ્નિ **ઉતંગા** = તીવ્ર, જલદ.

**અનુવાદ**

**જળમાં હમેશાં ચળકાટ દેખાય છે, તેમજ મેલને દૂર કરે છે. તે તિવ્ર અગ્નિ તત્ત્વનો વિભાગ જાણવો.**

**ભાવાર્થ**

પાણીની સપાટી હંમેશને માટે ચળકતી રહે છે. તેમજ કપડામાં રહેલ મેલને દૂર કરી કપડાંને શુદ્ધ સ્વરૂપે ચોખ્ખાં કરે છે. તે જળ તત્ત્વમાં રહેલા અગ્નિ તત્ત્વનો વિભાગ જાણવો.

**રહત વાયુ તેજ મેં જ્વાલા ચાલત;**
**મ્હાલત વ્યોમ વિધાત ન ભંગા. ૫**

**શબ્દાર્થ**

**રહત** = રહે છે **વાયુ** = પવન તત્ત્વ **તેજ મેં** = અગ્નિ તત્ત્વમાં **જ્વાલા** = જ્વાળાઓ, અગ્નિની જ્વાળાઓ **ચાલત** = ચાલે છે, ચાલતી દેખાય છે **મહાલત** = મહાલે છે, દેખાય છે **વ્યોમ** = આકાશ તત્ત્વ **વિધાત** = વિઘ્ન વગર, અટકાવ વગર, મુક્તપણે **ન** = નહીં **ભંગા** = ભંગ, વિઘ્ન, અટકાવ, ખલેલ.

**અનુવાદ**

**અગ્નિમાં વાયુ રહેલો છે, તેથી જ્વાળાઓ ચાલતી દેખાય છે અને આકાશ**

**તત્ત્વને લીધે જ્વાળાઓ મુક્તપણે મહાલે છે.**

## ભાવાર્થ

વિરાટમાં રહેલ અગ્નિ તત્ત્વમાં પણ પોતાના ૯ ભાગ રહેલા છે અને બાકીના પૃથ્વી, જળ, વાયુ અને આકાશના પા - પા ભાગ મળી એક ભાગ ભળતાં કુલ ૧૦ ભાગ રહેલાં છે.

અગ્નિ બળતો હોય ત્યારે તેની જ્વલંત જ્વાળાઓ ઉપર ચાલતી હોય તેમ દેખાય છે, તે અગ્નિમાં રહેલ વાયુ તત્ત્વનો વિભાગ જાણવો.

અગ્નિ બળતો હોય ત્યારે તેની જ્વાળાઓ આકાશમાં મુક્તપણે અટક્યા સિવાય મહાલે છે. તો અગ્નિમાં રહેલ આકાશ તાત્ત્વનો વિભાગ જાણવો.

**કુવેર ભોમિ લઘુ દ્રીઘ થાવત;**
**જાવત કાષ્ટ એતી કૃષ્ની અંગા. ૬**

### શબ્દાર્થ

**કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **ભોમિ** = પૃથ્વી તત્ત્વ **લઘુ** = નાનું **દ્રીઘ** = મોટું **થાવત** = થાય છે **જાવત** = થઈ જાય છે, જણાય **કાષ્ટ** = લાકડું **એતી** = એટલું **કૃષ્ની** = કાળું **અંગા** = અંગ, ભાગ.

## અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે અગ્નિ સળગે ત્યારે જ્વાળાઓ નાની - મોટી થાય છે, તેમજ લાકડાંના અંગ ઉપર જે કાળાશ જણાય છે, તે અગ્નિ તત્ત્વમાં રહેલ પૃથ્વી તત્ત્વ જાણવું.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે અગ્નિ સળગતાં તેની જ્વાળાઓ ઘણી વખત લાંબી તો ઘણી વખત ટૂંકી એમ નાની-મોટી થયા કરે છે. તેમજ જ્યારે લાકડું બળે છે ત્યારે તેના અંગ ઉપર કાળાશ જણાય છે, તે અગ્નિ તત્ત્વમાં રહેલ પૃથ્વી તત્ત્વનો વિભાગ જાણવો.

# અંગ ૧૦
# વૈરાટના પ્રણવમાં ચાલતા જળ તત્ત્વના ચિહ્નોની સમજ

(પરીબોધ મોરાલ છંદ)

**જેસે થલ વિધિ ગાઈ તેસેહી જલકી સહી;**
**અનુભવસે જો લહી કહી સો ઉચ્ચરકે. ૧**

### શબ્દાર્થ

**જેસે** = જેવી રીતે **થલ** = પૃથ્વી તત્ત્વ અંગે **વિધિ** = સમજ, સ્થિતિ, હકીકત **ગાઈ** = જણાવી **તેસેહી** = તેવી જ રીતે **જલકી** = જળની **સહી** = નક્કી કરી છે **અનુભવસે** = અનુભવથી **જો** = જે **લહી** = જાણી **કહીસો** = તે કહી દર્શાવી, કહી બતાવી **ઉચ્ચારકે** = ઉચ્ચારીને.

### અનુવાદ

**જેવી રીતે પૃથ્વી તત્ત્વની હકીકત સમજાવી, તે જ પ્રમાણે જળ તત્ત્વની હકીકત છે. આ બંને તત્ત્વોની હકીકત અનુભવ દ્વારા જાણીને ઉચ્ચાર કર્યો છે.**

### ભાવાર્થ

જે પ્રમાણે પૃથ્વી તત્ત્વની હકીકત અગાઉ કહી, તે જ પ્રમાણે જળ તત્ત્વની પણ હકીકત સમજાવવામાં આવી છે. આ બંને તત્ત્વોની જે હકીકત દર્શાવવામાં આવી છે તે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે સ્વાનુભવ મુજબ તેનું વર્ણન કર્યું છે.

**કોટીદસ ક્રોડ શ્વાસ ચલત જલકી નાસા;**
**સુભાવ શીતલ રહ્યો સકલ પસારકે. ૨**

### શબ્દાર્થ

**કોટીદસ** = દસ કરોડ **ક્રોડ** = કોસ **શ્વાસ** = શ્વાસ, પ્રાણાયામ **ચલત** = ચાલે છે **જલકી** = જળ તત્ત્વની **નાસા** = નાસિકા **સુભાવ** = સ્વભાવ **શીતલ** = શાંત, ઠંડો **રહ્યો** = રહેલો છે

**સકલ** = સર્વે **પસારકે** = ફેલાયેલું, પ્રસરેલું.

## અનુવાદ

**વૈરાટમાં ચાલતો જળ તત્ત્વનો પ્રણવ તેની નાસિકાથી ૧૦ કરોડ કોસ સુધી ગવન કરે છે. તેનો સ્વભાવ શીતળ છે અને સર્વત્ર વ્યાપેલો છે.**

## ભાવાર્થ

વૈરાટમાં ચાલતા જળ તત્ત્વનો પ્રણવ તે તત્ત્વની નાસિકાથી ૧૦ કરોડ કોસ એટલે આશરે ૧૫ કરોડ માઈલના અંતરની ગતિએ વહે છે. તે જળ તત્ત્વનો સ્વભાવ અતિ શીતળ છે અને તેનો પસારો બ્રહ્માંડમાં સર્વત્ર પ્રસરેલો છે.

**ચલત ભોમિ ઘસાઈ જેઠકે લગત વાઈ;**
**અપકે અમલ શ્વાસ માંહી એ આકારકે. ૩**

### શબ્દાર્થ

**ચલત** = ચાલે છે **ભોમિ** = પૃથ્વીની સપાટીને **ઘસાઈ** = ઘસાઈને, અડીને **જેઠકે** = જેઠ માસમાં **લગત** = લાગે છે **વાઈ** = વહે છે, વાય છે **અપકે** = જળ તત્ત્વ **અમલ** = અમલ, વર્તારો **શ્વાસ** = શ્વાસ **માંહી** = માં **એ** = એ **આકારકે** = આકારે, આકૃતિ.

## અનુવાદ

**જેઠ માસમાં આ જળ તત્ત્વનાં પ્રણવ પૃથ્વીને ઘસાઈને ચાલે છે. તેનો અમલ પ્રણવમાં આ પ્રમાણે વર્તમાન કરતો જણાય છે.**

## ભાવાર્થ

ગ્રીષ્મઋતુના જેઠ માસમાં આ જળ તત્ત્વનો પ્રણવ પૃથ્વીની સપાટીને ઘસાઈને ચાલે છે વળી જળ તત્ત્વના પ્રણવનો અમલ પવન સાથે મળીને તેના આકાર સ્વરૂપે થઈને વર્તમાન કરતો જણાય છે. પવનનો જેવો આકાર-જેમ કે વંટોળિયો, તોફાની ચાલ, ધીમી ગતિ વગેરે આકારમાં ભળીને વર્તમાન કરે છે.

**સવાદ મધુરો તાઈ જેઠકે મારુત પાઈ;**
**જો જો ફલમે પ્રખાઈ ખાઈ લે વિચારકે. ૪**

### શબ્દાર્થ

**સવાદ** = સ્વાદ **મધુરો** = મધુર **તાઈ** = તેનો **જેઠકે** = જેઠ માસમાં **મારુત** = પવન **પાઈ** = પ્રાપ્ત કરે છે **જો જો** = જે જે **ફલમે** = ફળોમાં **પ્રખાઈ** = પરખાય છે, જણાય છે **ખાઈ લે** = ખાઈને જોવાથી **વિચારકે** = વિચારીને.

### અનુવાદ

**જેઠ માસમાં વર્તમાન કરતા આ પ્રણવનો સ્વાદ મધુર હોય છે. જે ફળોમાં પરખાય છે. તેને ખાઈને વિચાર કરી જુઓ.**

### ભાવાર્થ

જેઠ માસમાં વર્તમાન કરતા આ જળ તત્ત્વના પ્રણવનો સ્વાદ મધુર હોય છે. જેથી જેઠ માસમાં થતા જે જે ફળો છે, તેના સ્વાદ પણ મધુર હોય છે. તેની પરીક્ષા કરવા માટે આપણે જાતે જ જેઠ માસમાં થતા ફળોને ચાખીને કે ખાઈને નક્કી કરી શકીયે છીએ.

**માતરા તાઈકુ તેસે રહત રસના રસ;**
**લગત સવાદ તાકો બ્રહ્માંડ મુખારકે. ૫**

### શબ્દાર્થ

**માતરા** = માત્રા **તાઈકુ** = તેની **તેસે** = તેથી **રહત** = રહે છે, રહેલી છે **રસના** = જીભે **રસ** = રસમાત્રા છે **લગત સવાદ** = સ્વાદ લાગે છે **તાકો** = તેની **બ્રહ્માંડ** = બ્રહ્માંડમાં **મુખારકે** = મુખથી.

### અનુવાદ

**તેની રસ માત્રા છે જે બ્રહ્માંડમાં દરેકના મુખારવિંદમાં જિહ્‌વાએ રહેલી છે, જેથી સ્વાદની પરીક્ષા ત્યાં માલુમ પડે છે.**

### ભાવાર્થ

જળ તત્ત્વના પ્રણવની રસ માત્રા છે. જે બ્રહ્માંડના સર્વે ઘાટોના મુખારવિંદમાં રહેલ જિહ્વાએ રહેલી છે. જેથી જે તે સ્વાદની સમજ જિહ્વા દ્વારા પારખી શકાય છે. આ રીતે જળ તત્ત્વની ઈન્દ્રિય જિહ્વાએ રસ માત્રા રહેલી જાણવી.

**બરન સપેત શ્વાસામાંહીકે અપકે વિત્ત;**
**પ્રણવ અરુપ રૂપ ધરત વિકારકે. ૬**

### શબ્દાર્થ

**બરન** = વર્ણ, રંગ **સપેત** = સફેદ, શ્વેત **શ્વાસામાંહીકે** = પ્રણવનો **અપકે** = જળ તત્ત્વના **વિત્ત** = વિત્ત, સાર **પ્રણવ** = રેચક પ્રેરક શ્વાસ **અરૂપ** = રૂપ વગરનું **રૂપ** = રૂપ **ધરત** = ધારણ કરે છે **વિકારકે** = વિકારથી, વિકારનું.

### અનુવાદ

**જળ તત્ત્વના પ્રણવનો રંગ સફેદ છે. મૂળ પ્રણવ રૂપ-અરૂપથી રહિત છે, પરંતુ વિકારથી તે રૂપ ધારણ કરે છે.**

### ભાવાર્થ

વૈરાટમાં ચાલતા જળ તત્ત્વના પ્રણવનો રંગ સફેદ છે. આ જળ તત્ત્વના પ્રણવનું કોઈ રૂપ નથી, તે મૂળ સ્વરૂપે રૂપ-અરૂપથી પરે રહેલો છે. છતાં પણ જ્યારે તેમાં વિકાર ઉત્પન્ન થાય એટલે કે, તેમાં ધૂળની રજકણો ભળે અથવા વાદળોનાં વિકાર ભળે ત્યારે તે રૂપવાળો દશ્યમાન થાય છે.

**તત્ત્વની જુગલ કહી શ્વાસાની સમાસ લહી;**
**કુવેર સરોતા કોઉ સમજે સકારકે. ૭**

### શબ્દાર્થ

**તત્ત્વની** = તત્ત્વોની **જુગલ** = જોડી, બંને **કહી** = જણાવી **શ્વાસાની** = પ્રણવની **સમાસ** = સમજણ મેળવણીની **લહી** = દર્શાવી, જાણી **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **સરોતા** = શ્રોતા **કોઉ** = કોઈ **સમજે** = સમજે **સકારકે** = સ્વીકારીને, માનીને.

## અનુવાદ

**બંને તત્ત્વોની પ્રણવ અંગેની ગતિ જે તે મેળવણીથી દર્શાવી છે. કુવેરસ્વામી કહે છે કે જે શ્રોતા સમજશે તેને તે સ્વીકારશે.**

## ભાવાર્થ

વિરાટમાં રહેલા પૃથ્વી તત્ત્વ અને જળ તત્ત્વ એમ બંનેમાં ભળેલ અન્ય તત્ત્વોના પ્રભાવ સહિત સઘળી સમજ દર્શાવવામાં આવી છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જે શ્રોતાજનો આ જ્ઞાનયુક્ત ગૂઢ સમજને પક્ષા-પક્ષ રહિત ન્યાયપૂર્વક સમજશે, તે જ આ વાતને સ્વીકારશે.

# અંગ ૧૧
# વૈરાટના અગ્નિ અને વાયુ તત્ત્વમાં ચાર તત્ત્વોના વિભાગની સમજ

(ઉમંગ છંદ)

**આપહી આપ બુઝાવત સો જલ;**
**મહા તપમે અપ હેં ઘન નીર. ૧**

**શબ્દાર્થ**

**આપહી આપ** = પોતે પોતાની જાતે, આપોઆપ **બુઝાવત** = ઓલવાઈ જવું, બુઝાઈ જવું **સો** = તે **જલ** = જળ તત્ત્વ, પાણી **મહા તપમે** = મહાઅગ્નિમાં **અપ** = પાણી **હેં** = છે **ઘનનીર** = ઘનરૂપી નીર, પાણી, વર્ષાનું પાણી, વરસાદી વાદળોના રૂપે પાણી.

**અનુવાદ**

**મહદ્ અગ્નિમાં જે ઘનરૂપે જળ તત્ત્વનો વિભાગ રહેલો છે, તેથી અગ્નિ આપોઆપ બુઝાઈ જાય છે. તે અગ્નિ તત્ત્વમાં રહેલ જળ તત્ત્વનો વિભાગ જાણવો.**

**ભાવાર્થ**

વિરાટમાં રહેલ મહદ્ અગ્નિ તત્ત્વમાં પણ ૯ ભાગ અગ્નિના અને બાકીના પૃથ્વી,જળ, આકાશ અને પવનના પા-પા ભાગ ભળીને થયેલો એક ભાગ મળીને કુલ ૧૦ ભાગ રહેલા છે.

તે મહદ્ અગ્નિમાં જે વરસાદી વાદળરૂપ જળ તત્ત્વનો વિભાગ રહેલો હોવાથી અતિ તાપમાનથી તપી ગયેલ પૃથ્વીને મહા જળરૂપી વરસાદી વાદળો, વૃષ્ટિ દ્વારા જળમય કરીને શાંત કરે છે. તેમજ અગ્નિનું સ્વરૂપ લાંબા સમયે આપોઆપ બુઝાઈ જાય છે તે અગ્નિમાં રહેલ જળ તત્ત્વનો ભાગ જાણવો.

**વાયુમે વ્યોમ વિશેષ ગ્રાહતન;**
**અચલ ચલાવે સો અવનિ અંકુર. ૨**

### શબ્દાર્થ

**વાયુમે** = મહદ્ વાયુમાં **વ્યોમ** = આકાશ તત્ત્વ **વિશેષ** = ઘણું કરીને, વિશેષ **ગ્રાહતન** = ગ્રહે છે, પકડે છે **અચલ** = અચલ, સ્થિર **ચલાવે** = ચલાવે **સો** = તે **અવનિ** = પૃથ્વીમાં રહેલ **અંકુર** = અંકુરો, બીજક.

### અનુવાદ

**મહદ્ વાયુમાં આકાશ તત્ત્વનો વિભાગ રહેલો છે. જેથી પૃથ્વીમાં રહેલ સ્થિર અંકુરોને ચલાયમાન કરી આકાશ તરફ ખેંચે છે.**

### ભાવાર્થ

મહદ્ વાયુમાં આકાશ તત્ત્વનો વિભાગ રહેલો છે, જેના કારણે પૃથ્વીમાં પડી રહેલ સ્થિર સ્થાવર જાતિનાં બીજકોને અંકુરિત કરીને પોતાના તરફ ખેંચી વૃદ્ધિ પમાડે છે. તે વાયુ તત્ત્વમાં રહેલ આકાશતત્ત્વનો વિભાગ જાણવો.

**પવને સુકાત તાતે કહ્યો તેજ;**
**ઘામ મીટે વાયુ તે અપહીર. ૩**

### શબ્દાર્થ

**પવને** = પવન તત્ત્વથી **સુકાત** = સુકાઈ જાય **તાતે** = તેથી **કહ્યો** = કહેવામાં આવ્યો **તેજ** = અગ્નિ તત્ત્વ **ઘામ** = ઉકળાટ, બફારો **મીટે** = નાશ પામે, દૂર થાય **વાયુ** = પવન તત્ત્વથી **તે** = તે **અપહીર** = હીરરૂપ જળ તત્ત્વ.

### અનુવાદ

**પવનથી વસ્તુ સુકાય તે વાયુ તત્ત્વમાં રહેલ અગ્નિ તત્ત્વ જાણવું અને પવન લાગવાથી ઉકળાટ નષ્ટ થાય તે વાયુ તત્ત્વમાં રહેલ જળ તત્ત્વ સમજવું.**

### ભાવાર્થ

કપડાં, માટી વગેરે ગમે તેવી ભીની વસ્તુ હોય, પરંતુ તેને પવનનો વેગ મળતાં સુકાઈ જાય છે. જે વાયુ તત્ત્વમાં રહેલ અગ્નિ તત્ત્વનો વિભાગ જાણવો. ઉનાળામાં અથવા તો ગરમ વાતાવરણમાં ખૂબ જ ઉકળાટ-બફારો થાય છે, પરંતુ ત્યાં પંખો ચલાવવામાં આવે તો પવનનો વેગ આવવાથી બફારો દૂર થાય છે. તે વાયુ તત્ત્વમાં રહેલ જળ તત્ત્વનો વિભાગ જાણવો.

**શૂન્ય સનેહી તેહી તત્ત્વ સૂક્ષમ;**
**લક્ષમેં પક્ષ રહે જ્યૌં સંકીર. ૪**

### શબ્દાર્થ

**શૂન્ય** = આકાશ તત્ત્વ **સનેહી** = સ્નેહી, સબંધી **તેહી** = તે **તત્ત્વ** = તત્ત્વ **સૂક્ષમ** = સૂક્ષ્મ, અલ્પ પ્રમાણમાં **લક્ષમે** = લક્ષમાં, સાધનામાં **પક્ષ** = પક્ષ, સાધ્ય વસ્તુ **રહે** = રહેલી છે, સમાયેલી છે **જ્યૌં** = જેમ **સંકીર** = સંકોચાઈને, સમાઈને, મિશ્રિત થઈને.

### અનુવાદ

**જેમ કોઈ લક્ષમાં પક્ષ સમાઈને રહેલો હોય છે તેમ આકાશ તત્ત્વમાં અન્ય તત્ત્વો સૂક્ષ્મ રીતે સ્નેહપૂર્વક રહેલા છે.**

### ભાવાર્થ

જેમ કોઈ લક્ષ રૂપી સાધનામાં તેને સાધ્ય કરનાર પક્ષ (વ્યક્તિ, સાધક) તલ્લીન બનીને સમાયેલો (મગ્ન) હોય છે, અર્થાત્ જેમ સાધક પોતાનો લક્ષ પ્રાપ્ત કરવામાં સમરસ થઈ ગયો હોય છે. તેમ મહદ્ આકાશ તત્ત્વમાં પૃથ્વી, જળ, અગ્નિ અને પવન સૂક્ષ્મ સ્વરૂપે અલ્પ પ્રમાણમાં સમાઈને રહેલાં છે.

**મલતાન મંગલમયે મસરી રસ;**
**હે અંશ અનુચીત શૂન્ય સહીર. ૫**

### શબ્દાર્થ

**મલતાન** = મલીને, ભળીને **મંગલમયે** = મંગલકારી, હિતકારક **મસરી** = ખાંડ **રસ** = એકરસ **હે** = થઈને રહે છે **અંશ** = ભાગ, સૂક્ષ્મ અન્ય તત્ત્વો **અનુચીત** = યોગ્ય રીતે, અનુકૂળતા ભર્યા, ચિત્તમાં ન આવે તેવો **શૂન્ય** = આકાશમાં **સહીર** = હીરરૂપે.

### અનુવાદ

**આકાશ તત્ત્વમાં અન્ય તત્ત્વો ખાંડ ભળે તે રીતે એકરસ થઈને હિતકારક બની મિશ્રિત થયેલા છે, પરંતુ હીરરૂપે રહેલ અંશ અનુચિત છે.**

### ભાવાર્થ

જેમ ખાંડ કોઈ પણ અન્ય રસોમાં વિના વિઘ્ને અનુકૂળતા મુજબ એક રસ થઈને ભળી જાય છે અને મૂળ રસને સહાયભૂત બનીને રહે છે, તેમ આકાશ તત્ત્વમાં પણ અન્ય પૃથ્વી, જળ, અગ્નિ અને પવન સાકરની જેમ એવા સરસ રીતે તે તત્ત્વને અનુકૂળ થઈને ભળી ગયેલાં છે, પરંતુ ઘાટના હીરરૂપે રહેલ વિજાતીય ચૈતન અંશ આ તત્ત્વો ભળવા પક્ષે અનુચિત છે. અર્થાત્ અંશ તત્ત્વોમાં નથી ભળતો કે નથી ચિત્તના ચિંતવનમાં આવતો, એવો અદ્ભુત છે.

**કહત કુવેર વિશાલ વિલોકન;**
**સો જન લહત બુદ્ધિ મહાગંભીર. ૬**

### શબ્દાર્થ

**કહત કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **વિશાલ** = વિસ્તૃત, વિશાળ, મોટું, દીર્ઘ **વિલોકન** = અવલોકન **સો જન** = તેવા માનવો, એવી વ્યક્તિ **લહત** = જાણે **બુદ્ધિ** = બુદ્ધિ **મહાગંભીર** = મહાન ધીરજવાળી, ગૂઢ, ગહન, ઠરેલ.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે આ વિશાળ વિરાટના તત્ત્વોનું અવલોકન મહાગંભીર ગતિના બુદ્ધિશાળી માનવો સમજી શકે છે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે આ વિશાળ બ્રહ્માંડમાં વિરાટની ઉત્પત્તિના મહદ્ તત્ત્વોનું મિશ્રણ અંગેના ગૂઢાર્થ ભરેલા રહસ્યને સમજવું ખૂબ જ કઠિન છે, પરંતુ જે વ્યક્તિની બુદ્ધિ વિશેષ ધીરજવાળી હોય અને જેનામાં ઠરેલપણું હોય તેમજ વિશાળ અવલોકન કરવાની ગતિ હોય તેવા માનવો જ આ રહસ્યને સમજી શકશે.

# અંગ ૧૨
# વૈરાટના પ્રણવમાં ચાલતા અગ્નિ અને વાયુ તત્ત્વના ચિહ્નોની સમજ

**(પરિબોધ મોરાલકંદ)**

**અગની વાયુકી વ્યક્ત રૂપ જાકે લીલ રક્ત;**
**તાઈકે ચીન આશક્ત કહત જો રહાયે હે. ૧**

### શબ્દાર્થ

**અગની** = અગ્નિ તત્ત્વનો **વાયુ કી** = વાયુ તત્ત્વનો **વ્યક્ત** = દેખાય તેવું, પ્રત્યક્ષ **રૂપ** = સ્વરૂપ, આકાર, દેખાવ **જાકે** = તેનો **લીલ** = લીલો **રક્ત** = લાલ **તાઈકે** = તેમના **ચીન** = ચિહ્નો **આશક્ત** = અતિ શક્તિમાન, વિશેષ શક્તિથી **કહત** = કહેવાય, કહુ છું **જો** = જો, તે **રહાયે હે** = રહેલું છે, રહ્યાં છે.

### અનુવાદ

**અગ્નિ તત્ત્વનો લાલ અને વાયુ તત્ત્વનો લીલો રંગ જે પ્રત્યક્ષ નજરે દેખાય છે તેના ચિહ્નોની વિશેષ શક્તિ જે પ્રમાણે છે તે હું કહુ છું.**

### ભાવાર્થ

વૈરાટમાં રહેલ અગ્નિ તત્ત્વનો રંગ લાલ છે અને વાયુ તત્ત્વનો રંગ લીલો છે, જે પ્રત્યક્ષ સ્વરૂપે દેખાય છે. હવે તે તે તત્ત્વોમાં રહેલ અન્ય ગુણની વિશેષતા જે પ્રમાણે રહેલી છે, તે હવે પછી પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને જણાવે છે.

**પુના તીન ક્રોડ કોસ ચલત અગન્ય શ્વાસ;**
**સાઢી પંચ ક્રોડ કોસ પવન વહાયે હે. ૨**

### શબ્દાર્થ

**પુના તીન ક્રોડ** = પોણા ત્રણ કરોડ **કોસ** = કોસ, દોઢ માઈલનું અંતર **ચલત** = ચાલે છે **અગન્ય** = અગ્નિ તત્ત્વનો **શ્વાસ** = પ્રાણાયામ **સાઢી પંચ ક્રોડ** = સાડા પાંચ કરોડ **કોસ** = કોસ, દોઢ માઈલનું અંતર **પવન** = પવન તત્ત્વ **વહાયે** = વહે, **હે** = છે.

## અનુવાદ

**અગ્નિ તત્ત્વનો શ્વાસ પોણા ત્રણ કરોડ કોસ સુધી ચાલે છે અને પવન તત્ત્વ સાડા પાંચ કરોડ કોસ સુધી વહે છે.**

## ભાવાર્થ

મહદ્ અગ્નિ તત્ત્વનો પ્રાણાયામ વિરાટમાં પોણા ત્રણ કરોડ કોસ એટલે કે, આશરે સવા ચાર કરોડ માઈલ સુધીના વેગે પવનરૂપે ચાલે છે અને વાયુ તત્ત્વનો પ્રાણાયામ વિરાટમાં સાડા પાંચ કરોડ કોસ એટલે કે, સવા આઠ કરોડ માઈલ સુધીના અંતરે વહે છે.

**ઉરધ અગન્ય તન તીરસી ચલે પવન;**
**સ્વાદ જાકે તીક્ષણ ચર્પરા લગાયે હે. ૩**

### શબ્દાર્થ

**ઉરધ** = ઊંચે, ઉપર તરફ **અગન્ય** = અગ્નિ તત્ત્વનું **તન** = સ્વરૂપ **તીરસી** = ત્રાંસું **ચલે** = ચાલે, વહે **પવન** = પવનતત્ત્વ **સ્વાદ** = સ્વાદ **જાકે** = જેનો **તીક્ષણ** = તીખો **ચર્પરા** = ચરપરો **લગાયે હે** = જણાય છે, લાગે છે.

## અનુવાદ

**અગ્નિ તત્ત્વ ઉપર તરફ અને વાયુ તત્ત્વ ત્રાંસો વહે છે. જેનો સ્વાદ તીખો અને ચરપરો લાગે છે.**

## ભાવાર્થ

બ્રહ્માંડના વૈરાટમાં રહેલ અગ્નિ તત્ત્વનો શ્વાસ સદાને માટે ઉપર તરફ ચાલે છે અને તે તત્ત્વનો સ્વાદ તીખો હોય છે. જ્યારે વિરાટમાં રહેલ પવન તત્ત્વનો

પ્રણવ ત્રાંસો ચાલે છે અને તેનો સ્વાદ ચરપરો લાગે છે.

**માતરા જાહીકી રૂપ સપરસહી અનુપ;**
**ખટખટ માસ શીત ઉષ્ણ જો કહાયે હે.૪**

### શબ્દાર્થ

**માતરા** = માત્રા **જાહીકી** = જેની **રૂપ** = રૂપ છે **સપરસહી** = સ્પર્શ છે **અનુપ** = અનોપમ, અજોડ, સર્વશ્રેષ્ઠ, ઉપમા ન આપી શકાય તેવી **ખટખટ માસ** = છ-છ માસ **શીત** = ઠંડું, શીતળતા **ઉષ્ણ** = ગરમી, ઉષ્ણતા **જો** = જો **કહાયે હે** =કહેવાય છે.

### અનુવાદ

**અગ્નિ તત્ત્વની રૂપ માત્રા અને વાયુ તત્ત્વની સ્પર્શ માત્રા છે, તેને કોઈ ઉપમા આપી શકાય તેમ નથી. તેના છ માસ શીતળ અને છ માસ ઉષ્ણતાવાળા કહેવાય છે.**

### ભાવાર્થ

વૈરાટમાં રહેલ અગ્નિ તત્ત્વની રૂપ માત્રા છે અને વાયુ તત્ત્વની સ્પર્શ માત્રા છે. એટલે કે, અગ્નિને રૂપથી અને વાયુને સ્પર્શથી ઓળખી શકાય છે. અગ્નિ તત્ત્વથી છ માસ ગરમી પડે છે અને વાયુ તત્ત્વથી છ માસ ઠંડી પડે છે. આમ બંને તત્ત્વોનો પ્રભાવ વિરાટમાં છ છ માસ રહેલો છે.

**ચતુર ધુપ પ્રકાશ વર્ષા કાલ કે દો માસ;**
**ખટ એ માતરા તેજ વૃદ્ધિકે જનાયે હે.૫**

### શબ્દાર્થ

**ચતુર** = ચાર **ધૂપ** = ગરમી **પ્રકાશ** = તાપ **વર્ષા** = વરસાદ **કાલકે** = સમય, વખત **દો માસ** = બે માસ **ખટએ** = એ છ **માતરા** = માત્રા **તેજ** = અગ્નિ તત્ત્વ **વૃદ્ધિકે** = વૃદ્ધિના, વધારો પામવાથી, ઉત્પન્ન થવાથી **જનાયે હે** = જણાય છે.

### અનુવાદ

**ચાર મહિના ગરમીના અને બે મહિના વર્ષાઋતુના મળી છ માસ અગ્નિ**

**તત્ત્વની રૂપમાત્રાથી જણાય છે.**

### ભાવાર્થ

વૈરાટમાં જ્યારે અગ્નિ તત્ત્વની રૂપ માત્રાની અસર છ માસ સુધી જણાય છે. જેમાં ચાર મહિના સખત તાપ પડે તેથી ગરમી ઉત્પન્ન થાય છે અને બે મહિના વરસાદ પડવાથી વર્ષાઋતુના જણાય છે. આ પ્રમાણે કુલ છ માસ ઉનાળો હોઈ અગ્નિ તત્ત્વના સમજવા.

**રહે સો શીતકે ખટ પ્રસ પવન નીકટ;**
**માતરા સપ્રસ વટ અધિક લખાયે હે. ૬**

#### શબ્દાર્થ

**રહે** = રહે છે, બાકીના રહેલા **સો** = તે **શીતકે** = શિયાળાના **ખટ** = છ માસ **પ્રસ** = સ્પર્શ માત્રા **પવન** = પવન તત્ત્વના **નીકટ** = જોડે, સાથે **માતરા** = માત્રા **સપ્રસ** = સ્પર્શ **વટ** = વાળી **અધિક** = વિશેષ **લખાયે હે** = જણાય છે, ગણાવ્યાં છે.

### અનુવાદ

**બાકીના રહેલા છ માસ શિયાળાના હોઈ જેમાં સ્પર્શ માત્રાવાળો પવન નિકટ રહેલો છે. આ છ માસ શિયાળાના ગણાવ્યા તેમાં સ્પર્શમાત્રાનો પ્રભાવ અધિક જણાય છે.**

### ભાવાર્થ

વિરાટમાં અગાઉ છ માસ ઉનાળાના જણાવ્યા છે. જ્યારે બાકીના છ માસ રહ્યા તેમાં શીતળતા ભર્યું વાતાવરણ રહે છે. જે વાયુ તત્ત્વની સ્પર્શ માત્રાના આધારે રહેલું છે. આથી સ્પર્શ માત્રાના આ ગુણને લીધે છ મહિના શિયાળાના કહેવાય છે. આમ વર્ષ દરમિયાન મુખ્ય બે ઋતુ શિયાળો અને ઉનાળો ગણાય છે.

**રહત માતરા બેન્યું ઓતપ્રોત અન્યો અન્ય;**
**કુવેર વિશેક વિષે સો તો મેં દેખાયે હે. ૭**

### શબ્દાર્થ

**રહત** = રહે છે **માતરા** = માત્રા **બેન્યું** = બને છે **ઓતપ્રોત** = એકબીજામાં ભળેલી, બંને અરસપરસ પરોવાયેલી, પરસ્પર **અન્યોઅન્ય** = એકબીજામાં, પરસ્પર **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **વિશેક** = અસાધારણ, ખાસ, તફાવત **વિષે** = અંગે, **સો તો** = જેમ છે તેમ **મેં** = મે **દેખાયે હે** = દેખાડ્યું છે, જણાવ્યું છે.

### અનુવાદ

**આ બંને માત્રા અન્યોન્ય ઓતપ્રોત થઈને વર્તે છે. કુવેરસ્વામી કહે છે કે જે મેં દર્શાવી છે.**

### ભાવાર્થ

વૈરાટમાં અગ્નિ તત્ત્વની રૂપ માત્રા છે. તે સ્વભાવે ગરમ છે અને વાયુ તત્ત્વની સ્પર્શ માત્રા સ્વભાવે ઠંડી છે. આ રૂપ માત્રા અને સ્પર્શ માત્રા બંને એકબીજામાં અન્યોન્ય પરોવાયેલી છે. જ્યારે રૂપ માત્રાનું વિશેષ વર્તમાન થાય ત્યારે સ્પર્શ માત્રા અલ્પ પ્રમાણે થઈ જાય છે. તે સમયે રૂપ માત્રાના ગરમ સમય દરમિયાન કોઈક કોઈક વખતે સ્પર્શ માત્રાની ઠંડક પણ અનુભવાય છે. આ જ રીતે જ્યારે સ્પર્શ માત્રાનું વિશેષ વર્તમાન થયેલું હોય ત્યારે તેની સાથે વર્તમાન કરતી રૂપ માત્રા ગૌણપણે વર્તમાન કરતી હોય તો ઠંડીના સમય દરમિયાન ઘણી વખત રૂપ માત્રાની ગરમી પણ અનુભવાય છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે આ પ્રમાણે અસાધારણ રીતે સ્પર્શ અને રૂપ માત્રા જણાય છે, તેનું મુખ્ય કારણ બંને માત્રાઓ અન્યોન્ય ઓતપ્રોત થઈને રહેતી હોવાથી તેની અસર જણાય છે. તે અંગેનું જેમ છે તેમ વર્ણન કર્યું છે.

# અંગ ૧૩
# વૈરાટના આકાશ તત્ત્વમાં ચાર તત્ત્વના વિભાગની સમજ

(ઉમંગ છંદ)

**શૂન્ય સમીર રહે સાક્ષીવત્;**
**ઢોલત વાયુ પંખે જે પ્રકાશી. ૧**

**શબ્દાર્થ**

**શૂન્ય** = આકાશ તત્ત્વમાં **સમીર** = પવન **રહે** = રહેલો છે **સાક્ષી વત્** = સાક્ષી સ્વરૂપે **ઢોલત** = ઢોળે છે, વીંઝે છે **વાયુ** = પવન **પંખે** = પંખો નાખવાથી **જે** = જે **પ્રકાશી** = પ્રકાશથી જણાય છે.

**અનુવાદ**

**આકાશ તત્ત્વમાં સાક્ષી રૂપે જે વાયુ તત્ત્વ રહેલું છે, તે પંખો નાંખવાથી જણાય છે. તે આકાશ તત્ત્વમાં વાયુ તત્ત્વનો વિભાગ જાણવો.**

**ભાવાર્થ**

વૈરાટમાં મહદ્ આકાશ તત્ત્વમાં તેના પોતાના ૯ ભાગ રહેલા છે અને બાકીના પૃથ્વી, પવન, જળ, અગ્નિના પા-પા ભાગ ભળીને એક ભાગ થયો તે સાથે મળીને કુલ ૧૦ ભાગે આકાશ રહેલું છે.

મહદ્ આકાશ તત્ત્વમાં જે વાયુ તત્ત્વનો એક ભાગ છે તે સાક્ષી સ્વરૂપે રહેલો છે. જેની પ્રતીતિ આપણે જ્યારે પંખો વીંઝીએ છીએ ત્યારે થાય છે. એટલે કે, પંખો ફરતાં જ પોલાણમાં રહેલ વાયુ (પવન) વહે છે, તે આકાશ તત્ત્વમાં રહેલ વાયુ તત્ત્વનો વિભાગ જાણવો.

**તેજ પ્રકાશ રહે વ્યોમ વ્યાપક;**
**ઝાંઝવા ઝલક ઉનુ તે ઉપાસી. ૨**

### શબ્દાર્થ

**તેજ** = અગ્નિ તત્ત્વનો **પ્રકાશ** = ગરમી, પ્રકાશ **રહે** = રહેલો છે **વ્યોમ** = આકાશ તત્ત્વમાં **વ્યાપક** = વ્યાપક રીતે **ઝાંઝવાં ઝલક** = મૃગજળ સ્વરૂપે ચળકતો **ઉનુતે** = તેનો જ, તેનાથી **ઉપાસી** = ઉત્પત્તિ છે, ઊપસે છે.

### અનુવાદ

**આકાશ તત્ત્વમાં જે અગ્નિ તત્ત્વનો ભાગ રહેલો છે, તે ઝાંઝવાના નીરની ઝલક રૂપે ઊપસી રહેલો છે.**

### ભાવાર્થ

વિરાટના મહદ્ આકાશ તત્ત્વમાં અગ્નિ તત્ત્વનો જે વિભાગ રહેલો છે તેનાથી ગ્રીષ્મઋતુમાં રણની અંદર દૂર દૂર પાણીની ઝલક સમાન મૃગજળ દેખાય છે. ઉનાળાના સમયમાં ઘણી વખત રસ્તા ઉપર પ્રવાસ કરતા હોઈએ ત્યારે પણ દૂર દૂર રસ્તા ઉપર પાણી વરસેલું હોય તેવો આભાસ થાય છે, પ્રતીતિ થાય છે. આમ આ આકાશ તત્ત્વમાં રહેલ અગ્નિ તત્ત્વનો વિભાગ જાણવો.

**જામત ઓસ કહીયે શૂન્યમાં અપ;**
**જા દિન નિરમલ હોત આકાશી. ૩**

### શબ્દાર્થ

**જામત** = જામવું, જામે છે **ઓસ** = ઝાકળ, તુષાર, ઠાર **કહીયે** = કહેવાય છે **શૂન્યમાં** = આકાશ તત્ત્વમાં **અપ** = પાણી, જળ તત્ત્વ **જા દિન** = જે દિવસે **નિરમલ** = નિર્મળ, વિકાર રહિત **હોત** = હોય **આકાશી** = આકાશ.

### અનુવાદ

**જે દિવસે આકાશ નિર્મળ હોય, ત્યારે ઝાકળ પડે છે. તે આકાશ તત્ત્વમાં રહેલ જળ તત્ત્વનો વિભાગ જાણવો.**

### ભાવાર્થ

વિરાટમાં કોઈ દિવસે આકાશ નિર્મળ દેખાય છે. એટલે કે, આકાશમાં તેના

વિકારો રૂપ વાદળો હોતા નથી અને શુદ્ધ નિર્મળ આકાશ જણાય છે. જ્યારે આવુ નિર્મળ આકાશ હોય ત્યારે સવારના સમયે આપણે ઝાકળનો અનુભવ કરીએ છીએ, આ ઝાકળ બિંદુઓની અથવા તો ઝાકળની ઉત્પત્તિ તે આકાશ તત્ત્વમાં રહેલ જળ તત્ત્વનો વિભાગ જાણવો.

**ઘાવ કરે ગગને ચમકે મહી;**
**એકલ હસ્ત તાલી ન બજાસી. ૪**

### શબ્દાર્થ

**ઘાવ કરે** = ગર્જના કરે **ગગને** = આકાશમાં **ચમકે** = વીજળીના ચમકારા થાય **મહી** = પૃથ્વીના **એકલ** = એક **હસ્ત** = હાથે **તાલી** = તાળી **ન બજાસી** = વગાડી શકાય નહીં, વાગતી નથી.

### અનુવાદ

**આકાશમાં ગર્જના રૂપે જે ધ્વનિના પડઘાથી વીજળીનો ચમકારો થાય છે, તે પૃથ્વી તત્ત્વનો ભાગ સમજવો. વળી જેમ એક હાથે તાળી પડતી નથી, તેમ એક તત્ત્વથી અવાજ-ગર્જના થતી નથી.**

### ભાવાર્થ

સામાન્ય વ્યવહારમાં આ એક ખૂબ જ પ્રચલિત સૂત્ર છે કે ‘‘એક હાથે તાળી પડતી નથી.’’ એનો અર્થ અહીં તત્ત્વોની વાતના સંદર્ભે સમજીએ તો ગર્જના થાય તે કોઈ એક તત્ત્વથી નહીં, પરંતુ એકથી વિશેષ એવા બે તત્ત્વોના ઘર્ષણથી ચમકારા સાથે અવાજનું ઉત્પન્ન થવું શક્ય બને છે. વિરાટમાં પણ આકાશ તત્ત્વમાં રહેલ પૃથ્વી તત્ત્વના વિભાગના ઘર્ષણને કારણે વીજળીનો ચમકારો અને ગર્જના ભર્યો અવાજ સંભળાય છે.

**પિંડ બ્રહ્માંડ પંચાત નરણે કીજ;**
**જ્યૌ બીજમેં નિજ વૃક્ષ સમાસી. ૫**

### શબ્દાર્થ

**પિંડ** = શરીરમાં છે તેવુંજ **બ્રહ્માંડ** = બ્રહ્માંડમાં છે **પંચાત** = પાંચ તત્ત્વો, પંચીકરણ **નરણે** = નિર્ણય **કીજ** = કરેલો છે **જ્યૌ** = જેમ **બીજમેં** = બીજગમાં **નિજ** = મૂળ **વૃક્ષ** = વૃક્ષ, ઝાડ **સમાસી** = સમાઈને રહેલું છે.

### અનુવાદ

**જેમ બીજગમાં સમગ્ર વૃક્ષ સમાઈને રહેલું છે, તેમ બ્રહ્માંડના તત્ત્વોનું પંચીકરણ પિંડમાં પણ સમાયેલું છે તેનો નિર્ણય કરીને સમજાવ્યું.**

### ભાવાર્થ

જેમ બીજગમાં વૃક્ષનો પ્રકાર, રંગ, ફળોનો સ્વાદ, ફૂલ સહિતના સર્વ ગુણનું પોખણ થયેલું હોય છે. એટલે કે, બીજગમાં મૂળ વૃક્ષ સમાયેલું છે. તે જ ન્યાયે આપણા પિંડમાં પણ સર્જનહારે સમગ્ર બ્રહ્માંડને સમાવી દીધેલ છે. એટલે કે, તત્ત્વોની દ્દષ્ટિએ જે ક્રિયા - કર્મ વૈરાટમાં થાય છે તેવા તત્ત્વો ગુણ અને ક્રિયા - કર્મ પિંડમાં જોવા મળે છે. જે અહીં આપણે તત્ત્વોના પંચીકરણના નિર્ણય ઉપરથી મેળવી શકીએ છીએ.

**સર્વજ્ઞ જ્ઞાન રસાન વ્રણોવીત;**
**કુવેર બ્રહ્મ નિરાલો નિરાસી. ૬**

### શબ્દાર્થ

**સર્વજ્ઞ** = સર્વ પ્રકારે, પિંડમાં અને બ્રહ્માંડમાં એમ સર્વત્ર **જ્ઞાન** = સમજ **રસાન** = રસાયણ, તત્ત્વો અંગેનું **વ્રણોવીત** = વર્ણન કર્યું **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **બ્રહ્મ** = બ્રહ્મ **નિરાલો** = નિરાળો, અલગ **નિરાસી** = આશાથી રહિત.

### અનુવાદ

**સર્વ પ્રકારના તત્ત્વો અંગેની સમજ વર્ણવી દીધી છે. કુવેરસ્વામી કહે છે કે બ્રહ્મ નિરાળું અને આશાથી રહિત છે.**

## ભાવાર્થ

પિંડમાં રહેલા તત્ત્વો અને તેનો પ્રભાવ તથા ગુણ તેમજ બ્રહ્માંડમાં રહેલા મહદ્ તત્ત્વો અને તેનો પ્રભાવ તથા તેમના ગુણ વિગેરે દર્શાવ્યાં છે. પિંડ અને વૈરાટ જેમાં વૃદ્ધિ પામ્યા છે તેવું સચરાચર વ્યાપક બ્રહ્મ, આ બંનેની ઉત્પત્તિથી નિરાળું છે. તેમજ તેની પોતાની કોઈ આશા નથી કે તે તત્ત્વોની ઉત્પત્તિનો વિકાસ કરે. આ તો સર્જનહાર દ્વારા ઉત્પન્ન કરેલી સર્વ રચના છે અને તે મુજબ બ્રહ્મભૂમિકામાં હિરણ્યગર્ભના ન્યાયે સર્વ ઉત્પત્તિ વિકાસ પામી છે.

# અંગ - ૧૪
# વૈરાટના પ્રણવમાં ચાલતા આકાશતત્ત્વના ચિહ્નોની સમજ

**(પરિબોધ મોરાલકંદ)**

**અમર અચ્યુત ભૂત ગ્રાહક ન ઈત ઉત;**
**સૂક્ષ્મ તત્ત્વ સંયુક્ત વિરલા વિલોકહી. ૧**

### શબ્દાર્થ

**અમર** = જેનો નાશ નથી તેવું, અવિનાશી **અચ્યુત** = નિત્ય, અવિનાશી, અસ્ખલિત, અજન્મા **ભૂત** = તત્ત્વ **ગ્રાહક** = ગ્રહી શકાય, પકડી શકાય **ન** = નહીં **ઈત ઉત** = આ બાજુ કે તે બાજુ, અહિયા કે ત્યાં, પૃથ્વી પર કે અંતરિક્ષમાં **સૂક્ષ્મ તત્ત્વ** = સૂક્ષ્મ સ્વરૂપે રહેલા તત્ત્વો **સંયુક્ત** = ભેગા, જોડાયેલ **વિરલા** = વીરલ, દુર્લભ, જવલ્લે જ **વિલોકહી** = વિલોકન, સમજપૂર્વકનું અવલોકન.

### અનુવાદ

**અમર, અચ્યુત એવા આકાશ તત્ત્વને કોઈ આ બાજુથી કે તે બાજુથી પકડી શકાય તેમ નથી. તેમાં સૂક્ષ્મરૂપે અન્ય તત્ત્વો રહેલા છે જેને કોઈ વીરલા જ સમજી શકે છે.**

### ભાવાર્થ

વિરાટમાં રહેલ મહદ્ આકાશ તત્ત્વ અમર અને અજન્મા છે. તેવા આકાશ ને આગળ-પાછળથી કે ઉપર-નીચેથી પકડી શકાય તેમ નથી. એટલે કે, તેને ગ્રહણ કરી શકાતું નથી. વળી તે આકાશ તત્ત્વમાં રહેલા સૂક્ષ્મ સ્વરૂપે બીજા ચાર તત્ત્વો જે છે તેની સંયુક્તપણે રહેલી રચનાના કાર્યોને કોઈક વીરલા જ્ઞાની પુરુષો જ અવલોકન કરી સમજી શકે છે.

## તાઈકે અમલ શ્વાસા ક્રોડ કોસ લખ પચાસા;
## સૂક્ષ્મણા અવિકાશા લગે તા પલકહી. ૨

### શબ્દાર્થ

**તાઈકે** = તેનો **અમલ** = સત્તા **શ્વાસા** = પ્રણવ **ક્રોડ** = કરોડ **કોસ** = કોસ, દોઢ માઈલનું અંતર **લખ પચાસા** = પચાસ લાખ **સુક્ષમણા** = સુષમણા નાડી **અવિકાશા** = અવિગત, આકાશ તત્ત્વ **લગે** = લાગે **તા** = તેમા **પલકહી** = ક્ષણ, પળ, સમયે, વખતે.

### અનુવાદ

**વિરાટમાં મહદ્ અવિગત આકાશ તત્ત્વનો અમલ વર્તાતો હોય તે સમયે સુષમણા નાડીનો પ્રણવ એક કરોડ પચાસ લાખ કોસ સુધી ગવન કરે છે.**

### ભાવાર્થ

વિરાટમાં જ્યારે મહદ્ અવિગત આકાશ તત્ત્વનો અમલ વર્તમાન કરતો હોય ત્યારે સુષુમણા નાડી ચાલતી હોય છે, તે વખતે પ્રણવની ગતિનો વેગ એક કરોડ પચાસ લાખ કોસ એટલે બે કરોડ પચ્ચીસ લાખ માઈલ સુધીનો હોય છે.

## મહાશૂન્ય શ્વાસા સમીર ચલતહી ધીર ધીર;
## ગગન મધ્યે અનીર જાને ના ખલકહી. ૩

### શબ્દાર્થ

**મહાશૂન્ય** = આકાશ તત્ત્વનો **શ્વાસા** = પ્રાણાયામ **સમીર** = પવન તત્ત્વ **ચલતહી** = ચાલે તો **ધીર ધીર** = ધીરે ધીરે, સામાન્ય વેગથી **ગગન મધ્યે** = આકાશની મધ્યે **અનીર** = મંદ ગતિ **જાને ના** = જાણે નહીં **ખલકહી** = જગત, વિશ્વ.

### અનુવાદ

**વિરાટમાં આકાશ તત્ત્વનો પ્રાણાયામ ચાલે ત્યારે પવન મંદ ગતિએ ચાલે છે. આકાશમાં તેની ખૂબ ધીમી ગતિને લીધે જગતના માનવીને તેની જાણ થતી નથી.**

### ભાવાર્થ

વિરાટમાં જ્યારે આકાશ તત્ત્વનો અમલ વર્તાતો હોય ત્યારે સુષુમણા નાડીનો પ્રાણાયામ ખૂબ જ ધીરે ધીરે મંદ ગતિવાળો વહે છે. આકાશમાં તે પવન એવો અસાધારણ મંદ રીતે વહે છે કે જેનો અનુભવ અને વર્ણન જગતના માનવો કરી શકતા નથી. કેમ કે, તેની ગતિ ખૂબ જ મંદ હોઈ અનુભવવી મુશ્કેલ છે.

**મલકો સવાદ તાકો સૂભર ગવન જાકો;**
**રંગ સો શ્યામાકો વાકો દેખો અવિલોકહી. ૪**

#### શબ્દાર્થ

**મલકો** = મોળો (ફિક્કો) **સવાદ** = સ્વાદ **તાકો** = તેનો **સુભર** = ભરપૂર **ગવન** = ગતિ ચાલ **જાકો** = જેની **રંગસો** = રંગે **શ્યામાકો** = શ્યામ, શ્યામળું **વાકો** = તેનો **દેખો** = જુઓ, નીરખો **અવિલોકહી** = અવિલોકન કરીને.

### અનુવાદ

**આકાશ તત્ત્વનો સ્વાદ મોળો અને તેનું ગવન ભરપૂર હોય છે. તે રંગે શ્યામ છે. જેનું અવલોકન કરીને જુઓ.**

### ભાવાર્થ

આકાશ તત્ત્વના પ્રાણાયામનો સ્વાદ મોળો હોય છે. જે ભરપૂર રીતે તેની નાસિકામાં પૂર્ણ રીતે ભરેલો પ્રવાહિત રહે છે. જેથી તેની ગતિ ધીમી ચાલે છે. વળી તે પ્રાણાયામનો રંગ શ્યામ હોય છે. આકાશ તત્ત્વના લક્ષણો માત્ર અવલોકન કરવાથી જાણી શકાય છે.

**ઘન સો રસનાવત ગગન ગીરા ગ્રજત;**
**માતરા શબ્દ એહી ગ્રહે જહાં કર્ણો કહી. ૫**

#### શબ્દાર્થ

**ઘન** = આકાશમાં છવાયેલાં વાદળો **સો** = તે **રસનાવત** = જિહ્વાસમાન **ગગન** = આકાશમાં **ગીરા** = વાણી **ગ્રજત** = ગર્જના કરે છે **માતરા** = માત્રા **શબ્દ** = શબ્દ

**એહી** = તેની **ગ્રહે** = ગ્રહણ કરે **જહાં** = જ્યાં **કર્ણો** = કાન **કહી** = કહેવાયા.

## અનુવાદ

**વાદળ એ રસના સમાન છે અને શબ્દ તેની માત્રા છે. આકાશમાં થતી ગર્જના રૂપ વાણી જે ગ્રહે તેને કાન કહેવાયા.**

## ભાવાર્થ

વિરાટમાં રહેલ મહદ્ આકાશ તત્ત્વમાં છવાયેલાં વાદળોરૂપી જિહ્વા છે. જે આકાશ તત્ત્વમાં રહેલ જળ તત્ત્વનો વિભાગ જાણવો. આકાશમાં જે ગર્જનાયુક્ત વાણી થાય છે તે આકાશ તત્ત્વની કર્ણેન્દ્રિયને વિષે રહેલી શબ્દ માત્રા તેને ગ્રહણ કરે છે, તે આકાશ તત્ત્વમાં રહેલ વાયુ તત્ત્વનો વિભાગ જાણવો. આકાશમાં થતો શબ્દ કાન સુધી વાયુના માધ્યમથી જ આવે છે. એટલે આકાશના કાન જે શબ્દ ગ્રહણ કરે છે તે વાયુતત્ત્વનો વિભાગ કહેવાય.

**શૂન્ય કે સભાવ શૂન્ય અહોનિશ રહે મુન્ય;**
**ઢંઢોલે ઉઠત ધુન કારણ ક્રત કહી. ૬**

### શબ્દાર્થ

**શૂન્યકે** = આકાશ તત્ત્વનો **સભાવ** = સ્વભાવ **શૂન્ય** = શૂન્યવત્ **અહોનિશ** = અહર્નિશ, સદાય **રહે** = રહે છે **મૂન્ય** = મૌનવત્ સ્થિતિમાં, મૌન ધારણ કરીને **ઢંઢોલે** = ઢંઢોળે **ઉઠત** = ઊઠે છે **ધુન** = સૂરનો ગુંજારવ **કારણ** = કારણરૂપે, મૂળસ્વરૂપે **ક્રત** = કાર્ય, રચના **કહી** = કહી છે.

## અનુવાદ

**આકાશ તત્ત્વનો સ્વભાવ શૂન્ય હોવાથી તે અહર્નિશ મૌન રહે છે, પરંતુ જો કોઈ અન્ય તત્ત્વ તેને ઢંઢોળે તો તે ધ્વનિ કરે છે, જે કારણરૂપ ક્રિયા કહેવાય છે.**

## ભાવાર્થ

વિરાટમાં રહેલ આકાશ તત્ત્વનો સ્વભાવ શૂન્યવત્ હોવાથી તે હમેશાંને માટે

મૌન અને શૂન્ય દશામાં જ રહે છે, પરંતુ જો અન્ય તત્ત્વો પૈકી કોઈ કારણોસર કોઈ તત્ત્વ અતિ ઉજાગ્રત થાય તો જેમ સૂતેલા માણસને કોઈ જગાડે અને બોલવા લાગે તેમ આકાશ તત્ત્વ પોતે કાર્યરૂપ બનીને ગર્જના કરવા લાગે છે જે તેની ક્રિયા કહેવાય છે.

## કારજ પિંડ સ્થૂલ કારણ બ્રહ્માંડ સ્થૂલ;
## કુવેર યુગલ મૂલ પ્રકૃતિ પોખસ્તહી. ૭

### શબ્દાર્થ

**કારજ** = કાર્ય રૂપે **પિંડ** = ઘાટ, શરીર **સ્થૂલ** = સ્થૂળદેહનો **કારણ** = કારણરૂપે **બ્રહ્માંડ** = બ્રહ્મમાં સ્થિત રચના **સ્થૂલ** = સ્થૂળદેહ **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **યુગલ** = બંને **મૂલ** = મૂળ આદિમાં **પ્રકૃતિ** = પ્રકૃતિ દ્વારા **પોખસ્તહી** = પોષવામાં આવે છે, પોષણ કરે છે.

### અનુવાદ

**કાર્ય રૂપે સ્થૂળ ઘાટો છે અને તેના કારણ રૂપે બ્રહ્માંડમાં સ્થૂળ વૈરાટની રચના છે. કુવેરસ્વામી કહે છે કે બંને મૂળ સ્વરૂપે પ્રકૃતિ હોઈ બ્રહ્માંડમાં તેનું પોષણ થાય છે.**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં જે સ્થૂળ વ્યાપક વૈરાટ છે, તે કારણ રૂપે છે અને માપક સ્થૂળ ઘાટો તેના કાર્ય રૂપે છે. આમ બંને સ્થૂળ ઉત્પત્તિ પ્રકૃતિની હોવાથી પ્રકૃતિથી બંનેનું પોષણ થાય છે. જે બ્રહ્મભૂમિકામાં વૃદ્ધિ પામીને રહેલા છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે આ રીતે બ્રહ્માંડમાં રહેલી સર્વ ઉત્પતિ અને પિંડ બંને પ્રકૃતિની સ્થૂળ ઉત્પત્તિ હોવાથી તે બંને પ્રકૃતિ દ્વારા જ બ્રહ્મભૂમિકામાં પોષણ પામેલા છે.

# અંગ ૧૫
# પંચકોશની સમજ

(ઉમંગ છંદ)

**પંચહી કોશ વસે તનકે ભગ;**
**સો અર્ધ ભોગ ગ્રહી દેહ રસાલો. ૧**

### શબ્દાર્થ

**પંચહી** = પાંચ **કોશ** = કોશ **વસે** = રહે છે **તનકે** = શરીરના **ભગ** = વિભાગો **સો** = તે **અર્ધ** = અર્ક, સારરૂપી સત્ત્વ **ભોગ ગ્રહી** = ભોગવીને, ઉપભોગ કરીને **દેહ** = દેહોનો **રસાલો** = જૂથ, સમૂહ, સમુદાય.

### અનુવાદ

**શરીરમાં પાંચ પ્રકારના કોશ અંગે વિભાગો પાડેલા છે. તે કોશના અર્કને ભોગવીને દેહનો સમૂહ બંધાયેલો છે.**

### ભાવાર્થ

શરીરની રચનામાં સર્જનહારે પાંચ અલગ-અલગ પ્રકારના કોશવાળા વિભાગો બનાવેલા છે. તેમાં જે જે પ્રકારની શરીરની ઈન્દ્રિયોના વિભાગ હોય તે તે પ્રકારના કોશનાં અર્ક રૂપી તત્ત્વનો ઉપભોગ કરીને તૃપ્ત થાય છે. જેમ કે પાંચ પ્રકારના તત્ત્વો છે, તો તે દરેક તત્ત્વોની બે-બે ઈન્દ્રિયો નક્કી કરવામાં આવેલી છે. નર અને માદા એમ બબ્બે ઈન્દ્રિયોનો સમૂહ તેની માત્રાઓના વિષયો મુજબ ભોગ ભોગવીને તૃપ્ત થાય છે. આ રીતે બે-બે ઈન્દ્રિયોના સમૂહ બનાવીને પાંચ વિભાગમાં વહેંચી દેવામાં આવેલી છે. આ ગહન વિષયને જેમ જેમ આગળ-આગળ સમજતા જઈશું તેમ સમજમાં આવશે.

**ભોમીકો ભોગ અનોમે અન્યો અન્ય;**
**તેજકો ભોગ મનોમે મેલાવ્યો. ૨**

### શબ્દાર્થ

**ભોમીકો** = પૃથ્વી તત્ત્વનો **ભોગ** = ખોરાક, ભોજન, આહાર, ઉપભોગ **અનોમે** = અનોમય, **અન્યોઅન્ય** = એકબીજામાં, **તેજકો** = અગ્નિ તત્ત્વનો, **ભોગ** = આહાર, ઉપભોગ **મનોમે** = મનોમય **મેલાવ્યો** = મેળવેલો છે.

### અનુવાદ

**પૃથ્વી તત્ત્વનો અનોમય કોશ છે. જેનો ભોગ અન્ન છે અને અગ્નિ તત્ત્વનો મનોમય કોશ છે. જેનો ભોગ રૂપ છે. આમ દરેક તત્ત્વને અન્યો અન્ય મેળવ્યા છે.**

### ભાવાર્થ

પૃથ્વી તત્ત્વનો અનોમય કોશ છે અને ગંધ માત્રા છે. ગંધ માત્રાની પુંલિંગ ઈન્દ્રિય (કર્મેન્દ્રિય) ગુદા અને સ્ત્રીલિંગ ઈન્દ્રિય (જ્ઞાનેન્દ્રિય) નાસિકા એમ બે ઈન્દ્રિયો છે. જેના કોશો અન્ન ખાવાથી શાંતિ અનુભવે છે, એટલે કે, તૃપ્ત થાય છે.

અગ્નિ તત્ત્વનો મનોમય કોશ છે અને રૂપ માત્રા છે. રૂપ માત્રાની પુંલિંગ ઈન્દ્રિય (કર્મેન્દ્રિય) પગ અને સ્ત્રીલિંગ ઈન્દ્રિય (જ્ઞાનેન્દ્રિય) નેત્રો એમ બે ઈન્દ્રિયો રહેલી છે, જેમાં અગ્નિ તત્ત્વનો ખોરાક રૂપ છે. રૂપને નીરખીને તેના કોશો આનંદ પામી તૃપ્ત થાય છે. આમ તત્ત્વોની સ્ત્રીલિંગ અને પુંલિંગ બંને યુગલ ઈન્દ્રિયોને તેની માત્રાઓ સાથે પરસ્પર જોડાણ કરેલી છે.

## તોઈકો તાન આનંદ આલંબન;
## ચુંબન વ્યોમ વિજ્ઞાન વિલાવ્યો. ૩

### શબ્દાર્થ

**તોઈકો** = જળ તત્ત્વને **તાન** = ઉમંગ, તૃપ્તિ **આનંદ** = આનંદમય કોશ **આલંબન** = આધાર, ટેકો, જેના આધારથી રસ ઉત્પન્ન થાય તે મૂળ કારણ **ચુંબન** = વહાલ ભર્યા સ્પર્શ **વ્યોમ** = આકાશ તત્ત્વ **વિજ્ઞાન** = વિજ્ઞાનમય કોશ **વિલાવ્યો** = વિકસાવીને, શબ્દોની વાચા અને શ્રવણથી ભેળવ્યો.

### અનુવાદ

**જળ તત્ત્વનો આનંદમય કોશ છે જે ઉમંગ થકી આલંબન અને ચુંબનથી**

**તૃપ્ત થાય છે અને આકાશ તત્ત્વ વિજ્ઞાનમય કોશ હોઈ તે વાચા અને શ્રવણથી તૃપ્ત થાય છે.**

### ભાવાર્થ

જળ તત્ત્વનો આનંદમય કોશ છે અને રસમાત્રા છે. રસમાત્રાની પુંલિંગ ઈન્દ્રિય ઉપસ્થ અને સ્ત્રીલિંગ ઈન્દ્રિય જીભ એમ બે ઈન્દ્રિયો રહેલી છે. જેનો ખોરાક આનંદ છે. માટે તે ઉમંગ થકી આલંબન અને ચુંબન થકી તેના કોશ તૃપ્ત થાય છે.

આકાશ તત્ત્વનો વિજ્ઞાનમય કોશ અને શબ્દમાત્રા છે. શબ્દમાત્રાની પુંલિંગ ઈન્દ્રિય મુખ અને સ્ત્રીલિંગ ઈન્દ્રિય કાન એમ બે ઈન્દ્રિયો રહેલી છે. જેનો ખોરાક વાણી તેમજ શબ્દનો ઉચ્ચાર અને શ્રવણ છે. જે થકી તેના કોશ તૃપ્ત થાય છે.

આ રીતે આનંદમય અને વિજ્ઞાનમય કોશોનો વિકાસ થયો છે.

**મારુતકી રત પ્રીત અતિ પ્રાણ;**
**એ પંચભોગ ઉભેપિંડ પાલો. ૪**

### શબ્દાર્થ

**મારુતકી** = પવન તત્ત્વની **રત** = આસક્તિ **પ્રીત** = પ્રીતિ, પ્રેમ, સ્નેહ, અનુરાગ **અતિ** = વિશેષ વધારે **પ્રાણ** = પ્રાણાયામ કોશ **એ** = એ **પંચભોગ** = પાંચ પ્રકારના ભોગ **ઉભે** = બંને **પિંડ** = પિંડો, શરીર **પાલો** = પાલન પોષણ કરે છે.

### અનુવાદ

**વાયુ તત્ત્વનો પ્રાણાયામ કોશ છે. તેની પ્રાણ સાથે વિશેષ પ્રીતિ રહેલી છે. આ પ્રમાણે બંનેના શરીરમાં પાંચ પ્રકારના કોશ થકી ભોગ ભોગવીને પાલનપોષણ કરે છે.**

### ભાવાર્થ

વાયુતત્ત્વનો પ્રાણાયામ કોશ છે. જે વિશેષ કરીને ૧૦ પ્રકારના વાયુમાં પ્રેમપૂર્વકની આસક્તિ ધરાવે છે. જેમાં લેવાતા પ્રાણાયામના કોરમ, કલકલ,

દેવદત્ત, નાગ અને ધનંજયવાયુ છે અને મૂકાતા પ્રાણાયામના અપાન, પાન, ઉદાન, વ્યાન અને સમાન વાયુ છે. જેની સ્પર્શ માત્રાની પુંલિંગ ઈન્દ્રિય હાથ અને સ્ત્રીલિંગ ઈન્દ્રિય ત્વચા છે. જેના કોશો પ્રાણાયામ અને સ્પર્શ થકી પૃષ્ટિ પામીને રહે છે.

આ રીતે પુરુષ અને સ્ત્રી એમ બંને પ્રકારના શરીરના બંધારણ મુજબ પાંચેય પ્રકારના કોશો અને તેની માત્રાઓની બબ્બે ઈન્દ્રિયો તેના કોશો મુજબ ઉપભોગ કરી આનંદિત થઈને તૃપ્તિ અનુભવે છે.

**ભોગકે લિંગ શબ્દ સપરસ;**
**રુપ રસ પુની ગંધ નિહાલો. ૫**

### શબ્દાર્થ

**ભોગકે** = ભોગ ભોગવવાની **લિંગ** = ઈન્દ્રિયો **શબ્દ** = શબ્દમાત્રા **સપરસ** = સ્પર્શમાત્રા **રુપ** = રૂપમાત્રા **રસ** = રસમાત્રા **પુની** = વળી **ગંધ** = ગંધમાત્રા **નિહાલો** = નિહાળો.

### અનુવાદ

**આ પાંચ કોશોને ભોગ ભોગવવાની ઈન્દ્રિયો શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ માત્રા સાથે સંબંધ ધરાવે છે, તે નિહાળો.**

### ભાવાર્થ

અગાઉ જણાવ્યા મુજબ પાંચેય પ્રકારના અનોમય, આનંદમય, મનોમય, પ્રાણાયામ અને વિજ્ઞાનમય કોશો તેને સબંધિત શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એમ પાંચેય પ્રકારની માત્રાઓવાળી દસ ઈન્દ્રિયો થકી ભોગ ભોગવીને તૃપ્ત થાય છે અને સંતોષની લાગણી અનુભવે છે. જે પ્રત્યક્ષ રીતે આપણે આપણા શરીરના અનુભવોથી નિહાળી શકાય છે.

**તાઈકુ ગ્રાહક પાણ્ય પંચુક્રમ;**
**કુવેર બ્રહ્મ તાઈતે નિરાલો. ૬**

### શબ્દાર્થ

**તાઈકુ** = તેને, **ગ્રાહક** = ગ્રહણ કરનાર **પાણ્ય** = હાથ, કર, હસ્ત **પંચુક્રમ** = પાંચના ક્રમાંક વાળી ઈન્દ્રિયો **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **બ્રહ્મ** = સચરાચર વ્યાપક, સર્જનહારનો બ્રહ્મપ્રકાશ **તાઈતે** = તેનાથી **નિરાલો** = નિરાળો છે.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે તેને પાંચ માત્રાને ગ્રહણ કરનાર પાંચના ક્રમવાળી ઈન્દ્રિયો રૂપી હાથ છે, પણ બ્રહ્મપદ તેનાથી ન્યારું છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ પાંચ માત્રાઓને ગ્રહણ કરનાર પાંચ કર્મેન્દ્રિયો અને પાંચ જ્ઞાનેન્દ્રિય છે. આ સર્વ માત્રાઓ અને તેને ગ્રહણ કરનારી દસ ઈન્દ્રિયોથી સર્જનહારનું પ્રકાશરૂપી બ્રહ્મપદ ન્યારું છે.

# અંગ ૧૬
# દેહની ઇન્દ્રિયોની સમજ

(પરિબોધ મોરાલકંદ)

**પૃથ્વિ અપ તેજ વાઈ પંચમુ શૂન્ય સોહાઈ;**
**સૂક્ષ્મ સ્થૂલ કહાઈ પિંડની બ્રહ્માંડ લ્યૌ. ૧**

### શબ્દાર્થ

**પૃથ્વિ** = પૃથ્વી તત્ત્વ **અપ** = જળ તત્ત્વ **તેજ** = અગ્નિ તત્ત્વ **વાઈ** = વાયુ તત્ત્વ **પંચમું** = પાંચમું, **શૂન્ય** = આકાશ તત્ત્વ **સોહાઈ** = રહેલાં છે **સૂક્ષ્મ** = અદૃશ્ય, મહદ્ **સ્થૂલ** = દૃશ્ય, અલ્પ **કહાઈ** = કહેવાય છે **પિંડની** = પિંડમાં **બ્રહ્માંડ** = બ્રહ્માંડમાં **લ્યૌ** = સુધી.

### અનુવાદ

**પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને પાંચમું આકાશ તત્ત્વ એ સર્વ બ્રહ્માંડમાં મહદ્ અદૃશ્ય સ્વરૂપે અને પિંડમાં સ્થૂળ દૃશ્ય સ્વરૂપે રહેલાં છે.**

### ભાવાર્થ

અહંકાર ઘણની ઉત્પત્તિના પાંચ ભૂતઃ પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એમ પાંચ મહાતત્ત્વો મહદ્ રીતે વૈરાટમાં વિસ્તાર પામીને રહેલાં છે. જેની આપણે સમજ પ્રાપ્ત કરી છે. વળી તે જ તત્ત્વો સ્થૂળદેહમાં પણ અલ્પ સ્વરૂપે રહેલાં છે.

**કહત તાઈકે વિષે ભોગવત મસરીસે;**
**યુગલ યુગલ ઈન્દ્રિ તત્ત્વસુ રહે મીલ્યો. ૨**

### શબ્દાર્થ

**કહત** = કહુ છું **તાઈકે** = તેના **વિષે** = વિષે, અંગે **ભોગવત** = ભોગવે છે, ઉપભોગ કરે છે **મસરીસે** = સાકરની જેમ ભળી જઈને **યુગલ યુગલ** = બે બે, બબ્બેની જોડી **ઈન્દ્રિ** = ઇન્દ્રિયો, શરીરનાં અવયવો **તત્ત્વસુ** = તત્ત્વોની સાથે **રહે** = રહે છે **મીલ્યો** = મળીને.

## અનુવાદ

**તે દેહમાં એક તત્ત્વની બબ્બે ઇન્દ્રિયોની જોડી સાકરની જેમ ભળી જઈને વિષયોનું ભુક્તમાન કરે છે, તે અંગે હું કહુ છું.**

## ભાવાર્થ

આપણા શરીરમાં પાંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયો એટલે દરેક તત્ત્વની એક કર્મેન્દ્રિય અને એક જ્ઞાનેન્દ્રિય છે. આ બંનેની યુગલ જોડી એકબીજાનાં કાર્યમાં જેમ સાકર એક રસ થઈને ભળે તેમ દેહના કાર્યોમાં સહાયભૂત થઈને વર્તમાન કરે છે. વળી તે પોતાની માત્રાઓના સંદર્ભમાં વિષયોના ઉપભોગ કરવા કેવી રીતે કાર્યરત રહે તે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે પછી આપણને જણાવશે.

**પૃથ્વીકી ઈન્દ્રિ દોઉ કારજ કારણ સોઉ;**
**કારણ નાશિકા વાસ ગુદા સૌ કારજ લ્યૌ. ૩**

### શબ્દાર્થ

**પૃથ્વીકી** = પૃથ્વી તત્ત્વની **ઈન્દ્રિ** = ઇન્દ્રિ **દોઉ** = બંને **કારજ** = કાર્યરૂપે **કારણ** = કારણ રૂપે **સોઉ** = સોહાવે છે **કારણ** = કારણરૂપે **નાશિકા** = નાસિકા, નાક **વાસ** = ગંધ, વાસ **ગુદા** = ગુદા, મળમાર્ગ **સૌ** = સર્વના **કારજ** = કાર્યરૂપે **લ્યૌ** = સમજવા, રહેલા છે.

## અનુવાદ

**પૃથ્વી તત્ત્વની બે ઇન્દ્રિયો એક કાર્ય અને બીજી કારણરૂપે રહેલી છે. જેમાં નાસિકા કારણ રૂપે અને ગુદા કાર્ય રૂપે છે.**

## ભાવાર્થ

આપણા શરીરમાં પૃથ્વી તત્ત્વની બે ઇન્દ્રિયો રહેલી છે. જેમાં એક કાર્યરૂપે અને બીજી કારણરૂપે શરીરને સહાયક બનીને રહેલી છે. જેમાં પૃથ્વી તત્ત્વની ગંધ માત્રાને ગ્રહણ કરનારી નાસિકા જે સ્ત્રીલિંગ હોઈ કારણરૂપે રહેલી છે અને શરીરમાં વિકારયુક્ત પદાર્થોના મળ વિસર્જનની જવાબદારી સંભાળતી ગુદા પુંલિંગ ઇન્દ્રિ શરીરમાં કાર્ય રૂપે રહેલી છે.

**તેસે જલકી યુગલ રસના ઉપસ્થ મીલ;**
**કારજ ઉપસ્ત વસ્ત કારણ રસના લ્યૌ. ૪**

### શબ્દાર્થ

**તેસે** = તેવી જ રીતે **જલકી** = જળ તત્ત્વની **યુગલ** = બે **રસના** = જીભ, જિહ્‌વા **ઉપસ્થ** = ઉપસ્થ, જનનેન્દ્રિય, સ્ત્રીનું ભગ કે પુરુષની લિંગ **મીલ** = મળીને **કારજ** = કાર્યરૂપે **ઉપસ્ત** = ઉપસ્થ **વસ્ત** = વસ્તુ, મૂળ સ્વભાવ, ગુણધર્મ **કારણ** = કારણરૂપે **રસના** = જિહ્‌વા, જીભ **લ્યૌ** = રહેલી છે, સમજવી.

### અનુવાદ

**તેવી જ રીતે જળ તત્ત્વની જિહ્‌વા અને ઉપસ્થ એ ઈન્દ્રિયો છે. તેમાં કાર્યરૂપ ઉપસ્થ અને કારણરૂપ રસના ઈન્દ્રિય છે.**

### ભાવાર્થ

આપણા શરીરમાં જળ તત્ત્વની બે ઈન્દ્રિયો રહેલી છે. જેમાં જળ તત્ત્વની રસ માત્રાને ગ્રહણ કરવાવાળી અને ખારો, ખાટો, ગળ્યો, તીખો, કડવો અને તુરો આ છ પ્રકારના સ્વાદને માણવાવાળી જિહ્‌વા સ્ત્રીલિંગ ઈન્દ્રિય છે. જે કારણરૂપે રહીને શરીરને સહાયરૂપ થાય છે. જ્યારે બીજી ઉપસ્થ પુંલિંગ ઈન્દ્રિય કાર્યરૂપે રહીને શરીરમાં રહેલ વિકારયુક્ત પાણીનો (મૂત્રરૂપે) નિકાલ કરે છે અને પ્રજોત્પતિના કાર્યમાં સહાયરૂપ થાય છે.

**તેજકી નેતર પાદુ દેખત ચલે અનાદુ;**
**અન્યો અન્ય રહે સમાદુ ફરત મલક લ્યૌ. ૫**

### શબ્દાર્થ

**તેજકી** = અગ્નિ તત્ત્વની **નેતર** = નેત્રો, ચક્ષુ, આંખ, નયન **પાદુ** = પગ, ચરણ **દેખત** = જુએ છે, નિહાળે છે **ચલે** = ચાલવામાં મદદરૂપ થાય છે, ચાલે છે **અનાદુ** = અનાદિથી, પહેલેથી જ **અન્યોઅન્ય** = અરસપરસ, પરસ્પર **રહે** = રહે છે **સમાદુ** = સમાઈને, મળીને **ફરત** = ફરે છે, વિચરણ કરે છે **મલક** = પ્રદેશમાં, દેશ-વિદેશ, મુલક, જગતમાં **લ્યૌ** = રહેલો છે, તે મુજબ.

## અનુવાદ

**અગ્નિ તત્ત્વની આંખ અને પગ બે ઈન્દ્રિયો છે, તેમાં પગ કાર્ય રૂપ ચાલવાનું કામ કરે છે અને આંખો કારણ રૂપે છે, જે નિહાળવાનું કાર્ય કરે છે. અનાદિથી બંને ઈન્દ્રિયોનાં અરસપરસ સહકારથી માનવી જગતમાં ફરી શકે છે.**

## ભાવાર્થ

આપણા શરીરમાં અગ્નિ તત્ત્વની બે ઈન્દ્રિયો રહેલી છે, જેમાં અગ્નિ તત્ત્વની રૂપમાત્રા સાથે સબંધ ધરાવતી બે આંખો આવેલી છે. તે દૃશ્યને નિહાળવાનું કાર્ય કરે છે. જે શરીરમાં કારણરૂપે રહેલી સ્ત્રીલિંગ ઈન્દ્રિય છે. અગ્નિ તત્ત્વની બીજી પુંલિંગ ઈન્દ્રિય પગ છે જે કાર્યરૂપે શરીરમાં સહાયક બનીને રહે છે અને ચાલવાના કાર્યમાં સહાયક બને છે. આમ આ બંને ઈન્દ્રિયો અરસપરસ મળીને રહેલી હોવાથી માનવી આ જગતમાં સર્વ રચનાને નિહાળી શકે છે અને પોતાની ઈચ્છા મુજબ વિશ્વમાં ફરી શકે છે.

**મારુતકી તુચા હસ્ત ખણસ જહાં જહાં ખનસ્ત;**
**મગન રહત મસ્ત અરસપરસ લ્યૌ. ૬**

### શબ્દાર્થ

**મારુતકી** = પવન તત્ત્વની **તુચા** = ચામડી, ત્વચા **હસ્ત** = હાથ **ખણસ** = ખંજવાળ આવે ત્યારે ખણવાના કાર્યમાં મદદરૂપ થાય છે **જહાં જહાં** = જ્યાં જ્યાં **ખનસ્ત** = ખણે છે **મગન** = મગ્ન, તલ્લીન, રાજી **રહત** = રહે છે **મસ્ત** = મસ્તીમાં રહીને, ચકચૂર, ઉન્મત રહીને **અરસપરસ** = પરસ્પર **લ્યૌ** = રહેલા છે, તેમ જાણવા.

## અનુવાદ

**વાયુ તત્ત્વની ચામડી અને હાથ બે ઈન્દ્રિયો છે. તેમાં હાથ, ચામડી ઉપર જ્યાં જ્યાં ખંજવાળ આવે ત્યાં તે ખંજવાળે છે. આમ બંને અરસપરસ આનંદમાં રહે છે.**

### ભાવાર્થ

શરીરમાં વાયુ તત્ત્વની બે ઇન્દ્રિયો છે અને તેની માત્રા સ્પર્શ છે. જેને પૃષ્ટિ કરતી ત્વચા ઇન્દ્રિય સંપટવત્ શરીરના કવચ સ્વરૂપે રહેલી છે. જ્યારે બીજી ઇન્દ્રિય હાથ છે. જે શરીરના કોઈ પણ ભાગમાં ચામડી ઉપર જ્યાં જ્યાં ખંજવાળ આવે ત્યાં ત્યાં હાથથી તે જગ્યાએ તુરત જ ખંજવાળે છે. એટલે કે, હાથ અને ચામડી બંને અરસપરસ એકબીજાને મદદરૂપ થઈને આનંદિત રહે છે. આ બંને ઇન્દ્રિયોમાં સ્ત્રીલિંગ ઇન્દ્રિય ત્વચા છે અને તે કારણરૂપે રહેલી છે. તેમજ ત્વચાની સારસંભાળ રાખવાનું કાર્ય કરનાર પુંલિંગ ઇન્દ્રિય હાથ છે. તે કાર્યરૂપે રહેલી હોય શરીરને સહાયતા કરે છે.

**વ્યોમકી શ્રવણ મુખ યા બોલે યા સુને સુખ;**
**કુવેર બ્રહ્માંડ રુખ યાહીકે આકાર લ્યૌ. ૭**

#### શબ્દાર્થ

**વ્યોમકી** = વાયુ તત્ત્વની **શ્રવણ** = કાન **મુખ** = મોં, મુખ **યા** = યાને, અથવા **બોલે** = બોલે, વદે, વચનો ઉચ્ચારે **યા** = અથવા **સુને** = સાંભળે **સુખ** = આનંદ પ્રાપ્ત કરે, સુખ ભોગવે, તૃપ્ત થાય **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **બ્રહ્માંડ** = બ્રહ્માંડ **રુખ** = વલણ, પરિસ્થિતિ **યાહીકે** = આ પ્રમાણે, આની જેમ જ **આકાર** = આકૃતિ, ઘાટ, પ્રકારે **લ્યૌ** = રહેલ છે.

### અનુવાદ

**આકાશ તત્ત્વની કાન અને મોં બે ઇન્દ્રિયો છે. જે સાંભળવા અથવા બોલવાનું કાર્ય કરીને તૃપ્ત થાય છે. કુવેરસ્વામી કહે છે કે બ્રહ્માંડમાં પણ આ જ પ્રકારે તત્ત્વોનો પ્રભાવ રહેલો છે.**

### ભાવાર્થ

શરીરમાં આકાશ તત્ત્વની શબ્દ માત્રાના કાર્યો માટેની બે ઇન્દ્રિયો – કાન અને મુખ છે. જેમાં કાન શબ્દનું શ્રવણ કરીને અને મુખ શબ્દનો ઉચ્ચાર કરીને પૃષ્ટિ પામે છે અને આનંદિત રહે છે. જેમાં સ્ત્રીલિંગ ઇન્દ્રિય કાન છે, જે કારણરૂપે રહેલી છે અને પુંલિંગ ઇન્દ્રિય મુખ છે, જે કાર્યરૂપે રહીને શરીરને સહાયતા કરે

છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જે પ્રકારે પિંડમાં રહેલા તત્ત્વો, માત્રાઓ અને તેની ઇન્દ્રિયો કાર્યો કરે છે, તે પ્રકારે બ્રહ્માંડમાં પણ વૈરાટ અંગે સર્વે તત્ત્વો, માત્રાઓ કાર્યશીલ રહેલા છે.

# અંગ ૧૭
# મતપક્ષ અને પક્ષાંતરની સમજ

(ઉમંગ છંદ)

**હે જ્યહુકો ત્યહુ બ્રહ્મ ચિદાનંદ;**
**આનંદ કંદ અનુપી અખે. ૧**

**શબ્દાર્થ**

**હે** = છે **જ્યહુકો** = જેમ છે **ત્યહુ** = તેમ **બ્રહ્મ** = કૈવલકર્તાનો પ્રકાશ **ચિદાનંદ** = સદ્, ચિદ્, આનંદ **આનંદ** = આનંદના **કંદ** = કંદ , મૂળ **અનુપી** = અનુપમ **અખે** = રહેલા છે, અખંડ.

**અનુવાદ**

**સદ્, ચિદ્, આનંદ રૂપી બ્રહ્મ જેમ છે, તેમ રહેલું છે અને તે આનંદના કંદ રૂપે અનુપમ અને અખંડ છે.**

**ભાવાર્થ**

સદ્, ચિદ્ અને આનંદરૂપ બ્રહ્મ આદિ અનાદિથી જેમનું છે તેમ જ સચરાચરવ્યાપક રીતે રહેલું છે. તે બ્રહ્મના આનંદના કંદરૂપે સર્જનહાર રહેલા છે. જે ઉપમા ન આપી શકાય તેવા અનુપમ અને અખંડ છે.

**એક અનેક અરુપી રૂપે મત કેહે;**
**સત્ શાસ્ત્ર અનંત મુખે. ૨**

**શબ્દાર્થ**

**એક** = એક **અનેક** = વિવિધ **અરુપી** = અરૂપી **રૂપે** = રૂપવાળા **મત** = સિદ્ધાંત, મત **કેહે** = કહે છે, કહેતા **સત્** = સત્, શાશ્વત **શાસ્ત્ર** = શાસ્ત્રો, ધર્મગ્રંથ **અનંત મુખે** = અનંત મુખો દ્વારા

**અનુવાદ**

**શાસ્ત્રકારોએ અનંત મુખે શાશ્વત સર્જનહારને એક, અનેક, અરૂપી અને**

**રૂપવાળા દર્શાવી પોતાનો મત દર્શાવેલો છે.**

### ભાવાર્થ

વિશ્વના સર્જનહાર એક જ છે અને બ્રહ્મ તેમનો જ પ્રકાશ છે. તેમ છતાં શાસ્ત્રકારોએ અનંત મુખે પોતાની માન્યતા આધારે પ્રસ્થાપિત કરેલ મત પ્રમાણે સર્જનહારને ભિન્નભિન્ન પ્રકારના દર્શાવ્યા છે. જેના અનુસંધાનમાં જોઈએ તો સર્જનહારને કોઈએ એક તો કોઈએ અનેક, કોઈએ રૂપવાળા તો કોઈએ અરૂપી તરીકે માન્યા છે.

**જહાં જીનકે ચીતમે રત લાગત;**
**તાહાં તીનકે જાંન રહત પખે. ૩**

### શબ્દાર્થ

**જહાં** = જ્યાં **જીનકે** = જેમને, જેમના **ચીતમે** = ચિત્ત અંતઃકરણમાં **રત** = પ્રીતિ, પ્રેમ, લગની **લાગત** = લાગી **તાહાં** = ત્યાં **તીનકે** = તેમને **જાંન** = જાણીને **રહત** = રહ્યા **પખે** = પક્ષે.

### અનુવાદ

**આમ જેને જેના માટે ચિત્તમાં આરત લાગી, ત્યાં તેમની જાણને તે પક્ષમાં વાળીને વળગી રહ્યા.**

### ભાવાર્થ

આ રીતે વિશ્વના સર્જનહાર માટે જ્યાં જેમને પોતાના ચિત્તમાં જેવું યોગ્ય લાગ્યું તેવું ચિંતવન કરીને દર્શાવ્યું છે. આમ પોતાના મંતવ્ય મુજબ પોતપોતાનો પક્ષ ઊભો કરેલો છે. આવા વિવિધ મત પક્ષોમાં પોતાની ચિત્તવૃત્તિને વાળીને સર્વ જીવાત્માઓ વળગી રહ્યા છે.

**નાં ઈતકે ઉતહી પુની આવત;**
**જાવત નહીં ઉત ઈત પખે. ૪**

### શબ્દાર્થ

**નાં** = નહીં **ઈતકે** = આ બાજુથી **ઉતહી** = તે બાજુ **પુની** = વળી **આવત** = આવેલો, આવે છે **જાવત** = જાય છે, જતા **નહીં** = નહીં, નથી **ઉત** = ત્યાંથી **ઈત** = અહીં **પખે** = પક્ષે.

### અનુવાદ

**આ બાજુના બીજી બાજુના પક્ષમાં જતા નથી, વળી બીજી બાજુવાળા આ બાજુના પક્ષમાં આવતા નથી.**

### ભાવાર્થ

એક મતપક્ષને અનુસરનાર માનવો બીજા પક્ષમાં જતા નથી, તેમજ બીજા પક્ષના માનવો આ બાજુના પક્ષમાં આવતા નથી. એટલે કે, જેમને જે મતમાં આસ્થા ઊભી થઈ તેઓ બીજાના મતને સ્વીકારતા નથી. જેથી વિશ્વમાં જુદી-જુદી માન્યતા દર્શાવતા વિવિધ સંપ્રદાયોનો વિકાસ થયો છે.

**યા વિધિ દ્વૈત ભયો શિવનો જીવ;**
**ખેલત ખાંતે ભરાયો ખખે. ૫**

### શબ્દાર્થ

**યા વિધિ** = આ રીતે, આ પ્રમાણે **દ્વૈત** = અલગ **ભયો** = થયો **શિવનો** = શિવદશાનો **જીવ** = જીવ **ખેલત** = ખેલતાં, ક્રિયા કરતાં **ખાંતે** = માટે, તેથી **ભરાયો** = ભરમાઈ ગયો, ખૂંપાઈ ગયો, ભરાઈ ગયો **ખખે** = ખેલાડીના ખેલમાં, સર્જનહારની રચનામાં.

### અનુવાદ

**આ પ્રમાણે પક્ષો ઊભા કરીને શિવમાંથી જીવ રૂપે દ્વૈત થયા અને સર્જનહારની રચનાના ખેલમાં જ ભરમાઈ રહ્યાં છે.**

### ભાવાર્થ

આ પ્રમાણે બ્રહ્મજ્ઞાનથી શિવરૂપ અદ્વૈત બનેલા હતા તે જીવ રૂપ થઈ ગુણવાળા દેવી-દેવતાઓની સગુણ માન્યતાવાળી વિવિધ ઉપાસનામાં ભરમાઈ

ગયા અને સર્જનહાર પક્ષના નિજ જ્ઞાનથી અજાણ્યા રહ્યા. જેથી કર્તાના કૃત રૂપી ખેલમાં એટલે કે, નાશવંત ભિન્ન ભિન્ન દેવ-દેવીઓની ઉપાસનામાં અને જપ, તપ, તીર્થ આદિ કર્મકાંડની માયાજાળમાં ફસાયા.

**એ સર્વ દૃષ્ટ પદારથ કે કૃત;**
**કુવેર કોઉ ન અદૃષ્ટ લખે. ૬**

### શબ્દાર્થ

**એ** = આ **સર્વ** = બધું **દૃષ્ટ** = દેખાય તેવું, દૃશ્યમાન **પદારથ** = પદાર્થ, તત્ત્વોના **કે** = ની **કૃત** = રચના **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **કોઉ** = કોઈ પણ **ન** = નહીં **અદૃષ્ટ** = અદૃષ્ટ, અરૂપી, તત્ત્વાતીત **લખે** = દર્શાવી શક્યા, બતાવ્યું.

### અનુવાદ

**આ બધાં દૃષ્ટિગોચર થાય તેવા પદાર્થો તો સર્જનહારની રચના પૈકીના છે. કુવેરસ્વામી કહે છે કે કોઈએ અદૃષ્ટ પદને બતાવ્યું નથી.**

### ભાવાર્થ

કીટ પતંગની આદ્ય લઈ માનવ દેવ-દેવીઓ આદ્યશક્તિ અને અનાદિ નિરંજન પુરુષ સહિતના સર્વે દૃષ્ટિગોચર થાય તેવા રૂપ-ગુણવાળા સર્વે પદોની આદ્ય લઈ બ્રહ્મ સહિતનું સર્વે સર્જનહારનું કૃત ગણાય છે. વિશ્વના સર્વે જીવો આદિ-અનાદિથી આ રચના પૈકીના કોઈને કોઈ પદોમાં વૃત્તિ વિરામ પમાડીને અટકી રહ્યાં છે. શ્રીમત્ કરુણાસાગર કહે છે કે આ સઘળી રચનાના રચયિતા અને પોતાના ચૈતન સ્વરૂપે રહેલો અંશ, જેના વંશનો છે તેવા પરમ ચૈતન પતિના અદૃષ્ટ પરમપદનું કોઈએ સ્થાપન કર્યું નથી.

# અંગ ૧૮
# સત્ય સ્વ-સ્વરૂપ સમજ અભાવ

---

(પરિબોધ મોરાલ કંદ)

**વિશ્વ સકલ વિલાપ દષ્ટકો કરત થાપ;**
**આલંબન મન માપ વ્યાપક નાં ચીનહી. ૧**

### શબ્દાર્થ

**વિશ્વ** = જગતમાં **સકલ** = સર્વે, બધા **વિલાપ** = કાલાવાલા, વિલાપ કરવા લાગ્યા **દષ્ટકો** = દષ્ટિમાં આવે તેવા **કરત** = રચના **થાપ** = સ્થાપના કરી **આલંબન** = આધાર, ટેકો **મન** = મન અંતઃકરણથી **માપ** = માપકનું જ **વ્યાપક** = વ્યાપક રહેલા **નાં** = નહીં **ચીનહી** = ઓળખી શક્યા, જાણી શક્યા.

### અનુવાદ

**સઘળું વિશ્વ દષ્ટિગોચરનું સ્થાપન કરીને તેને કાલાવાલા કરે છે અને પોતાના મન થકી માપકનું આલંબન ધારણ કરેલું છે, પરંતુ વ્યાપકને ઓળખ્યા નહીં.**

### ભાવાર્થ

વિશ્વના ધર્મમાર્ગોએ જે દષ્ટિમાં આવે છે તેવા નામ-રૂપ અને ગુણવાળા સ્વરૂપોનું સર્જનહાર માનીને સ્થાપના કર્યું છે. એવાં દશ્ય તત્ત્વોવાળાં સ્વરૂપોને આધાર માનીને તેમનું ભજન-સ્મરણ કરીને માપક સ્વરૂપોમાં અટકી ગયા છે. આવા માપક અને નાશવંત પદો પ્રત્યે શ્રદ્ધા રાખીને તેમની જ કાલાવાલા, વિલાપ અને ભક્તિ કરવા લાગ્યા, પરંતુ જેની સત્તા સર્વવ્યાપક છે અને સર્વે રચનાના કારણ રૂપે રહેલ તત્ત્વાતીત સર્જનહારની કોઈએ ઓળખ કરી નહીં કે શોધવા માટે પ્રયત્ન પણ કર્યો નહીં.

**ભૂલ્યેહુ આપકે આપ, જપત કાહુકો જાપ;**
**તાહીતે તપત તાપ ત્રધા નિશદિનહી. ૨**

### શબ્દાર્થ

**ભૂલ્યહે** = ભૂલા પડીને **આપકે** = પોતાના **આપ** = સ્વ-સ્વરૂપને **જપત** = જપવા લાગ્યા **કાહુકો** = કોણ **જાપ** = જાપ, મંત્ર **તાહીતે** = તેથી **તપત** = દુઃખી થયા, તપવા લાગ્યા **તાપ ત્રધા** = ત્રિવિધિના તાપમાં **નિશદિનહી** = દરરોજ, નિત્ય, હંમેશ, અહર્નિશ, સદાને માટે.

### અનુવાદ

**પોતાના સ્વ-સ્વરૂપને ભૂલીને અન્ય કોઈના જાપ જપવાથી ત્રિવિધિ તાપમાં સદાને માટે તપીને દુઃખી થાય છે.**

### ભાવાર્થ

માનવો પોતાના સાચા શુદ્ધ ચૈતન સ્વ-સ્વરૂપને ભૂલી ગયા છે, જેથી તેઓ નાશવંત રૂપ-ગુણવાળા સગુણ દૃશ્ય પદોની ઉપાસના કરવા લાગ્યાં છે અને તેમના જ જાપનું રટણ કરે છે. તેથી વિશ્વના સર્વ માનવો આદિ અનાદિથી ત્રિવિધિ(અધિદૈવીતાપ, અધિભૂતતાપ, અને અધ્યાત્મતાપ)ના તાપમાં તપીને હમેશાં દુઃખી થતા રહ્યા છે. પરિણામે કરેલાં કર્મો ભોગવવા જન્મ-મરણરૂપ ભવસંકટમાં પિલાતા જાય છે એટલે કે, કાળના ચક્રમાં ફર્યાં કરે છે.

**લહ્યો ન વિચાર નિજ અહો મમ કુન બીજ;**
**ધાવત કુનકી રીઝ, કો હેતા આધિનહી. ૩**

### શબ્દાર્થ

**લહ્યો ન** = કર્યા નહીં **વિચાર** = વિચાર, ચિંતન, મનન **નિજ** = મૂળ, પોતે **અહો** = અરે ! **મમ** = હું, મારો **કુન** = કોણ **બીજ** = અંકુર, અંશ **ધાવત** = દોડી રહ્યો છું **કુનકી** = કોની **રીઝ** = કૃપા, રીઝ **કો** = કોણ **હેતા** = હેત, પ્રીત, યારી, સંબંધ **આધિનહી** = વશ થયો છું, સમર્પિત થયો છું, તાબે થયો છું.

### અનુવાદ

**અરે ! હું કોણ છું ? કોના વંશનો અંશ છું ? કોની પાછળ દોડી રહ્યો છું ? મારા પર કોની રીઝ છે ? હું કોને આધીન થયો છું ? એ વિશે કોઈએ વિચાર કર્યો જ નથી.**

## ભાવાર્થ

સમગ્ર વિશ્વમાં વ્યક્તિ ધર્મમાર્ગમાં પોતાના મતપંથો અને ધાર્મિક સિદ્ધાંતોને માને છે, તેની પાછળ જ્ઞાતિવાદ, જાતિવાદ, કુળ, પરંપરા, સમાજ, કુટુંબપ્રથા, દેશ, કાળ વગેરે ઘણાં કારણો છે. તેના આધારે તે માન્યતાઓને અપનાવે છે, પરંતુ પોતાની સૂઝથી વિચાર કરતો નથી કે આ દેહમાં (શરીરમાં) પોતાનું શાશ્વત સ્વરૂપ છે તે કેવું છે ? પોતે કોણ છે ? અને કોના વંશનો છે ? તે પણ વિચારતો નથી, પરંતુ આંધળું અનુકરણ કરીને ઘેટાંના લહારની (ટોળાં) માફક દોડી રહ્યો છે. જે પથ પર પ્રયાણ કરે છે તે સાચી અને ઊર્ધ્વ દિશામાં ગતિ કરવાવાળો છે કે કેમ ? તે પણ તપાસતો નથી. આવો દુર્લભ માનવદેહ પ્રાપ્ત કર્યો છે, તે કઈ રીતે અને કોના નિયમન અનુસાર? કોની રીઝથી પ્રાપ્ત કર્યો છે ? તે પણ વિચાર્યું નથી. અત્યારે જેનું શરણ સ્વીકાર્યું છે તે યોગ્ય છે કે કેમ ? માનેલા ઈષ્ટ, જન્મમરણના ભવ દુઃખને દૂર કરી શકે તેવા સમર્થ છે કે કેમ ? તેનો પણ વિચાર કર્યો નથી.

**યેસો ના કીયો સમાપ શિર લેત પુન્ય પાપ;**
**ભૂગતે અતિ અદ્યાપ જાથે ભયે ભીંનહી. ૪**

### શબ્દાર્થ

**યેસો** = તે પ્રમાણે, એવો **ના** = ના **કિયો** = કર્યો **સમાપ** = સચોટ માપ, પરિક્ષણ, સચોટ પ્રમાણ, માપદંડ **શિર લેત** = શરીર પર બોજ ધારણ કરવો **પુન્ય પાપ** = પુણ્ય અને પાપ, સુક્રિત-દુષ્કિતનાં ફળ **ભુગતે** = ભોગવી **અતિ** = વધુ, વિશેષ, ઘણું **અદ્યાપ** = આદિથી, પહેલેથી, આજ સુધી **જાથે** = જ્યારથી **ભયે** = થયો **ભીંન હી** = જુદો, અલગ.

## અનુવાદ

**આ પ્રમાણે સાચું પરિક્ષણ કર્યું નહીં અને શિર ઉપર પાપ અને પુણ્યનો બોજો ધારણ કર્યા કર્યો, તેથી જ્યારથી પોતાના નિજ ઘરથી અલગ થયો ત્યારથી આજ સુધી તે દુઃખ ભોગવ્યા કરે છે.**

## ભાવાર્થ

આવા પ્રશ્નોનો કોઈએ પોતાના મનમાં વિચાર કર્યા નહીં. એટલું જ નહીં,

પરંતુ જે કંઈ ક્રિયા કે કર્મ કરી રહ્યા છીએ તે યોગ્ય છે કે અયોગ્ય છે તેનું પરીક્ષણ પણ કર્યું નહીં. જેથી પોતાના થકી કરેલા સુક્રિત કે દુષ્કિત કર્મોના ફળ સ્વરૂપે પોતાના શિર ઉપર પાપ અને પુણ્યનો બોજો ધારણ કરી રહ્યા છે. આમ જ્યારથી નિજ ઘરેથી (કૈવલધામમાંથી) ચૈતન અંશ સ્વરૂપે વિદેશ રૂપ બ્રહ્માંડમાં આવ્યા ત્યારથી કર્મ બંધનને આધીન અલગ અલગ દેહમાં ભટકતાં ભટકતાં અત્યાર સુધી જન્મ-મરણનાં દુઃખો ભોગવ્યા કરે છે.

**બ્રહ્મમે સકલ વાસ કીયો ન તાકો અભ્યાસ;**
**જલમે મરત પ્યાસ ચીન્યે વીના મીનહી. ૫**

**શબ્દાર્થ**

**બ્રહ્મમે** = બ્રહ્મભૂમિકામાં **સકલ** = સર્વે **વાસ** = રહેઠાણ, નિવાસ **કીયો** = કર્યો **ન** = નહીં **તાકો** = તે અંગે, તેનો **અભ્યાસ** = વિચાર, સમજ, જ્ઞાનપ્રાપ્તિ **જલમે** = જળમાં, પાણીમાં **મરત** = મરણ પામે **પ્યાસ** = તરસથી **ચીન્યે વીના** = રીતને જાણ્યા સિવાય **મીનહી** = માછલી.

**અનુવાદ**

**જેમ જળમાં રહેલી માછલી જળ પીવાની યુક્તિ ન જાણવાથી તરસી મરે તેમ બ્રહ્મભૂમિકામાં નિવાસ કર્યા છતાં તેનો અભ્યાસ કર્યો નહીં.**

**ભાવાર્થ**

જેવી રીતે જળમાં રહેતી માછલી જળ પીવાની યુક્તિ ન જાણવાથી તરસે મરી જાય છે, તેવી જ રીતે ચૌદલોક રૂપી અખિલ વિશ્વના જીવો બ્રહ્મભૂમિકામાં નિવાસ કરે છે. તેમ છતાં બ્રહ્મને યથાયોગ્ય રીતે જ્ઞાનથી ન ઓળખે તો પછી બ્રહ્મનાં કારણ રૂપે રહેલા કર્તાને ક્યાંથી ઓળખી શકવાના ? વિશ્વનિયંતાને ઓળખ્યા સિવાય જગતના સર્વે જીવો બ્રહ્મભૂમિકામાં કર્મને આધીન થઈ જન્મ-મરણના દુઃખોને ભોગવ્યા કરે છે.

**યેસેહી વિશ્વ વિચિત્ર બ્રહ્મ અપકે આભીત્ર;**
**દીસે સો ગુનકે તંત્ર ઓસકે આકીનહી. ૬**

### શબ્દાર્થ

**યેસેહી** = તેવી જ રીતે, એજ રીતે **વિશ્વ** = સમગ્ર જગત **વિચિત્ર** = વિલક્ષણ, નવાઈ પમાડે તેવું, અજાયબ જેવું, અદ્‌ભુત, અજબ **બ્રહ્મ** = બ્રહ્મરૂપી **અપકે** = પાણીથી ભરેલાં **આભીત્ર** = આકાશના વરસાદી કાળા વાદળો **દીસે** = જુએ, દેખે **સો** = સૌ, બધા, સર્વ **ગુનકે** = ગુણના **તંત્ર** = વહીવટ, કારભાર **ઓસકે** = ઝાકળને **આકીનહી** = વિશ્વાસ રાખીને, શ્રદ્ધાપૂર્વક.

### અનુવાદ

**એવી જ રીતે વિશ્વની ચિત્ર-વિચિત્ર રચના અને બ્રહ્મરૂપી પાણીથી ભરેલા વાદળોને ઓળખ્યા સિવાય ઝાકળરૂપી ગુણને જોઈ તેમના વહીવટમાં જીવો વિશ્વાસ રાખીને રહેલા છે.**

### ભાવાર્થ

અગાઉ જણાવ્યા મુજબ માછલીની જેમ જીવદશા ભોગવતાં માનવો સર્જનહાર દ્વારા નિર્મિત વિશ્વની ચિત્ર-વિચિત્ર રચના અને બ્રહ્મરૂપી વરસાદી કાળાં વાદળોને ઓળખ્યા સિવાય ઝાકળનાં સફેદ ચળકતાં બિંદુ સમાન સગુણ દેવોના વ્યવહાર(કારોભાર) જોઈને તેમજ સામર્થ્યથી અંજાઈને તેમનામાં વિશ્વાસ રાખે છે. કરુણેશની કરુણા થકી કરુણામય બનેલા બ્રહ્માજી વંશવૃદ્ધિનો, વિષ્ણુ સૃષ્ટિના પાલનપોષણનો અને શંકર સંહારનો કાર્યભાર સંભાળે છે. તેવી જ રીતે ઈન્દ્રાદિકની આદ્ય લઈ અન્ય કરુણામય દેવો પણ સૃષ્ટિમાં અલગ-અલગ કાર્યભાર સંભાળે છે. આવા એક-એક કરુણા ધરાવતા કરુણામય દેવોનો કારોભાર જોઈને તેમનામાં રહેલી સામર્થ્યમાં વિશ્વના માનવો અંજાઈ ગયેલા છે, પરંતુ જેમણે આ કારભાર સોંપેલો છે તેવા મુખ્ય કારણરૂપે રહેલા કરુણેશ કૈવલકર્તાને ઓળખવા માટે કોઈએ પણ પ્રયત્ન કર્યો નહીં.

**જો કોઉ વિચારે જન ઉલટ તપાસે તન;**
**કુવેર ન દીસે આન્ય શુદ્ધ સનાતનહી. ૭**

### શબ્દાર્થ

**જો કોઉ** = જો કોઈ **વિચારે** = વિચાર કરે **જન** = માનવી **ઉલટ** = ઊલટ ક્રમે, ઊલટાવીને **તપાસે** = તપાસ કરે **તન** = શરીર **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **ન** = નહીં **દીસે** = નિહાળે, જુએ, ભાળે,

દેખાય **આન્ય** = અન્ય કોઈ **શુદ્ધ** = શુદ્ધ, નિર્મળ **સનાતનહી** = સનાતનને, શાશ્વતને.

## અનુવાદ

**જો કોઈ માનવી પોતાના શરીર પ્રત્યે દૃષ્ટિ ઊલટાવીને તપાસ કરે, તો કુવેરસ્વામી કહે છે કે શુદ્ધ સનાતન શાશ્વત સિવાય બીજું કશું દેખાશે નહીં.**

## ભાવાર્થ

જો કોઈ જિજ્ઞાસુ સમર્થ ગુરુના જ્ઞાનને પ્રાપ્ત કરીને ઊલટ પંચીકરણ દ્વારા દૃષ્ટિ ઊલટાવીને પોતાના શરીરમાં રહેલા તત્ત્વોને તપાસે તો જરૂર માલુમ પડે કે શરીરમાં ત્રણ પ્રકારના વિભાગ છેઃ પ્રથમ વિભાગ જે નાશવંત તત્ત્વોથી બનેલું સમગ્ર શરીર, બીજો વિભાગ તે શરીરને જીવંત રાખનાર બ્રહ્મના અંશ તરીકે કાર્ય કરતો પ્રાણાયામ, ત્રીજો વિભાગ છે ચૈતન્ય અંશ.

જેની ચૈતન્ય થકી આગળના બંને વિભાગ ચેતનવંત થઈ ચલાયમાન રહે છે. આમ શરીરમાં રહેલા તત્ત્વોની બાદબાકી કરતાં કરતાં જે છેલ્લે સત્ત્વસ્વરૂપ બાકી રહે છે તે જ પોતાનું સ્વ ચૈતન સ્વરૂપ છે.

એ જે ન્યાયે વિશ્વમાં પણ પહેલું બ્રહ્મભૂમિકામાં પોષણ પામીને વૃદ્ધિ પામેલી સર્વ નાશવંત રચના, બીજું બ્રહ્મ અને ત્રીજુ સર્જનહારનું પદ છે. એમ ત્રણે પદોમાં શરીરની દૃષ્ટિએ અંશ અને બ્રહ્માંડની દૃષ્ટિએ બ્રહ્મથી પરે રહેલા અંશી, એ બંને તત્ત્વાતીત છે. તેમજ શુદ્ધ સનાતન શાશ્વત છે.

આવી સમજ પ્રાપ્ત થતાં જાગ્રત થયેલ જિજ્ઞાસુ નાશવંત પદાર્થોમાં અટકશે નહીં. પોતાની વૃત્તિને નાશવંત પદોથી પાછી વાળીને શાશ્વત પદમાં જ દૃષ્ટિ સ્થિર કરશે. ત્યારે તેને દરેકમાં એક જ સર્જનહારનો ચૈતન અંશ રહેલો છે, એવું સ્પષ્ટ સમજાશે.

# અંગ ૧૯
# અવસ્થા અને અંતઃકરણ વિશે

---

**દૃષ્ટ પદારથ હે અવનિ અપ;**
**વ્યોમ વાયુ તપ તેજ તનાં. ૧**

### શબ્દાર્થ

**દૃષ્ટ** = દૃશ્ય, દેખાય તેવાં **પદારથ** = પદાર્થ, વસ્તુ **હે** = છે **અવનિ** = પૃથ્વી તત્ત્વ **અપ** = જળ તત્ત્વ **વ્યોમ** = આકાશ તત્ત્વ **વાયુ** = વાયુ તત્ત્વ **તપ** = ગરમ, તપાયમાન **તેજ** = અગ્નિ તત્ત્વ **તનાં** = નાં, તનનાં.

### અનુવાદ

**પૃથ્વી, જળ, વાયુ, આકાશ અને અગ્નિ પંચ તત્ત્વનાં પદાર્થ દેખાય તેવા છે.**

### ભાવાર્થ

આદિ મૂળ તત્ત્વોઃ પૃથ્વી, જળ, વાયુ, આકાશ અને જ્વલંત અગ્નિ અવ્યક્ત સ્વરૂપે હતાં. જ્યારે વિરાટની રચના આકાર પામી તે વખતે સર્જનહારે મૂળતત્ત્વમાં અન્ય તત્ત્વોની મિલાવટ કરીને પાંચેય તત્ત્વો વ્યક્ત સ્વરૂપે બનાવ્યાં. એટલે જ પાંચ તત્ત્વોથી બનેલા પદાર્થરૂપ શરીર જોઈ શકાય છે.

**સૂક્ષ્મ સ્થૂલ કારણ મહાકારણ;**
**જહાં લગી ગોચર જ્ઞાન મનાં. ૨**

### શબ્દાર્થ

**સૂક્ષ્મ** = સૂક્ષ્મ દેહ **સ્થૂલ** = સ્થૂળ દેહ **કારણ** = કારણ દેહ **મહાકારણ** = મહાકારણ દેહ **જહાં લગી** = જ્યાં સુધી **ગોચર** = ઇન્દ્રિયગમ્ય **જ્ઞાન** = જ્ઞાન, સમજ, જાણ **મનાં** = મન અંતઃ કરણનાં.

### અનુવાદ

**સૂક્ષ્મ, સ્થૂળ, કારણ અને મહાકારણ આ ચાર દેહમાં જ્યાં સુધી મન**

**અંતઃકરણનું જ્ઞાન પહોંચે ત્યાં સુધી ઈન્દ્રિયગમ્ય કહેવાય છે.**

### ભાવાર્થ

જે પદાર્થને મન અંતઃકરણ દ્વારા જાણી શકાય તે સર્વે જ્ઞાનને ઈન્દ્રિયગમ્ય જ્ઞાન કહેવાય છે. એવા પૃથ્વી તત્ત્વના સ્થૂળ દેહ, જળ તત્ત્વનો સૂક્ષ્મ દેહ, અગ્નિ તત્ત્વનાં કારણ દેહ અને વાયુ તત્ત્વના મહાકારણ દેહ સુધી મન અંતઃકરણ પહોંચી શકે છે માટે આ ચાર દેહો સુધીના જ્ઞાનને ગોચર જ્ઞાન કહેવાય છે.

**જાગ્રત સ્વપ્ન સષોપતિ ફોરત;**
**હોત સબે તુર્યામાં ફના. ૩**

### શબ્દાર્થ

**જાગ્રત** = જાગ્રત અવસ્થા **સ્વપ્ન** = સ્વપ્ન અવસ્થા **સષોપતિ** = સષોપતિ અવસ્થા **ફોરત** = સ્ફુરાયમાન થાય **હોત** = થાય **સબે** = સર્વે **તુર્યામાં** = તુર્યાવસ્થામાં **ફના** = સમાપ્ત, નાશ, લીન.

### અનુવાદ

**જાગ્રત, સ્વપ્ન અને સષોપતિમાં જે સ્ફુરણો થાય છે, તે તુર્યાવસ્થામાં નષ્ટ થાય છે.**

### ભાવાર્થ

જાગ્રત અવસ્થામાં, આંખોથી બધું દેખાય છે અને દૃષ્ટ પદાર્થ આપણી સ્મૃતિમાં રહે છે. સ્વપ્ન અવસ્થામાં સ્વપ્ન સ્ફુરાયમાન થાય છે અને મિથ્યા વચનો બોલાય છે. સષોપતિ અવસ્થામાં કિંચિત અર્ધ માત્રિકા સ્વપ્ન દેખાઈને વિલાઈ જાય છે. જ્યારે તુર્યાવસ્થામાં સષોપતિ અવસ્થાના અલ્પ સ્વપ્નનું દર્શપણું પણ નષ્ટ થાય છે. એટલે કે, ત્રણેય અવસ્થાની સ્ફૂરણા નાશ થતાં તુર્યાવસ્થામાં કોઈ પણ પ્રકારની જાણ રહેતી નથી.

## અંતસકરણ અવસ્થા ઉપાસિક;
## વાસિક જાહાં જમ ઈષ્ટ જીના. ૪

### શબ્દાર્થ

**અંતસકરણ** = અંતઃકરણ **અવસ્થા** = અવસ્થા **ઉપાસિક** = ઉત્પન્ન થાય, સ્ફુરાયમાન થાય **વાસિક** = વાસના, ઈચ્છા **જાહાં** = જ્યાં **જમ** = જેમ **ઈષ્ટ** = મુખ્યત્વે **જીના** = જણાય છે.

### અનુવાદ

**અંતઃકરણ અને અવસ્થા જે પ્રમાણે સ્ફુરાયમાન થાય છે તે પ્રમાણેની પ્રાધાન્યતા મુજબ તેમાં વાસના (ઈચ્છા) વર્તમાન કરે છે.**

### ભાવાર્થ

જાગ્રત અવસ્થામાં મન અંતઃકરણ, સ્વપ્ન અવસ્થામાં બુદ્ધિ અંતઃકરણ, સષોપતિ અવસ્થામાં અહંકાર અંતઃકરણ અને તુર્યાવસ્થામાં ચિત્ત અંતઃકરણ જોડાયેલાં છે. જેથી જે સમયે જે અંતઃકરણ અને જે અવસ્થા પ્રાધાન્યપણે શરીરમાં પ્રવર્તતી હોય તે મુજબ વાસના તેમજ ઈચ્છાઓનું સ્ફુરાયમાન થઈને શરીરમાં વર્તમાન કરતી હોય છે.

## જાગ્રત મે મન હે સ્વપનમે બુધ;
## રહત અહંકાર સષોપતિ થનાં. ૫

### શબ્દાર્થ

**જાગ્રતમે** = જાગ્રત અવસ્થામાં **મન હે** = મન અંતઃકરણ રહેલું છે **સ્વપનમે** = સ્વપ્ન અવસ્થામાં **બુધ** = બુદ્ધિ અંતઃકરણ **રહત** = રહેલું છે **અહંકાર** = અહંકાર અંતઃકરણ **સષોપતિ** = સષોપતિ અવસ્થામાં **થનાં** = સ્થાન પામેલાં છે.

### અનુવાદ

**જાગ્રત અવસ્થામાં મન, સ્વપ્નમાં બુદ્ધિ અને સષોપતિમાં અહંકાર અંતઃકરણ સ્થાન પામેલાં છે.**

## ભાવાર્થ

આગળ જણાવ્યા મુજબ આપણા શરીરમાં જ્યારે જાગ્રત અવસ્થા ચાલતી હોય ત્યારે મન અંતઃકરણ પ્રાધાન્યપણે વર્તમાન કરે છે. સ્વપ્ન અવસ્થા ચાલતી હોય ત્યારે બુદ્ધિ અંતઃકરણ પ્રાધાન્ય પણે વર્તમાન કરે છે અને સષોપતિ અવસ્થા ચાલતી હોય ત્યારે અહંકાર અંતઃકરણ મુખ્યત્વે વર્તમાન કરીને રહે છે.

**તિનુકે સાક્ષી તુરિ ચિત્તની કલ;**
**તે મલ રહિત કુવેર ચૈતનાં. ૬**

### શબ્દાર્થ

**તિનુકે** = ત્રણેયનો **સાક્ષી** = સાક્ષી, દેખનારો **તુરી** = તુર્યાવસ્થામાં **ચિત્તની** = ચિત્ત અંતઃકરણમાં **કલ** = કળ યુક્ત **તે** = તે **મલ** = વિકાર **રહિત** = વગર **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **ચૈતનાં** = ચૈતન અંશનાં.

## અનુવાદ

**ત્રણેય અવસ્થાનાં સાક્ષીરૂપે રહેલ ચૈતન તુર્યાવસ્થામાં યુક્તિપૂર્વક વિકાર રહિત રહે છે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જાગ્રત, સ્વપ્ન અને સષોપતિ એ ત્રણ અવસ્થા અને મન, બુદ્ધિ અને અહંકારએ ત્રણ અંતઃકરણને ભોગવનારો સાક્ષીરૂપે આપણા શરીરમાં ચૈતન અંશ રહેલો છે. તે જ્યારે તુર્યાવસ્થા અને ચિત્ત અંતઃકરણના વર્તમાન વખતે યુક્તિપૂર્વક મળ રહિત એટલે કે, કોઈ પણ પ્રકારની ઇચ્છા કે વિકારરહિત શૂન્ય દશામાં રહે છે. તે સમયે તેને કોઈ પણ પ્રકારની જાણ રહેતી નથી. માત્ર સહજ ભાવે રહે છે.

# અંગ ૨૦
# ચતુર્દેહ તત્ત્વની સમજ

(પરિબોધ મોરાલકંદ)

**સ્થૂલ સો પ્રગટ પિંડ ઔઠ હાથકી જો મંડ;**
**સૂક્ષ્મ વાસના લિંગ અંગ સો ગ્રહસ્થ હે. ૧**

### શબ્દાર્થ

**સ્થૂલ** = સ્થૂળદેહ **સો** = જે **પ્રગટ** = પ્રત્યક્ષ દેખાય તેવો **પિંડ** = શરીર, ઘાટ **ઔઠ હાથકી** = સાડાત્રણ હાથની ઊંચાઈ **જો** = જે રીતે **મંડ** = મંડાણ, રચના થયેલી છે **સૂક્ષ્મ** = સૂક્ષ્મ દેહ **વાસના** = ઈચ્છા, વાસના **લિંગ** = લિંગ, જાતિભેદ, દેહાભિમાન **અંગ** = અંગમાં **સો** = તે **ગ્રહસ્થ હે** = પકડી રાખે છે.

### અનુવાદ

**સાડા ત્રણ હાથનો સ્થૂળ દેહ પ્રત્યક્ષ દેખાય તેવો રચેલો છે જ્યારે સૂક્ષ્મ દેહના અંગમાં વાસનાનું લિંગ હોવાથી તે દેહને ગ્રહણ કરીને રહે છે.**

### ભાવાર્થ

સ્થૂળ દેહ પૃથ્વી તત્ત્વ, મન અંતઃકરણ અને રજોગુણ અધિષ્ઠાન હોવાથી જાગ્રત અવસ્થા ભોગવે છે. આ દેહને સાડાત્રણ હાથની ઊંચાઈવાળો આપણે પ્રત્યક્ષ જોઈ શકીયે છીએ.

સૂક્ષ્મદેહ, જળ તત્ત્વ, બુદ્ધિ અંતઃકરણ અને સત્વગુણ અધિષ્ઠાન હોવાથી સ્વપ્ન અવસ્થા ભોગવે છે. આ દેહમાં વાસનાનું લિંગ હોવાથી વાસનાના દેહાભિમાનને ગ્રહણ કરીને સદા માટે રહે છે.

**કારણ સો ગુણ દેહ તામે ન કછુ સંદેહ;**
**સૂક્ષ્મ સ્થૂલ કે મુલ યાહીતે પોખસ્ત હે. ૨**

### શબ્દાર્થ

**કારણ** = કારણ દેહ **સો** = માં **ગુણ** = ગુણ, ત્રણ ગુણ **દેહ** = શરીર **તામે** = તેમાં **ન** = નહીં **કછું** = કોઈ **સંદેહ** = શંકા **સૂક્ષ્મ** = સૂક્ષ્મદેહ **સ્થૂલ** = સ્થૂળદેહ **કે** = ના **મૂલ** = મૂળભૂત **યાહીતે** = આ રીતે, આનું **પોખસ્ત હે** = પોંખાયેલા છે, મેળવેલા છે, રહેલા છે.

### અનુવાદ

**કારણ દેહમાં રહેલા જે ગુણ છે તે સ્થૂળ અને સૂક્ષ્મ જે મૂળભૂત દેહ છે, તેનુ પોષણ કરે છે જેમાં કોઈ પણ શંકા નથી.**

### ભાવાર્થ

કારણ દેહમાં સષોપતિ અવસ્થા, અગ્નિ તત્ત્વ અને અહંકાર અંતઃકરણ તથા ત્રણ ગુણ અધિષ્ઠાન રૂપે રહેલા છે, વળી સૂક્ષ્મ અને સ્થૂળ દેહના મૂળભૂત તત્ત્વોને કારણ દેહ પોષણ કરે છે, તેમાં કોઈ શંકા નથી.

**મહાકારણ દેહ સો તો પ્રકૃતિ સનેહ જેહ;**
**સકલ લિંગાની થાની વ્યાપક રહસ્ત હે. ૩**

### શબ્દાર્થ

**મહાકારણ દેહ** = મહાકારણ દેહ **સો તો** = તે તો **પ્રકૃતિ** = પ્રકૃતિના **સનેહ** =સ્નેહવાળો **જેહ** = જે છે **સકલ** = બધા જ, સઘળા **લિંગાની** = જાતિ, દેહાભિમાન, લિંગની **થાની** = સ્થાનોમાં **વ્યાપક** = વ્યાપક સ્વરૂપે **રહસ્ત હે** = રહેલો છે.

### અનુવાદ

**મહાકારણ દેહ પ્રકૃતિના સ્નેહવાળો છે અને આ પ્રકૃતિ દરેકના લિંગ સ્થાને વ્યાપક સ્વરૂપે રહેલી છે.**

### ભાવાર્થ

મહાકારણ દેહમાં વાયુ તત્ત્વ, તુર્યાવસ્થા અને ચિત્ત અંતઃકરણ મુખ્ય રહેલા છે. વળી આ મહાકારણ દેહ પ્રકૃતિના સ્નેહ સાથે જોડાયેલો છે. અવ્યાક્રત તત્ત્વથી ઉત્પન્ન થયેલ મહાતત્ત્વ અને આનંદતત્ત્વ તેમજ ધનંજયતત્ત્વ અને પ્રકૃતિતત્ત્વનો

વિસ્તાર એ મહાકારણ દેહનો વિભાગ છે.

મહાકારણ દેહના સ્નેહવાળી પ્રકૃતિ અગાઉ જણાવ્યા મુજબના સ્થૂળ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ સહિતના દરેક દેહના લિંગસ્થાનમાં વ્યાપક થઈને રહેલી છે.

**તમોસે ભૂતાની દસકાલ સહિત સંચ;**
**રજોસે ઈન્દ્રિ કહંચ દેવ જહાં રહસ્ત હે. ૪**

**શબ્દાર્થ**

**તમોસે** = તમોગુણથી **ભૂતાની** = બની, ઉત્પન્ન થઈ **દસકાલ** = દસ કાળ **સહિત** = સહિત, સાથે મળેલ **સંચ** = ગોઠવણવાળો વિભાગ **રજો સે** = રજોગુણથી **ઈન્દ્રિ** = ઇન્દ્રિયોનો **કહંચ** = કાર્યરત **દેવ** = દેવતાઓ **જહાં** = જ્યાં **રહસ્ત હે** = રહે છે.

**અનુવાદ**

**તમોગુણથી દસ કાળ સહિતનો સંચ અને રજોગુણથી દસ ઈન્દ્રિયો કે જ્યાં દેવતા કાર્યરત થઈને રહે છે.**

**ભાવાર્થ**

તમોગુણથી દસ કાળઃ સ્વભાવ, કામના, આક્રંત, આશ્ચર્ય, પૃથ્થક, વિપરીત, અજ્ઞાન, રાગસ, દ્વૈષ અને વૃદ્ધિ-અંત ઉત્પન્ન થયેલા છે. જેનો સંચ કારણ દેહમાં સમાયેલો છે. વળી રજોગુણથી તેની દસ આકાંક્ષાઓઃ શ્રવણ, સુગંધ, નિરીક્ષણ, ક્ષુધા-તુષા, ઉચ્ચાર, શીત-ઉષ્ણ, ગ્રાહાજ, વિષય, મળવિસર્જન અને ગવન થઈ છે. દરેક આકાંક્ષાઓની પ્રત્યેક ઇન્દ્રિયોનાં કાર્યો માટે અલગ અલગ અધિષ્ઠાન દેવતાઓ રહેલા છે. આમ સ્થૂળ દેહનો વિસ્તાર તત્ત્વોની દૃષ્ટિએ જોઈએ તો તેમાં મુખ્ય તમોગુણ અને રજોગુણ રહેલા છે.

**અંતઃકરણ ચારુ વિષ્ણુસુ ચેતન સારુ;**
**મનોર ઉઠે અપારુ જહાં જેવી આકસ્ત હે. ૫**

**શબ્દાર્થ**

**અંતઃકરણ** = અંતઃકરણ **ચારુ** = ચાર **વિષ્ણુસુ** = વિષ્ણુરૂપ, સતોગુણથી **ચેતન** = ચૈતન કરવા

**સારુ** = માટે **મનોર** = મનોકામના, મનોરથ **ઉઠે** = ઉત્પન્ન થાય, ઊઠવું **અપારુ** = અપાર, પાર વગરનાં **જહાં** = જ્યાં **જેવી** = જેવી **આકસ્ત હે** = આકાંક્ષા, આશાઓ હોય છે.

## અનુવાદ

**વિષ્ણુરૂપ સતોગુણથી ચાર અંતઃકરણ ચેતન થયેલાં છે. જેથી જેવી ઈચ્છાઓ થાય તે પ્રમાણે અપાર મનોરથ સ્ફુરાયમાન થાય છે.**

## ભાવાર્થ

વિષ્ણુરૂપ સતોગુણના પ્રભાવવાળા ચાર અંતઃકરણ મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર રહેલાં છે. ગુણના પ્રભાવવાળા ચાર અંતઃકરણ ક્રિયાત્મક છે, પરંતુ પાંચમું નચિત અંતઃકરણ, જ્યારે ચાર અંતઃકરણની ક્રિયા શાંત થાય તેને કહેવામાં આવે છે. આ પાંચ અંતઃકરણો સાથે પાંચ અવસ્થાઃ જાગ્રત, સ્વપ્ન, સષોપતિ, તુર્યા અને ઉનમૂની જોડકાંના રૂપે રહેલી છે. જેમાં મન - જાગ્રત સાથે, બુદ્ધિ - સ્વપ્ન સાથે, અહંકાર - સષોપતિ સાથે, ચિત - તુર્યા સાથે અને નચિત - ઉનમૂની સાથે રહીને સચેતન થાય છે, જેથી જે પ્રમાણેનાં સંકલ્પો ઊઠે તે પ્રમાણે અપાર મનોરથ સ્ફુરાયમાન થાય છે.

**પ્રકૃતિસે ગુણ તીનું વિશ્વનું કરે અમીનું;**
**સકલ કારણ જીનું તાતે ન્યારી વસ્ત હે. ૬**

### શબ્દાર્થ

**પ્રકૃતિસે** = પ્રકૃતિ તત્ત્વથી **ગુણ તીનું** = ત્રણ ગુણ **વિશ્વનું** = વિશ્વમાં, જગતમાં **કરે** = કરે છે **અમીનું** = દયા વરસાવે છે, કૃપા કરે છે, પોષણ, વૃદ્ધિ અને સંહાર કરે છે **સકલ** = સર્વેના **કારણ** = કારણરૂપે **જીનું** = જેમનું, જેઓના **તાતે** = તેનાથી **ન્યારી** = ન્યારું, નિરાળું, અલગ **વસ્તહે** = વસ્તુરૂપ અંશી છે.

## અનુવાદ

**પ્રકૃતિથી ત્રણ ગુણ ઉત્પન્ન થયા છે. જે વિશ્વનું પોષણ, વૃદ્ધિ અને સંહાર કરે છે. આ સર્વેના કારણરૂપે રહેલ વસ્તુરૂપ અંશી ન્યારા છે.**

## ભાવાર્થ

અગાઉ સ્થૂળ દેહમાં રહેલી સર્વરચના તેમજ અલગ અલગ દેહોના તત્ત્વોનો પ્રભાવ અને રચના અંગે દર્શાવ્યું છે. તે સર્વે દેહોના કારણરૂપે રહેલ ચૈતન અંશ, શરીરના તત્ત્વોથી ન્યારો છે.

વિશ્વના સંચાલનમાં પ્રકૃતિથી ઉત્પન્ન થયેલ ત્રણ ગુણ રજોગુણ, તમોગુણ અને સતોગુણના અધિષ્ઠાન દેવતાઓ છે. જેમાં રજોગુણી બ્રહ્મા સૃષ્ટિના ક્રમને આગળ ધપાવે છે, સતોગુણી વિષ્ણુ સૃષ્ટિનું પાલનપોષણ કરે છે અને તમોગુણી શંકર સૃષ્ટિમાં સંહારનું કાર્ય કરે છે. આ ત્રણેય દેવતાઓ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા છે. વિશ્વમાં તે ઈષ્ટ તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે, પરંતુ તે સર્વેના કારણરૂપે રહેલ વિશ્વનિયંતા અંશી સર્વ રચનાથી નિરાળા છે.

**આત્મા અદિતવત્ બિંબ પ્રકૃતિ ગ્રહસ્ત;**
**અન્યો અન્ય ચૈતન સો કુવેર કરસ્ત હે. ૭**

### શબ્દાર્થ

**આત્મા** = અંશ **આદિતવત્** = સૂર્યરૂપ અંશીના **બિંબ** = પ્રતિબિંબ, કિરણરૂપે **પ્રકૃતિ** = પ્રકૃતિના તત્ત્વોથી **ગ્રહસ્ત** = જોડાયેલા છે, પકડાયેલો **અન્યોઅન્ય** = એકબીજાને **ચૈતન** = ચૈતન કરે છે **સો** = તે **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **કરસ્ત હે** = ક્રિયા થાય છે.

## અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે એવા અંશી સૂર્યવત્ છે અને અંશો તેમના કિરણરૂપે રહેલા છે. અંશની ચેતનતા પ્રકૃતિના અન્યોઅન્ય તત્ત્વોને ચૈતન કરે છે, જેથી સર્વ શરીરના પરસ્પર તત્ત્વો જોડાઈને કાર્યાન્વિત થાય છે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આ અંગમાં સ્થૂળ દેહના બંધારણ વિશે તથા તત્ત્વોના પ્રભાવ અંગે જણાવતાં આગળ સમજાવે છે કે વિશ્વની સર્વ રચનાથી પરે રહેલા સર્જનહાર અંશી એ સૂર્ય સમાન છે. તેના કિરણરૂપે રહેલ ચૈતન અંશની ચેતનતા પ્રકૃતિના પ્રદેશ રૂપે રહેલ સર્વ તત્ત્વો પરસ્પર ચેતનતા મેળવીને ચેતનવંત થાય છે.

તે જ રીતે આખું શરીર કાર્યરત બનીને હલનચલન કરી શકે છે, ક્રિયાવંત બને છે.

નિજ જાણ સ્વરૂપના આભાસથી દેવ મનુષ્યની આદ્ય લઈ સર્વના તનુ લીલા-વિલાસ કરતાં હોય છે. તે નિજ જાણ સ્વરૂપનો આભાસ પ્રથમ કયા તત્ત્વને વિષે મળીને સર્વે શરીરમાં પ્રવેશ કરીને સામાન્ય આભાસ કયા સ્થાને રહીને પિંડને પ્રકાશે છે તે અને વિશેષ આભાસ ક્યા સ્થાને રહીને પિંડને ચેતન રાખે છે તેની સમજ.

## અંશની જાણ સ્વરૂપનો આભાસ

↓

### સામાન્ય આભાસ

↓

કર્તાની પ્રકાશબ્રહ્મવૃત્તિના ત્રણ મહાત્વના પ્રાણાયમને ચેતન કરે છે.

↓

કર્તાની સંજમભોગવૃત્તિમાં ત્રણ ચક્ષસત્વ ચેતન કરે

↓

નિરંજન અને અવ્યાક્તના વિભાગને વિષે જાય અને ચેતન કરે છે

↓

ચાર તત્ત્વ કરવાને વિષે જાય અને ચેતન કરે છે

↓

ગુણ — ઘણ

ગુણ: રજો ↓ દશ આકાક્ષા; સતો ↓ પાંચઅંતઃકરણ / પાંચ અવસ્થા; તમો ↓ દશ કાળ / પાંચ માત્રા

ઘણ: અહંકાર ↓ પાંચ ભૂત / પાંચ સંભસક્રણ; સ્વકાશ ↓ પાંચ વિવસ્તા / ભાવના; અચંત ↓ દશ

આ પ્રમાણે પ્રાણાયમના સામાન્ય આભાષે કરીને અન્યો અન્ય આભાસ પોખાઈને (પ્રવેશીને) સર્વ શરીરના સાજ સામાન્ય ચૈતનવત્ રહેતો હોય છે, પરંતુ પ્રાણાયમને વિષે સ્થિરતાપણુ નહીં હોવાથી તેના વિષે તો આભાસ સદાકાળ પણ સામાન્ય જ ભાશ્યમાન થાય. દા.ત. અસ્થિરજળમાં સૂર્ય પ્રતિબિંબની ઝલક માત્ર દેખાય છે પણ તેને વિશે મૂર્તિમાન સૂર્યનો આભાસ દૃશ્યમાન થતો નથી.

### વિશેષ આભાસ

ઉનમૂની અવસ્થાને વિશે રહ્યો હતો તે નચિત અંતઃકરણ જ્યાં સુધી સ્ફુરે ત્યાં સુધી અચળ સ્થિરપણે રહે છે. તેથી વિશેષ ભાશ્યમાન થાય છે. ઉનમૂની અવસ્થા તો ઉપાધિ સિવાયની છે, પરંતુ તેની એકતા જાગ્રત અવસ્થાને વિશે થાય છે. તેથી જાગ્રત અવસ્થાને વિશે વિશેષ આભાસ થાય છે. તેથી જાગ્રત અવસ્થાને વિશે અનંત સમુદ્ધિ ધારણ કરીને તે નિજજાણ સ્વરૂપનો આભાસ ગાદીપતિ થઈને ત્યાં બિરાજમાન રહે છે.

આ પ્રમાણે પ્રાણાયામના સામાન્ય આભાસે કરીને અન્યોઅન્ય આભાસ પ્રવેશીને સર્વે શરીરનો સાજ સામાન્ય ચેતનવંત રહેતો હોય છે, પરંતુ પ્રાણાયામને વિષે સ્થિરતાપણું ન હોવાથી તેના વિષેનો આભાસ સદાકાળ એક રસ રહે છે, પરંતુ સામાન્ય જ ભાશ્યમાન થાય છે.

દા.ત : અસ્થિર જળમાં સૂર્યના પ્રતિબિંબની ઝલક માત્ર દેખાય છે પણ તેને વિષે મૂર્તિમાન સૂર્યનો આભાસ દશ્યમાન થતો નથી.

# અંગ - ૨૧
# અવસ્થા અને પેટા અવસ્થાની સમજ

(ઉમંગ છંદ)

**જાગ્રતમાંહી સુષુપ્તિ વિસરજન;**
**વૃથા વિચાર સો સ્વપ્ન કહાઈ. ૧**

### શબ્દાર્થ

**જાગ્રતમાંહી** = જાગ્રત અવસ્થામાં **સુષુપ્તિ** = સષોપતિ અવસ્થા **વિસરજન** = પૂર્ણ થતાં **વૃથા** = વ્યર્થ, નકામા, બિનજરૂરી **વિચાર** = વિચારો **સો** = તે **સ્વપ્ન** = સ્વપ્ન અવસ્થા **કહાઈ** = કહેવાય છે.

### અનુવાદ

**જાગ્રત અવસ્થામાં સષોપતિ અવસ્થા વર્તમાન કરે ત્યારે વિસર્જનપણું આવે છે અને સ્વપ્નાવસ્થા વર્તમાન કરે ત્યારે વ્યર્થ વિચારો ઉત્પન્ન થાય છે.**

### ભાવાર્થ

પૃથ્વી તત્ત્વ વહન કરતું હોય તેવો પિંડનો પ્રણવ મહદ્ વૈરાટના પ્રણવ સાથે જોડાય ત્યારે જાગૃત અવસ્થા સ્ફુરણ થાય છે.

- અંધાધુત અચેતપણાને સમાઈને સર્વ કાર્યોની શુદ્ધિ થાય છે. અર્થાત્ કાર્ય કરવા માટેની સ્થિર અને નિશ્ચિત વૃત્તિ થાય ત્યારે મૂળ જાગ્રત અવસ્થા જાણવી. જે નેત્ર સ્થાને ભોગવાય છે. જેમાં કુલ ૪,૩૨૦ પ્રાણાયમ પુરા થાય છે. આ અવસ્થામાં પાંચે અવસ્થા પેટા અવસ્થાના સ્વરૂપે વર્તમાન કરતી હોય છે. એટલે કે, ૮૬૪ પ્રાણાયમ દરેક પેટા અવસ્થા ભોગવે છે.
- જાગ્રત અવસ્થામાં સષોપતિ અવસ્થા વર્તમાન કરે, ત્યારે જાગ્રત અવસ્થાને વિષે વિસર્જનપણું થાય છે.
- જાગ્રત અવસ્થામાં સ્વપ્ન અવસ્થા વર્તમાન કરે, ત્યારે વ્યર્થ વિચારો ઉત્પન્ન થાય છે.

- જાગ્રત અવસ્થામાં તુરિયા અવસ્થા વર્તમાન કરે, ત્યારે જાગ્રતને વિષે સર્વ વિચારો લીન પામીને શાંત થઈ જાય છે અને કોઈ સમયે નચિંતપણું આવી જાય છે.
- જાગ્રત અવસ્થામાં ઉનમૂની અવસ્થા વર્તમાન કરે, ત્યારે જાગ્રતને અંત સમયે અને નિદ્રાની પ્રારંભ એ બંને અવસ્થાની સંધિ મધ્યે રહેલી ઉનમૂની અવસ્થા વર્તમાન કરે ત્યારે ઉનમૂનીવત્ થઈ જવાય છે.

**લીન વિચાર વિલે પ્રકૃતિ સમ;**
**દમ પ્રધાન તુરીયા લખાઈ. ૨**

### શબ્દાર્થ

**લીન** = લીન પામવું, સમાઈ જવું **વિચાર** = વિચારો, તર્ક **વિલે** = વિલાઈ જવું, શાંત થવું **પ્રકૃતિ** = પ્રકૃતિ, તત્ત્વોનો માયિક પ્રભાવ **સમ** = સમાઈ જઈને, શાંત પામીને, સમ પ્રમાણે **દમ** = શ્વાસ, પ્રણવ, પ્રાણાયામ **પ્રધાન** = મુખ્ય **તુરીયા** = તુર્યાવસ્થા **લખાઈ** = જાણવી.

### અનુવાદ

**વિચારો લીન પામતાં પ્રણવ સમ - દમ ચાલે તેને મુખ્ય અવસ્થામાં તુર્યાવસ્થા જાણવી.**

### ભાવાર્થ

જાગ્રત અવસ્થામાં જ્યારે અંતઃકરણમાં ઉત્પન્ન થતા સર્વે માયિક વિચારો સમાઈને શાંત થઈ જાય, ત્યારે પ્રણવ પણ સમ - દમ એટલે કે, સપ્રમાણ વહે છે. આવી અવસ્થાને જાગૃતમાં તુર્યાવસ્થા જાણવી.

**સ્વપ્નમે જાગ્રત સો સર્વ ભાસત;**
**અંધાધ્વંધ સો સષોપતિ સોહાઈ. ૩**

### શબ્દાર્થ

**સ્વપ્નમે** = સ્વપ્ન અવસ્થામાં **જાગ્રત** = જાગ્રત અવસ્થા **સો** = તે **સર્વ** = સર્વ, બધું **ભાસત** = દેખાય છે **અંધાધ્વંધ** = અંધાધુંધ, ભુલાઈ જવું **સો** = તે **સષોપતિ** = સષોપતિ અવસ્થા **સોહાઈ** = સોહે છે, શોભે છે, કાર્યરત રહે છે.

## અનુવાદ

**સ્વપ્ન અવસ્થામાં જ્યારે જાગ્રત અવસ્થા વર્તમાન કરે, ત્યારે બધું દશ્યમાન થાય છે અને સષોપતિ વર્તમાન કરે ત્યારે અંધાધુંધ રૂપ કોઈ જાણ્ય રહેતી નથી.**

## ભાવાર્થ

જળ તત્ત્વ વહન થતું હોય તેવો પિંડનો સૂક્ષ્મ પ્રણવ વૈરાટના મહદ્ પ્રાણાયામ સાથે જોડાય ત્યારે સ્વપ્ન અવસ્થા સ્ફુરાયમાન થાય છે.

કોઈ દિવસે નેત્રોથી દેખ્યું ન હોય, કાને સાંભળ્યું ન હોય અને ચિત્તમાં ચિંતવન પણ ન કર્યું હોય તેવા પદાર્થો સ્વપ્નમાં દેખાય ત્યારે તે મૂળ સ્વપ્ન અવસ્થા જાણવી. તે કંઠ સ્થાને ભોગવાય છે.

સ્વપ્ન અવસ્થા વિષે જ્યારે જાગૃત અવસ્થા વર્તમાન થાય ત્યારે (જાગૃતમાં દેખેલા સર્વ પદાર્થ સ્વપ્નમાં દશ્યમાન થાય છે.) સ્વપ્ન યાદ રહે છે.

સ્વપ્ન અવસ્થા વિષે જ્યારે સષોપતિ અવસ્થા વર્તમાન કરે ત્યારે સ્વપ્નની બીના(વિસર્જનપણું હોઈ સ્વપ્નમાં જોયેલ ઘટનાની જાણ્ય રહેતી નથી.) યાદ રહેતી નથી.

સ્વપ્ન અવસ્થામાં તુર્યાવસ્થા વર્તમાન થાય ત્યારે સ્વપ્ન અવસ્થામાં સ્ફુરણ પામેલા પદાર્થો વિષેની જાણ નિવૃત્ત થઈને શાંત થઈ જાય છે.

સ્વપ્ન અવસ્થામાં ઉનમૂની અવસ્થા વર્તમાન થાય ત્યારે સ્વપ્ન અવસ્થાના અંતમાં અને સષોપતિ અવસ્થાની શરૂઆતમાં એટલે કે, બંને અવસ્થાની મધ્યે ઉન્મુન થઈ જવાય છે. તે સમયે નથી તો સ્વપ્ન અવસ્થા કે નથી તો સુષુપ્તિઅવસ્થા. જેથી આવી સ્થિતિને સ્વપ્ન અવસ્થાની ઉનમૂની અવસ્થા જાણવી.

## દેહ અનુમાન ભૂલે સો તુરી પદ;
## ના કછુ મેરા ને તેરા રહાઈ. ૪

### શબ્દાર્થ

**દેહ** = શરીરનું **અનુમાન** = અટકળ, ભાન **ભુલે** = ભુલે, વિસરાય, **સો** = તે **તુરીપદ** = તુર્યાવસ્થા જાણવી **ના કછું** = કાંઈ પણ નહીં **મેરા** = મારું **ને** = ને **તેરા** = તારું **રહાઈ** = રહેવા પામે.

## અનુવાદ

**શરીરનું ભાન ભુલી જવાય તે તુર્યાવસ્થા જાણવી. તે વખતે મારા-તારાનું ભાન રહેતું નથી.**

## ભાવાર્થ

સ્વપ્ન અવસ્થામાં જ્યારે તુર્યાવસ્થાનું વર્તમાન થાય, ત્યારે પોતાના શરીરની જાણનું વિસર્જન થાય છે. તે વખતે મારા-તારાનું ભાન રહેતું નથી. એટલે કે, સ્વપ્ન અવસ્થામાં સ્ફુરણ પામેલ પદાર્થો વિષેની જાણ સંપૂર્ણપણે નિવૃત્તિ પામીને શાંત થઈ જાય છે.

**કહત સષોપતિમેં હે પુનિ સ્વપ્નકી;**
**અલ્પ પદાર્થ દર્શ વીલાઈ. ૫**

### શબ્દાર્થ

**કહત** = કહુ છું **સષોપતિમેં** = સષોપતિ અવસ્થામાં **હે** = છે **પુની** = વળી **સ્વપ્નકી** = સ્વપ્ન અવસ્થા **અલ્પ** = સામાન્ય **પદાર્થ** = પદાર્થ **દર્શ** = દેખાઈને **વીલાઈ** = વિલસાઈ જાય છે.

## અનુવાદ

**સષોપતિ અવસ્થામાં સ્વપ્ન અવસ્થા વર્તમાન કરતી હોય ત્યારે અલ્પ પદાર્થો દૃશ્યમાન થઈ નાશ પામે છે.**

## ભાવાર્થ

જ્યારે અગ્નિ તત્ત્વ વહન થતું હોય તેવા પિંડના સૂક્ષ્મ પ્રણવનો સૂક્ષ્મ પ્રાણાયામ મહદ્ પ્રણવ સાથે જોડાણ થાય ત્યારે સષોપતિ અવસ્થા સ્ફુરણ થાય છે.

જેથી પૂરા સ્વપ્નનું રૂપ પણ બંધાય નહીં અને વિલાઈ જાય છે તે સષોપતિ અવસ્થા જાણવી. આ અવસ્થા હૃદય સ્થાને ભોગવાય છે.

સષોપતિ અવસ્થામાં જ્યારે સ્વપ્ન અવસ્થા વર્તમાન થાય ત્યારે અર્ધમાત્રિકા સ્વપ્ન દેખાઈને ચિંતવન સિવાય જ વિલાઈ જાય છે.

સષોપતિ અવસ્થાને વિષે જાગ્રત અવસ્થા વર્તમાન થાય ત્યારે વ્યક્તિ

નિદ્રામાં બોલી ઊઠે છે. તેને કોઈ કહે કે તું કેમ બોલે છે ? ત્યારે તે વ્યક્તિ જાગ્રત થઈને કહે છે કે હું તો બોલ્યો જ નથી.

સષોપતિ અવસ્થામાં જ્યારે તુર્યાવસ્થા વર્તમાન કરે ત્યારે અર્ધમાત્રિકા સ્વપ્નનો અલ્પ વિષય જે ઉત્પન્ન થયો હોય તે અર્ધ માત્રિકા સ્વપ્ન રહે અને એકલા અલ્પ વિષયની શાંતિ થઈ જાય છે.

સષોપતિ અવસ્થા જ્યારે લય થાય ત્યારે તેના અંત સમયે અને જ્યારે તુર્યાનો આરંભ થાય ત્યારે આ બંનેની સંધિને વિષે ઉનમૂની અવસ્થા વર્તમાન કરતી સમજવી. આ વખતે મુક્તો પ્રાણાયામ ઘોર કરતો બહાર નીકળે અને લેતો પ્રાણાયામ ઘોર વિના પ્રવેશ કરે, તે સમયે સષોપતિમાં ઉનમૂની અવસ્થા જાણવી.

**તાઈમે જાગ્રત કહત કુવેર જ્યૌ;**
**સુવત નિંદ ઉઠત બ્રલાઈ. ૬**

**શબ્દાર્થ**

**તાઈમે** = તેમાં **જાગ્રત** = જાગ્રત અવસ્થા **કહત** = કહુ છું **કુવેર** = કુવેરસ્વામી **જ્યૌં** = ત્યારે **સુવત** = સુતાં **નિંદ** = નિદ્રામાં **ઉઠત** = ઊઠીને **બ્રલાઈ** = બરલી, બબડાટ, બકવું.

## અનુવાદ

**જ્યારે ગાઢ નિદ્રામાં સુતેલ વ્યક્તિ ઊંઘમાં લવરી કરે ત્યારે તેને તેનું ભાન રહેતું નથી. કુવેરસ્વામી કહે છે કે તે સુષૃપ્તિમાં જાગ્રત અવસ્થા સમજવી.**

## ભાવાર્થ

જ્યારે કોઈ સુતેલ વ્યક્તિ ભર નિદ્રામાં હોવા છતાં લવરી કરે છે, પરંતુ તેનું તે વ્યક્તિને ભાન હોતું નથી. પછી જ્યારે જાગ્રત થાય અને કોઈ તેને કહે કે તું કેમ બબડતો હતો? તો તે કહેવા લાગે છે કે તે બબડ્યો જ નથી. આવી સ્થિતિ સુષુપ્તિ અવસ્થામાં જાગ્રત અવસ્થા વર્તમાન કરતી જાણવી.

# અંગ ૨૨
# અવસ્થા અને અંતઃકરણનો ભેદ

(પરિબોધ મોરાલકંદ)

**સુનીયો અવસ્થા ભેદ કહુ મેં તાકે કલેદ;**
**અંતર રહે અભેદ ભેદ સો ગૂઢાર્થ હે. ૧**

### શબ્દાર્થ

**સુનીયો** = સાંભળો **અવસ્થા** = અવસ્થાના **ભેદ** = ભેદ, રહસ્ય **કહુમેં** = હું કહુ છું **તાકે** = તેનાં **કલેદ** = દેહનું બંધારણ, વિસ્તારપૂર્વક **અંતર** = આંતરિક, તેમાં સમાયેલ **રહે** = રહેલાં **અભેદ ભેદ** = ભેદ રહિત છે તેનો ભેદ, મર્મ, રહસ્ય **સો** = તે, જે **ગૂઢાર્થ** = ગૂઢાર્થ, રહસ્ય ભર્યું, ગહન, ગર્ભિત અર્થ, સહેલાઈથી સમજાય નહીં તેવો અર્થ, **હે** = છે.

### અનુવાદ

**હવે અવસ્થાઓના બંધારણનું રહસ્ય હું કહુ છું, તે તમે સાંભળો. તેમાં રહેલા આંતરિક રહસ્યનો મર્મ સમજવો બહુ જ ગૂઢ છે.**

### ભાવાર્થ

હવે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જાગ્રત, સ્વપ્ન, સષોપતિ, તુર્યા અને ઉનમૂની એમ પાંચેય અવસ્થાઓના ભેદ અંગે વિસ્તારપૂર્વક જણાવે છે. તેમજ તે અવસ્થાના આંતરિક ભેદ ખૂબ જ ગૂઢ હોવા છતાં ખૂબ જ સરળતાથી સમજાવે છે.

**જાગ્રત મે જાગ્રત સો દીસત સકલ વિધિ;**
**નિધિ સો કછુ ન છાની જાકી શુધ્ધ બુધ્ધ હે. ૨**

### શબ્દાર્થ

**જાગ્રતમે** = જાગ્રત અવસ્થામાં **જાગ્રત** = અતિ ઉજાગ્રત **સો** = તે **દિસત** = દેખાય છે, સમજાય છે **સકલ** = સર્વે **વિધિ** = રીતે, પ્રકારે **નિધિ** = બ્રહ્મ **સો** = તે **કછુન** = કંઈ પણ નહીં **છાની** = ગુપ્ત,

છાનું, **જાકી** = જેની **શુધ્ધ બુધ્ધ હે** = બુદ્ધિ શુદ્ધ છે, બુદ્ધિ પવિત્ર અને નિર્મળ છે.

## અનુવાદ

**જાગ્રતમાં પણ અતિ ઉજાગ્રતપણે વર્તાતી અવસ્થામાં સર્વ પ્રકારની સમજ પડે છે. જેની બુદ્ધિ નિર્મળ હોય તેનાથી બ્રહ્મમાં કોઈ બાબત અજાણી રહેતી નથી.**

## ભાવાર્થ

જ્યારે જાગ્રત અવસ્થાના ઉદરમાં પેટા જાગ્રત અવસ્થા વર્તમાન કરે ત્યારે મૂળ જાગ્રત અવસ્થા અતિ ઉજાગ્રત રીતે વર્તમાન કરતી હોય છે. તે સમયે અંધાધૂંધ અચેતપણું સમાઈ જાય અને સર્વે કાર્યોની શુદ્ધિ સ્ફુરણ થાય છે. એટલે કે, દેખાય તેવી સર્વ બાબતની સમજ પડે છે. જેની બુદ્ધિ વિકાર રહિત નિર્મળ હોય તેનાથી સમગ્ર બ્રહ્માંડની રચના પૈકીની કોઈ પણ બાબત અજાણી રહેતી નથી.

**સ્વપ્નામેં સ્વપ્ન સો ફોરત દેખ્યો ન કાઉ;**
**નિંદરા લ્યૌ અવુંનવું જાગ્રત અશુધ્ધ હે. ૩**

### શબ્દાર્થ

**સ્વપ્નામે** = સ્વપ્ન અવસ્થામાં **સ્વપ્ન** = સ્વપ્ન **સો** = જે **ફોરત** = સ્ફુરાયમાન થાય, ઉત્પન્ન થાય **દેખ્યો** = દેખ્યો, નિહાળ્યો **ન** = નહીં **કાઉ** = કોઈ વખત, ક્યારેક **નિંદરા** = ઊંઘમાં **લ્યૌ** = જાણ્યું, લીધે **અવુંનવું** = નવીન, તદ્દન નવું જ, કદીના જોયેલું **જાગ્રત** = જાગ્રત અવસ્થા **અશુધ્ધ હે** = મલિન, વિકારયુક્ત, ભાન વગર.

## અનુવાદ

**સ્વપ્ન અવસ્થામાં સ્વપ્ન સ્ફુરાયમાન થાય ત્યારે કદી ન જોયું હોય તેવું સ્વપ્ન આવે છે. ગાઢ નિદ્રામાં તે અવનવું જુએ ખરું પણ જાગૃત થતાં તેની જાણ બેશુદ્ધ થઈ જાય છે.**

## ભાવાર્થ

સ્વપ્ન અવસ્થાના ઉદરમાં પેટા સ્વપ્ન અવસ્થા જ્યારે સ્ફુરાયમાન થાય

છે ત્યારે તે ગાઢ નિદ્રામાં વર્તમાન કરતી સ્વપ્ન અવસ્થામાં કોઈ દિવસ ન જોયું હોય તેવું અવનવું સ્વપ્ન સ્ફુરાયમાન થાય છે. તે માનવ જ્યારે જાગ્રત થાય ત્યારે સ્વપ્ન અવસ્થામાં જોયેલી સર્વ બાબતને ભૂલી જતો હોય છે. એટલે કે, તેને સ્વપ્નની જાણ પૂરેપૂરી રહેતી નથી.

**કહત સષોપતિમે રહત સષોપતિ જેસે;**
**સૂઝો ન પરત તેસે યેસે અંધાધુંધ હે. ૪**

### શબ્દાર્થ

**કહત** = કહુ છું **સષોપતિમે** = સષોપતિ અવસ્થામાં **રહત** = રહે છે **સષોપતિ** = સષોપતિ અવસ્થા **જેસે** = જેવી રીતે, જ્યારે **સુઝો** = સૂઝ, સમજ **ન** = નહીં **પરત** = પડે **તેસે** = તેવી રીતે **યેસે** = એવી રીતે **અંધાધુંધ** = અંધાધુંધ, **હે** = છે.

### અનુવાદ

**જ્યારે સષોપતિ અવસ્થાના ઉદરમાં સષોપતિ પેટા અવસ્થા વર્તમાન કરે ત્યારે અંધાધુંધ પણું હોઈ, કોઈ પણ પ્રકારની સૂઝ (સમજ) પડતી નથી.**

### ભાવાર્થ

જ્યારે મૂળ સષોપતિ અવસ્થામાં તેની પેટા સષોપતિ અવસ્થા વર્તમાન કરતી હોય તે સમયે અર્ધ માત્રિકા સ્વપ્ન દેખાઈને વિલાઈ જાય છે. તે સમયે પુરા સ્વપ્નનું રૂપ પણ બંધાતું નથી અને અલ્પ પદાર્થ દેખાઈને વિલાઈ જાય છે એમ અંધાધુંધ પણું રહેલું હોવાથી તેને કોઈ પણ પ્રકારની સૂઝ પડતી નથી અને જાણ પણ રહેતી નથી.

**અંતઃકરણ જાકે રહત ઉપકરણ;**
**આગે જો કહો બરન સમજ સશુધ્ધ હે. ૫**

### શબ્દાર્થ

**અંતઃકરણ** = અંતઃકરણ **જાકે** = જેનાં **રહત** = રહેલા **ઉપકરણ** = સાધન, સામગ્રી, સંબંધ રાખતી બાબત, પેટા કર્તવ્ય, અનુષાંગિક પદાર્થ, ગૌણ સાધન **આગે** = આગળ **જો** = જે

**કહો** = દર્શાવ્યો, કહુ છું **બરન** = વર્ણન **સમજ** = સમજ **સશુધ્ધ હે** = શુદ્ધ પણે રહેલ છે, સ્પષ્ટ દર્શાવેલું છે.

### અનુવાદ

**અંતઃકરણો જેમાં અનુષાંગિક રીતે રહેલાં છે તે માહિતી આગળ આ ગ્રંથમાં શુદ્ધ સમજ પડે તે રીતે કહુ છું.**

### ભાવાર્થ

અંતઃકરણોઃ મન, બુદ્ધિ, અહંકાર અને ચિત્ત જે રીતે અન્ય જાગ્રત, સ્વપ્ન, સષોપતિ અને તુર્યાવસ્થામાં અનુષાંગિક રીતે રહેલાં છે જે અંગે ખૂબ જ સરળ સમજ પડે તે રીતનું સ્પષ્ટ વર્ણન હવે પછી આ અંગમાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દર્શાવશે છે.

**અધિષ્ટાન કહુ તાકે અંતસકરણ જાકે;**
**કારણ સેવક સાંમા સુર જે સાનિધ્ય હે. ૬**

#### શબ્દાર્થ

**અધિષ્ટાન** = સ્વામી રૂપ, અધિપતિ, શાસન, અમલવાળા, મુખ્ય રહેઠાણ **કહુ** = કહુ છું **તાકે** = તેમનો **અંતસકરણ** = અંતઃકરણ **જાકે** = જેમનાં, જેનાં **કારણ** = કારણ **સેવક** = સેવક **સાંમા** = સ્વામી **સુર** = દેવ **જે** = જે **સાનિધ્ય હે** = સાંનિધ્યમાં રહેલા છે.

### અનુવાદ

**અંતઃકરણના સ્વામી તરીકે રહેલા કારણરૂપ દેવતાઓના સાનિધ્યમાં સેવકરૂપ જે જે અંતઃકરણો રહેલા છે તેવા અધિપતિ દેવોનું હું વર્ણન કરું છું.**

### ભાવાર્થ

શરીરમાં રહેલા ચાર અંતઃકરણોના અલગ અલગ અધિપતિ દેવતાઓ છે. જે દેવતાઓ અંતઃકરણના કારણરૂપે રહેલા છે અને કાર્યરૂપે અંતઃકરણ કામ કરે છે. આમ સેવક રૂપી અંતઃકરણો સદાને માટે અધિપતિ દેવતાઓના સાંનિધ્યમાં

રહીને વર્તે છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આ અંગેની સમજ હવે આપણને દર્શાવે છે.

**મનકે ચંદ્રદેવ બુદ્ધિ ચિત્ત અજ વાસુ;**
**અહંકારે રુદ્રદેવ કુવેર વિખ્યાત હે. ૭**

**શબ્દાર્થ**

**મનકે** = મન અંતઃકરણના **ચંદ્ર** = ચંદ્ર **દેવ** = દેવતા **બુદ્ધિ** = બુદ્ધિ અંતઃકરણ **ચિત્ત** = ચિત્ત અંતઃકરણના **અજ** = બ્રહ્મા **વાસુ** = વિષ્ણુ **અહંકારે** = અહંકાર અંતઃકરણના **રુદ્રદેવ** = શંકરદેવ **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **વિખ્યાત હે** = વિખ્યાત છે, પ્રચલિત છે, જગ જાહેર રહેલા છે.

**અનુવાદ**

**કુવેરસ્વામી કહે છે કે મનના ચંદ્રદેવ, બુદ્ધિના બ્રહ્મા, ચિત્તના વિષ્ણુ અહંકારના શિવજી એમ સર્વે દેવો જગમાં જાહેર છે.**

**ભાવાર્થ**

મન અંતઃકરણના અધિપતિ ચંદ્ર છે, બુદ્ધિ અંતઃકરણના અધિપતિ દેવ બ્રહ્માજી છે. ચિત્ત અંતઃકરણના અધિપતિ દેવ વિષ્ણુ છે. અહંકાર અંતઃકરણના અધિપતિ દેવ શંકરજી છે. આમ આ રીતે અંતઃકરણોના અધિષ્ઠાન સ્થાને પરોક્ષ સ્વરૂપે રહેલા સર્વે દેવતાઓ વિશ્વ વિખ્યાત હોઈ જગજાહેર છે.

# અંગ ૨૩
# તુર્યાવસ્થાનો ભેદ

(ઉમંગ છંદ)

**અહંક્રતી ગ્રંથિ ગલે સો તુરીપદ;**
**હે સદ્ હારદ સષોપ્તિકો વાઈ. ૧**

### શબ્દાર્થ

**અહંક્રતી** = અહંકાર, હું પદ, આકૃતિવાન **ગ્રંથિ** = ગાંઠ, પ્રભાવ, વર્તમાન **ગલે** = સમાય, નાશ પામે, ઓગળીજાય, વિલાય **સો** = તે **તુરીપદ** = તુર્યાવસ્થાનું પદ **હે** = છે **સદ્** = સાચું, સત્ય **હારદ** = હાર્દ, મર્મ, રહસ્ય **સષોપ્તિ** = સષોપતિ અવસ્થા **કો** = નો, નું **વાઈ** = તે વર્તમાન થઈ વહન કરે.

### અનુવાદ

**તત્ત્વોમાં રહેલી અહંક્રતિની ગ્રંથિ નાશ પામે, ત્યારે તેને તુર્યાવસ્થા કહેવાય છે. તે જ સષોપતિનો સાચો હાર્દ છે.**

### ભાવાર્થ

જ્યારે પિંડમાં વાયુ તત્ત્વોવાળો સૂક્ષ્મ પ્રણવ વહન થતો હોય અને તે વૈરાટના પ્રણવ સાથે ભળે ત્યારે તુર્યાવસ્થા સ્ફુરણ થાય છે. આ મૂળ અવસ્થા ૪,૩૨૦ પ્રાણાયામ ચાલે છે.

જાગ્રત, સ્વપ્ન અને સષોપતિ એ ત્રણ અવસ્થા અને મન, બુદ્ધિ અને અહંકાર એ ત્રણ અંતઃકરણ એમ બધા મળી છ તત્ત્વો ક્રિયાશીલ હતાં તે લીન પામે ત્યારે તેને તુર્યા અવસ્થા સમજવી. આ અવસ્થા સ્ફુરણ થતાં નખથી શિખા પર્યંત શરીરની નાડીઓ ચપટાઈ જાય છે. તેથી લેતો અને મુકાતો બંને પ્રાણાયામ ઘોર કરતો વહન કરે છે. આ અવસ્થાનું મૂળ સ્થાન નાભિ છે.

## તીનું અવસ્થા તુરીમે અંકુરવત;
## સો સતમર્મ કહત સુનાઈ. ૨

### શબ્દાર્થ

**તીનું** = ત્રણેય **અવસ્થા** = અવસ્થા **તુરીમે** = તુર્યાવસ્થામાં **અંકુરવત** = વર્તમાન કરે, ઉત્પન્ન થાય, સ્ફુરણા પામે **સો** = તે **સતમર્મ** = સાચું રહસ્ય, શુદ્ધ મર્મ **કહત સુનાઈ** = કહુ છું તે સાંભળો.

### અનુવાદ

**તુર્યાવસ્થામાં ત્રણ અવસ્થાઓના પેટા વિભાગો અંકુરિત થઈને રહેલા છે. તેનો સાચો મર્મ હું કહી સંભળાવું છું.**

### ભાવાર્થ

મૂળ તુર્યાવસ્થામાં બીજી ત્રણ અવસ્થાઓ પેટા વિભાગે અંકુરિત થઈને રહેલી છે. જ્યારે તે પેટા અવસ્થાઓ વર્તમાન કરે ત્યારે તેનો પ્રભાવ અને તેના રહસ્યો વિષેનો સાચો મર્મ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર હવે પછી આપણને સમજાવે છે.

## જાગ્રત ઘોર નાસા બીની બાજત;
## સ્વપ્ન શરીર અહીવ મરોડાઈ. ૩

### શબ્દાર્થ

**જાગ્રત** = જાગ્રત અવસ્થા **ઘોર** = ઘોર, અવાજ **નાસા** = નસકોરું **બીની** = અગ્રભાગ મુકતો **બાજત** = બોલે છે **સ્વપ્ન** = સ્વપ્ન અવસ્થા **શરીર** = શરીર **અહીવ** = સાપ **મરોડાઈ** = મરોડાય, મરડાય.

### અનુવાદ

**તુર્યાવસ્થામાં જાગ્રત અવસ્થા વર્તમાન કરે ત્યારે બહાર નીકળતો પ્રાણાયામ ઘોર કરે છે અને સ્વપ્ન અવસ્થા વર્તમાન કરે ત્યારે સાપની માફક શરીર મરડાય છે.**

### ભાવાર્થ

તુર્યાવસ્થામાં પાંચ પેટા અવસ્થા વર્તમાન કરે છે જ્યારે તુર્યાવસ્થામાં પેટા જાગ્રત અવસ્થા વર્તમાન કરે ત્યારે મુકાતો પ્રાણાયામ એકલો ઘોર કરે છે, અને લેતો પ્રાણાયામ ઘોર વિનાનો સૂક્ષ્મ ચાલે છે. કારણ કે તુર્યાવસ્થા તો નાડીઓના ઊર્ધ્વ મુખે રહી છે. તેને લીધે ઊર્ધ્વ મુખની નાડીઓ વિકાસ પામે છે તેટલા માટે લેતો પ્રાણાયામ ઘોર કરતો નથી.

તુર્યાવસ્થામાં પેટા સ્વપ્ન અવસ્થા વર્તમાન કરતી હોય ત્યારે બંને પ્રાણાયામ સામાન્ય સૂક્ષ્મ ઘોર કરવા લાગે છે, કારણ કે સ્વપ્ન અવસ્થાને વિષે પ્રાણાયામનું ચેતનપણું થાય છે. તે પ્રાણાયામને વિષે દેહની નાડીઓનો વિકાસ થતો હોય છે. તે નાડીઓ વિકાસ પામવાથી પ્રાણાયામ સંકિરણ થતો નથી, તેથી સૂક્ષ્મ ઘોર કરે છે. વળી આ વખતે ઊંઘમાં નાડીઓ ઈંગલા અને પિંગલામાં પરિવર્તિત થતી હોવાથી વ્યક્તિ સાપની માફક મરડાયા કરે છે એટલે કે, વારંવાર પડખાં ફેરવે છે.

## શ્વાસ ઉશ્વાસ સષોપતિ જાણો સત્;
## અનુસુત ભેદ દીયો હે દેખાઈ.૪

### શબ્દાર્થ

**શ્વાસ ઉશ્વાસ** = લેતો અને મૂકતો પ્રાણાયામ, શ્વાસોચ્છ્વાસ **સષોપતિ** = સષોપતિ અવસ્થામાં **જાણો** = જાણો, તપાસો **સત્** = યથાર્થ **અનુસુત** = જોડાયેલ **ભેદ** = રહસ્ય મર્મ **દીયો હે દેખાઈ** = દેખાડી દીધો છે, બતાવી આપ્યો છે.

### અનુવાદ

**સષોપતિ વર્તમાન કરે ત્યારે ફક્ત શ્વાસોચ્છ્વાસની ક્રિયા થાય છે. આ પ્રમાણે એક અવસ્થામાં બીજી જોડાયેલી હોઈ તેનો ભેદ મેં કહી બતાવ્યો છે.**

### ભાવાર્થ

તુર્યાવસ્થામાં જ્યારે તેની પેટા અવસ્થામાં સષોપતિ અવસ્થા વર્તમાન કરે

ત્યારે લેતો પ્રાણાયામ ઘોર કરે છે અને મૂકતો પ્રાણાયામ સામાન્ય ચાલવા લાગે છે. કારણ કે સષોપતિ અવસ્થા અને અહંકાર અંતઃકરણ નાડીઓના અધોમુખ ભાગને વિષે રહ્યા છે. અહંકાર અંતઃકરણ નાડીઓના અધોભાગને વિકાસ પમાડે છે, તેને કરીને મુકાતો પ્રાણાયામ ઘોર કરતો નથી અને લેતો પ્રાણાયામ ઘોર કરે છે.

આ રીતે તુર્યાવસ્થામાં તેના પેટા વિભાગે રહેલી જાગ્રત અવસ્થા, સ્વપ્ન અવસ્થા અને સષોપતિ અવસ્થા અંગેના ભેદને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે આપણને બતાવ્યો છે.

## યેસેહી અંતઃકરણ અન્યોઅન્ય;
## સૂક્ષ્મ ભેદ લહે વિરલાઈ. ૫

### શબ્દાર્થ

**યેસેહી** = આ પ્રમાણે **અંતઃકરણ** = અંતઃકરણો **અન્યોઅન્ય** = એકબીજામાં, પરસ્પર **સૂક્ષ્મભેદ** = સૂક્ષ્મરહસ્ય, મર્મ **લહે** = જાણે **વીરલાઈ** = વિરલા પુરુષો.

### અનુવાદ

**આ પ્રમાણે અંતઃકરણોના પરસ્પર વર્તમાન અંગેના સૂક્ષ્મ ભેદને કોઈ વિરલા પુરુષ જ જાણી શકે છે.**

### ભાવાર્થ

જે રીતે અવસ્થાઓના પરસ્પર વર્તમાનનું રહસ્ય દર્શાવવામાં આવ્યું છે. તે મુજબ અંતઃકરણોમાં પાંચેય પેટા અવસ્થાઓ વર્તમાન કરે છે. તે અંગેના સૂક્ષ્મ ભેદને હવે પછીના અંગોમાં દર્શાવવામાં આવેલ છે. જે અતિ ગૂઢાર્થ ભરેલા વિષયને કોઈ વિરલા માનવો જ સમજી શકે છે.

પાંચ અવસ્થા ઊલટા-સૂલટી પલટાય છે. કારણ કે, મૂળ શુદ્ધ પ્રાણાયામમાં પાંચ તત્ત્વો વારાફરતી વર્તમાન કરે છે. તે તત્ત્વ પલટાવાથી અવસ્થા પલટાય છે.

| દેહ | તત્ત્વ | અંતઃ કરણ | મૂકતા પ્રાણયમ | લેતા પ્રાણયમ | અવસ્થા | વૈરાટ ભોગવે છે તે |
|---|---|---|---|---|---|---|
| સ્થૂળ | પૃથ્વી | મન | અપાન | કોરમ | જાગ્રત | નાગલોક, દેવ અને મનુષ્ય |
| સૂક્ષ્મ | જળ | બુદ્ધિ | પાન | કલકલ | સ્વપ્ન | પશુ, પતંગિયા અને કિટાણું |
| કારણ | અગ્નિ | અહંકાર | ઉદાન | દેવદત્ત | સુષુપ્તિ | તૃણ, વેલી, વૃક્ષ અને જળ જાતિ |
| મહાકારણ | પવન | ચિત્ત | વાન | નાગ | તુર્યા | ત્રણ ગુણ-ઘણ અને પર્વત |
| પરમકારણ | આકાશ | નચિંત | સમાન | ધનંજય | ઉનમૂની | આનંદ, પ્રકૃતિ, ધનંજય, મહાતત્ત્વ, અવ્યાક્ત અને નિરંજન |

જેવી રીતે વાજિંત્રમાં નાદ, કાષ્ટમાં અગ્નિ અને લુહારની ધમણમાં પવન રહ્યો છે. જે અલ્પ સૂક્ષ્મ સ્વરૂપે છે, પરંતુ જ્યારે તેને કોઈ મહદ્ ચૈતન જાગ્રત કરે ત્યારે જ તે જાગ્રત થાય છે, પરંતુ આપોઆપ જાગ્રત થતા નથી. તેવી જ રીતે આપણા શરીરમાં રહેલા તત્ત્વોના સૂક્ષ્મ પ્રણવ વિરાટના મહદ્ પ્રણવ સાથે જોડાણ થાય થાય છે, ત્યારે અવસ્થા સ્ફુરણ થાય છે.

**વાણી પશ્યંતિ મધ્યમા વાચ રહિત;**
**કુવેર બ્રહ્મ પરાકે પરાઈ. ૬**

### શબ્દાર્થ

**વાણી** = વાણી **પશ્યંતિ** = પશ્યંતી **મધ્યમા** = મધ્યમા **વાચ** = વાણી **રહિત** = પર, વગર **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **બ્રહ્મ** = બ્રહ્મ, સર્જનહારનો વ્યાપક પ્રકાશ **પરાકે** = પરાવાણીથી **પરાઈ** = પરાવાણીથી પણ પરે.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી વાણીથી બ્રહ્મપદ**

**પરે રહેલું છે. જે વાણી રહિતનું નિર્વાણ પદ છે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે પરા, પશ્યંતી, મધ્યમા તથા વૈખરી એમ ચાર પ્રકારની વાણીથી બ્રહ્મપદ અલગ રહેલું છે, અને વાણીથી રહિત નિર્વાણ પદ છે, એટલે કે, વાચા રહિત પદ છે.

# અંગ ૨૪
# તુર્યાવસ્થા અને અંતઃકરણનો ભેદ

**(પરિબોધ મોરાલ કંદ)**

**આગે જો અવસ્થા તીન જે જાકે સુર સાંમીન;**
**ચૈતન સો નિશદિન કરે સો કહી મમાં. ૧**

### શબ્દાર્થ

**આગે** = અગાઉ, આગળ, સમાયેલ **જો** = જે **અવસ્થા** = અવસ્થા **તીન** = ત્રણ **જે** = જે પ્રમાણે **જાકે** = તેનો **સુર** = ધ્વનિ, દેવ **સાંમીન** = સમાયેલ, સ્વામી, ઈષ્ટદેવ **ચૈતન** = ચૈતન **સો** = તે **નિશદિન** = દરરોજ, હમેશાં, રાત-દિવસ, નિત્ય **કરે** = કરે છે **સો** = તે **કહી** = કહ્યું **મમાં** = મેં.

### અનુવાદ

**આગળ જે તુર્યાવસ્થામાં ત્રણ અવસ્થાઓ વર્તમાન કરે છે તે અને તેમાંથી નિકળતા (ઘોર) સુર વર્ણવ્યા છે. વળી સર્વેમાં ચૈતન થયેલો પ્રણવ રાત-દિવસ વિલાસ કરે છે તે મેં કહી બતાવ્યું છે.**

### ભાવાર્થ

અગાઉના અંગોમાં મૂળ અવસ્થામાં તેની પેટા ત્રણ અવસ્થાઓ વર્તમાન કરે છે. તે અંગે તેમજ શ્વાસોચ્છ્વાસમાં અવસ્થા પ્રમાણે થતો ઘોર (અવાજ) અંગેનું વર્ણન પરમગુરુ શ્રીમત્ કરુણાસાગરે આપણને આગળ દર્શાવ્યું છે. એવી મૂળ અવસ્થામાં અંશની ચૈતનતાથી ચેતન થયેલ બ્રહ્મના મહાતત્ત્વો રૂપી પ્રાણાયામ રાત દિવસ વિલાસ કરે છે. તેની ગતિ અને રહસ્ય સમજાવ્યું છે.

**અહંકૃતી ગ્રંથિ ગલે સો તુરી સષોપતિ કી;**
**પીછલે ઉમંગ છંદ અધુરી હુતી જામાં. ૨**

### શબ્દાર્થ

**અહંક્રતી** = આક્રંતિવાન, વર્તમાન કરતાં **ગ્રંથિ** = પ્રભાવ, વર્તમાન **ગલે** = નાશ પામે, વિલાય, દૂર થાય **સો** = તે **તુરી** = તુર્યાવસ્થામાં **સષોપતિકી** = સષોપતિ અવસ્થાની **પીછલે** = અગાઉના ૨૧મા અંગ **ઉમંદ છંદ** = ઉમંગ છંદમાં **અધુરી હુતી** = અધૂરી રહી હતી તે **જામાં** = જેમાં, તેમાં.

## અનુવાદ

**અગાઉના ૨૧મા અંગમાં ચોપાઈ-૫ માં અધૂરી વિગતને હવે જણાવું છું કે તત્ત્વોમાં રહેલી અહંક્રતિની ગ્રંથિ નાશ પામે ત્યારે સષોપતિમાં તુર્યા વર્તમાન કરતી સમજવી.**

## ભાવાર્થ

અગાઉના ૨૧મા અંગમાં ચોપાઈ-૫ માં સષોપતિ અવસ્થામાં પેટા સ્વપ્ન અવસ્થા અંગે દર્શાવવામાં આવ્યું હતું. પછીનો વિભાગ જે અધૂરો હતો તે હવે આગળ દર્શાવવામાં આવે છે.

મૂળ સષોપતિ અવસ્થામાં તેની પેટા તુર્યાવસ્થા વર્તમાન કરે ત્યારે સષોપતિ અવસ્થાના અર્ધ માત્રિકા સ્વપ્નનો અલ્પ વિષય જે ઉત્પન્ન થયો હોય તે અર્ધ માત્રિકા સ્વપ્ન રહે અને એકલા અલ્પ વિષયની શાંતિ થઈ જાય છે. આમ વર્તમાન કરતા સ્વપ્નનો વિષય નાશ પામે છે અને તત્ત્વોમાં રહેલી અહંક્રતિની ગ્રંથિ પણ નાશ પામે છે.

**તુરીયા ચતુર તાકી કહે કોહો મત ગતિ;**
**ગુરુ ગમ લક્ષ જાકે ઉર સો જાને ગ્યમાં. ૩**

### શબ્દાર્થ

**તુરીયા** = તુર્યાવસ્થા **ચતુર** = ચાર અન્ય અવસ્થા પેટા વિભાગે રહીને વર્તમાન કરે **તાકી** = અંગેની **તે કહે** = કહે, જણાવે **કોહો** = કોઈ **મત** = સિદ્ધાંત, મંતવ્ય **ગતિ** = ગતિ સમજ **ગુરુ ગમ** = સમર્થ ગુરુ પાસેથી જ્ઞાન મેળવી **લક્ષ** = સમજ, સિદ્ધાંત **જાકે** = તેણે **ઉર** = હૃદયમાં **સો** = તે અંગે **જાને** = જાણે **ગ્યમાં** = સમજ, જાણ, ગમ.

### અનુવાદ

**તુર્યામાં અન્ય ચાર અવસ્થાઓ વર્તમાન કરે છે, તે અંગેની ગતિ અને મતિ જેના હૃદયમાં ગુરુગમના લક્ષની જાણ્ય હોય તે સમજી શકે છે.**

### ભાવાર્થ

બીજી અવસ્થાઓની જેમ મૂળ તુર્યાવસ્થામાં પણ બીજી ચાર અવસ્થાઓ વર્તમાન કરતી હોય છે. તે સમયે શરીરમાં થતા તેના પ્રભાવ અને પ્રણવની ગતિ વિગેરે અંગેની માહિતી જેના હૃદયમાં સમર્થ ગુરુના લક્ષની જાણ્ય હોય તેવા જ્ઞાની પુરુષો જાણી શકે છે.

## તુરીયામે તુરીયા સો અસમિ અહંગ આપ;
## ચૈતન અજપા જાપ શરીર સબે સમાં. ૪

#### શબ્દાર્થ

**તુરીયામે** = તુર્યામાં **તુરીયા** = તુર્યા વર્તમાન કરે **સો** = તો **અસમિ** = અસ્મિતા, પોતાપણાનું ભાન **અહંગ** = પોતે **આપ** = પોતે, અંશ **ચૈતન** = ચૈતન **અજપાજાપ** = આપમેળે જપાતો જાપ, પ્રાણાયામ, શ્વાસોચ્છ્વાસ **શરીર** = શરીર, તન **સબે** = સર્વે **સમાં** = સમાન, સમાયેલ છે.

### અનુવાદ

**જ્યારે તુર્યામાં તુર્યા વર્તમાન કરે ત્યારે પોતાપણાની અસ્મિતા રહે છે. કારણ કે આખા શરીરમાં સચૈતન અજપાજાપ જપાય છે.**

### ભાવાર્થ

જ્યારે મૂળ તુર્યાવસ્થામાં પેટા શુદ્ધ તુર્યાવસ્થા વર્તમાન કરતી હોય તો તે વખતે એકલો પ્રાણાયામ જ દેહને વિષે સ્ફુરણ પામેલો હોય છે. એટલે કે, સર્વ પદાર્થોના સંકલ્પો લીન પામીને શાંત થઈ ગયા હોય છે. આ સમયે શરીરનો ચાલક ચૈતન અંશની દૃષ્ટિ પ્રાણાયામ ઉપર પડેલી હોવાથી ચૈતન થયેલો પ્રાણાયામ એકલો અજપાજાપ રીતે એટલે કે, સહજ રીતે શ્વાસોચ્છ્વાસ ચાલ્યા જ કરતો હોય છે. કારણ કે પોતાના સ્વ-સ્વરૂપની એટલે કે, ચૈતન અંશની

અસ્મિતા (જાણ) પ્રણવ પર પડેલી રહે છે. તેમજ જાગ્રત, સ્વપ્ન અને સષોપતિ અવસ્થા તથા મન, બુધ અને અહંકાર અંતઃકરણની પ્રવૃતિ લીન પામેલ હોઈ તેની પ્રવૃત્તિઓ પણ શાંત પામી ગયેલી હોય છે.

**અંતઃકરણ યેસે એકુ એકુ માંહી તીનું;**
**રહત આધિન જાંહાં જોકો જાકે આગમાં. ૫**

**શબ્દાર્થ**

**અંતઃકરણ** = અંતઃકરણ **યેસે** = એવી જ રીતે **એકુ એકુ** = એક એક **માંહી** = અંદર **તીનું** = ત્રણેય **રહત** = રહે છે **આધિન** = આધીન, કહ્યામાં **જહાં** = જ્યાં **જોકો** = જે **જાકે** = જાય, શરૂઆત કરે **આગમાં** = પ્રથમ, સૌથી આગળ, મુખ્યત્વે.

**અનુવાદ**

**એવી રીતે (અવસ્થાઓની માફક) એક અંતઃકરણમાં બીજા ત્રણ ભળે છે. જે પ્રધાન અંતઃકરણ છે, તેને બાકીના આધીન થઈને રહે છે.**

**ભાવાર્થ**

અગાઉ જોયું તેમ મૂળ અવસ્થામાં પાંચેય પેટા અવસ્થા વર્તમાન કરે છે. એવી જ રીતે શરીરમાં રહેલા મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર એમ ચાર અંતઃકરણોમાં બધાં આમ તો જુદાજુદા રહેલાં છે. જ્યારે જે અંતઃકરણ પોતાના પુરુષાર્થની આગેવાની કરીને પહેલ કરે ત્યારે બાકીનાં ત્રણેય અંતઃકરણો તે આગેવાન અંતઃકરણને અનુસરે છે અને પ્રારંભ કરેલા પુરુષાર્થને અનુકૂળ બની કાર્યને સફળ બનાવવામાં મદદરુપ થાય છે.

**પ્રથમહી મન આગુ આંન્ય રહે તાકે સોહાગુ;**
**બુદ્ધિને ચીત તે આગુ ત્રતીયો રહેતમાં. ૬**

**શબ્દાર્થ**

**પ્રથમહી** = આરંભમાં, પ્રથમ **મન** = મન અંતઃકરણ **આગુ** = આગળ, આગેવાની કરે તો **આંન્ય** = બાકીનાં **રહે** = રહે છે **તાકે** = તેના **સોહાગુ** = સહભાગી, સહાધ્યાયી, સહાયરૂપ

**બુદ્ધિ** = બુદ્ધિ અંતઃકરણ **ને** = અને **ચીત** = ચિત્ત અંતઃકરણ **તે** = તે **આગુ** = આગેવાની કરે તો **ત્રતીયો** = બાકીના રહેલા ત્રણેય **રહેતમાં** = તેમાં રહે છે.

## અનુવાદ

**પ્રથમ મન આગેવાની કરે તો બાકીના તેને સહાયરૂપ રહે છે. બુદ્ધિ કે ચિત્ત આગેવાની કરે તો બાકીના રહેલા ત્રણેય તેમાં રહે છે.**

## ભાવાર્થ

જ્યારે પ્રથમ મન અંતઃકરણ આગેવાન થઈને કોઈ કાર્યનો આરંભ કરે અને પોતાનો ઇચ્છિત પુરુષાર્થ કરવાનો આરંભ કરે તો બાકીના રહેલા બુદ્ધિ અંતઃકરણ, અહંકાર અંતઃકરણ અને ચિત્ત અંતઃકરણ તેને સહાયભૂત થઈને મદદ કરે છે. અને આગેવાન મન અંતઃકરણના પુરુષાર્થમાં કામે લાગી જાય છે.

જ્યારે બુદ્ધિ અંતઃકરણ આગેવાની લઈને પોતાનો પુરુષાર્થ ચાલુ કરે તો તેવા સંજોગોમાં બાકીના મન, અહંકાર અને ચિત્ત અંતઃકરણ આગેવાન બુદ્ધિ અંતઃકરણના પુરુષાર્થને મદદરૂપ થઈને સહાયક બને છે.

જ્યારે અહંકાર અંતઃકરણ પોતાનો ઇચ્છિત પુરુષાર્થ કરવાની પહેલ કરે ત્યારે બાકીના રહેલા મન, બુદ્ધિ અને ચિત્ત અંતઃકરણો અહંકાર અંતઃકરણને સહાયતા કરે છે.

જ્યારે ચિત્ત અંતઃકરણ પોતાનો ઇચ્છિત પુરુષાર્થ કરવાની પહેલ કરે ત્યારે મન, બુદ્ધિ અને અહંકાર અંતઃકરણ ચિત્તના શરૂ કરેલા પુરુષાર્થને સહાયભૂત થઈને કાર્યમાં લાગી જાય છે.

**સૂક્ષમે સૂક્ષ્મ રહે રુપમે અરુપ અતિ;**
**કુવેર આત્મા યેસો કાલ સો ખાવે ક્યમાં. ૭**

### શબ્દાર્થ

**સૂક્ષમે** = સૂક્ષ્મમાં **સૂક્ષ્મ** = સૂક્ષ્મ રીતે **રહે** = રહે છે **રુપમે** = રૂપવાળા ઘાટમાં **અરુપ** = અરૂપ, રૂપ વગરનો **અતિ** = અતિશય **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **આત્મા** = આત્મા, અંશ

**યેસો** = એવો **કાલ** = કાળ – આદ્ય, મધ્ય અને અંતનો સમય **સો** = તે **ખાવે** = ખાય, ભરખે, નાશ કરે **ક્યમાં** = ક્યાંથી, કેવી રીતે,

## અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે રૂપવાળા શરીરમાં અરૂપ અને સૂક્ષ્મમાં અતિ સૂક્ષ્મ રહેનાર અંશને કાળ કેમ કરીને ખાઈ શકે ?**

## ભાવાર્થ

પ્રાણાયામને ચૈતન કરનાર સર્જનહારના સજાતીય પૂર્ણ ચૈતન અંશ છે. જે અતિ સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને અરૂપ છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે કાળ અંશનો કદી નાશ કરી શકતો નથી. એટલે કે, તે અંશ તો એક દેહમાંથી બીજા દેહમાં પોતાના કર્મોના આધારે ભટકતો રહે છે. જ્યારે કાળ સ્થૂળ નાશવંત શરીરનો નાશ કરે છે. જેને આપણે દેહનું મૃત્યુ કહીયે છીએ, પરંતુ તેમાં રહેલ ચૈતનને કાળ કદી પણ ખાઈ શકતો નથી કે તેનો નાશ થતો નથી.

# અંગ ૨૫
# વેદ-શાસ્ત્ર અંગે વિશ્વની ભ્રમણા

(ઉમંગ છંદ)

**વેદ કતેબ કુરાન પુરાન;**
**નિગમ ન ગમ અગમ બખાને. ૧**

### શબ્દાર્થ

**વેદ** = વેદ સનાતન હિંદુ ધર્મનો આદિ ધર્મગ્રંથ **કતેબ** = કિતાબ **કુરાન** = કુરાન, ઈસ્લામ ધર્મનું ધર્મ પુસ્તક **પુરાન** = પુરાણ ગ્રંથ **નિગમ** = વેદ **ન** = નહીં **ગમ** = સમજ, જ્ઞાન, ગતિ **અગમ** = અગમની **બખાને** = વખાણ કર્યા છે.

### અનુવાદ

**વેદ, કિતાબ, કુરાન અને પુરાણોમાં અગમ પદ અંગે સમજ નથી, છતાં તેમણે અગમપદના અજાણતામાં વખાણ કર્યા છે.**

### ભાવાર્થ

વેદ, કિતાબ, કુરાન અને પુરાણોના અભ્યાસથી જણાય છે કે તેમાં જે કોઈ વર્ણન અને જ્ઞાનને દર્શાવવામાં આવ્યું છે તે સર્જનહારની રચના અંગેનું છે, પરંતુ તે રચનાના કારણરૂપે રહેલા તત્ત્વાતીત, શાશ્વત અને ગુપ્ત અગમ પદનું વર્ણન જોવા મળતું નથી. એટલે કે, તેવા પરમપદ માટે વેદમાં ''નેતિ'' શબ્દનું ઉચ્ચારણ કરેલું છે. જ્યારે બાકીના ધર્મ પુસ્તકોમાં ઈષ્ટ તરીકે મહાપુરુષો કે અન્ય અવતારાદિક દેવ-દેવીઓને તેમની ઐશ્વર્યના આધારે ઈષ્ટ તરીકે સ્થાપિત કર્યા છે. અર્થાત્ બનાવટી કર્તાનું સ્થાપન કરી તેમનાજ ગુણગાન ગાયા છે અને અજાણતાપૂર્વક અનુમાન દ્વારા અગમપદના વખાણ કર્યા છે.

**સૂરતિ સમરતિ ઉચરતિ અહોનિશ;**
**ગાવત ગુન ગુની વા અયાને. ૨**

### શબ્દાર્થ

**સૂરતિ** = શ્રુતિ, વેદ, સાંભળીને લખેલ વાતો **સમરતિ** = સ્મૃતિ, મનુસ્મૃતિ, પરંપરાની યાદદાસ્ત ઉપરથી ઋષિઓએ બનાવેલ ધર્મશાસ્ત્રો, ધર્મ પુસ્તકો **ઉચરતિ** = ઉચ્ચારે, દર્શાવે **અહોનિશ** = અહર્નિશ, દિવસ અને રાત, સદાને માટે **ગાવત** = ગાય છે, બોલે છે **ગુન** = ગુણગાન **ગુની** = ગુણના, સગુણ, ઉપાસના અંગેના **વા** = તે, **અયાને** = અજાણ્યા.

### અનુવાદ

**સ્મૃતિ અને શ્રુતિ અહર્નિશ ગુણના ગુણ ગાય છે, જેથી આદિ પદ અજાણ્યું રહ્યું છે.**

### ભાવાર્થ

શ્રુતિ કહેતા સાંભળીને લખાયેલાં ધર્મ પુસ્તકો જેમાં ઘણાં વિદ્વાનો ૨૨ શ્રુતિઓને માન્ય ગણે છે તો કેટલાક વળી ૬૬ અલગ અલગ રહસ્ય (ભેદ) સ્વીકારીને જુદી જુદી ૬૬ શ્રુતિઓ છે એમ માને છે. જ્યારે સ્વરની અપેક્ષાએ પ્રાચીન ૨૨ શ્રુતિઓ કહેવાય છે. ધર્મમાર્ગમાં વેદોને પણ શ્રુતિ તરીકે પ્રચલિત ધર્મગ્રંથ ગણવામાં આવ્યા છે.

તેમજ હિન્દુઓના ધર્મશાસ્ત્ર માટે દરેક અસલના ઋષિઓ દ્વારા ઈશ્વરોક્ત વેદ ઉપર પોતાની યાદદાસ્તથી લખેલા ગ્રંથને સ્મૃતિ કહેવામાં આવે છે. જે પુરાણો કરતાં જ્ઞાનમાં આગળ પડતાં અને વિશેષ ગણવામાં આવે છે. વળી તે "પૃથ્વીચંદ્ર" ચરિત્રમાં લખ્યા પ્રમાણે ૧૮ સ્મૃતિઓ છે. તો કોઈ ૨૦ સ્મૃતિઓ ગણાવે છે. જે પૈકી મનુસ્મૃતિ વિશેષ પ્રચલિત છે.

આ ઉપર દર્શાવેલ બધા જ ધર્મ પુસ્તકોમાં રૂપ-ગુણવાળા જે પદો છે તેવા સગુણ સિદ્ધાંતમાં ગણાતા સર્વ ઈશ્વરાદિક, અવતારાદિક મહાપુરુષોનાં ગુણગાન ગાયેલાં છે, પરંતુ બ્રહ્માંડની રચનાના કારણરૂપ બ્રહ્મથી પરે રહેલ તત્ત્વાતીત પરમપદ અંગે સર્વે અજાણ્યા રહેલા છે.

**સાંખ્ય વેદાન્ત મીમાંસા પાતાંજલિ;**
**ન્યાય વિશેષી સો વેશ લોભાને. ૩**

### શબ્દાર્થ

**સાંખ્ય** = સાંખ્યશાસ્ત્ર **વેદાંત** = વેદાંતશાસ્ત્ર **મીમાંસા** = મીમાંસાશાસ્ત્ર **પાતાંજલિ** = પતંજલિશાસ્ત્ર **ન્યાય** = ન્યાયશાસ્ત્ર **વિશેષી** = વૈશેષિકશાસ્ત્ર **સો** = તે **વેશ** = ઘાટો, જન્મ ધારણ કરીને થઈ ગયેલા વેશ-ધારીઓમાં **લોભાને** = લોભાયા છે.

### અનુવાદ

**સાંખ્ય, વેદાંત, મીમાંસા, પતંજલિ, ન્યાય અને વૈશેષિક આ છ શાસ્ત્રો પણ વેશવાળામાં લોભાયા છે.**

### ભાવાર્થ

ચાર વેદના જ્ઞાનનું દોહન કરીને અલગ અલગ જ્ઞાની પુરુષોએ પોતાનો અભિપ્રાય આપીને સાંખ્ય, વેદાંત, મીમાંસા, પતંજલિ, ન્યાય અને વૈશેષિક એમ છ શાસ્ત્રો બનાવેલાં છે. તેના શાસ્ત્રકારો રૂપ અને ગુણવાળા પંચભૌતિક વેશમાં લોભાયા છે. તેવા નાશવંત પદોના જ વખાણ કરીને તેમજ મહત્તા બતાવીને શ્રેષ્ઠ પદ તરીકે સ્થાપના કરેલી છે.

**રાજસ સત્વ પ્રકૃતિ તમોગુન;**
**કારનકે કતહી સત્ માને. ૪**

### શબ્દાર્થ

**રાજસ** = રજોગુણી બ્રહ્મા **સત્વ** = સતોગુણી વિષ્ણુ **પ્રકૃતિ** = પ્રકૃતિરૂપ આદિ નિરંજન અને આદ્યશક્તિ **તમોગુન** = તમોગુણી શંકર **કારનકે** = કારણરૂપે **કતહી** = કર્તાની રચના અંગેના હોવા છતાં **સત્** = સાચા, સત્ય **માને** = માનેલા છે.

### અનુવાદ

**રજોગુણી, સતોગુણી, તમોગુણી અને પ્રકૃતિમય ગણાતા સર્વે કતને વિશ્વના કારણરૂપ ગણીને સાચા માનેલા છે.**

### ભાવાર્થ

સર્જનહારની રચના પૈકીના રજોગુણી બ્રહ્માજીને, સતોગુણી વિષ્ણુને,

તમોગુણી શિવજીને અને પ્રકૃતિના પ્રદેશમાં ગણાતા આદિ નિરંજન અને આદ્યશક્તિના સ્વરૂપોને આ જગતના કારણરૂપે દર્શાવ્યા છે અને તેમને જ સત્ય માનેલાં છે.

**ભેખ અનેક રચે ખટ દર્શન;**
**આશ્રમ ચાર વહેવાર વિભાને. ૫**

### શબ્દાર્થ

**ભેખ** = વિરક્ત દિક્ષા, વૈરાગીપણાનો વેશ **અનેક** = અસંખ્ય, વિવિધ પ્રકારના **રચે** = રચના કરીને, બનાવીને **ખટદર્શન** = છ શાસ્ત્રોને **આશ્રમ ચાર** = ચાર પ્રકારના આશ્રમ : બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસ્થાશ્રમ **વહેવાર** = વહેવારમાં, આચારસંહિતામાં, આચરણમાં, જીવન જીવવાની પદ્ધતિમાં **વિભાને** = વિભાગ કર્યા, પાડ્યા છે.

### અનુવાદ

**છ શાસ્ત્રોમાં અનેક પ્રકારના ભેખનું વર્ણન કર્યું છે, તેમજ ચાર આશ્રમો અને તેને લગતા વ્યવહાર નક્કી કરીને વિભાગો પાડેલા છે.**

### ભાવાર્થ

છ શાસ્ત્રોમાં ખટદર્શન ભેખ તેમજ તેના શાસ્ત્રકારોએ માનવીના જીવનની અવસ્થાના બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ અને સંન્યાસ્થાશ્રમ એવા ચાર વિભાગ પાડ્યા છે. તેને લગતી જીવન જીવવાની આચારસંહિતા બનાવીને તેમણે વિશ્વના માનવોને વિધિ-નિષેધના વ્યવહારમાં બાંધી રાખ્યા છે.

**કહત કુવેર ઘનેરે મતંતર;**
**બ્રહ્મ સતંતર કાહુ ન જાને. ૬**

### શબ્દાર્થ

**કહત કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **ઘનેરે** = ઘણા બધા **મતંતર** = મતમતાંતરો **બ્રહ્મ** = સચરાચરવ્યાપક સર્જનહારનો પ્રકાશ **સતંતર** = અભિન્ન, સર્વત્ર પ્રસરેલ, સચરાચર **કાહુન** = કોઈ નથી, કોઈએ પણ નહીં **જાને** = જાણવું, જાણ્યું.

## અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે આ પ્રમાણે ઘણા મત-મતાંતર છે. વળી સચરાચર વ્યાપક બ્રહ્મને પણ કોઈ જાણી શક્યું નથી.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે અગાઉ દર્શાવ્યા મુજબના વેદ, કિતાબ, કુરાન, પુરાણ, છ શાસ્ત્રો, સ્મૃતિ, શ્રુતિ વગેરે અનેક પ્રકારના ધર્મ પુસ્તકો રચાયેલા છે. વળી તેના રચનારા જ્ઞાની પુરુષો અને ઋષિમુનિઓએ દૃઢ કરાવેલા અને પોતાની સૂઝ મૂજબ સ્થાપેલા વિધવિધ પ્રકારના મત - મતાંતરો પણ વિશ્વમાં ઘણા છે, પરંતુ સચરાચરવ્યાપક બ્રહ્મ જે વિશ્વના કારણરૂપે રહેલા સર્જનહારનો પ્રકાશ છે તેને પણ કોઈએ સાચી રીતે ઓળખ્યું નથી અને તેની જાણ પ્રાપ્ત કરી શક્યા નથી.

# અંગ ૨૬
# બ્રહ્મ અંગેની ભ્રમણા

(પરિબોધ મોરાલ કંદ)

**બ્રહ્મહીકે જાને બીના પાર ન પાવત કોઉ;**
**બ્રહ્મહીકે જાને બીના સંશે ન દહતુ હે. ૧**

### શબ્દાર્થ

**બ્રહ્મહીકે** = બ્રહ્મને **જાને** = જાણ્યા **બિના** = વિના **પાર** = પાર, નિવેડો, નિર્ણય, ભેદ, રહસ્ય **ન** = નહીં **પાવત** = પ્રાપ્ત કરી **કોઉ** = કોય **બ્રહ્મહીકે** = બ્રહ્મને **જાને બીના** = જાણ્યા સિવાય **સંશે** = સંશયો **ન** = નહીં, નથી **દહતુ હે** = નષ્ટ થતા.

### અનુવાદ

**બ્રહ્મને જાણ્યા વિના કોઈ તેના મર્મને પ્રાપ્ત કરી શકે નહીં. તેમજ બ્રહ્મને જાણ્યા વિના સંશયો બળતા નથી અર્થાત્ નષ્ટ થતા નથી.**

### ભાવાર્થ

સર્જનહારના પ્રકાશ રૂપે જે સચરાચર વ્યાપક બ્રહ્મ છે, તેને યોગ્ય રીતે ઓળખ્યા સિવાય તેના રહસ્યનો નિવેડો લાવી શકાય નહીં કે મનમાં રહેલા જાતજાતના અનેક સંશયોનો નાશ પણ ન થાય. જ્યાં સુધી મનના સંશયો નષ્ટ ન થાય ત્યાં સુધી બ્રહ્મની પાર શું વસ્તુ રહેલી છે ? તેનો પણ નિર્ણય ન કરી શકાય. બ્રહ્મને યથાયોગ્ય સ્વરૂપે જાણવાથી જ તે બધું શક્ય બને છે.

**બ્રહ્મહીકે જાને બિના ગલત ના હર્દે ગ્રંથિ;**
**સાર ન અસાર કછુ જાન્યો ન પરતુ હે. ૨**

### શબ્દાર્થ

**બ્રહ્મહીકે** = બ્રહ્મને **જાને બિના** = જાણ્યા સિવાય **ગલત** = ઓગળવું, ગળવું, નાશ પામવું, દૂર થવું, વિરામ પામવું **ના** = નહીં **હર્દે** = હૃદયમાં રહેલ **ગ્રંથિ** = ગૂંચ, ગાંઠ, અહંકૃતિ ના વમળો

**સાર** = સત્વ, શાશ્વત, સાર **ન** = અને, નહીં **અસાર** = અસત્ય, નાશવંત **કછું** = કાંઈ **જાન્યો** = જણાય **ન** = નહીં **પરતુ હે** = સંપૂર્ણ પણે, પુરેપુરું પ્રાપ્ત થવું.

## અનુવાદ

**બ્રહ્મને જાણ્યા સિવાય હૃદયમાં બંધાયેલી ગ્રંથિઓ ઓગળતી નથી તેમજ શાશ્વત અને નાશવંતની પૂર્ણ સમજ પ્રાપ્ત કરી શકાતી નથી.**

## ભાવાર્થ

વિશ્વના સર્જનહારના પ્રકાશરૂપે જે સચરાચર વ્યાપક બ્રહ્મ છે તેને યોગ્ય રીતે ઓળખ્યા સિવાય આપણા હૃદયમાં સર્જનહાર અંગે કે વિશ્વની ઉત્પત્તિ અંગે ઘર કરીને રહેલી ભ્રમણાયુક્ત માન્યતાઓ દૂર થતી નથી. તેમજ શરીરમાં રહેલ શાશ્વત અંશ અને વિશ્વના અંશીની તેમજ શરીરમાં રહેલ નાશવંત તત્ત્વો અને વિશ્વના નાશવંત પદાર્થોની પૂરેપૂરી સમજ પ્રાપ્ત કરી શકાતી નથી, જેથી સારરૂપ વિત્ત અને અસારરૂપ મિથ્યા તત્ત્વોના સત્યાસત્યનું પ્રમાણ પણ નક્કી કરી શકાતું નથી.

## ગ્રંથની અનેક મત ઉતઈત જીતતીત;
## ખટ દરશન ખટપટહી કરતુ હે. ૩

### શબ્દાર્થ

**ગ્રંથની** = ધર્મ પુસ્તકોની **અનેક** = અનેક, એકથી વિશેષ **મત** = માન્યતા, લક્ષ, મતો, સંપ્રદાયો, સિદ્ધાંત, પંથ **ઉતઈત** = આલોક અને પરલોક **જીતતીત** = જ્યાં ને ત્યાં, જેમ-તેમ **ખટ દરશન** = છ શાસ્ત્રોની **ખટપટહી** = યુક્તિ, પ્રયુક્તિ, પ્રપંચભરી રચનાઓ **કરતુ હે** = કરેલ છે.

## અનુવાદ

**ધર્મપુસ્તકોમાં અનેક મત-મતાંતર છે. જેમાં આલોક અને પરલોકનું જેમ-તેમ વર્ણન કર્યું છે. આમ છ શાસ્ત્રોએ અનેક જાતની ખટપટ ઊભી કરેલી છે.**

## ભાવાર્થ

વેદ, કિતાબ, કુરાન, પુરાણ વિગેરે અનેક પ્રકારના ગ્રંથોમાં ભિન્નભિન્ન

પ્રકારના સંશયોવાળા મત-મતાંતરો ઊભા કરેલા છે. તેના રચનાર વિદ્વાન જ્ઞાની પુરુષોએ આલોક અને પરલોકનું જે યોગ્ય લાગ્યું તે મુજબનું વર્ણન કરેલું છે. તેમજ છ શાસ્ત્રોના રચયિતાઓએ પણ પોતાની આગવી સૂઝ મૂજબ વિશ્વના માનવોને વિધવિધ પ્રકારની ભ્રમણાયુક્ત વિચારધારા દર્શાવી ને મત-મતાંતરની ખટપટ ઊભી કરેલી છે.

**સુનત સુનત અતિ ભિન્ન ભિન્ન હોત મતિ;**
**કોઈ કહે કાઉ કોઈ કાઉકુ કહતુ હે. ૪**

### શબ્દાર્થ

**સુનત સુનત** = સાંભળતાં સાંભળતાં, શ્રવણ કરતાં કરતાં **અતિ** = ઘણાં, અતિશય, ખૂબ જ **ભિન્ન ભિન્ન** = જુદા જુદા **હોત** = હોય છે **મતિ** = મતો બુદ્ધિ, માન્યતાઓ, સૂઝ **કોઈ કહે** = કોઈ કહે છે **કાઉ** = કાંક **કોઈ** = કોઈ **કાઉકુ** = કોઈને **કહતુ હે** = કહે છે, દર્શાવે છે.

### અનુવાદ

**આ ધર્મગ્રંથોને સાંભળી સાંભળીને ઘણા પ્રકારની જુદી જુદી માન્યતાઓ ઊભી થઈ છે. કોઈ કાંઈક કહે છે તો કોઈ કાંઈકનું કંઈક કહે છે.**

### ભાવાર્થ

ધાર્મિક પુસ્તકોનો અભ્યાસ કરતાં અને તેને સાંભળતાં સાંભળતાં વિશ્વના ધર્મમય જિંદગી જીવતા જીવોના મનમાં દ્વિધા ઉત્પન્ન થાય છે. દરેક ગ્રંથોમાં તેના રચનારે પોતપોતાની બુદ્ધિ અને સૂઝ મુજબ જુદા જુદા પક્ષોની રચના કરી છે. તેમાં અલગ અલગ શ્રેષ્ઠ દેવોની સ્થાપના કરીને તેઓની શ્રેષ્ઠતા દર્શાવવામાં આવી છે અને ઇષ્ટ તરીકે સ્થાપન કરેલું છે. કોઈ કોઈકને ઇષ્ટ તરીકે દર્શાવે છે તો બીજા કોઈ બીજા અન્યને શ્રેષ્ઠ દર્શાવે છે. કોઈના પણ કહેવામાં એકસૂત્રતા કે એક નિશ્ચિત સર્વ સામાન્ય મંતવ્ય દેખાતું નથી, પરંતુ જુદા જુદા ભ્રમણાના ભરેલાં મતપક્ષો અને સિદ્ધાંતો જણાય છે. અર્થાત્ નિર્ણયપૂર્વક સચોટ અને ચોક્કસ વસ્તુ કોઈનામાં નથી.

## તાઈતે ભૂલત જીવ પરત વિભ્રાંતિ ભાતિ;
## પંથની નિશંખ ચિત ચલી ન શકતુ હે.૫

### શબ્દાર્થ

**તાઈતે** = તેથી જ **ભુલત** = ભૂલા પડ્યા છે **જીવ** = જીવો, માનવો **પરત** = પડ્યા છે **વિભ્રાંતિ** = વધુ પ્રમાણેની ભ્રમણા, મિથ્યા જ્ઞાન **ભાતિ** = જાત, પ્રકાર, ભાતમાં **પંથની** = પક્ષોની, સંપ્રદાયોની, મતોની, વિચારધારાની **નિશંખ** = શંકા રહિત, નિઃશંકપણે **ચિત** = ચિત્ત અંતઃકરણ **ચલી ન શક્તુ હે** = ચલાયમાન થઈ શકતા નથી.

### અનુવાદ

**તેથી જગતના જીવો ભાતભાતની ભ્રમણામાં ભુલા પડેલા છે. તેથી શંકા રહિત ચિત્તવાળા થઈ કોઈ સાચા પંથમાં જઈ શકતા નથી.**

### ભાવાર્થ

જગતના ભોળા જીવો અત્યંત ભ્રાંતિવત્ થઈને એવા તો ભ્રમણામાં ભૂલા પડ્યા છે, કે કોઈ યોગ્ય નિર્ણય લઈ શકતા નથી. તેઓ કોઈ ચોક્કસ પંથમાં નિઃશંક પણે પોતાના ચિત્તને સ્થિર કરી શકતા નથી, પરંતુ અચોક્કસતા જણાતાં ચિત્ત ચંચળ રહે છે અને સત્ય માર્ગમાં તેઓની ચિત્તવૃત્તિ સ્થિર થઈ શકતી નથી. આમ, ઠેર ઠેર ભટકતા હોવાથી સારરૂપ પોતાના આત્માના કલ્યાણનો સાચો માર્ગ ગ્રહણ કરી શકતા નથી.

## લહે બિનું નિજગતિ રહત ના ઈન્દ્રિ જીતી;
## વિકલ વિલાપ તાપ મનહી ભ્રમતુ હે.૬

### શબ્દાર્થ

**લહે** = જાણ્યા **બિનું** = સિવાય **નિજગતિ** = મૂળગતિ, નિજની સમજ **રહત** = રહેતી **ના** = નહીં, નથી **ઈન્દ્રિ** = ઇન્દ્રિયો **જીતી** = જીતીને, **વિકલ** = અપૂર્ણ, ખંડિત, વિનાની **વિલાપ** = રુદન, વિલાપ કરવો, ભક્તિ કરવી **તાપ** = દુઃખ, સંતાપ **મનહી** = મન અંતઃકરણમાં **ભ્રમતુ હે** = ભમતું રહે છે, ભમે છે.

### અનુવાદ

**ભ્રમણાયુક્ત મનના કારણે દુઃખી થઈ ખંડિત દેવો આગળ વિલાપ કરે છે, પરંતુ નિજની ગતિને જાણ્યા સિવાય ઈન્દ્રિયો ઉપર જીત પ્રાપ્ત કરી શકાતી નથી.**

### ભાવાર્થ

વિશ્વના સર્વે માનવો ત્રિવિધ તાપમાં અસહ્ય દુઃખોથી પીડાય છે. તેઓ તેમાંથી મુક્ત થવા માટે ખંડિત ભ્રમણા ભરેલી ઉપાસનાઓમાં મનને ભટકતું રાખે છે તેમજ પામર દેવ-દેવીઓની શરણાગતિ સ્વીકારીને વ્યર્થ વિલાપ કરે છે, પરંતુ જ્યાં સુધી વિશ્વના જીવો પોતાના શુદ્ધ ચૈતન સ્વરૂપની જાણને એટલે કે, પોતાના નિજ ચૈતન સ્વરૂપને જાણી શકતા નથી, ત્યાં સુધી દેહાભિમાનમાં રહેલા હોવાથી ઈન્દ્રિયોના ભોગ-વૈભવમાં જ રચ્યાપચ્યા રહે છે. જેથી તે ઈન્દ્રિયો ઉપર જીત પ્રાપ્ત કરી શકતા નથી.

## છૂટત ભરમ સબ સતગુરુ મીલે જબ;
## અન્ય ના ઉપાય કછુ કુવેર કહતુ હે. ૭

#### શબ્દાર્થ

**છૂટત** = છૂટી જાય, દૂર થાય **ભરમ** = ભ્રમણા **સબ** = સર્વે **સતગુરુ** = સદ્‌ગુરુ **મીલે** = મળે **જબ** = જ્યારે **અન્ય** = બીજી **ના** = નહીં, નથી **ઉપાય** = ઉપાય, ઈલાજ, ઉપચાર, રસ્તો, યુક્તિ **કછુ** = કોઈ **કુવેર** =કુવેરસ્વામી કહે **કહતુ હે** = કહે છે.

### અનુવાદ

**જ્યારે સતગુરુનો મેળાપ થાય તો જ સર્વ ભ્રમણાઓ દૂર થાય છે. કુવેરસ્વામી કહે છે કે આ સિવાય બીજો કોઈ ઉપાય નથી.**

### ભાવાર્થ

વિશ્વમાં માનવ દુઃખી હાલતમાં ગમે ત્યાં ભ્રમણાયુક્ત ઉપાસનાઓમાં ભટકતો રહે છે. જેથી માનવદેહે કરવા યોગ્ય પોતાની મુક્તિનું કાર્ય સિદ્ધ કરી શકતો નથી, પરંતુ જો તેને સમર્થ સદ્‌ગુરુનો મેળાપ થાય અને તેમનું શરણું

સ્વીકારીને તેમની કૃપા પ્રાપ્ત કરે તો ચોક્કસ તેની બધી જ ભ્રમણાઓનું નિવારણ થઈ જાય છે. ઇન્દ્રિયો ઉપર જીત મેળવીને પોતાના નિજ ચૈતનસ્વરૂપની યોગ્ય પહેચાન કરીને તેના ઉદ્ધાર માટેના કાર્યમાં તલ્લીન થઈ શકાય છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જન્મમરણના ભવસંકટમાંથી મુક્તિ પ્રાપ્ત કરવી હોય તો સમર્થ સદ્ગુરુનું શરણું સ્વીકાર્યા સિવાય બીજો કોઈ ઉપાય જ નથી.

# અંગ ૨૭
# વિવિધ ઉપાસનામાં ચિત્ત લગાવનકો

(ઉમંગ છંદ)

**કાઉકો ચિત્ત લાગ્યો શક્તિ સુર;**
**કાઉકો ચિત્ત વિરંચી વિહાર. ૧**

### શબ્દાર્થ

**કાઉકો** = કોઈનું **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **લાગ્યો** = વળગ્યું, લાગ્યું **શક્તિ** = આદ્યશક્તિ, દેવી **સુર** = દેવતાઓ **કાઉકો** = કોઈનું **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **વિરંચી** = બ્રહ્મા **વિહાર** = ક્રીડા, રજોગુણી.

### અનુવાદ

**કોઈનું ચિત્ત દેવોમાં અને આદ્ય શક્તિમાં તો કોઈકનું ચિત્ત રજોગુણી બ્રહ્મામાં લાગેલું છે.**

### ભાવાર્થ

વિશ્વમાં અલગ અલગ પ્રકારની ઉપાસના કરવાવાળા માનવો ક્યાં ક્યાં અટક્યા છે તે આ અંગમાં બતાવવામાં આવ્યું છે.

યોગીઓએ જ્યોતિ સ્વરૂપ નિરંજનમાં ચિત્તને સ્થિર કરેલું છે, તો શક્તિના ઉપાસકોએ આદ્યશક્તિ મહામાયા અને તેમના વ્યાપક શક્તિ સ્વરૂપોમાં પોતાના ચિત્તને સ્થિર કર્યું છે. વેદના વેત્તા બનેલાઓએ રજોગુણી બ્રહ્માની આરાધનામાં પોતાના ચિત્તને સ્થિર કરેલું છે.

**કાઉનકો ચિત્ત, વિષ્ણુ આરાધના;**
**કાઉકો ચિત્ત શિવા પતિયાર. ૨**

### શબ્દાર્થ

**કાઉનકો** = કોઈનું **ચિત્ત** = ચિત્ત અંતઃકરણ **વિષ્ણુ** = વિષ્ણુ **આરાધના** = ભક્તિ, ભજન, સ્મરણ,

**કાઉકો** = કોઈનું **ચિત્ત** = ચિત્ત **શિવા** = શંકરના **પતિયાર** = પ્રત્યે યારી ધરાવે છે, પ્રતીતિ, વિશ્વાસ ધારણ કરીને રહેલા છે.

## અનુવાદ

**કોઈનું ચિત્ત વિષ્ણુની આરાધના કરવામાં તો કોઈનું ચિત્ત શિવ પ્રત્યે યારી ધરાવનારું છે.**

## ભાવાર્થ

વિશ્વમાં જે વૈષ્ણવો કહેવાય છે, તેઓ પોતાના ચિત્ત અંતઃકરણ દ્વારા સતોગુણી વિષ્ણુ અને તેના અવતારોની આરાધના કરે છે. જે શૈવ પરંપરામાં માનનારો વર્ગ છે તે પોતાના ચિત્ત અંતઃકરણથી તમોગુણી શંકર પ્રત્યે પ્રીતિ રાખી બાર જ્યોતિલિંગમાં શ્રદ્ધા રાખીને ભક્તિ કરે છે.

**એ ચહુ ઈષ્ટ ઉપાસના સૃષ્ટિમેં;**
**કોઉ દશુ અવતાર આધાર. ૩**

### શબ્દાર્થ

**એ** = આ **ચહુ** = ચાર **ઈષ્ટ** = ઈષ્ટદેવોની **ઉપાસના** = ઉપાસના **સૃષ્ટિમેં** = વિશ્વમાં **કોઉ** = કોઈ **દશુ અવતાર** = દસ અવતારોનો **આધાર** = આધાર રાખે છે.

## અનુવાદ

**વિશ્વમાં આ ચાર દેવોને શ્રેષ્ઠ ગણીને તેમની ઉપાસના કરાય છે. તો કોઈ દસ અવતારોનો આધાર રાખે છે.**

## ભાવાર્થ

ધર્મ માર્ગમાં સૃષ્ટિની પરંપરા મુજબ પ્રકૃતિના તત્ત્વ સમા આદ્યશક્તિ અને ત્રણ ગુણઃ બ્રહ્મા, વિષ્ણુ અને શંકર મળી કુલ ચાર મહાન દેવોને જ શ્રેષ્ઠ માનીને તેમની સ્થાપના કરેલી છે. વિશ્વના જીવો તેમની જ ઉપાસના-ભક્તિ કરે છે. વળી કેટલાક ભક્તો વિષ્ણુના દસ અવતારોની લીલામાં રસપૂર્વક ચાહના રાખીને રહે છે.

## જેસે વ્રખાન વ્રતે અવનિ સર્વ;
## નીર નિધિસુ લીયો હે લગાર. ૪

### શબ્દાર્થ

**જેસે** = જેમ જેમ, જેવી રીતે **વ્રખાન** = વરસાદ, વૃષ્ટિ **વ્રતે** = વરસે **અવનિ** = પૃથ્વી **સર્વ** = બધી જ, સર્વત્ર **નીર** = પાણી **નિધિસુ** = ભંડારમાંથી **લીયો હે** = લીધો છે **લગાર** = થોડું, અલ્પ.

### અનુવાદ

**જેમ વરસાદ પૃથ્વી પર સર્વત્ર વરસે છે, તે વરસેલું પાણી સઘન ઘન આગળ કિંચિત માત્ર છે.**

### ભાવાર્થ

વિરાટમાં રહેલ આકાશ તત્ત્વમાં બંધાયેલા અલગ અલગ પ્રકારનાં રંગીન વાદળો પૈકી કાળાં વરસાદી વાદળો જળથી ભરેલાં હોય છે. તે જ વાદળોમાં સર્વને તૃપ્ત કરવાની ક્ષમતા હોય છે. એવા પાણીના મહાભંડાર સમા મહદ્ વાદળોની સરખામણી આગળ તો પૃથ્વી પર વરસેલા પાણીથી ભરાઈ રહેલ ખાડા-ખાબોચિયાં, તળાવો અને સરોવરો તદ્દન અલ્પ ગણાય.

## વારી અપાર ના પાર પયોધીર;
## નીર નવાંણ પ્રમાણ પ્રકાર. ૫

### શબ્દાર્થ

**વારી** = પાણી, જળ **અપાર** = પાર વિનાનું **ના** = નહીં **પાર** = સીમિત, મર્યાદિત **પયોધીર** = પાણીનું ધારણ કરનાર, સઘન ઘન, વરસાદી વાદળો **નીર** = પાણી **નવાંણ** = જળાશય **પ્રમાણ** = માપ, નક્કી **પ્રકાર** = ભેદ, જાત, પ્રકાર, વિભાગ.

### અનુવાદ

**પાણીને ધારણ કરેલ વાદળોમાં પાર વિનાનું અપાર જળ સમાયેલું છે. તેમાંથી વરસેલાં પાણીમાંથી અલગ અલગ પ્રમાણમાં જળાશયો બનેલા છે.**

### ભાવાર્થ

વિરાટમાં રહેલાં વરસાદી વાદળોમાં અપાર જળ સમાયેલું છે. તેમાંથી વરસેલા વરસાદ પૈકી પાણીનો જથ્થો જળાશયોમાં સંગ્રહાયેલો છે. તે જળાશયોમાં સંગ્રહાયેલ પાણીનો જથ્થો મહાજળ કરતાં ખૂબ જ અલ્પ માત્રામાં રહેલો ગણાય છે. એટલે કે, જળાશયોમાં ભરાયેલા પાણીનો જથ્થો નિધિ રૂપ સઘન ઘન આગળ કિંચિંત માત્ર છે.

**તેસે કુવેર કૈવલ પયોધીત્યે;**
**વિશ્વ વ્રખાંણ નવાંણ અવતાર. ૬**

### શબ્દાર્થ

**તેસે** = તે જ રીતે **કુવેર** = કુવેરસ્વામી કહે છે **કૈવલ** = કૈવલકર્તા રૂપી **પયોધીત્યે** = સઘન ઘન છે **વિશ્વ** = વિશ્વમાં **વ્રખાંણ** = વખાણ, પ્રશંસા પામેલ, તારીફ **નવાંણ** = જળાશય **અવતાર** = અવતારાદિક દેવો.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે કૈવલકર્તા જળને ધારણ કરનાર મહાન સઘન ઘન રૂપે છે અને અવતારાદિક દેવો વરસાદથી ભરાયેલ જળાશયો સમાન અલ્પ છે.**

### ભાવાર્થ

અગાઉના દૃષ્ટાંતને જ્ઞાનબદ્ધ રીતે સમજાવતાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર જણાવે છે કે બ્રહ્મથી પરે રહેલ પરમપદમાં બિરાજમાન કૈવલકર્તા જળને ધારણ કરનાર મહાન વરસાદી વાદળોના સ્વરૂપે સમજવા અને વિશ્વમાં અવતાર ધારણ કરીને ફરજ બજાવતા વિષ્ણુના અવતારોનું સ્વરૂપ પૃથ્વી પર વરસાદી પાણીથી ભરાયેલા જળાશયો સમાન અલ્પ - કિંચિત માત્ર સમજવા. આ એકદેશી દૃષ્ટાંત માત્ર સર્જનહાર કૈવલકર્તા અને અવતારો વચ્ચેના તફાવતને સમજવાના પક્ષે લક્ષમાં લેવાનું છે. દેવોમાં જે અલગ અલગ ઐશ્વર્યતા દૃશ્યમાન થાય છે તે કૈવલકર્તાએ સુપ્રત કરેલી કરુણા છે. જ્યારે કરુણાઓના ઈશ કૈવલ કરુણેશ પતિ છે. વિશ્વના જીવોએ સમજવાની જરૂર છે કે એક કરુણાથી કરુણામય બનેલા દેવો આટલા ઐશ્વર્યવાન હોય તો કરુણેશ કર્તા કેવા હશે ?

# અંગ ૨૮
# અખિલ વિશ્વ નાશકો

(પરિબોધ મોરાલ કંદ)

**બુદ્ધિ કે માપસ અસ ગાવત રસના રસ;**
**કવિજન ગુની સો તો ઈષ્ટકે ઉપાસી હે. ૧**

### શબ્દાર્થ

**બુદ્ધિ કે** = બુદ્ધિના **માપસ** = માપ પ્રમાણે **અસ** = અસ, જૂના જમાનામાં માપનું એક એકમ, આસ્થા **ગાવત** = ગાય છે **રસના** = જિહ્‌વાથી **રસ** = રસપૂર્વક **કવિજન** = કવિજનો **ગુની** = ગુણીજનોની જેમ, ગુણગાન **સો તો** = તે તો, પોતપોતાની **ઈષ્ટ કે** = ઈષ્ટના **ઉપાસી હે** = ઉપાસકો છે.

### અનુવાદ

**કવિ અને ગુણીજનો પોતાની બુદ્ધિ અને આસ્થાના માપ પ્રમાણે જિહ્‌વા દ્વારા પોતાના ઈષ્ટના ગુણગાન ગાય છે અને તેમની ઉપાસના કરે છે.**

### ભાવાર્થ

વિશ્વમાં કહેવાતા કવિઓ અને ગુણીજનો પોતાની બુદ્ધિ અને આસ્થા પ્રમાણેના માનેલા જે ઈષ્ટ પુરુષોના પ્રેમથી પોતાના સ્વ-મુખે ગુણ ગાન ગાય છે, અને ઉપાસના કરતા હોય છે. જે રીતે કવિઓ પોતાની કવિતા દ્વારા ઈષ્ટદેવની ઉપાસના કરે છે, તે રીતે ગુણીજનો પણ પોતાના રાજદરબારમાં ઈષ્ટ કહેવાતા રાજાના ગુણગાન ગાય છે.

**ઈષ્ટ કે ઉપાસી સો તો તત્ત્વકે વિક્ષાતી ભાતી;**
**તત્ત્વકે વિક્ષાતી સો તો પિંડ પંચભૂત હે. ૨**

### શબ્દાર્થ

**ઈષ્ટ કે** = મોટાની, ઈષ્ટોની **ઉપાસી** = ઉપાસના **સોતો** = તેતો **તત્ત્વ કે** = તત્ત્વોના

**વિક્ષાતી** = વિખ્યાત, પ્રસિદ્ધ **ભાતી** = વાળા, પ્રમાણે, મુજબ આકારવાળા **તત્ત્વકે** = તત્ત્વોના **વિક્ષાતી** = વિખ્યાત, પ્રખ્યાત **સો તો** = એ તો, તે તો **પિંડ** = શરીરધારી, દેહ **પંચભૂત હે** = પાંચ તત્ત્વોવાળા છે.

## અનુવાદ

**જેમની ઈષ્ટ તરીકે ઉપાસના થાય છે, તે પ્રસિદ્ધ ઈષ્ટદેવો તો તત્ત્વોવાળા છે. વિખ્યાત દેવોના દેહ તો પાંચ મહા તત્ત્વોના બનેલા છે.**

## ભાવાર્થ

વિશ્વના માનવો જે જે દેવી-દેવતાઓની ઉપાસના કરે છે તે તે મહાન અને વિખ્યાત ઈષ્ટદેવોના સ્વરૂપોના દેહનું બંધારણ તત્ત્વોનું બનેલું છે. જેમાં મુખ્ય પંચ મહાભૂત: પૃથ્વી, જળ, આકાશ, વાયુ અને અગ્નિના તત્ત્વો દેહને આધારે અલગ અલગ વિભાગે રહેલા છે.

| તત્ત્વો | સૂક્ષ્મદેહ | કારણદેહ | મહાકારણદેહ |
|---|---|---|---|
| આકાશ | મન, બુદ્ધિ, અહંકાર, ચિત્ત, નચિત | આકાશ, વિસ્મૃતિ, આવ્રણ, નિરાવ્રણ, પ્રાણત્વ | પૂર્ણ, આસંગ, વ્યાપક, સર્વબીજ, અખંડ |
| વાયુ | પ્રાણ, અપાન, સમાન, વ્યાન, ઉદાન | ભ્રાન્તિ, સંકિત્ત્વ, સલિત્ત્વ, શોષત્ત્વ, ધિર્યત્ત્વ | અજીત, અછેદ, પરાત્પર, નિર્મલ, અજર |
| અગ્નિ | શ્રોત, ચક્ષુ, ત્વચા, ધ્રાણ, જીહ્વા | મૂઢત્વ, રૂઢત્વ, કૃતઘ્નત્વ, અવિચારત્વ, સક્લેત્વ | અદાહ્ય, ઉરધપદ, પ્રકાશ, ચૈતન, મન અધ્યાસ |
| જળ | વાચા, પાણી (હાથ), પાદ, ગુદા, લિંગ | મૃદુત્વ, પોષત્વ, હલાહલ, ક્લેદ, ધારણ | અકલેદ, જગજીવ, જોતી, રસ, અમૃત |
| પૃથ્વી | શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ | મૌનત્વ, બલત્વ, જલત્વ, પીડાકરણ, કઠીનત્વ | અસંશય, કારણ, પાવન, સંસિદ્ધ, અપાર |

**પિંડકે વિલાસ કીટ બ્રહ્માંકે પ્રજંત અંત;**
**સ્થાવર જંગમ ચરાચર લ્યૌ નાસુત હે. ૩**

### શબ્દાર્થ

**પિંડકે** = શરીર, ઘાટનો **વિલાસ** = ઉત્પત્તિ, બંધારણ, ધારણ કરેલ **કીટ** = કીટ, નાના કિટાણુથી માંડીને **બ્રહ્મા** = બ્રહ્મા **કે** = નો **પ્રજંત** = ઉત્પત્તિ **અંત** = અંત વાળો, નાશવંત **સ્થાવર** = સ્થિર જાતિ **જંગમ** = અસ્થિર જાતિ **ચરાચર** = ચર અને અચર સર્વે **લ્યૌ** = સુધી **નાસુત** = નાશવંત **હે** = છે.

### અનુવાદ

**કીટથી માંડીને બ્રહ્મા સુધીના ઘાટની સર્વે ઉત્પત્તિ અંતવાળી છે. તેમજ સ્થાવર અને જંગમ ચર-અચર ઘાટો પણ નાશવંત છે.**

### ભાવાર્થ

નાનામાં નાના કીટ - પતંગિયાથી માંડીને મોટામાં મોટા કહેવાતા બ્રહ્મા સહિતના ઘાટોની ઉત્પત્તિ તત્ત્વોની બનેલી છે, જેથી તેનો નાશ થાય છે. તેમજ સ્થાવર જાતિ અને જંગમ જાતિના જેટલા ઘાટો છે, તે પણ તત્ત્વોના જ બનેલા હોવાથી તે પણ નાશવંત છે. આમ વિશ્વમાં વિચરણ કરતા ચોર્યાસી લાખ પ્રકારના ઘાટો જે ચાર પ્રકારની ખાણોઃ સ્વેદજ, ઈંડજ, જરાયુજ અને ઉદ્‌બીજ દ્વારા ઉત્પન્ન થાય છે, તે સર્વે તત્ત્વોના હોઈ નાશવંત છે.

## સુરતી દરશ ચિંતવન મન જ્યૌ લ્યૌ તન;
## કાલહી મારુત આગે આકકે આકુત હે. ૪

#### શબ્દાર્થ

**સુરતી** = સુરતાથી **દરશ** = દેખાય **ચિંતવન** = ચિત્તથી ચિંતવન થાય **મન** = મન દ્વારા **જ્યૌ** = જ્યાં, જે જે **લ્યૌ** = સુધી **તન** = ઘાટો, શરીર **કાલકી** = કાળ **મારુત** = પવન **આગે** = સો **આકકે આકુત હે** = આકડાના જીંડવા (તૂર, આકોલિયાં) જેવા છે.

### અનુવાદ

**જ્યાં સુધી સુરતાથી દેખાય તેવા શરીરનું મન દ્વારા ચિંતવન થાય છે. આવા શરીરના જેમ આકડાના જીંડવાને પવન નાશ કરે છે તેમ સર્વેનો કાળ નાશ કરે છે.**

### ભાવાર્થ

વિશ્વમાં જે જે પદાર્થો આપણી સુરતા દ્વારા દેખાય છે તે તે પદાર્થોના ઘાટોનું મન ચિંતવન કરે છે, જે સર્વ નાશવંત છે. જેમ કે આકડાના છોડ ઉપર લાગેલ જીંડવું-ફળ-તૂર જ્યારે પાકીને ખૂલે છે, ત્યારે પવનના સપાટામાં તે જીંડવામાં રહેલ રૂ જેવા પીંછાં ઊડીને નાશ થાય છે. તે જ ન્યાયે પવનરૂપી કાળ શરીરનો

સમય પાકતાં સર્વે ઘાટોને પોતાના સપાટામાં લઈ નાશ કરે છે.

**બ્રહ્માંડ એ કીસ ઈસ નામ રૂપ ગુન વિષે;**
**નામ રૂપગુન સો તો પ્રકૃતિકે પુત હે.૫**

### શબ્દાર્થ

**બ્રહ્માંડ** = બ્રહ્માંડમાં **એ** = એ, જે **કીસ** = કહેવાતા **ઈસ** = ઈશ્વરો **નામ** = નામ **રૂપ** = સ્વરૂપ **ગુન** = ગુણ **વિષે** = અંગેના **નામ** = નામ **રૂપ** = રૂપ **ગુન** = ગુણ **સો તો** = તે તો **પ્રકૃતિકે** = પ્રકૃતિનાં **પુત** = ઉત્પત્તિ **હે** = છે.

### અનુવાદ

**બ્રહ્માંડમાં કહેવાતા જે ઈશ્વરો છે તે તો નામ, રૂપ અને ગુણવાળા છે અને નામ, રૂપ અને ગુણ તો પ્રકૃતિના સંતાન છે.**

### ભાવાર્થ

બ્રહ્માંડમાં જેની ઈશ્વરો તરીકે સ્થાપના થયેલી છે, તેમના તો દેહો નામ, રૂપ અને ગુણવાળા નાશવંત તત્ત્વોના છે. એવા નામ, રૂપ, ગુણવાળા જે જે શરીર છે, તે સર્વે પ્રકૃતિના સંતાન છે. એટલે કે, તે પ્રકૃતિની ઉત્પત્તિ હોઈ અંતે નાશ પામે છે.

**પ્રકૃતિ પુરુષ લક્ષ દેખત દ્વૈત પક્ષ;**
**દ્વૈતની આસ્તાંગત સો વેદહી કહતુ હે.૬**

### શબ્દાર્થ

**પ્રકૃતિ** = પ્રકૃતિ, માયા **પુરુષ** = પુરુષ, નિરંજન **લક્ષ** = અંતિમ ધ્યેય, લક્ષ **દેખત** = જોતાં, દેખતાં **દ્વૈત** = જુદા **પક્ષ** = વિભાગ, વિચારધારા, આકાર સાથે સંબંધ ધરાવતાં મંતવ્ય **દ્વૈતની** = બંનેની **આસ્તાંગત** = અસ્ત થવાની ગતિ, નાશ પામવાની ગતિ, રીત **સો** = તે **વેદહી** = વેદો પણ **કહતુ હે** = કહે છે.

### અનુવાદ

**આદ્યશક્તિ અને નિરંજન પુરુષને દ્વૈત પક્ષે જોતાં વેદમાં પણ જણાવેલું છે**

**કે બંને નાશ પામવાના છે.**

### ભાવાર્થ

વિશ્વમાં મોટામાં મોટા કહેવાતા જ્યોતિસ્વરૂપ નિરંજન પુરુષ અને તેમાંથી ઉત્પન્ન થયેલ અંજન રૂપ મહંમાયા એ બંને સૃષ્ટિની શરૂઆતના કારણ રૂપે રહેલા છે. આ બંનેના કાર્ય વિરોધાભાષી (જુદાં) જણાતાં હોવા છતાં તેમનો મૂળ આશય તો સૃષ્ટિનો પ્રવાહ સંવર્ધન પામીને ચાલુ રહે તે હતો. આ બંને સ્વરૂપો બ્રહ્મથી દ્વૈત રૂપે અલગ છે એટલે વૈદિક સિદ્ધાંત પ્રમાણે જોઈએ તો પુરુષ-પ્રકૃતિનો પણ નાશ થાય છે. આ હકીકતના પુરાવારૂપે બ્રહ્માજી દ્વારા રચાયેલા વેદો પણ તેની સાખ પૂરે છે.

**પિંડહી બ્રહ્માંડ ઈંડ ભાસતહી ખંડ ખંડ;**<br>
**કુવેર અદ્વૈત વ્યાપ સો તો અનુસુત હે. ૭**

### શબ્દાર્થ

**પિંડહી** = શરીર, ઘાટોનો **બ્રહ્માંડ** = બ્રહ્મમાં રચના પામેલ સર્વ ઉત્પત્તિ **ઈંડ** = ઈંડો, **ભાસત હી** = દેખાય છે **ખંડ ખંડ** = ભાગ ભાગ, જુદા જુદા, અલગ અલગ **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **અદ્વૈત** = અખંડ, એક **વ્યાપ** = વ્યાપેલ બ્રહ્મ **સો તો** = તે પણ **અનુસુત હે** = નાશવંત છે, તેમાં જોડાયેલું છે.

### અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે બ્રહ્માંડમાં જુદા-જુદા દશ્યમાન થતા ઈંડ અને પિંડ છે. તે પણ અદ્વૈત વ્યાપક બ્રહ્મ સાથે જોડાયેલાં હોઈ નાશવંત છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે બ્રહ્માંડમાં રહેલ અલગ અલગ ઈંડ અને મહિમંડ ઈંડમાં વિકાસ પામેલ વૈરાટ અને તેમાં રહેલાં ૮૪ લાખ પ્રકારના સ્થાવર જંગમ ઘાટો સહિતની ઉત્પત્તિ ભિન્ન ભિન્ન દશ્યમાન થાય છે. તે સર્વે રચના વિકાસ પામીને અદ્વૈત વ્યાપક બ્રહ્મમાં સમાયેલી છે. બ્રહ્મ ક્ષેત્રમાં વૃદ્ધિ પામેલી આ સમગ્ર રચના નાશવંત છે.

# અંગ ૨૯
# વ્યાપક મત મતાંતર ભૂલ દેખાવનકો

(ઉમંગ છંદ)

**ભૂલ રહે ઈતકે ઈતહી સર્વ;**
**ના ઉતકી કીને બાત પેચાંની. ૧**

### શબ્દાર્થ

**ભૂલ** = ભૂલાઈ ગયું છે, ભૂલીને **રહે** = રહે છે **ઈતકે** = અહીંના **ઈતહી** = અહીં જ **સર્વ** = સર્વે **ના** = નહીં **ઉતકી** = ત્યાંની, બ્રહ્મથી પરેની **કીને** = કોઈએ **બાત** = વાત, બાબત **પેચાંની** = પહેંચાની, જાણી, સમજી.

### અનુવાદ

**ભૂલા પડીને સર્વે અહીંના અહીં જ રહે છે. જેથી ત્યાંની બાબત કોઈએ પહેચાની નહીં.**

### ભાવાર્થ

સમગ્ર બ્રહ્માંડમાં રહેલા ૨૮ ઈંડો પૈકીના મહિમંડ ઈંડમાં રહેલા અંતરિક્ષના ચૌદલોક અને પેટાળના ચૌદલોક સહિતના સર્વે, સર્જનહારની રચનાને જાણીને તેમાં જ રચ્યાં-પચ્યાં થઈને રહે છે. વળી બ્રહ્મભૂમિકા સહિત અન્ય પાંચ દેહોમાં ભ્રમણ કરીને શુદ્ધ અંશ ઉપર દેહના આવરણ લાગવાથી અંશ પોતાની જાતને પણ દેહમય માને છે (દેહનાં જેવો જ સમજે છે). બ્રહ્માંડની સર્વે રચનાના રચનાર પણ આપણા જેવા જ હશે તેમ માનીને બ્રહ્મથી પરે રહેલા તત્ત્વાતીત અને અવિનાશી સાચા સર્જનહારને કોઈએ ઓળખ્યા નથી કે પહેચાની શક્યા નહીં.

**જે જીનકી મતકી ગત ઠાનત;**
**વા ઘરકી કોઉ ન કહત નિશાંની. ૨**

### શબ્દાર્થ

**જે** = જેઓ **જીનકી** = તેમની, જેમની **મતકી** = મત, માન્યતા, પક્ષ, સંપ્રદાયની **ગત** = ગતિ, સમજ **ઠાનત** = જાણીને, નક્કી કરીને, ઠાણીને **વા ઘરકી** = મૂળ રહેઠાણની, તે ઘરની, પરે રહેલા પરમપદની **કોઉ** = કોઈએ પણ **ન** = નહીં **કહત** = કહી **નિશાંની** = નિશાની, ચિહ્ન, ગુણધર્મો.

### અનુવાદ

**પોતપોતાની સમજ મુજબ નક્કી કરેલ માન્યતાઓમાં અટકી રહ્યા. તેથી મૂળવતન રૂપ નિજધામ અંગેની નિશાની કોઈએ કહી નથી.**

### ભાવાર્થ

વિશ્વની શરૂઆતથી વેદો અને તેના દોહન કરીને બનાવેલા શાસ્ત્રો તથા ત્યારપછીના વિધવિધ ધર્મ પુસ્તકોના રચયિતાઓએ પોતપોતાની બુદ્ધિ તથા સૂઝ મુજબ મતો - પંથો અને સંપ્રદાયો સ્થાપ્યા છે. ભોળા અને જ્ઞાનથી અંધ જીવો પોતાનું કલ્યાણ થશે તેમ સમજીને તેવા પંથોમાં ગાડરિયા પ્રવાહની જેમ વહેતા રહ્યાં છે અને તેમાં જ અટકી ગયા છે, પરંતુ પોતાનામાં રહેલ શુદ્ધ ચૈતન અંશની સમજ પ્રાપ્ત ન કરી. જેથી અંશ જેના વંશનો છે તેવા અંશીને કોઈએ સમજવા કે જાણવા પ્રયત્ન કર્યો નથી. પરિણામે બ્રહ્મથી પરે રહેલ શાશ્વત સર્જનહારની નિશાનીરૂપ આપનપુ નિજ ચૈતન અંશ સ્વરૂપ વિશે પણ કોઈએ કંઈ શોધ કરી નહીં કે જાણવા પ્રયત્ન પણ કર્યો નથી.

**જ્ઞાની મુની સુની કહત સરવે સત્;**
**વ્યાકરણ વદીત પંડિત પુરાંણી. ૩**

### શબ્દાર્થ

**જ્ઞાની** = જ્ઞાનને સમજેલા **મુની** = તપસ્વી પુરુષ, ઋષિ **સુની** = સાંભળીને **કહત** = કહેલા **સરવે** = સર્વે, બધા **સત્** = સાચા માની ને, સાચા છે **વ્યાકરણ** = ભાષાને જાણવા-સમજવાનું સાહિત્ય **વદીત** = બોલનાર **પંડિત** = પંડિતો **પુરાંણી** = પુરાણોની કથા કરનાર, કથાકારો.

### અનુવાદ

**જ્ઞાનીઓ, મુનિઓ, પંડિતો, કથાકારો અને વ્યાકરણના વિદ્વાનો જે કહે છે**

**તે સર્વે સાચું છે, તેમ સૌ માને છે.**

### ભાવાર્થ

ધર્મમાર્ગમાં માનનીય સ્થાન પ્રાપ્ત કરેલા જ્ઞાનીજનો, મુનિજનો, ઋષિઓ, યોગી પુરુષો અને કથાકારો છે. ઉપરાંત વ્યાકરણયુક્ત સંસ્કૃત ભાષા બોલનાર ચાર વેદનું જ્ઞાન ધરાવતા વિદ્વાનો અને પિંડમાં રહેલ દેવી-દેવતાઓના અંશો અંગેનું જ્ઞાન હોય તેવા પંડિતો વિગેરે જોવા મળે છે. તેમની વાણી સાંભળીને જગતના ભોળા અને અજ્ઞાની જીવો તેમને દર્શાવેલી સમજ સાચી છે એવું માની તે પ્રમાણેની વિચારધારાને અપનાવીને તેને જ અનુસરવા લાગ્યા.

## સાધન સિધ્ધ ખટચક્કી રટ;
## દેહ દમે ઈન્દ્રિ મને ઉનમાંની. ૪

### શબ્દાર્થ

**સાધન** = સાધના કરી **સિધ્ધ** = સિદ્ધિ પ્રાપ્ત કરી **ખટચક્કી** = છ ચક્રોનું **રટ** = રટણ, આરાધના **દેહ** = શરીરને **દમે** = દમન કરને **ઈન્દ્રિ** = ઈન્દ્રિયો **મને** = મન અંતઃકરણ **ઉનમાંની** = તેમાં રહેલી દેવોની શક્તિને સમજી, તેમના અંદરની.

### અનુવાદ

**સાધના દ્વારા સિદ્ધ પુરુષો શરીરની ઇંદ્રિયોનું દમન કરી અનુમાન પણે ખટચક્રનું રટણ કરે છે.**

### ભાવાર્થ

ઘણા યોગી અને સાધક પુરુષો દેહનું દમન કરીને પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિયો અને મન એમ અગિયારે અગિયાર ઇન્દ્રિયોને વશ કરે છે. મંત્ર દ્વારા દૈવી શક્તિને જાગ્રત કરે છે. તેમજ શરીરમાં રહેલ છ ચક્રોને સૂક્ષ્મણા નાડી પ્રણવ વહનથી જે તે ચક્રોની પાંખડીઓની સંખ્યા અનુસારના મંત્રોની આરાધના કરે છે અને દેવોને જાગ્રત કરીને ચક્રો ઉપર વિજય મેળવે છે. અર્થાત સિદ્ધિ પ્રાપ્ત કરીને તે તે દેવને શ્રેષ્ઠ માનીને મનથી તેનું જ રટણ કરે છે.

| ચક્ર | સ્થાન | વર્ણ કે રંગ | અક્ષર | પાંખડી | દેવ | ૨૪ કલાકમા જાપ જપવાની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| મૂલાધાર | ગુદા | અગ્નિ જેવો | વથી સ | ૪ | ગણેશ | ૬૦૦ |
| સ્વાધિષ્ઠાન | લિંગ | સૂર્ય જેવો | બ થી લ | ૬ | બ્રહ્મા | ૬૦૦૦ |
| મણિપૂર | નાભિ | રાતો | ડ થી ફ | ૧૦ | વિષ્ણુ | ૬૦૦૦ |
| અનાહત | હૃદય | સુવર્ણ જેવો | ક થી ઠ | ૧૨ | શિવશક્તિ | ૬૦૦૦ |
| વિશુદ્ધ | કંઠ | ચંદ્રમા જેવો | અ થી અઃ | ૧૬ | જીવશિવ | ૧૦૦૦ |
| આજ્ઞા | ભ્રૂકુટી | રાતો | હ ને ક્ષ | ૨ | શક્તિ | ૧૦૦૦ |
| બ્રહ્મરંદ્ર (સહસ્ત્રદળ) | બ્રહ્મરંધ્ર | શુદ્ધ સ્ફટિક જેવો | વિવિધ | ૧૦૦૦ | નિરંજન | ૧૦૦૦ |
| | | | | | **કુલ** | **૨૧,૬૦૦** |

**એ સર્વે પંચ પવાડા પટંતર;**
**જંતર જંત બંધે અભિમાંની. ૫**

### શબ્દાર્થ

**એ** = એ **સર્વે** = બધા **પંચ** = રમત, પ્રપંચ, યુક્તિ **પવાડા** = ગપ્પુ, આક્ષેપ, કલ્પિત **પટંતર** = પટમાં રહેલ, અંતરપટ, અલગ, આવરણ, જૂદું **જંતર** = શરીર, યંત્રવત્ **જંત** = જીવો **બંધે** = બંધાયા **અભિમાંની** = અભિમાનમાં, અહંકારમાં, પોતાના મતમાં, મોટાઈમાં.

### અનુવાદ

**આ બધા સિદ્ધ પુરુષોએ યુક્તિપૂર્વક પ્રપંચયુક્ત પટમાં વિશ્વના માનવોને યંત્રવત્ બાંધી રાખીને પોતે અભિમાની બન્યા.**

### ભાવાર્થ

ધર્મમાર્ગમાં રહેલા પુરુષોનો વાણીવિલાસ કાલ્પનિક અને પ્રપંચયુક્ત હોય છે. તેમજ યોગક્રિયા અને સાધના કરનાર સિદ્ધ પુરુષોની સાધનાઓ અને સિદ્ધિઓ ભોળા માનવોને અંજાવે (આશ્ચર્ય પમાડે) તેવી હોય છે. જ્ઞાની અને સિદ્ધ પુરુષો તેમની વાણી અને શક્તિઓનો પરિચય કરાવી પોતે અભિમાન ધારણ

કરીને પોતાના જ મતમાં રાચે છે. આવી વાણી અને સિદ્ધિઓના આવરણોમાં આકર્ષાઈને જગતના અજ્ઞાની તથા જીવદશાના જીવો યંત્રવત્ થઈને પ્રપંચયુક્ત જાળમાં ફસાયા છે.

**લોક ચતુરદસ હે માંનકે વશ;**
**કુવેર બ્રહ્મ સો તો હે અમાંની. ૬**

**શબ્દાર્થ**

**લોક** = લોક, અંતરિક્ષના ધામો **ચતુરદસ** = ચૌદ **હે** = છે **માંનકે** = સન્માનના, શ્રેષ્ઠ, માનનીય **વશ** = વશ, આધીન **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **બ્રહ્મ** = સર્જનહારનો પ્રકાશ, **સો તો** = તે **હે** = છે **અમાંની** = મોટા પણા વગરનો, માનરહિત.

**અનુવાદ**

**કુવેરસ્વામી કહે છે કે ચૌદ લોક સહિત સર્વે સન્માનને વશ થઈ વર્તમાન કરે છે, પરંતુ બ્રહ્મ તો નિરાભિમાની છે.**

**ભાવાર્થ**

આ અંગમાં દર્શાવ્યા મુજબ ધર્મમાર્ગના આગેવાનો અને અન્ય મહાપુરુષોની આઘ લઈ ચૌદ લોકના અધિષ્ઠાન દેવતાગણ સહિતના સૌ માનનીય સ્થાન ધરાવતા પોતપોતાની રિદ્ધિ સિદ્ધિ, વિભૂતિ અને સર્જનહાર દ્વારા આપવામાં આવેલ કરુણાથી અભિમાનયુક્ત જીવન વ્યતીત કરે છે. પોતાની ઐશ્વર્યતાના અને સિદ્ધિઓના ચમત્કારોથી અંજાયેલા ભોળા ભક્તોનું દાસાતનપણું સ્વીકારીને મહાનતામાં મહાલે છે, પરંતુ આ સર્વે જેમાં પોષણ પામીને વૃદ્ધિ પામ્યા છે, તેવું સચરાચર વ્યાપક બ્રહ્મ તો આવા ગુણથી રહિત અને નિર્વિકારી છે.

# અંગ ૩૦
# બ્રહ્મ વિલાસ દેખાવનકો

(પરિબોધ મોરાલકંદ)

**અમાની અવ્યક્ત વ્યક્ત સકલ જહાકી શક્ત;**
**લગત કછુ ન લક્ત નિરાકાર નિજ હે. ૧**

### શબ્દાર્થ

**અમાની** = માનથી રહિત **અવ્યક્ત** =અવ્યક્ત, નિરાકાર **વ્યક્ત** = વ્યક્તરૂપે **સકલ** = સર્વે **જહાકી** = વિશ્વ, જગત **શક્ત** = શક્તિ **લગત** =લાગે **કછુ** = કોઈ **ન** = નહીં **લક્ત** = લાગવું, વળગવું, ચોંટવું **નિરાકાર** = આકાર રહિત **નિજ** = પોતે **હે** = છે.

### અનુવાદ

**માનથી રહિત, અવ્યક્ત બ્રહ્મ કે જેની શક્તિ વ્યક્ત વિશ્વના પસારામાં જણાય છે. તેમ છતાં એવા નિરાકાર(બ્રહ્મ)ને કોઈ પણ આવરણ લાગતું નથી.**

### ભાવાર્થ

બ્રહ્મ કોઈ પણ પ્રકારના માન-અપમાનથી રહિત છે. જેની અદ્‌ભુત હિરણ્યગર્ભિત શક્તિથી સમગ્ર વ્યક્ત જગત પોષણ પામીને વૃદ્ધિ થયેલું છે. એટલે કે, આ સર્વ પસારો બ્રહ્મભૂમિકામાં જ થયેલો છે. તેમ છતાં બ્રહ્મ પોતે તો નિર્વિકારી અને નિરાકાર તથા કોઈ પણ પ્રકારના આવરણોથી રહિત છે.

**જેસેહી અમર સ્વર મિલીને ઉચ્ચાર કર;**
**શબ્દની અનેક શૂન્ય બોલત મહીજ હે. ૨**

### શબ્દાર્થ

**જેસેહી** = જેમ, જે રીતે **અમર** = આકાશ, અવિનાશી **સ્વર** = અવાજ, શબ્દ, પ્રણવ, **મિલીને** = મળીને, **ઉચ્ચાર** = ઉચ્ચાર, વાણી, શબ્દ **કર** = કરે છે **શબ્દની** = શબ્દની **અનેક** = અનેક, અસંખ્ય **શૂન્ય** = આકાશ **બોલત** = બોલે છે **મહીજ** = પૃથ્વી તત્ત્વ **હે** = છે.

## અનુવાદ

**જેવી રીતે આકાશ, પ્રણવ સાથે મળીને ઉચ્ચાર કરે છે તેવી રીતે આકાશમાં પૃથ્વી તત્ત્વ ભળવાથી અનેક શબ્દ બોલાય છે.**

## ભાવાર્થ

આપણા શરીરમાં બ્રહ્મના ત્રણ મહાતત્ત્વોના પ્રભાવથી પ્રાણાયામની રચના થયેલી છે. જેમાં ૐકાર પ્રાણાયામને લીધે શબ્દોની રચના થાય છે. પ્રણવમાં તત્ત્વો ભળી જવાથી તેમાં વિવિધ પરિણામો જોઈ શકાય છે. એટલે કે, આકાશ તત્ત્વનો ભાગ ભળતો હોવાથી આકાશ તત્ત્વના પોલાણનો ગુણ હોવાથી શબ્દ બહાર નીકળે છે અને પ્રાણાયામમાં પૃથ્વી તત્ત્વનો ભાગ ભળે ત્યારે શબ્દની રચના થાય છે તેમજ અનેક શબ્દો વાણી દ્વારા બોલાય છે.

**નભ તે નાદમાં નાદ ફુકન ગહન સાદ;**
**રહિત બોધ ન બાધ અધર અમીજ હે. ૩**

### શબ્દાર્થ

**નભ** = આકાશ, પોલાણ **તે** = તે **નાદમાં** = વાણીમાં, અવાજમાં **નાદ** = શબ્દ, પવન **ફુકન** = ફૂંકાય **ગહન** = ઊંડો, ગંભીર, અતિ **સાદ** = શબ્દ, ગર્જના **રહિત** = રહેલ, વગર **બોધ** = શબ્દ, અવાજ, વાણી, ઉપદેશ **ન** = નહીં **બાધ** = પ્રતિબંધ, અટકાવ, અડચણ **અધર** = અંતરિક્ષમાં, ઉપર **અમીજ** = અમી રૂપે, પૃથ્વીની **હે** = છે.

## અનુવાદ

**નભરૂપ પોલાણમાં બ્રહ્મનાદનો પવન ફૂંકાય ત્યારે ગંભીર અવાજ સંભળાય છે. જેનો અવાજ કોઈ પણ પ્રકારના અડચણ વગર અદ્ધર અંતરીક્ષમાંથી પૃથ્વી પર આવે છે.**

## ભાવાર્થ

જેમ દેહમાં પ્રાણાયામની ગતિ અને શબ્દની રચના અંગેની વિગત સમજાવી છે, તેમ અહીં વૈરાટમાં પણ બ્રહ્મના કારણરૂપે આકાશમાં રહેલ

પ્રાણાયામ જ્યારે પવન સ્વરૂપે ફૂંકાય ત્યારે ગંભીર અવાજ સંભળાય છે. તે અવાજ પવનના વેગ સાથે કોઈ પણ પ્રકારની અડચણ કે વિરોધ વગર ગતિ કરે છે, જે અદ્ધર અંતરિક્ષમાંથી પૃથ્વીની સપાટી ઉપર આવીને સંભળાય છે.

**તેસેહી નિમતવત્ વ્યોમને વાજીંત્ર ગત;**
**ચૈતન માયાની લત્ય મહદતા ન્યારીજ હે. ૪**

**શબ્દાર્થ**

**તેસેહી** = તેવી જ રીતે **નિમતવત્** = નિમિત્ત રૂપે નિમિત્ત માત્ર **વ્યોમને** = આકાશને, પોલાણને **વાજીંત્ર ગત** = વાજિંત્રની માફક **ચેતન** = ચૈતન **માયાની** = માયાની, પ્રકૃતિની, **લત્ય** = લગની, ટેવ, લગાવ, જોડાણ, બંધારણ **મહદતા** = મહદપણું **ન્યારી જ હે** = ન્યારું જ છે.

**અનુવાદ**

**તેવી જ રીતે પોલાણમાં વાજિંત્રવત્ શબ્દમાત્રા અને પ્રાણાયામ નિમિત્તરૂપે રહેલ છે, આ માયાના જોડાણથી ચૈતનની મહદ્તા ન્યારી જ છે.**

**ભાવાર્થ**

જેવી રીતે વાજિંત્રમાં અલ્પ પવનરૂપે પ્રાણાયામ રહેલો છે, પરંતુ કોઈ મહદ્ ચૈતન તેને જાગ્રત કરે તો જ વાજિંત્રમાં રહેલ પવન શબ્દનું સ્વરૂપ પકડે છે. તેજ ન્યાયે વૈરાટમાં રહેલ આકાશ તત્ત્વનો પ્રાણાયામ અને પિંડમાં રહેલ પ્રાણાયામ વિશેષ ચૈતનની ચેતનતાથી જાગ્રત થાય તો જ તે પ્રકૃતિની ટેવ મુજબ અથવા તો ગુણધર્મ મુજબ કાર્યશીલતા અનુભવે છે. આમ પિંડને ચેતન કરનાર અંશ અને બ્રહ્માંડના કારણ રૂપે રહેલા અંશી એમ બંને ચૈતન સ્વરૂપો (અંશ અને અંશી) પિંડ અને બ્રહ્માંડથી ન્યારા છે.

**મહદતા માહાજ અજ અકથ કહ્યાની બાની;**
**શ્રુતિ ના લખાણી જાની નયેતી કહી જ હે. ૫**

### શબ્દાર્થ

**મહદતા** = મહાનતા, મહદ્ પણું **માહાજ** = મહાત્મય, મહત્ત્વ **અજ** = બ્રહ્મા **અકથ** = અવર્ણનીય **કહ્યાની** = કહેલી **બાની** = વાણી **શ્રુતિ** = વેદમાં **ના** = નહીં **લખાણી** = લખેલ, દર્શાવેલ **જાની** = જેથી **નયેતી** = નઈતિ, નેતિ **કહી જ હે** = કહેલું છે.

### અનુવાદ

**બ્રહ્માની વાણીમાં તે મહાન બ્રહ્મ પદની મહત્તાનું વર્ણન થઈ શક્યું નથી. જેથી તે પદ માટે વેદોએ નેતિ પોકારેલી છે.**

### ભાવાર્થ

સચરાચર વ્યાપક બ્રહ્મનો પૂરેપૂરો તાગ ન મેળવી શકવાથી બ્રહ્માજી પણ પોતાના ચાર વેદમાં વર્ણન કરી શક્યા નથી અને બ્રહ્મપદ માટે નેતિ પોકારી છે તો પછી તે નેતિપદની પર રહેલ પરનેતિપદ એવા સર્જનહારના પરમપદ અંગે તો સમજ ક્યાંથી હોઈ શકે ?

**અક્ષરા અતિત મત અનુભવી જ્ઞાની ગત;**
**સોહી તો વિરલા સંત બ્રહ્મકુ જાનીજ હે. ૬**

### શબ્દાર્થ

**અક્ષરા** = વાણીથી, અક્ષરોથી **અતિત** = તીતથી પરે, તેનાથી પણ પર અલગ **મત** = માન્યતા, મત, પંથ, લક્ષ **અનુભવી** = અનુભવ દ્વારા પ્રાપ્ત કરેલું જ્ઞાન **જ્ઞાની** = જ્ઞાની પુરુષ **ગત** = ગતિ, સમજ **સોહી તો** = તે તો **વિરલા** = વિરલ **સંત** = સંત **બ્રહ્મકુ** = બ્રહ્મને **જાનીજ હે** = જાણે છે.

### અનુવાદ

**અનુભવ કરનાર જ્ઞાની સંત પુરુષોના મતે બ્રહ્મપદની ગતિ અક્ષરાતિત છે. એવા બ્રહ્મપદને કોઈક વીરલા સંત જ જાણે છે.**

### ભાવાર્થ

સચરાચર વ્યાપક બ્રહ્મપદની ગતિ અક્ષરોથી વર્ણવી શકાય તેમ ન હોવાથી

તેને અક્ષરાતીત કહેવામાં આવેલું છે, પરંતુ તે બ્રહ્મપદનો સ્વ-અનુભવ કરીને કોઈ વિરલા સંત કે યોગીઓ માણી શકે છે. વળી બ્રહ્મસ્વરૂપ, બ્રહ્મજ્ઞાની, બ્રહ્મદર્શી અને બ્રહ્મવેત્તા પુરુષોનો મત પણ આ જ છે. એવા બ્રહ્મપદને સર્જનહારના પરમ વિશેષ પાટવી અંશ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર સારી રીતે (યથાર્થ સ્વરૂપે) જાણતા હોઈ તેની પુરી સમજ આપણને આપે છે.

**બ્રહ્મતરુ ફુરણ શાખ્યા વિશ્વ સફુરણ;**
**કુવેર કૈવલ સો તો વાકી નિજ બીજ હે. ૭**

### શબ્દાર્થ

**બ્રહ્મતરુ** = બ્રહ્મરૂપ વૃક્ષ **ફુરણ** = સ્ફુરણા પામીને **શાખ્યા** = શાખા, ડાળખી **વિશ્વ** = સમસ્ત જગત, સૃષ્ટિ **સ્ફુરણ** = સ્ફુરણા પામેલ છે, પોષણ પામીને વૃદ્ધિ થયેલી છે **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **કૈવલ** = કેવલ કર્તા **સો તો** = તે તો **વાકી** = તેનો, બ્રહ્મપદના **નિજ** = મૂળ, આદિ **બીજ** = બીજ, કારણરૂપે **હે** = છે.

### અનુવાદ

**બ્રહ્મરૂપ વૃક્ષમાંથી શાખારૂપે વિશ્વની સ્ફુરણા થઈ છે. કુવેરસ્વામી કહે છે કે કૈવલ તો તેના આદિ બીજરૂપે છે.**

### ભાવાર્થ

સચરાચર વ્યાપક રહેલ સમચૈતન બ્રહ્મભૂમિકા એ એક વૃક્ષ સમાન છે અને તેમાં હિરણ્યગર્ભ રીતે સ્ફુરણ થયેલી ડાળીઓ અને શાખાઓ સમાન સમસ્ત નાશવંત વિશ્વની ઉત્પત્તિ છે. એવા બ્રહ્મના આદિ બીજરૂપે (કારણરૂપે) મહાન પૂર્ણ ચૈતન કૈવલકર્તા છે, જે બ્રહ્મથી પર રહેલા છે.

# અંગ ૩૧
# બ્રહ્મ વિશ્વ વિલાસ ઉત્પન્નકો

(ઉમંગ છંદ)

**વ્યાપક બ્રહ્મ ન્હેઃકર્મ નિરાલંબ;**
**આલંબ રહિત રમેતી રમે. ૧**

### શબ્દાર્થ

**વ્યાપક** = સ્વતંત્ર પથરાયેલો, વ્યાપક **બ્રહ્મ** = સર્જનહારનો પ્રકાશ **ન્હેઃકર્મ** = કર્મ વીહિન, કર્તૃત્ત્વશક્તિ વગરનું, સ્વયં રીતે કરવા અસમર્થ **નિરાલંબ** = આલંબનથી રહિત, વગર **આલંબ** = આલંબન, બંધન, આધાર **રહિત** = રહિત, વગર, સિવાય **રમેતી** = રમવાવાળો **રમે** = રમે છે.

### અનુવાદ

**સમગ્ર વ્યાપક ન્હેઃકર્મી અને નિરાલંબ બ્રહ્મ સ્વયં આલંબનથી રહિત અને રમેતી રૂપે રમણ કરી રહેલ છે.**

### ભાવાર્થ

સમગ્ર બ્રહ્માંડમાં પથરાયેલ વ્યાપક સર્જનહારનો પ્રકાશરૂપી બ્રહ્મ પોતે કોઈ પણ જાતની ક્રિયા-કર્મ વગરનું છે. એટલે કે, તેને પોતાની કોઈ કર્તૃત્વ શક્તિ નથી. એવા ન્હેઃકર્મી બ્રહ્મ મહાશૂન્યમાં આધાર સિવાયનું અને આલંબન રહિત છે. જે રમેતી બનીને દરેક ઘાટોમાં પ્રણવરૂપે રમણ કરે છે. તેમજ વૈરાટમાં પણ બ્રહ્મ પ્રણવ સ્વરૂપે રમી રહ્યો છે.

**પાંચ પચીસ પ્રકૃતિ તિનું ગુણ;**
**ચૈતનસે ઘન બ્રફ જમે. ૨**

### શબ્દાર્થ

**પાંચ** = પાંચ મહાતત્ત્વો **પચીસ પ્રકૃતિ** = પચીસ પ્રકૃતિ **તિનું** = ત્રણ **ગુણ** = ગુણ **ચૈતનસે** = ચૈતનથી **ઘન** = નક્કર ઘન સ્વરૂપે, ઘાટું, સ્વરૂપાકારે **બ્રફ** = બરફ, હિમ **જમે** = જામણ થાય, જામે.

### અનુવાદ

**પાંચ તત્ત્વો, પચીસ પ્રકૃતિ અને ત્રણ ગુણ, ચૈતન થકી બરફની જેમ ઘનરૂપ જામેલા છે.**

### ભાવાર્થ

બ્રહ્મના કારણરૂપે રહેલા નિજ કર્તાની પૂર્ણ ચૈતનતાથી બ્રહ્મભૂમિકામાં ૫ મહાતત્ત્વો પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશની આદ્ય લઈ ૨૫ પ્રકૃતિઃ ૩ ગુણ, ૪ અંતઃકરણો, આકાંક્ષાની ૫ જ્ઞાનેન્દ્રિયો, ૫ કર્મેન્દ્રિયો, ૪ અવસ્થા, ૧ ધનંજય તત્ત્વ, ૧ મહાતત્ત્વ, ૧ આનંદ તત્ત્વ અને ૧ પ્રકૃતિ તત્ત્વ વિકાસ પામ્યાં છે અને તેનું બરફની માફક ઘનસ્વરૂપે જામણ થઈ વૈરાટ સહિત સર્વ ઘાટો બનેલાં છે.

**જ્ઞાન આદીત ઉદે જીનકે ઘટ;**
**તા ઘટકે બ્રફ ચીન સમે. ૩**

#### શબ્દાર્થ

**જ્ઞાન** = જ્ઞાન સ્વરૂપે **આદીત** = સૂર્ય, રવિ **ઉદે** = ઉદય થાય **જીનકે** = જેના **ઘટ** =ઘટમાં, હૃદયમાં **તા** = તે **ઘટકે** = ઘાટને **બ્રફ** = બરફ રૂપ જામણનું **ચીન** = ચિહ્ન, ઓળખ **સમે** = સમાયેલા, જણાય છે.

### અનુવાદ

**જેના ઘટમાં સૂર્ય રૂપ જ્ઞાનનો ઉદય થાય તેને જ બરફ રૂપ ઘાટની ઓળખ થાય છે.**

### ભાવાર્થ

જેના ઉપર સમર્થ ગુરુની કૃપા થાય તેવા ભાગ્યવંત ભક્તના હૃદયમાં સૂર્ય રૂપ જ્ઞાનનો ઉદય થાય છે. પછી જ બરફ રૂપે રહેલા શરીરના તત્ત્વોનું જે બંધારણ છે તેની સમજ પડે છે. જાગ્રત થયેલ તે જ્ઞાની, ગુરુકૃપા થકી, તત્ત્વોના ભાગ-ત્યાગ કરીને છેલ્લે સાર રૂપે રહેલા ચૈતનને ઓળખી શકે છે. ત્યારબાદ તે ચૈતનની મુક્તિના કાર્ય અંગે જ ચિંતિત રહે છે. પછી પ્રકૃતિના પ્રદેશવાળી

ઇન્દ્રિયો અને પાંચ તત્ત્વોના પ્રભાવમાં તેનું મન લલચાતું નથી.

**ખાવત પીવત બોલત ચાલત;**
**દેખતહી પૂની દેહ આંમે. ૪**

### શબ્દાર્થ

**ખાવત** = ખાતાં **પીવત** = પીતાં, પીવું **બોલત** = બોલતાં **ચાલત** = ચાલતાં **દેખતહી** = જુવે છે, દૃષ્ટિમાં રાખે છે **પૂની** = વળી, છતાં, પણ **દેહ** = શરીર, ઘાટ **આંમે** = તે જ રીતે.

### અનુવાદ

**એવા જ્ઞાની ખાતાં, પીતાં, બોલતાં, ચાલતાં દેહને માત્ર ચૈતન દૃષ્ટિથી જ નિહાળે છે.**

### ભાવાર્થ

વિશ્વમાં આવા જ્ઞાની પુરુષો વ્યાવહારિક રીતે ખાતા હોય છે, પીતા હોય છે, બોલતા હોય છે અને સામાજિક જવાબદારીમાં પ્રવાહ મુજબ ચાલતા અને વર્તન કરતા જણાય છે, પરંતુ મનથી દેહના સર્વે તત્ત્વો અંતે તો ઓગળી જવાના છે તેમ નાશવંત સમજીને પોતાના સ્વ-ચૈતન સ્વરૂપોમાં સમાઈને સદાને માટે રહેતા હોય છે. તેમજ દરેકમાં એક જ સર્જનહારનો ચૈતન અંશ છે તેમ દરેક ઘાટોને ચૈતન દૃષ્ટિથી આત્મબંધુત્વના નાતે નિહાળે છે. આવા પુરુષો જ્ઞાન થકી જાગ્રત થયેલા હોવાથી પ્રકૃતિના તત્ત્વો તેને સ્પર્શી શકતા નથી.

**આન્ય સબે બ્રફકે બ્રફહી ઘાટ;**
**જ્ઞાન સસુર તે દૂર ભમે. ૫**

### શબ્દાર્થ

**આન્ય** = બીજા **સબે** = સર્વે **બ્રફકે** = બરફથી **બ્રફહી** = બરફ સ્વરૂપે રહેલા **ઘાટ** = ઘાટો, શરીર, તન **જ્ઞાન** = જ્ઞાન **સસુર** = સૂર્યના પ્રભાવથી **તે** = તે **દૂર** = દૂર, **ભમે** = ભમે, રહે, વિચરણ કરે.

### અનુવાદ

**તેઓ સૂર્યરૂપી જ્ઞાનના પ્રભાવથી તે બરફથી જામણ થયેલા અન્ય સર્વે બરફના ઘાટોથી દૂર રહીને વિચરણ કરે છે.**

### ભાવાર્થ

વિશ્વમાં રહેલા સર્વે ઘાટો બરફના જામણ રૂપી તત્ત્વોથી બનેલા છે. તેવું જ્ઞાની પુરુષો સમજીને મનમાં દૃઢતાં ધારણ કરીને રહે છે. વળી, સૂર્ય સમાન જ્ઞાનના પ્રભાવથી તે બરફ રૂપી ઘાટો પ્રત્યે ઉપેક્ષા સેવીને માત્ર ચૈતન સાથે જ સ્નેહ રાખે છે. એવા જ્ઞાની પુરુષો વિશ્વના અન્ય નાશવંત ઘાટો સાથે લૌકિક વ્યવહાર પુરતો સંબંધ રાખીને ચૈતન સાથે નાતો જોડીને જગતમાં વિચરણ કરે છે.

**ત્યૌ લ્યહુ ભિન્ન વિલાસ દીસે બ્રહ્મ;**
**છૂટેના દ્વૈત કુવેર કયમે. ૬**

### શબ્દાર્થ

**ત્યૌ** = ત્યાં, તેમ, તેથી જ **લ્યહુ** = જાણીને, જાણકારી પ્રાપ્ત કરીને **ભિન્ન** =જુદા રહી **વિલાસ** = આનંદ, ઉત્પત્તિ **દીસે** = દેખે છે, નિહાળે છે **બ્રહ્મ** = બ્રહ્મમાં **છૂટેના** = છૂટતો નથી, જુદો પડતો નથી **દ્વૈત** = બે પણું, બીજુ, જુદાપણું **કુવેર** = કુવેરસ્વામી કહે છે **કયમે** = ક્યારેય.

### અનુવાદ

**તેથી જ તેઓ સૃષ્ટિના વિલાસને (ઉત્પત્તિને) બ્રહ્મથી અલગ નિહાળે છે. કુવેરસ્વામી કહે છે કે તેમનો દ્વૈત ભાવ ક્યારેય છૂટતો નથી.**

### ભાવાર્થ

આગળ દર્શાવ્યા પ્રમાણે જે જીવોને જ્ઞાનરૂપ સૂર્યના કિરણોનો સ્પર્શ થતો હોય છે તેવા જ્ઞાની પુરુષો આ સૃષ્ટિની રચનાને બ્રહ્મથી અલગ જ નિહાળે છે. અર્થાત્ બ્રહ્મમાં રહેલ સર્વ ઉત્પત્તિ અને તેના કારણરૂપે રહેલ સકર્તા સર્જનહાર

એમ બે પદોને નિહાળે છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે એવા જ્ઞાની પુરુષને આ પ્રમાણેના દ્વૈત ભાવ (હું અને મારા કર્તા) અર્થાત્ હું ચૈતન સ્વરૂપે છું ને આ સમગ્ર નાશવંત બ્રહ્માંડને બનાવનાર મહદ્ ચૈતન સર્જનહાર છે. એમ બે પદોના જ્ઞાન થકી દૃઢ થયેલી માન્યતા કદી છૂટતી નથી.

# અંગ ૩૨
# બ્રહ્મ અખિલ વિશ્વ વિલાસ ઉત્પન્નકો

(પરિબોધ મોરાલકંદ)

**દ્વૈતની પ્રથમ કહુ ભેદ પડનાલી ટીકા;**
**સુનત શ્રવણનીકા જ્ઞાન જાકે ઉર હે. ૧**

### શબ્દાર્થ

**દ્વૈતની** = બે જુદાપણાની **પ્રથમ** = પહેલાં, પ્રથમ **કહુ** = કહુ છું **ભેદ** = રહસ્ય, મર્મ, યુક્તિ **પડનાલી** = પ્રણાલિકા, પદ્ધતિ **ટીકા** = ટીકા સહિત, વર્ણન કરીને **સુનત** = સાંભળતાં **શ્રવણનીકા** = સાંભળનારને **જ્ઞાન** = જ્ઞાન, સમજ **જાકે** = જેના **ઉર** = હૃદયમાં **હે** = છે.

### અનુવાદ

**જેના હૃદયમાં જ્ઞાન પ્રાપ્તિ માટેની ઉત્કંઠા છે, તેવા શ્રવણ કરનારને દ્વૈતની જે પ્રણાલિકા છે તેનું વર્ણન કરીને પ્રથમ બતાવું છું.**

### ભાવાર્થ

જેના હૃદયમાં જ્ઞાનપ્રાપ્તિ માટેની ઉત્કંઠા છે અથવા જેણે સમર્થ ગુરુનું શરણું સ્વીકારીને ગુરુકૃપા પ્રાપ્ત કરી છે, તેવા જ્ઞાનીજનોને શ્રવણ કરવા માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આ અંગના પ્રારંભમાં બ્રહ્મમાંથી જે દ્વૈત રૂપે અખિલ વિશ્વની ઉત્પત્તિ થયેલી છે, તે રચના અંગેની પ્રણાલિકાનું વર્ણન કરે છે.

**અવિગત નિજ તાતે નભ ઉત્પન્ન ભયે;**
**નભ તે મારુત ઉત પવન અંકુર હે. ૨**

### શબ્દાર્થ

**અવિગત** = વિગતમાં ન આવે તેવા **નિજ** = આદિ, મૂળ **તાતે** = સર્જનહારે, પિતાએ **નભ** = અવિગત આકાશ **ઉત્પન્ન** = ઉત્પન્ન **ભયે** = કર્યું **નભ** = મહદ્ આકાશ **તે** = તેમાંથી **મારુત** = પવન તત્ત્વ **ઉત** = ઉત્પન્ન **પવન** = પવન તત્ત્વ **અંકુર** = અંકુરરૂપે **હે** = છે.

## અનુવાદ

**આદિ પરમ પિતાએ અવિગત આકાશને ઉત્પન્ન કર્યું, આ અવિગત આકાશમાંથી પવન ઉત્પન્ન થયો. તે પણ અંકુર રૂપે છે.**

## ભાવાર્થ

અવિનાશી અને અવર્ણનીય આદિ વિશ્વના પરમ પિતા કૈવલકર્તાએ પોતાના શુદ્ધ સંકલ્પથી સમગ્ર રચનાને ઉત્પન્ન કરી છે. જેમાં મહાતત્ત્વોની ઉત્પત્તિના ક્રમમાં સર્વ પ્રથમ અવિગત આકાશ ઉત્પન્ન થયેલું જાણવું. તે અવિગતમાંથી વિગતવાળુ નામરૂપ આકાશ ઉત્પન્ન થયું. તે નભની પરિપક્વતા થયા પછી તેમાંથી પવન તત્ત્વની ઉત્પત્તિ થયેલી છે. તે પવન તત્ત્વ પણ અંકુરરૂપે છે કે જેમાંથી અન્ય ઉત્પત્તિ થયેલી છે.

## પવન પ્રસવ દાવ અગન્ય ઉપજ ભઈ;
## અગન્ય તે તોઈ નીર વાકો નૂર હે. ૩

### શબ્દાર્થ

**પવન** = પવન તત્ત્વ **પ્રસવ** = ઉત્પન્ન થયા પછી **દાવ** = દવરૂપ **અગન્ય** = અગ્નિ તત્ત્વ **ઉપજ** = ઉત્પન્ન **ભઈ** = થયું **અગન્યતે** = અગ્નિથી **તોઈ** = પાણી, જળ તત્ત્વ **નીર** = પાણી **વાકો** = જેનો **નૂર** = ઉત્પત્તિ **હે** = છે.

## અનુવાદ

**વાયુ તત્ત્વના ઉત્પન્ન થયા પછી તેમાંથી અગ્નિ તત્ત્વ ઉત્પન્ન થયું છે અને તે અગ્નિ તત્ત્વથી જળ તત્ત્વ ઉત્પન્ન થયું છે. તે જળ તત્ત્વ અગ્નિ તત્ત્વનું નૂર છે.**

## ભાવાર્થ

વાયુ તત્ત્વના પરિપક્વ થયા પછી તેમાંથી દવ રૂપી અગ્નિ તત્ત્વ ઉત્પન થયું છે. આ અગ્નિ તત્ત્વની પરિપક્વતા પછી તેમાંથી જળ તત્ત્વની ઉત્પત્તિ થયેલી છે એટલે જળ તત્ત્વ એ અગ્નિ તત્ત્વનું નૂર કહેવાય.

## નીરકુ જડતા આઈ શીતકી પ્રસંગા પાઈ;
## નીપુણતા જાઈ ભઈ કઠન કઠોર હે.૪

### શબ્દાર્થ

**નીરકુ** = પાણીને **જડતા** = જડતા, સ્થૂળતા **આઈ** = આવી **શીતકી** = ઠંડીની **પ્રસંગા** = સંગ, પારસ્પરિક સંબંધ **પાઈ** = પ્રાપ્ત થઈ **નિપુણતા** = પ્રવાહી પણું **જાઈ** = ગયું **ભઈ** = થયું **કઠન** = કઠન **કઠોર** = સખત **હે** = છે.

### અનુવાદ

**જળને શીતળતાનો સંસર્ગ થવાથી સ્થૂળતા આવતાં પ્રવાહીપણું દૂર થઈને સખત કઠણ સ્વરૂપે થાય છે.**

### ભાવાર્થ

જળ તત્ત્વને ઠંડકનો પારસ્પરિક સંબંધ થવાથી તેમાં સ્થૂળતા આવે છે. જેથી જળ તત્ત્વમાં રહેલી પ્રવાહિતા દૂર થઈને કઠણતા બંધાય છે. જળ જે પ્રવાહીરૂપ હતું તે સ્થૂળતા સ્વરૂપે પદાર્થ (બરફ) બની જાય છે.

## જાથે ઉત્પન્ન અપ સોઈ તપ મીલે જબ;
## કઠણતા જાઈ સબ નિજ નિર હો રહે.૫

### શબ્દાર્થ

**જાથે** = જેવી રીતે, જેમ **ઉત્પન્ન** = ઉત્પત્તિ **અપ** = પાણી **સોઈ** = થી થયેલ **તપ** = તાપમાન **મીલે** = મળે **જબ** = જ્યારે, ત્યારે **કઠણતા** = પદાર્થની સ્વરૂપે થયેલ કઠણતા, સખતપણું **જાઈ** = દૂર થઈ **સબ** = બધું **નિજ** = મૂળ **નિર** = પાણી, પ્રવાહીરૂપ, **હો રહે** = થઈ જાય, થઈને રહે છે.

### અનુવાદ

**જેમ પાણીમાંથી થયેલ કઠણ પદાર્થને તાપમાન મળે, ત્યારે કઠણતા દૂર થઈને મૂળ પાણીના સ્વરૂપે થઈ જાય છે.**

### ભાવાર્થ

પાણીને ઠંડીનો સંસર્ગ થતાં બરફ થાય છે. જ્યારે બરફને તાપમાનનો (ગરમીનો) સંસર્ગ થાય ત્યારે બરફમાંથી મૂળ પ્રવાહી રૂપમાં પાણીનું પરિવર્તન થઈ જાય છે.

**દષ્ટાંત સમજ પરે બુદ્ધિ ચિંતવન કરે;**
**તાઈકુ સિદ્ધાંત સરે આન્ય મતિ ભૂર હે. ૬**

### શબ્દાર્થ

**દષ્ટાંત** = ઉદાહરણ, દષ્ટાંત **સમજ** = સમજ **પરે** = પડે **બુદ્ધિ** = બુદ્ધિ **ચિંતવન** = ચિંતન, વિચાર **કરે** = કરે **તાઈકુ** = તેણે **સિદ્ધાંત** = સિદ્ધાંત **સરે** = સમજ પડે, સમજાય **આન્ય** = બાકીના **મતિ** = બુદ્ધિથી **ભૂર** = જળ, મંદ, ભૂચરગતિ **હે** = છે.

### અનુવાદ

**જે બુદ્ધિથી ચિંતવન કરે તેને જ આ દષ્ટાંતનો સિદ્ધાંત સમજાય છે. બાકીના ભૂચર ગતિના માનવીઓ તે સમજી શકતા નથી.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા પ્રમાણે પાણીનો સંસર્ગ ઠંડકથી થતાં ઘનતા રૂપે પદાર્થ બને છે. તે ઘન સ્વરૂપે બનેલા પદાર્થને તાપમાનનો સંસર્ગ થતાં મૂળ સ્વરૂપે પ્રવાહી બને છે. આ દષ્ટાંતનો સિદ્ધાંત જે બુદ્ધિપૂર્વક ચિંતવન કરે તેને સરળતાથી સમજાય છે, પરંતુ જે ભૂચરગતિના જીવો છે, તેઓ આ બાબતને સમજી શકતા નથી.

**લહત સમજ સંત જાને ન જગત જંત;**
**કુવેર કહત મીત જાને જાકે ગુરુ હે. ૭**

### શબ્દાર્થ

**લહત** = જાણે **સમજ** = સમજપૂર્વક **સંત** = સંત પુરુષ, સાધુ, ગુરુ **જાને** = જાણે **ન** = નહીં **જગત** = જગત, લોક, દુનિયા **જંત** = જીવો, સામાન્ય માનવી **કુવેર** = કુવેરસ્વામી **કહત** = કહે છે કે, **મીત** = રહસ્ય, મર્મ **જાને** = જાણે **જાકે** = જેના **ગુરુ** = ગુરુ **હે** = છે.

## અનુવાદ

**દૃષ્ટાંતની સમજ સંત પુરુષ જાણે છે, પરંતુ જગતના સામાન્ય જીવો સમજી શકતા નથી. કુવેરસ્વામી કહે છે કે જેના શિર પર સમર્થ ગુરુનું પદ હોય તે આ રહસ્યને સમજે છે.**

## ભાવાર્થ

અગાઉ જે ઠંડી અને તાપમાનના સંસર્ગ અંગે તથા પાણીમાં થતાં ફેરફાર અંગેના દૃષ્ટાંતની જ સમજ આપી તે જગતના સામાન્ય જીવો સમજી શકતા નથી, પરંતુ સંત ગતિના માનવો સમજી શકે છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જેણે સમર્થ ગુરુનું શરણું સ્વીકાર્યું છે એવા સેવકો પણ આ રહસ્યને સરળતાથી સમજી શકે છે.

# અંગ ૩૩
# અદ્વૈત બ્રહ્મે ઘાટ જામણકો

(ઉમંગ છંદ)

**યાહીકુ જીવ કહે સબકી ઈત;**
**હે જીતકો તીત બ્રહ્મ અસો. ૧**

### શબ્દાર્થ

**યાહીકુ** = આ પ્રમાણે **જીવ** = જીવ **કહે** = કહેવાય **સબકી** = સર્વે, બધા **ઈત** = અહીં **હે** = છે **જીતકો** = જેણે **તીત** = તે **બ્રહ્મ** = સર્જનહારનો પ્રકાશ **અસો** = પવિત્ર, શુભ, મંગળ.

### અનુવાદ

**આ પ્રમાણે શુભકારી બ્રહ્મ અંગેની જાણ જેને નથી તેવા અહીંના સર્વે જીવદશાના જીવ કહેવાય છે.**

### ભાવાર્થ

સચરાચર વ્યાપક બ્રહ્મમાં સર્વ ઉત્પત્તિનો પસારો અને સર્વ ઘાટો પોષણ પામેલ છે, એવા શુભકારી સર્જનહારના પ્રકાશરૂપ બ્રહ્મ અંગેની જેને યથાર્થ સમજ નથી, તેવાને મૃત્યુલોકમાં જીવદશા ભોગવતા જીવો કહેવાય છે.

**જામણ શક્ત છૂટે જલકી જબ;**
**વારી વિચારતાં બ્રફ કસો. ૨**

### શબ્દાર્થ

**જામણ** = જામણ કરવા માટેની, જમાવવા માટેની **શક્ત** = શક્તિ **છૂટે** = છૂટી જાય, નાશ પામે, ઓગળી જાય **જલકી** = પાણીની **જબ** = જ્યારે **વારી** = પાણી, જળ તત્ત્વ, **વિચારતાં** = વિચાર કરતાં **બ્રફ** = બરફ **કસો** = ક્યાં રહ્યો ? જોડાણ, સંધિ.

## અનુવાદ

**જ્યારે પાણીમાં જામણની શક્તિ દૂર થાય તો જળ તત્ત્વને વિચારતાં બરફ ક્યાં રહ્યો ?**

## ભાવાર્થ

જ્યારે જળમાં જમાવ કરવાની શક્તિની પક્કડ છૂટી જાય ત્યારે બરફ રૂપ જે પદાર્થની કઠણતા હતી તે ઓગળી જઈને જળ રૂપે પ્રવાહી એકલું જ રહે છે. આમ જળ તત્ત્વનો વિચાર કરીએ તો તે બરફનું સ્વરૂપ જે હતું તે હવે રહેવા પામતું નથી. બરફનું સ્વરૂપ બદલાઈને પોતાના અસલ સ્વરૂપમાં આવી જાય છે. પછી બે જુદાં સ્વરૂપો રહેવા પામતાં નથી.

**જંત જમે પ્રકૃતિ બ્રહ્મકે અપ;**
**દેખી દેહાસક્ત શાસ્ત્ર ભસો. ૩**

### શબ્દાર્થ

**જંત** = જંતુ, જીવ, ઘાટ **જમે** = જામણ થાય, બને **પ્રકૃતિ** = પ્રકૃતિ તત્ત્વોના જોડાણથી **બ્રહ્મકે** = બ્રહ્મરૂપ, બ્રહ્મના **અપ** = પાણી **દેખી** = દેખી, નજરથી જણાય **દેહાસક્ત** = દેહની આસક્તિ **શાસ્ત્ર** = શાસ્ત્ર **ભસો** = દર્શાવેલું છે, ઉચ્ચારેલું છે, ભાખેલું છે.

## અનુવાદ

**બ્રહ્મરૂપી જળને પ્રકૃતિના તત્ત્વોના સંસર્ગથી ઘાટોનું જામણ થાય છે. તે પ્રમાણે શાસ્ત્રોમાં દેહાશક્તિ અંગેનું જ્ઞાન કથેલું જણાય છે.**

## ભાવાર્થ

બ્રહ્મરૂપી જળને પ્રકૃતિના તત્ત્વોરૂપી માયાની આસક્તિ રૂપ ઠંડક લાગવાથી જ બરફરૂપ ઘાટોનું જામણ થયેલું છે. જીવોના દેહની આ શક્તિ અંગેનું વર્ણન શાસ્ત્રો આદિ ધર્મ ગ્રંથોમાં કથેલું છે. જે જે ઘાટોનું નિર્માણ થયેલું છે તે બ્રહ્મમાં પ્રકૃતિના સંયોગથી જામણ થઈને બરફરૂપે જીવોનું સ્વરૂપ સમજવું.

## શુદ્ધ વિચાર વિલે પ્રકૃતિ શીત;
## વસ્તુ વિલોકતાં જીવન સો. ૪

### શબ્દાર્થ

**શુદ્ધ** = નિર્મળ, પવિત્ર, ચોખ્ખું **વિચાર** = વિચાર, સમજ **વિલે** = વિલસાય, પીગળી જાય, દૂર થાય **પ્રકૃતિ** = પ્રકૃતિના તત્ત્વો **શીત** = ઠંડક **વસ્તુ** = પદાર્થ **વિલોકતાં** = અવલોકન કરતાં, જોતાં, વિલોકન કરતાં, તપાસતાં **જીવન** = જીવન **સો** = શું ?

### અનુવાદ

**શુદ્ધ સમજ કેળવીને અવલોકન કરતાં જણાય છે કે બ્રહ્મરૂપ જળને પ્રકૃતિ રૂપ ઠંડકનું જોડાણ નષ્ટ થાય તો વસ્તુરૂપે બનેલા પદાર્થોનું જીવન રહેતું નથી.**

### ભાવાર્થ

શાસ્ત્રોના મંતવ્ય મુજબ - શુદ્ધ બુદ્ધિથી વિચારીને સમજ દ્વારા એ બાબતનું અવલોકન કરવામાં આવે તો સ્પષ્ટ પણે જણાય છે કે જો પ્રકૃતિના તત્ત્વોરૂપી ઠંડક નષ્ટ પામે યાને દૂર થઈ જાય તો વસ્તુરૂપે રહેલા ઘાટો બરફની જેમ ઓગળી જઈને તેનું જીવન સમાપ્ત થતાં પોતાના અસલ બ્રહ્મ સ્વરૂપે પાછા બની જાય છે.

## હે સત્ વસ્ત ઉદે જહાં ના અસ્ત;
## વેશ અમસ્ત અવ્યે ઉલસો. ૫

### શબ્દાર્થ

**હે** = છે **સત્** = શાશ્વત **વસ્ત** = વસ્તુરૂપે **ઉદે** = ઉત્પત્તિ **જહાં** = જેનો **ના** = નહીં **અસ્ત** = વિનાશ **વેશ** = ઘાટ **અમસ્ત** = અમસ્તા, અમથા, સહજા-સહજ **અવ્યે** = વયથી રહિત **ઉલસો** = ઉત્પન્ન થવું, ઉલસવું, પ્રકાશવું.

### અનુવાદ

**જેનો ઉત્પત્તિ કે વિનાશ શક્ય નથી તેવા શાશ્વત અને વયથી રહિત બ્રહ્મમાં વેશ રૂપ ઘાટોની ઉત્પત્તિ અમસ્તી જ થયેલી છે.**

### ભાવાર્થ

શાસ્ત્રોના મંતવ્ય મુજબ જેનો ઉદય અને અસ્ત સંભવિત નથી, એટલે કે, જેની ઉત્પત્તિ અને વિનાશ કદી થતો જ નથી, તેવા વયથી રહિત બ્રહ્મમાં આપોઆપ સહજ રીતે અમસ્તા જ વેશરૂપ ઘાટો અને પદાર્થરૂપ દેખાતી સર્વ ઉત્પત્તિ થયેલી છે.

**દિવ્ય દૃષ્ટિ ઉતકૃષ્ટ ભયો દ્રશ્ય;**
**બ્રહ્મ ચોવેર કુવેર હસો. ૬**

### શબ્દાર્થ

**દિવ્ય** = દિવ્ય, અલૌકિક **દૃષ્ટિ** = નજર **ઉતકૃષ્ટ** = શ્રેષ્ઠ, મહાન **ભયો** = થયો **દ્રશ્ય** = દેખાય, નિહાળતાં **બ્રહ્મ** = સર્જનહારનો પ્રકાશરૂપ બ્રહ્મ **ચોવેર** = ચારે તરફ, ચોતરફ **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **હસો** = મને હાસ્ય થાય છે, આશ્ચર્ય થયું.

### અનુવાદ

**ચોતરફ ભરપૂર રીતે પથરાયેલા બ્રહ્મ અંગે જ્યારે ઉત્કૃષ્ટ પણે દિવ્ય દૃષ્ટિથી નિહાળતાં કુવેરસ્વામી કહે છે કે મને ખૂબ આશ્ચર્ય થયું.**

### ભાવાર્થ

આ અગાઉના અંગ-૩૨ અને ૩૩માં દર્શાવ્યા પ્રમાણે શાસ્ત્રોએ સચરાચર વ્યાપક બ્રહ્મ માટે અને તેમાં થયેલી સર્વ ઉત્પત્તિ તેમજ ઘાટો અંગે અભિપ્રાય આપીને જે રીતે દર્શાવ્યું છે તેને ઉત્કૃષ્ટ અને દિવ્ય દૃષ્ટિથી નિહાળતાં પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે આશ્ચર્યજનક હોઈ હસવું આવે છે.

# અંગ ૩૪
# બ્રહ્મ ભવાટી મંડાણકો

(પરિબોધ મોરાલકંદ)

**તાઈતે આ સંખ્યા તજ પિંડની બ્રહ્માંડ રજ;**
**જડ ચૈતન સ્ત્રડ વસત સફુરી હે. ૧**

### શબ્દાર્થ

**તાઈતે** = તેટલા માટે જ **આ** = આ પ્રમાણેની, અગાઉ શાસ્ત્રોના કહ્યા મુજબની **સંખ્યા** = શંકા, ગણતરી **તજ** = છોડીને, ત્યજીને **પિંડની** = ઘાટની, શરીરની **બ્રહ્માંડ** = બ્રહ્માંડની એટલે કે, બ્રહ્મમાં થયેલી સર્વ ઉત્પત્તિની **રજ** = રજેરજ, રજમાત્ર **જડ** = જડ, નાશવંત **ચૈતન** = ચૈતન, શાશ્વત **સ્ત્રડ** = સાથે, જોડાઈને **વસત** = રહે છે, વસે છે **સફુરી** = સ્ફુરણ થઈને **હે** = છે.

### અનુવાદ

**તેટલા માટે પિંડની અને બ્રહ્માંડમાં થયેલ રજેરજની સર્વ ઉત્પત્તિ અંગેની આ શંકાને (માન્યતા) છોડી દો ! કારણ કે જડ અને ચૈતનના જોડાણથી ઘાટો સ્ફુરાયમાન થયેલા છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે શાસ્ત્રો દ્વારા જણાવ્યા મુજબ પિંડ અંગે અને બ્રહ્મભૂમિકામાં થયેલી રજેરજની ઉત્પત્તિ આપોઆપ સહજ રીતે થયેલી છે, તે અંગેની માન્યતા છોડી દેવી જોઈએ. કારણ કે, જડ ઘાટ અને ચૈતન અંશના જોડાણથી એટલે કે, જડ ઘાટોમાં ચૈતન અંશ વસેલો હોવાથી તેની ચૈતનતાથી આ ઘાટ સ્ફુરાયમાન થયેલો છે. આ પ્રમાણે બ્રહ્માંડમાં વૃદ્ધિ પામેલા સર્વે રચનાની આદ્ય લઈ સર્વ ઘાટો અંશી થકી સ્ફુરણ પામી ચેતનમય બનીને કાર્યરત બનેલા છે.

## જેસે હી ભોમીકે ભંડ દારમે ચિતર ચંડ;
## કંચન ભુષન ભિન્ન ભાસત અંકુરી હે. ૨

### શબ્દાર્થ

**જેસે હી** = જેવી રીતે **ભોમીકે** = જમીનમાંથી બનાવેલ, માટીનાં **ભંડ** = વાસણો **દારમે** = લાકડામાંથી **ચિતર** = કોતરણીથી **ચંડ** = આકૃતિ **કંચન** = સોનામાંથી **ભુષન** = આભૂષણ **ભિન્ન** = જુદાં જુદાં **ભાસત** = દેખાય છે **અંકુરી**, મૂળ, બીજ **હે** = છે.

### અનુવાદ

**જેવી રીતે માટીમાંથી વાસણો, લાકડામાંથી કોતરણી કરીને બનાવેલ આકૃતિઓ, સોનામાંથી બનાવેલાં આભૂષણો જુદા દેખાય છે, પરંતુ મૂળ બીજરૂપ પદાર્થના જ સ્વરૂપો છે.**

### ભાવાર્થ

જેવી રીતે માટીમાંથી અનેક વાસણો, લાકડામાંથી કોતરણી કરીને અનેક પ્રકારના આકાર અને સોનામાંથી વિવિધ પ્રકારના આભૂષણ બને છે આ સર્વે ઘાટો અંકુર રૂપે રહેલા મૂળ પદાર્થમાંથી અંકુરિત થઈને બનેલા સર્વ ઘાટ છે. મૂળ સ્વરૂપે જોતાં પદાર્થરૂપ દ્રવ્ય જ છે, જેમકે વાસણોથી માટી, કોતરણી વાળા આકારથી લાકડું અને દાગીનાથી સોનું ભિન્ન નથી.

## અપકે ઉછંગ સંગ તોરંગ બોરંગા રંગ;
## ભાવીમે ભીનંગ અંગ અંતે નીર નૂરી હે. ૩

### શબ્દાર્થ

**અપકે** = પાણીના **ઉછંગ** = ઉપરના ભાગે, વહેતો પવન, મોજાં **સંગ** = સંગ થવાથી, સંયોગને કારણે **તોરંગ** = તરંગો, લહેરાય **બોરંગા** = પરપોટા **રંગ** = વર્ણ, જાતિ, રૂપે **ભાવીમે** = ભવિષ્યમાં **ભીનંગ** = ભળી જતાં, **અંગ** = આકાર, ઉત્પત્તિ, દેખાવ **અંતે** = અંતે, આખરે **નીર** = પાણી **નૂરી** = નૂરી,ઉત્પત્તિના કારણરૂપે, મૂળ તત્ત્વ **હે** = છે.

## અનુવાદ

**પાણીમાં ઉપરના ભાગે પવનના સંગથી મોજાં અને પરપોટાનું સ્વરૂપ દેખાય છે, પરંતુ ભવિષ્યમાં તે ભળી જતાં તેનો આકાર ન રહેતા આખરે પાણી તેના મૂળ સ્વરૂપે જ છે.**

## ભાવાર્થ

જેમ અપાર સમુદ્રના જળમાં તેના ઉપરના ભાગે પવનના ઝપાટાનો સંગ થવાથી જળમાં ઉછાળા આવીને મોજાં અને પરપોટાના રૂપો બંધાય છે, પરંતુ તે મોજાં કે પરપોટા સમાઈ જતાં પોતાના મૂળ સ્વરૂપે અથાહ જળમાં ભળી જાય છે અને છેવટે માત્ર નૂરી રૂપ જળ જ રહે છે.

**મીસરી મીઠાઈ કરી નામ રૂપ જુદાં ધરી;**
**વિવિધ પ્રકાર સાર જોતાં મેં ચેનુરી હે. ૪**

### શબ્દાર્થ

**મીસરી** = ખાંડની **મીઠાઈ** = મીઠાઈ **કરી** = બનાવી, કરીને **નામ** = નામ **રૂપ** = આકાર, સ્વરૂપ **જુદાં** = ભિન્ન **ધરી** = ધારણ કર્યા **વિવિધ** = જુદાં જુદાં, તરેહ તરેહનાં **પ્રકાર** = પ્રકારે, વિભાગે, વર્ગ, જાત, બનાવટ **સાર** = સારાંશ, મૂળ સ્વરૂપ સત્વ **જોતાં** = જોતાં, તપાસતાં, નિહાળતાં **મેં** = તેમાં **ચેનુરી** = ખાંડ, સાકર જ **હે** = છે.

## અનુવાદ

**ખાંડમાંથી બનાવેલી વિવિધ મીઠાઈનાં ધારણ કરેલાં નામ અને રૂપ જુદાં જુદાં છે, પરંતુ વિવિધ પ્રકારનાં સ્વરૂપોને જોતાં મૂળ સ્વરૂપે તો તે ખાંડ જ છે.**

## ભાવાર્થ

જેમ ખાંડમાંથી વિવિધ મીઠાઈઓ બનાવવામાં આવે અને તેનાં અલગ-અલગ રૂપ અને બનાવટ મુજબ જુદા-જુદા નામ પણ પાડવામાં આવે છે, પરંતુ તે વિવિધ પ્રકારનાં નામ ધારણ કરેલ મીઠાઈ આખરે તો ખાંડ જ છે.

**તેસેહી પિંડ બ્રહ્માંડ રસીક રચે પ્રચંડ;**
**ભવાટી બ્રહ્મની મંડ સચેત સમપુરી હે. ૫**

### શબ્દાર્થ

**તેસેહી** = તેવી જ રીતે **પિંડ** = ઘાટ **બ્રહ્માંડ** = બ્રહ્માંડરૂપ સર્વ ઉત્પત્તિ **રસીક** = રસિક, રસવાળું, રસપૂર્ણ, ભાવુક્ત **રચે** = રચ્યું છે **પ્રચંડ** = વિરાટ, કદાવર, મોટું, પ્રતાપી, મહાન **ભવાટી** = ભવાટી, સંસારરૂપી વન, પાર ન પામી શકાય તેવો સંસાર **બ્રહ્મની** = સકર્તા પતિ સર્જનહારના પ્રકાશરૂપ બ્રહ્મની **મંડ** = મંડાણ, શરૂઆત, ઉત્પતિ **સચેત** = સચેતન થઈને **સમપુરી** = સંપૂર્ણ **હે** = છે.

### અનુવાદ

**ઉપરના દૃષ્ટાંત મુજબ વિશાળ બ્રહ્માંડમાં રસિકતાવાળા પિંડરૂપ ઘાટ રચાયા છે. પણ આ ભવાટવીમાં પિંડ અને બ્રહ્મની ઉત્પત્તિ પૂર્ણ ચૈતન દ્વારા થઈ છે.**

### ભાવાર્થ

અગાઉના દૃષ્ટાંત મુજબ પૃથ્વીમાંથી વાસણ, લાકડાંમાંથી કોતરેલી મૂર્તિઓ, સોનામાંથી ઘરેણાં, સાકરમાંથી વિવિધ સ્વરૂપની મીઠાઈઓ, સમુદ્રમાંથી ઉત્પન્ન થતા મોજાં વગેરે વસ્તુઓમાં કારણ રૂપે જેમ પૃથ્વી, લાકડું, સોનું, સાકર અને જળ છે તેમ બ્રહ્માંડમાં મહદ્ તત્ત્વોથી અલ્પઘાટ ઉત્પન્ન થયા હોય તેવું પ્રતીત થાય છે, પરંતુ અહીં પ્રસ્તુત કાર્ય અને રચનાના કારણનો વિચાર કરતાં તેના બનાવનાર બ્રહ્મથી પરે રહેલા પૂર્ણ ચૈતન સકર્તા સર્જનહાર છે.

**સચેત સચીવ શીવ ઈન્દ્રિને અવિલંબન જીવ;**
**માયા આધિન સદૈવ મોક્ષકુ કહે દૂરી હે. ૬**

### શબ્દાર્થ

**સચેત** = સચેતન, જ્ઞાનથી જાગ્રત થયેલ **સચીવ** = પ્રધાન, મંત્રી, વજીર, અગ્ર, સચિવ, વડો **શીવ** = શિવરૂપે છે **ઈન્દ્રિને** = ઈન્દ્રિયોને **અવિલંબન** = આધારિત, આલંબન કરનાર

વળગી રહેનાર, આશ્રય, ટેકો **જીવ** = જીવદશા **માયા** = પ્રકૃતિના તત્ત્વો, મહંમાયાના સ્વરૂપોને **આધિન** = વશ થઈ, તાબે થઈ **સદૈવ** = સદાને માટે, હમેશાં **મોક્ષકુ** = મોક્ષને, મુક્તિના પદને **કહે** = કહે છે **દૂરી** = દૂર, વેગળું, છેટું **હે** = છે.

## અનુવાદ

**સચેત થયેલ મોટા શિવરૂપ છે અને ઈન્દ્રિયોને આધારિત જીવરૂપ કહેવાય છે. આમ સર્વે માયાને આધીન થઈ રહે છે, તેથી તેઓ મોક્ષપદ બહુ દૂર છે તેમ કહે છે.**

## ભાવાર્થ

વિશ્વમાં જે જ્ઞાનથી જાગ્રત થયેલ જીવાત્મા સંસારમાં શિવ તરીકે ગણનાને પાત્ર ગણાય છે. જે જીવાત્મા માયાને એટલે કે, પ્રાકૃતિક તત્ત્વોને આધીન થઈને ઈન્દ્રિયોના સુખ વૈભવ ભોગવવામાં અને ઈન્દ્રિયોના સ્વાદને આધારરૂપ થઈને વળગી રહેનાર જીવદશાના જીવો કહેવાય છે. આ બધાં જીવો અહર્નિશ માયાના આધીન રહેવાથી કહે છે કે મોક્ષપદ તો બહુ દૂરની બાબત છે.

## અજ્ઞાન અગન્ય રોગ નેંનની અનંત ભાસે;
## કુવેર ઓષદી જાકી ગુરુ ગ્યમ મૂરી હે. ૭

### શબ્દાર્થ

**અજ્ઞાન** = અજ્ઞાન **અગન્ય** = અગ્નિ, તાપ, અગન **રોગ** = રોગ, વ્યાધિ, દર્દ, દુઃખ **નેંનની** = નેત્રોની, આંખોની **અનંત** = અંતથી રહિત, અનેક, અપાર **ભાસે** = દેખાય, જોવાય **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **ઓષદી** = ઔષધિ, દવા **જાકી** = જેની **ગુરુગ્યમ** = ગુરુ દ્વારા પ્રાપ્ત થતી સમજ, કૃપા **મૂરી** = જડીબુટ્ટી, મૂળિયાં રૂપે **હે** = છે.

## અનુવાદ

**અજ્ઞાનતાને કારણે ત્રિવિધિના તાપનો રોગ લાગુ પડ્યો છે. તેથી આંખો દ્વારા અનંત પ્રકારના આકારોને નિહાળે છે. કુવેરસ્વામી કહે છે કે ગુરુની કૃપા એ જ આ રોગની ઔષધિ રૂપ જડીબુટ્ટી છે.**

## ભાવાર્થ

પ્રકૃતિને વશ થઈને ઈન્દ્રિયોના ભોગ વૈભવમાં રાચતા જીવો અજ્ઞાનરૂપ અંધ દશામાં રહેવાથી સંસારમાં ત્રિવિધ તાપના રોગનો ભોગ બનીને જીવે છે અને દુઃખી થાય છે. જેથી પોતાના નેત્રો દ્વારા વિશ્વમાં નાશવંત રચના છે તેને જ નિહાળે છે, પરંતુ શાશ્વત પદ તેમની સમજમાં આવતું જ નથી. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે આવા રોગી માટે સમર્થ ગુરુનું શરણ અને તેમની કૃપા એજ એક ઔષધિ રૂપ જડીબુટ્ટી છે.

# અંગ ૩૫
# બ્રહ્મ ગુણગાન ગાવનકો

(ઉમંગ છંદ)

**હે હસના રસના ગુન ગાવત;**
**સોહાવત હે પદ પુંજ મયંગ. ૧**

**શબ્દાર્થ**

**હે** = છે **હસના** = હાસ્ય, આનંદ **રસના** = જીહ્વાથી **ગુન** = ગુણ **ગાવત** = ગાઉં છું **સોહાવત** = સોહાય છે, દીપે છે, શોભાયમાન છે **હે** = છે **પદ** = પદ, સ્થાન **પુંજ** = પૂજન લાયક, પૂજનીય **મયંગ** = ભરપૂર, સંપૂર્ણ, સર્વત્રવ્યાપક.

**અનુવાદ**

**તે સર્વત્ર વ્યાપક રીતે શોભાયમાન રહેલાં પૂજનીય પદને જોઈ મને આનંદ થાય છે અને તેથી હું મારી જિહ્વા વડે તેના ગુણ ગાઉં છું.**

**ભાવાર્થ**

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે સર્વત્ર વ્યાપક ભરપૂર રીતે પથરાયેલાં સર્જનહારનો બ્રહ્મપ્રકાશ અતિ દેદિપ્યમાન અને શોભાયમાન છે. એવા પૂજનીય પદને જોઈ તેઓ મનમાં આનંદ અનુભવે છે અને એ મહાન બ્રહ્મપદના તેઓ જિહ્વા વડે ગુણગાન ગાય છે.

**આપહી આપ અનંત ઉઠે મત;**
**ધન્ય નમામિ જ્યેતિ જયંગ. ૨**

**શબ્દાર્થ**

**આપહી આપ** = મારા પોતાનામાં **અનંત** = અનંત, અપાર, જેનો અંત નથી તેવું, **ઉઠે** = ઊઠે છે, સ્ફૂરણ થવુ, સ્ફુરાયમાન થાય છે **મત** = વિચારધારા, અભિપ્રાય, શ્રદ્ધા, આદર, મમત્વ **ધન્ય** = ધન્યવાદ, ઉત્કૃષ્ટ, કૃતાર્થ, મંગળ, વખાણવા યોગ્ય **નમામિ** = નમન કરીને, નમસ્કાર કરું છું

**જયેતિ** = જય હો, **જયંગ** = જય હો.

## અનુવાદ

**આપોઆપ (સહેજા-સહેજ) બ્રહ્મપદ માટે અનંત અભિપ્રાયો સ્ફુરે છે. એવા પદને હું ધન્યવાદ આપું છુ. તેમજ જય જય કાર કરી નમસ્કાર કરું છું.**

## ભાવાર્થ

તે બ્રહ્મપદ માટે સહજા-સહજ અનંત અભિપ્રાયો સ્ફુરે છે. વિશ્વને ધારણ કરીને રહેલા બ્રહ્મને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર ધન્યવાદ આપે છે. તેમજ તેવા મહાન અને પૂજનીય પદનો જય જયકાર કરીને નમસ્કાર કરે છે.

**આદ્ય અવ્યક્ત અરુપી અચાનક;**
**તાનક પિંડ પ્રતંગ ભયંગ. ૩**

### શબ્દાર્થ

**આદ્ય** = અનાદિ, પુરાણું **અવ્યક્ત** = વ્યક્ત નથી તેવા **અરુપી** = રૂપથી રહિત **અચાનક** = એકાએક, ઓચિંતું, અણધારી રીતે **તાનક** = શક્તિશાળી **પિંડ** = પિંડ, ઘાટ, દેહ **પ્રતંગ** = પ્રચંડ, સંપટવત્ **ભયંગ** = ભયંકર, સંદેહ, શંકા, સંશય.

## અનુવાદ

**એકાએક પથરાયેલ આદિ અનાદિના અવ્યક્ત અને અરૂપી બ્રહ્મપદ શક્તિશાળી, પિંડ રૂપે સંપટવત્ અને સંશયરહિત છે.**

## ભાવાર્થ

મહદ્ શૂન્યમાં સર્જનહારની બાહ્યહંગની વૃત્તિનો પસારો થતાં અચાનક પથરાયેલ બ્રહ્મપદ આદિ અનાદિનું છે, જે વ્યક્ત ન થાય તેવું રૂપથી રહિત અરૂપ છે. વળી તેમાં અચાનક યાને સહેજાસહેજ અનંત ઘાટો ઉત્પન્ન થઈને વૃદ્ધિ પામ્યા છે. તેવો પણ મત વેદોએ સ્થાપિત કરેલો છે. તેમ છતાં આ પદ પ્રચંડ શક્તિશાળી પિંડ રૂપે સંપટવત્ત છે અને કોઈ પણ પ્રકારના સંશયો રહિત શ્રેષ્ઠ પદ છે.

**રહત આભિત્ર ચરિત્ર ન્હાંના વિધિ;**
**બોલતહી સત્ શબ્દ સોહંગ. ૪**

**શબ્દાર્થ**

**રહત** = રહે છે **આભિત્ર** = અભેદ, ભિન્નતાનો અભાવ, અદ્વૈત, એકરૂપતા **ચરિત્ર** = વર્તણૂંક, સ્વભાવ, પ્રકૃતિ, આચરણ **ન્હાંનાવિધિ** = વિવિધ પ્રકાર, અલગ અલગ રૂપે **બોલતહી** = બોલે છે **સત્** = સત્, શાશ્વત **શબ્દ** = શબ્દ, અવાજ, વચન **સોહંગ** = સોહંગ બ્રહ્મ.

**અનુવાદ**

**બ્રહ્મની અંદર વિવિધ પ્રકારના ઘાટો ક્રિયો કરતાં જોવા મળે છે. એ સર્વ ઘાટોમાં સોહંગ બ્રહ્મ પોતે શબ્દનો ઉચ્ચાર કરે છે.**

**ભાવાર્થ**

અભેદ રીતે રહેલા સચરાચર વ્યાપક બ્રહ્મ પ્રકાશમાં વિવિધ પ્રકારના ચરિત્રવાળા અપાર ઘાટો ક્રિયા કરતાં જોવા મળે છે. મહદ્ રીતે વૈરાટમાં પથરાયેલું બ્રહ્મપદ અલ્પ સ્વરૂપે પોતાના ત્રણ મહાતત્ત્વોના પ્રભાવથી દરેક પિંડમાં અને વૈરાટમાં પ્રાણાયામના સ્વરૂપે રહેલું છે. તે અવિકાસ મહાતત્ત્વથી ઓહંગના રૂપે, વિકાસ મહાતત્ત્વથી સોહંગના રૂપે અને કુંભસ્થ મહાતત્ત્વથી સ્તંભનના રૂપે આચરણ કરે છે. જેમાં નિજ ચૈતનની જાણવાળો ૐકાર પ્રાણાયામ સત્ શબ્દનું ઉચ્ચારણ કરે છે.

**ખ્યાલક ખેલ ઉકેલ સંકેલત;**
**હે જ્યહુકો નિજ અંશ અયંગ. ૫**

**શબ્દાર્થ**

**ખ્યાલક** = ખેલનાર, સર્જનહાર **ખેલ** = ખેલ, રચના **ઉકેલ** = પસારો, સર્જન **સંકેલત** = સંકલન, સમાપ્ત, વિસર્જન **હે** = છે **જ્યહુકો** = જેમનો, જેમનું તેમ **નિજ** = મૂળ, પોતે **અંશ** = નિજકર્તાનો સજાતીય અંશ સ્વરૂપ **અયંગ** = અજાણ, અરૂપ, યથાસ્વરૂપે, કારણરૂપે.

**અનુવાદ**

**સર્જનહારની રચનાનું સર્જન અને વિસર્જન બ્રહ્મમાં થાય છે અને તે**

**રચનાની ચેતનતામાં ચારણરૂપે નિજ અંશ રહેલો છે.**

## ભાવાર્થ

જેવી રીતે વિશ્વના કારણરૂપ રહેલા સર્જનહાર બ્રહ્મને પોતાની રચનાનું સર્જન અને વિસર્જન કરવા માટે ક્ષેત્ર તરીકે તેમજ પ્રત્યેક અંશના કર્મ-વિકર્મ જાણવા ઉપયોગ કરે છે. તેવી જ રીતે સર્જનહારનો સજાણજાણ અંશ પણ સર્વ પ્રકારના દેહની ચેતનતાના કારણરૂપે રહી ઉત્પતિ અને સંકલન માટે બ્રહ્મના મહાતત્ત્વોનો પ્રણવના રૂપમાં માધ્યમ તરીકે ઉપયોગ કરે છે. એટલે કે, પિંડની ચેતનતાના કારણરૂપ રહેલ અંશ પોતાના આભાસથી પ્રથમ પ્રણવને સચેતન કરીને અન્યોઅન્ય પ્રકૃતિના તત્ત્વોને સચેતન કરે છે. જેથી પિંડ કાર્યરત બને છે. પિંડનું સમાપન પણ તેજ રીતે પ્રણવને ઊલટાવીને પોતાની નિજ જાણ રૂપી આભાસ ઊલટ કરીને (પિંડનો અંત) કરે છે.

**વંશ વિલાપ વાચાલ ભયો વિધિ;**
**સ્વે નિધિ પ્રાય કુવેર કહંગ. ૬**

### શબ્દાર્થ

**વંશ** = ઉત્પત્તિનું કૂળ **વિલાપ** = રુદન, આક્રંત **વાચાલ** = વાણી, વાચાળતા **ભયો** = થયો, કર્યો **વિધિ** = ક્રિયા, રચના **સ્વે** = પોતે **નિધિ** = નિધિરૂપ બ્રહ્મના તત્ત્વો થકી **પ્રાય** = પ્રકારે **કુવેર** = કુવેરસ્વામી **કહંગ** = કહે છે.

## અનુવાદ

**કુવેરસ્વામી કહે છે કે નિજકર્તાના કુળનો અંશ આ નિધિરૂપ બ્રહ્મના તત્ત્વો થકી જ દેહમાં વાણી દ્વારા રુદન અને વાચાળતા ભર્યા શબ્દોનું ઉચ્ચારણ કરે છે.**

## ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે સર્જનહારના વંશનો ચૈતન અંશ આ બ્રહ્મના ત્રણ મહાતત્ત્વોરૂપ ૐકાર પ્રણવ થકી જ પિંડમાં વાણીનો વિલાસ કરીને રુદન, આક્રંત અને વિવિધ પ્રકારના બાવન અક્ષરોનું ઉચ્ચારણ કરે છે.

# અંગ ૩૬
# ઘાટમેં બ્રહ્મ સર્વાંગે વ્યાપક દેખાવનકો

(પરિબોધ મોરાલકંદ)

**સ્વયંગ નિધિ યથારથ લખ્યો ન કાઉન ગ્રંથ;**
**કવિનકો ક્રતારથ અલખ અમાપ હે. ૧**

**શબ્દાર્થ**

**સ્વયંગ** = અજન્મા **નિધિ** = સમુદ્ર સમાન બ્રહ્મ **યથારથ** = યથાર્થ, વાસ્તવિક **લખ્યો** = લખ્યું, કથ્યું **ન** = નહીં **કાઉન** = કોઈએ પણ **ગ્રંથ** = ધાર્મિક પુસ્તકો **કવિનકો** = કાવ્ય રચનાર, કવિઓનો **ક્રતારથ** = પુરુષાર્થની સફળતા, કૃતાર્થ **અલખ** = અવર્ણનીય, અલખ **અમાપ** = વ્યાપક **હે** = છે.

**અનુવાદ**

**કોઈ પણ ધર્મગ્રંથમાં બ્રહ્મનું યથાર્થ વર્ણન લખાયું નથી. એવા અલખ અને અમાપ બ્રહ્મને લખવામાં કવિઓનો પુરુષાર્થ પણ સફળ થયો નથી.**

**ભાવાર્થ**

વિશ્વમાં જેટલા ધાર્મિક ગ્રંથ છે તેમાં લેખકો દ્વારા સચરાચર વ્યાપક બ્રહ્મનું યથાર્થ રીતે વર્ણન થયું જ નથી. વળી અલેખ અને વારપાર સિવાયના વ્યાપક બ્રહ્મ વિષે કાવ્યની રચના કરનાર કવિઓનો પણ પુરુષાર્થ સફળ થયો નથી.

**અલખ સો લક્ષ વ્યાપ અમાપ સો માપ ભયો;**
**ઘટ ઘટ નયો નયો જપે એકુ જાપ હે. ૨**

**શબ્દાર્થ**

**અલખ** = જેને વિષે લખાયું નથી તેવા અલેખ **સો** = તે **લક્ષ** = લક્ષણ, ચિહ્ન **વ્યાપ** = સર્વત્ર વ્યાપક **અમાપ** = માપ રહિત **સો** = તે **માપ** = માપક **ભયો** = થયો **ઘટ ઘટ** = દરેક શરીરમાં

**નયો નયો** = નવીન નવીન, નવા નવા **જપે** = જપે છે, રટણ કરે છે **એકુ** = એક સ્વરૂપે, એક જ રીતે **જાપ** = જાપ, જપાય **હે** = છે.

## અનુવાદ

**બ્રહ્મ અલખ, સર્વવ્યાપક અને અમાપ છે, પરંતુ આ જ બ્રહ્મ માપક બની રોજ નવા નવા થતા વિધ વિધ ઘાટોમાં પ્રણવના જાપ સ્વરૂપે જપાય છે.**

## ભાવાર્થ

૮૪ લાખ પ્રકારના ઘાટો પૈકી માનવ સહિત વિધવિધ પ્રકારના સ્થાવર-જંગમમાં અસંખ્ય ઘાટોની ઉત્પત્તિ દરરોજ થયે જ જાય છે. વિવિધ પ્રકારના તે સર્વે ઘાટોમાં રહેલો બ્રહ્મ જે પોતાના લક્ષણોમાં અલખ, સર્વવ્યાપક અને અમાપ હોવા છતાં માપક થઈ પ્રણવના સ્વરૂપે રહેલો છે. વળી દરેક ઘાટોમાં એક જ રીતે શ્વાસ અને ઉચ્છવાસના રૂપમાં તે અજપાજાપ સ્વરૂપે જપાતો જ રહે છે.

**વૃક્ષનીમે વૃક્ષ જેસે, કીટમે કીટંપ તેસે;**
**ખગહીમે ખગ જેસે તેસેહી વિલાપ હે. ૩**

### શબ્દાર્થ

**વૃક્ષનીમે** = વૃક્ષના દેહમાં **વૃક્ષ** = વૃક્ષ **જેસે** = જેવો **કીટમે** = કીટના દેહમાં **કીટંપ** = કીટાણુ મુજબ **તેસે** = તેવી રીતે, તેવું **ખગહીમે** = પક્ષીઓના દેહમાં **ખગ** = પક્ષી **જેસે** = જેવું **તેસેહી** = તે રીતે, એ પ્રમાણે **વિલાપ** = અવાજ, વાણી **હે** = છે.

## અનુવાદ

**વૃક્ષમાં વૃક્ષના રૂપે, કીટમાં કીટના રૂપે અને પક્ષીમાં પક્ષીના રૂપે તે બ્રહ્મ રહેલું હોવાથી ઘાટ પ્રમાણે વિલાપ કરે છે.**

## ભાવાર્થ

સ્થાવર જાતિના વૃક્ષના દેહમાં શ્વાસોચ્છ્વાસની ક્રિયા તેના ઘાટને અનુરૂપ

થઈને, જંગમજાતિમાં કીટાણુ અને પતંગિયાના દેહમાં તેના ઘાટને અનુકૂળ થઈને તથા પક્ષીઓના ઘાટમાં તેના ઘાટ પ્રમાણે માપક થઈને પ્રણવ રૂપે બ્રહ્મ રહેલો છે. આ પ્રમાણે દરેક ઘાટના બંધારણ અને તત્ત્વોના લક્ષણો પ્રમાણે વર્તન કરીને વિલાપ કરે છે - વાણી વદે છે.

## દેવમે દૈવત રૂપે મનુષ્યમે મનુજ પે;
## પશુમે પંકાત પશુ જેસુ જેસો થાપ હે. ૪

### શબ્દાર્થ

**દેવમે** = દેવોના દેહમાં **દૈવત રૂપે** = દૈવી શક્તિના રૂપે **મનુષ્યમે** = મનુષ્યમાં **મનુજપે** = મનુષ્યના રૂપે **પશુમે** = પશુઓમાં **પંકાત** = પશુ પ્રમાણે **પશુ** = પશુ **જેસુ** = જે રીતે **જેસો** = જેવો **થાપ** = ઘાટ **હે** = છે.

### અનુવાદ

**દેવમાં દૈવત રૂપે, મનુષ્યમાં મનુષ્ય રૂપે, પશુમાં પશુ પ્રમાણે - જ્યાં જેવો ઘાટ છે તેવો રહે છે.**

### ભાવાર્થ

સૂક્ષ્મ, કારણ, મહાકારણ અને પરમકારણ દેહધારણ કરેલા દેવી-દેવતાઓમાં તે દેહના રૂપ પ્રમાણે, સ્થૂળદેહવાળા મનુષ્યમાં મનુષ્યના ઘાટ પ્રમાણે અને જંગમ દેહવાળા પશુઓમાં પશુઓના શરીર પ્રમાણે, એમ જેવો દેહ તેવા રૂપે બ્રહ્મ માપક થઈને પ્રણવની ગતિ કરે છે.

## ઉપાધિ કે સંગ મીલી દીસત ઉપાધિ રુપ;
## તેલકી તવાઈ માંહી ચંદકુ ક્યા તાપ હે. ૫

### શબ્દાર્થ

**ઉપાધિકે** = ઉપાધિવાળા ઘાટ પીડા કે દુ:ખ વખતે **સંગ** = સાથી બનીને **મીલી** = મળીને **દીસત** = દેખાય છે **ઉપાધિ રૂપ** = ઉપાધિના સ્વરૂપે, દુ:ખીના માપક સ્વરૂપે **તેલકી** = તેલની **તવાઈ** = તાવડી **માંહી** = માં **ચંદકુ** = ચંદ્રમાનું **ક્યા** = શું, શાનો **તાપ** = ગરમી **હે** = છે.

### અનુવાદ

**જેમ ગરમ તેલની તાવડીમાં માપક રૂપે દેખાતા ચંદ્રને ગરમી શેની લાગે? તેમ માપક રૂપે ઘાટમાં રહેલો બ્રહ્મ ઘાટોની ઉપાધિના સંગે ઉપાધિવાળો દેખાય, છતાં બ્રહ્મને કાંઈ ઉપાધિ હોતી નથી.**

### ભાવાર્થ

ગરમ તેલની તાવડીમાં પ્રતિબિંબરૂપે માપક સ્વરૂપે રહેલો ચંદ્ર દેખાય તો તે તેલમાં દેખાતા ચંદ્રને ગરમીનો અનુભવ થતો નથી. તે જ ન્યાયે માપક થઈને રહેલો બ્રહ્મ વિશ્વની સર્વ ઉપાધિ રૂપ રચનાના સંગે કરીને ઉપાધિ રૂપે દેખાય છે, પરંતુ તે ઉપાધિ મૂળ બ્રહ્મને લાગતી નથી કે તે ઉપાધિનો અહેસાસ કે અનુભવ પણ બ્રહ્મને થતો હોતો નથી.

**જેસે કુપ નિર એક સિંચત તરુ અનેક;**
**સ્વાદ જાકે મિષ્ટ મોલા કટુક ખટાપ હે. ૬**

#### શબ્દાર્થ

**જેસે** = જેમ **કુપ** = કૂવાનું **નિર** = પાણી **એક** = એક જ હોય **સિંચત** = પિવડાવવામાં, સિંચવામાં આવે **તરુ** = વૃક્ષો **અનેક** = અનેક **સ્વાદ** = સ્વાદ **જાકે** = જેનો **મિષ્ટ** = મીઠો **મોલો** = મોળો **કટૂક** = કડવો **ખટાપ** = ખાટો **હે** = છે.

### અનુવાદ

**જેવી રીતે એક જ કૂવાના પાણીના સિંચનથી અનેક વૃક્ષો સિંચાય છે, પરંતુ તે વૃક્ષના ફળોનો સ્વાદ મીઠો, મોળો, કડવો અને ખાટો હોય છે.**

### ભાવાર્થ

જેવી રીતે ખેડૂતે અલગ અલગ પ્રકારના ઘણા વૃક્ષો રોપ્યા હોય, અને દરેક વૃક્ષને એક જ કૂવામાંથી નીકળતું પાણી સિંચન થતું હોય, પરંતુ જ્યારે તે વૃક્ષનાં ફળો તૈયાર થાય ત્યારે તે દરેક વૃક્ષનાં ફળો વૃક્ષના ગુણધર્મ પ્રમાણે મીઠાં, મોળાં, કડવાં અને ખાટાં સ્વાદના હોય છે.

**તેસેહી ચૈતન વ્યાપ સરવાંગ સોહંગ થાપ;**
**કુવેર ન દુજો કોઉ ગાવતહી આપ હે. ૭**

### શબ્દાર્થ

**તેસેહી** = તેવી જ રીતે **ચૈતન** = ચૈતન **વ્યાપ** = વ્યાપેલો **સરવાંગ** = સર્વમાં **સોહંગ** = સોહંગ પ્રાણાયામ **થાપ** = ઘાટોમાં **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **ન** = નહીં **દુજો** = બીજો **કોઉ** = કોઈ **ગાવતહી** = વાણીનું ઉચ્ચારણ કરે, ગાય, બોલે **આપ** = બ્રહ્મ જે માપક સ્વરૂપે છે તે પોતે જ **હે** = છે.

### અનુવાદ

**તેવી જ રીતે ચૈતનતા પામેલ સોહંગ બ્રહ્મ માપક રૂપે સર્વ ઘાટોમાં વ્યાપેલો છે. કુવેરસ્વામી કહે છે કે ઘાટોમાં જે વાણીનું ઉચ્ચારણ કરે છે, તે બીજું કોઈ જ નથી, પરંતુ તે પોતે જ બ્રહ્મનું સ્વરુપ છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે તેવી જ રીતે એક જ મહદ્ બ્રહ્મના માપક રૂપે રહેલ પ્રણવ અંશની ચૈતનતા પામીને વિશ્વના દરેક ઘાટોમાં ઘાટોના જીવનરૂપે વ્યાપક થઈને રહેલો છે, વળી દરેક ઘાટોના સ્વરૂપ પ્રમાણે તે વાણીનું ઉચ્ચારણ કરે છે. જે ઘાટ પ્રમાણે અલગ અલગ બીજો પ્રણવ નથી, પરંતુ એક બ્રહ્મ પોતે જ છે. જે માપક સ્વરૂપે થઈને ઘાટોમાં વહન કરે છે.

# અંગ ૩૭
# બ્રહ્મ વાણી ઉચરનકો

(ઉમંગ છંદ)

**તા પદકે મધ્યકી હર્દ યાંમમ;**
**સો ગમ કહે આપહી આપની. ૧**

### શબ્દાર્થ

**તા** = તે **પદકે** = પદના **મધ્યકી** = મધ્યની, વચ્ચે, અંદર **હર્દ** = હાર્દ, રહસ્ય, મર્મ **યાંમમ** = એ રીતે **સો** = તે **ગમ** = સમજ **કહે** = કહ્યું **આપહી** = પોતે **આપની** = પોતાની.

### અનુવાદ

**તે બ્રહ્મપદમાં રહેલ હાર્દની મને જે પ્રમાણે સમજ હતી તે મુજબ સમજાવી છે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે એવા મહાન સર્જનહારના પ્રકાશ રૂપ સચરાચર વ્યાપક બ્રહ્મનો ગર્ભિત મર્મ અને હાર્દ છે. આ રહસ્યને તેઓની જે પ્રમાણે સમજ હતી તે મુજબ તેમને દર્શાવી છે.

**કોઉ ન દ્વૈત દુજા મતકી ગત;**
**હે સત્ સ્વયંગ ગીરા વ્યાપની. ૨**

### શબ્દાર્થ

**કોઉ** = કોઈ **ન** = નથી **દ્વૈત** = બે પણું, બીજુ, બીજા સ્વરૂપે **દુજા** = બીજો, અન્ય **મત** = મત, મર્મ, રહસ્ય **કી** = ની **ગત** = ગતિ, જ્ઞાન, સમજ **હે** = છે **સત્** = સાચી **સ્વયંગ** = શાશ્વત, અજન્મા, પોતે **ગીરા** = વાણી, વેણ **વ્યાપની** = વ્યાયકની, જાહેર કરી, પોતાની રીતે.

### અનુવાદ

**મારી ઉચ્ચારેલી આ વાણી સત્ય છે આ સિવાય વ્યાપક બ્રહ્મની સમજ માટે અન્ય કોઈ મત નથી.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દ્વારા તેમણે પોતે જે રીતે મહાન વ્યાપક બ્રહ્મની સાચી અને યથાર્થ સમજ આપી છે, તે સિવાય તે દ્વૈત રૂપ બ્રહ્મ માટે અન્ય કોઈ સમજ કે રહસ્ય વાણી દ્વારા આપી શકે તેમ નથી.

**બ્રહ્મ હીલોલ ઉઠે નિધ્યકી મધ્ય;**
**પૃષ્ટિ પરા અજપા જાપની. ૩**

### શબ્દાર્થ

**બ્રહ્મ** = સર્જનહારનો બ્રહ્મપ્રકાશ **હીલોલ** = તરંગ, મોજું **ઉઠે** = ઉત્પન્ન થાય **નિધ્યકી** = નિધિરૂપ બ્રહ્મની **મધ્ય** = માં, મધ્યે **પૃષ્ટિ** = પોષણ **પરા** = પરાવાણી **અજપા** = આપોઆપ જપાતા શ્વાસોચ્છ્‌વાસ, પ્રાણાયામ **જાપની** = જાપની.

### અનુવાદ

**નિધિરૂપ બ્રહ્મમાં લહેરો રૂપ તરંગ ઉત્પન્ન થાય છે, તેથી પરાવાણીનો અજપા જાપ રૂપ પ્રણવ પૃષ્ટિ પામે છે.**

### ભાવાર્થ

સર્જનહારનો પરમ બ્રહ્મ પ્રકાશ સચરાચર વ્યાપક અને નિધિરૂપ સાગર સમાન છે. પ્રકાશ બ્રહ્મવૃત્તિના અવિકાસ, વિકાસ અને કુંભસ્થ એમ ત્રણ મહાઘટકોનો વેગ ઊઠે તો જ અજપાજાપ તરીકે રહેલ પ્રણવ પૃષ્ટિ પામીને પરાવાણીનો ઉચ્ચાર કરે છે.

**વાણી વિચિત્ર પ્રકાર ઉચ્ચારત;**
**સ્વારથ સંઘ સમે સમાપની. ૪**

### શબ્દાર્થ

**વાણી** = ભાષા, શબ્દો **વિચિત્ર** = ચિત્ર-વિચિત્ર, ભાતભાતનું, વિવિધતાવાળું **પ્રકાર** = પ્રકારના **ઉચ્ચારત** = ઉચ્ચારણ કરે, બોલે **સ્વારથ** = પોતાની મતલબ **સંઘ**= સોબત, સંબંધ **સમે** = સમયે, પ્રસંગે **સમાપની** = માપકના રૂપે રહીને, સપ્રમાણ માપે રહીને.

### અનુવાદ

**તે બ્રહ્મ માપકના રૂપે પોતાની મતલબ પ્રમાણે ઘાટોના સંગે રહીને ચિત્ર - વિચિત્ર પ્રકારની વાણીનું ઉચ્ચારણ કરે છે.**

### ભાવાર્થ

તે સચરાચર વ્યાપક બ્રહ્મના મહાતત્ત્વો પૃષ્ટિ પામીને માપક સ્વરૂપે રહેલા છે. તે પોતાની મતલબ પ્રમાણે ઘાટોના સંગે ઘાટ મુજબ રહીને ચિત્ર વિચિત્ર પ્રકારની વાણીનું ઉચ્ચારણ કરે છે. આ બધી ક્રિયાઓ માપવાળા ઘાટોમાં ચૈતન અંશની જાણવાળા પ્રણવ થકી જ થાય છે.

**જે ઘરથી ઉલસે વિલસે પુની;**
**તે સ્થલ કૈવલના વ્યાપના થાપની. ૫**

### શબ્દાર્થ

**જે** = જે **ઘરથી** = ધામમાંથી, રહેઠાણથી **ઉલસે** = ઉત્પન્ન થયો **વિલસે** = વિનાશ થઈને, સમાય **પુની** = પાછો **તે** = તે **સ્થલ** = સ્થાન **કૈવલના** = કૈવલકર્તાના **વ્યાપના** = વ્યાપકના, રચનાના, ઉદ્‌ભવના **થાપની** = સ્થાનની, સ્વરૂપની, રહેઠાણની.

### અનુવાદ

**જે ધામમાંથી બ્રહ્મપ્રકાશ ઉત્પન્ન થયો અને પાછો જેમાં સમાઈ જશે, એવા વ્યાપક બ્રહ્મનું મૂળ સ્થાન (નિજ ઘર) કૈવલ છે.**

### ભાવાર્થ

સર્જનહારના સંકલ્પ શક્તિથી પ્રથમ "પ્રકાશ બ્રહ્મવૃત્તિ" દ્વારા બ્રહ્મની ઉત્પતિ થયેલ છે. તે બ્રહ્મ મહાપ્રલય વખતે જ્યારે સર્જનહારનો સંકલ્પ સમાશે

ત્યારે તે જ ઉત્પત્તિના સ્થાનમાં સમાઈને રહેનારો છે. એટલે કે, બ્રહ્મનું મૂળ ઉદ્ભવ સ્થાન કૈવલપદ છે. તે કૈવલધામ બ્રહ્મથી પર રહેલું છે. સર્વે રચનાના કારણરૂપે રહેલા સર્જનહાર કૈવલકર્તા સદાને માટે કૈવલધામમાં નિવાસ કરે છે. તે કર્તાની મહાન ગતિ વ્યાપક હોઈ સર્વત્ર સ્થપાયેલી છે.

**કહત કુવેર સમજુકો સ્વે ઘર;**
**ના કછુ પક્ષ પરા આપની. ૬**

**શબ્દાર્થ**

**કહત** = કહે છે **કુવેર** = કુવેરસ્વામી **સમજુકો** = જે સમજે તેવા સમજુને **સ્વે-ઘર** = જે મૂળ ઘર રહેલું છે **ના કછું** = કાંઈ નહીં, રહિત **પક્ષ** = પક્ષ **પરા** = પરાવાણી, (પર=અક્ષરોવાળી) **આપની** = પોતાની.

**અનુવાદ**

**કુવેરસ્વામી કહે છે કે આપણી પરાવાણીથી પરે પોતાનું મૂળ ધામ આવેલું છે. જે પક્ષપાતથી રહિત છે. તે સમજુ જ સમજી શકે છે.**

**ભાવાર્થ**

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે જ્યાં બાવન અક્ષરોથી ઉદ્ભવેલી પરાવાણી પહોંચતી નથી, તેવા પરાવાણીથી પરે રહેલું પરમપદ છે. વળી જ્યાં કોઈ પણ જાતનો મારા તારા સંબંધી પક્ષપાત નથી, એવા પરમપદના રહસ્યને કોઈ જ્ઞાની સમજુ પુરુષ સમજી શકે છે.

# અંગ ૩૮
# વેદ-શાસ્ત્ર રચનાકો

(પરિબોધ મોરાલકંદ)

**પક્ષવાદી સંશે દહુ વેદકે વૈવાદ કહુ;**
**જ્ઞાન ગતિ સરવે લહુ બુદ્ધિ કે પ્રકાશ હે. ૧**

### શબ્દાર્થ

**પક્ષવાદી** = પ્રતિવાદી, પક્ષવાદી **સંશે** = સંશય **દહુ** = દહન કરું, દૂર કરું, નષ્ટ કરું **વેદકે** = વેદનો **વૈવાદ** = વિવાદ, સંશય **કહુ** = કહું **જ્ઞાન** = જ્ઞાન, સમજ **ગતિ** = સમજ **સરવે** = સર્વે, બધું **લહુ** = જણાવું, જણાવવું **બુદ્ધિ કે** = બુદ્ધિ યુક્ત પુરુષોના **પ્રકાશ હે** = દર્શાવું છું.

### અનુવાદ

**પ્રતિવાદીઓના સંશયને દૂર કરવા હું વેદની સંશયોવાળી ગતિ દર્શાવું છું વળી પોતાની બુદ્ધિના પ્રકાશથી જે જ્ઞાનગતિને પ્રાપ્ત કરી છે તે સર્વે હું દર્શાવું છું.**

### ભાવાર્થ

અગાઉ દર્શાવ્યા મુજબ બ્રહ્મ અંગેના અનુભવ યુક્ત યથાર્થ વર્ણનને જાણ્યા પછી કોઈ પ્રતિવાદીઓના મનમાં સંશય ઉત્પન્ન થતો હોય તો તે સંશયને દૂર કરવા માટે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર અહીં આ અંગમાં વેદના સંશય યુક્ત જ્ઞાન અંગે સવિસ્તાર વર્ણન કરીને સમજાવે છે. વળી વેદમાં રહેલા જ્ઞાનને સમજી મહાપુરુષોએ પોતપોતાની બુદ્ધિથી પોતાના મતાનુસાર બનાવેલા વિવિધ શાસ્ત્રો અંગે માહિતી પણ દર્શાવે છે.

**વિધિ કે વદન ચારુ ઉચરત ન્યારુ ન્યારુ;**
**પુરવ પછમ દાવે વાવે મુખ રાસ હે. ૨**

### શબ્દાર્થ

**વિધિકે** = બ્રહ્માજીએ **વદન** = મુખ **ચારુ** = ચારેય દિશામાં રાખી **ઉચરત** = ઉચ્ચાર કરેલ, વદેલ **ન્યારુ ન્યારુ** = જુદુ જુદુ, અલગ અલગ **પૂરવ** = પૂર્વ દિશા **પછમ** = પશ્ચિમ દિશા **દાવે** = દહીની, દક્ષિણ દિશા **વાવે** = ડાબું, ડાબી દિશા **મુખ** = મુખ **રાસ હે** = રાખેલું છે, રાખીને.

### અનુવાદ

**બ્રહ્માજીએ ચાર મુખ દ્વારા પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એમ ચારે દિશા તરફ મુખ રાખીને જુદી જુદી વાણીનો ઉચ્ચાર કર્યો છે.**

### ભાવાર્થ

ચતુર્મુખી રજોગુણી બ્રહ્માજીએ આ વિશ્વના જીવોને અદ્‌ભુત જ્ઞાન પ્રાપ્ત થાય તે માટે પોતાના ચાર મુખ દ્વારા જુદી જુદી વાણીનો ઉચ્ચાર કર્યો છે. એટલે કે, પૂર્વ, પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ દિશા તરફના મુખ દ્વારા અલગ અલગ પ્રકારના જ્ઞાન ધરાવતી અલગ અલગ વાણીનો ઉચ્ચાર કરીને વેદોની રચના કરી છે. જે અંગેનું વર્ણન આપ્યું છે.

**પૂર્વક કે મુખ રઘુવેદની વિધિને કહ્યો;**
**ન્યાય શાસતર જાકે ગૌતમ અભ્યાસ હે. ૩**

### શબ્દાર્થ

**પૂર્વ કે મૂખ** = પૂર્વ દિશા તરફના, મુખે **રઘુવેદની** = ઋગ્વેદની વાણી **વિધિને** = બ્રહ્માજીએ **કહયો** = કહ્યો, ઉચ્ચાર કર્યો **ન્યાય શાસતર** = ન્યાયશાસ્ત્ર **જાકે** = જેનું **ગૌતમ** =ગૌતમ મુનિ **અભ્યાસ** = અભ્યાસ કરીને **હે** = રચ્યું છે.

### અનુવાદ

**બ્રહ્માજીએ પૂર્વ દિશા તરફના મુખે ઋગ્વેદનો ઉચ્ચાર કર્યો, અને તેનો અભ્યાસ કરી ગૌતમમુનિએ ન્યાયશાસ્ત્રની રચના કરી છે.**

### ભાવાર્થ

બ્રહ્માજીએ પોતાના પૂર્વ દિશા તરફના મુખથી વૈખરી વાણીનો ઉચ્ચાર

કરીને ઋગ્વેદની રચના કરી છે. જેના સદ્, ચિદ્ અને આનંદ મહામંત્રો છે. જેનું સવિસ્તાર વર્ણન આ વેદમાં કરેલું છે. ઋગ્વેદનો અભ્યાસ કરીને ગૌતમમુનિએ પોતાની બુદ્ધિથી સૂઝ પડી તે મુજબ ન્યાયશાસ્ત્રની રચના કરી છે.

**દછન યજુરવેદ શાસ્તર મીમાંસા ભન્યે;**
**તાઈકે આચારજ જયેમુનિ સમાસ હે. ૪**

**શબ્દાર્થ**

**દછન** = દક્ષિણ દિશા તરફના મુખથી **યજુરવેદ** = યજુર્વેદ **શાસ્તર** = શાસ્ત્ર **મીમાંસા** = મીમાંસા **ભન્યે** = કથ્યું, કહ્યું **તાઈકે** = તેના **આચારજ** = આચાર્ય **જયમુનિ** = જયમુનિ **સમાસ હે** = સમાવેશ કર્યો છે, સમજાયો છે.

## અનુવાદ

**બ્રહ્માએ દક્ષિણ દિશા તરફના મુખથી યજુર્વેદનો ઉચ્ચાર કર્યો અને આચાર્ય જયમુનિએ મીમાંસાશાસ્ત્ર સમજાવ્યું છે.**

## ભાવાર્થ

બ્રહ્માજીએ દક્ષિણ દિશા તરફના મુખે મધ્યમા વાણી દ્વારા યજુર્વેદનો ઉચ્ચાર કર્યા છે. જેના અહં, બ્રહ્મ, અસ્મિ મહામંત્રો છે. જેની વિસ્તારપૂર્વક સમજ આ વેદમાં આપેલી છે. યજુર્વેદનો અભ્યાસ કરીને આચાર્ય જયમુનિએ પોતાની સૂઝ પ્રમાણે મીમાંસાશાસ્ત્રની રચના કરીને તેમનો મત દર્શાવ્યો છે.

**પછમ વદન સામવેદહી વિનયે કર્યો;**
**શાસ્તર વેદાન્ત જાકે આચારજ વ્યાસ હે. ૫**

**શબ્દાર્થ**

**પછમ** = પશ્ચિમ દિશા તરફના **વદન** = મુખ, ચહેરો **સામવેદહી** = સામવેદની **વિનયે** = વિવેકપૂર્ણ, ઉચ્ચાર **કર્યો** = કર્યો **શાસ્તર** = શાસ્ત્ર **વેદાન્ત** = વેદાંત **જાકે** = જેના **આચારજ** = આચાર્ય **વ્યાસહે** = વ્યાસજી છે.

## અનુવાદ

**બ્રહ્માજીએ પશ્ચિમ દિશા તરફના મુખે સામવેદની વિવેકપૂર્ણ રચના કરી અને તેનો અભ્યાસ કરી આચાર્ય વ્યાસમુનિએ વેદાંતશાસ્ત્ર રચ્યું છે.**

## ભાવાર્થ

બ્રહ્માજીએ પશ્ચિમ દિશા તરફના મુખે પશ્યંતી વાણીનો ઉચ્ચાર કરીને સામવેદની વિવેકપૂર્ણ રચના કરી છે. તેનો મંત્ર તમ્પદ, તદ્પદ અને અસીપદ છે. જેના અંગે વિગતવાર વર્ણન આ વેદમાં કરેલું છે. સામવેદનો ઊંડો અભ્યાસ કરીને આચાર્ય વ્યાસમુનિએ પોતાની સૂઝ મુજબ વેદાંતશાસ્ત્રની રચના કરી જગતને જ્ઞાન સમજાવ્યું છે.

**ઓતર અથર જાકે શાસ્તર વિશેષી સાંખ્ય;**
**ત્રિતીયો પાતાંજલિકે શેષ અવિકાશ હે. ૬**

### શબ્દાર્થ

**ઓતર** = ઉત્તર દિશા તરફના મુખે **અથર** = અથર્વવેદ **જાકે** = જેના **શાસ્તર** = શાસ્ત્રો **વિશેષી** = વૈશેષિક **સાંખ્ય** = સાંખ્ય **ત્રિતીયો** = ત્રીજો **પાતાંજલિ** = પતંજલિ **કે** = ના **શેષ** = શેષજી **અવિકાશ હે** = જે રચ્યું છે, અંતરિક્ષમાં રહેલા છે, આવિષ્કાર કર્યો છે.

## અનુવાદ

**ઉત્તર તરફના મુખે અથર્વવેદની રચના કરી અને તેમાંથી વૈશેષિક, સાંખ્ય અને ત્રીજુ પતંજલિ શાસ્ત્ર બન્યાં. જેમાં પતંજલિશાસ્ત્રનો આવિષ્કાર શેષજીએ કર્યો છે.**

## ભાવાર્થ

બ્રહ્માજીએ ઉત્તર દિશા તરફના મુખે પરાવાણીનો ઉચ્ચાર કરીને અથર્વવેદની રચના કરી છે. જેનો મહામંત્ર અયંગ, અહો, નિર્મળ છે. જેનો વિગતવાર વિસ્તાર કરીને અથર્વવેદની રચના કરેલી છે. જેમાંથી ત્રણ શાસ્ત્રોનું નિર્માણ થયેલું છે. જેમાંથી સાંખ્ય, વૈશેષિક અને પતંજલિશાસ્ત્ર બન્યાં. જે પૈકી પતંજલિશાસ્ત્રના

રચનાર શેષ નારાયણ પૃથ્વી ધારણ કરીને રહેલા છે.

**વિશેષીકે જ્ઞાનદેવ સાંખ્યકે કપિલ મૂનિ;**
**કુવેર નિગમ ધૂનિ બાની કે વિલાસ હે. ૭**

### શબ્દાર્થ

**વિશેષીકે** = વૈશેષિકનું **જ્ઞાનદેવ** = જ્ઞાનદેવે રચના કરી **સાંખ્ય કે** = સાંખ્યશાસ્ત્રની **કપિલમૂનિ** = કપિલમુનિએ **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **નિગમ** = વેદો **ધૂનિ** = ધ્વનિ **બાનીકે** = વાણીનો **વિલાસ** = વિસ્તાર, રચના **હે** = છે.

### અનુવાદ

**વૈશેષિકશાસ્ત્ર જ્ઞાનદેવે અને સાંખ્યશાસ્ત્ર કપિલમુનિએ રચ્યું છે. કુવેરસ્વામી કહે છે કે આ રીતે વેદની વાણી દ્વારા થતો ઉચ્ચાર માત્ર વાણીનો વિલાસ છે.**

### ભાવાર્થ

અથર્વવેદનો અભ્યાસ કરીને પોતાની સૂઝ મુજબ જ્ઞાનદેવમુનિએ વૈશેષિકશાસ્ત્રની રચના કરી છે. કપિલમુનિએ પોતાની સૂઝ મુજબ આજ અથર્વવેદનો અભ્યાસ કરીને સાંખ્યશાસ્ત્રનું નિર્માણ કર્યું છે. આમ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે ચારવેદના ઊંડા અભ્યાસી બુદ્ધિજીવી મહાપુરુષોએ પોતપોતાની સૂઝ મુજબ અલગ અલગ શાસ્ત્રોની રચના કરીને સંસારમાં ધાર્મિક ક્ષેત્રે વાણીનો વિસ્તાર કર્યો છે.

# અંગ ૩૯
# વેદના મહાવાક્યકો

(ઉમંગ છંદ)

**નિગમં નિરુપં નિરમેયં મહાવાયક;**
**દ્વાદશ લક્ષ પ્રત્યક્ષ પ્રમેતી. ૧**

### શબ્દાર્થ

**નિગમં** = વેદ **નિરુપં** = નિરૂપણ **નિરમેયં** = નિર્માણ થયું, રચવું **મહાવાયક** = મહાવાક્ય **દ્વાદશ** = બાર **લક્ષ** = સમજ, જ્ઞાન **પ્રત્યક્ષ** = પ્રત્યક્ષ **પ્રમેતી** = સાબિતી, સિદ્ધિ.

### અનુવાદ

**વેદોએ બાર મહાવાક્યોનું નિર્માણ કરીને નિરૂપણ કર્યું છે. આ જ લક્ષ પ્રત્યક્ષ પ્રમાણ છે.**

### ભાવાર્થ

બ્રહ્માજીએ ચાર વેદોનું નિરૂપણ કરીને દરેક વેદના ત્રણ ત્રણ મહાવાક્યોનું નિર્માણ કર્યું છે. આખાયે વેદનો સાર રૂપી લક્ષ્ય સંસારમાં પ્રત્યક્ષ રીતે સિદ્ધ કરવા માટે તે મહાવાક્યોને દર્શાવેલા છે. આમ આ બાર મહાવાક્યોમાં ચારેય વેદનો હાર્દ પ્રત્યક્ષ રૂપે સમાયેલો છે.

**બાંની અનંત ગીરાયં વલોયં;**
**શ્રુતિયં સકારં સહિતં કથેતી. ૨**

### શબ્દાર્થ

**બાંની** = વાણી **અનંત** = અનંત, અપાર, અવિનાશી, અંત વગરનું **ગીરાયં** = ભાષા, વાણી, જ્ઞાન **વલોયં** = વલોવીને, મંથન કરીને **શ્રુતિયં** = વેદનું **સકારં** = સાકાર રૂપે, પ્રત્યક્ષ સ્વરૂપે **સહિતં** = સહિત **કથેલી** = કથેલું છે.

### અનુવાદ

**અનંત પ્રકાર ગીરારૂપ વચનોને વલોવીને વેદના આ વાક્યોને સાકાર - (પ્રત્યક્ષ) રૂપે કથેલાં છે.**

### ભાવાર્થ

બ્રહ્માજીએ આ ચાર વેદમાં સૃષ્ટિની દરેક પ્રકારની સર્જનાત્મક રચનાના મૂળ સુધીનું રહસ્ય અને વિવિધ પ્રકારના વિશેષ જ્ઞાનનું વલોવણ (વલોણું) કર્યા બાદ સારાંશરૂપે ચારેય વેદના નિચોડ સ્વરૂપે બાર મહાવાક્યોનું સાકારરૂપ આપીને વિશ્વના ધર્મમાર્ગમાં સર્વ સામાન્ય રીતે સમજીને સ્વીકારે તે મુજબની સમજવાળું સરળ કથન કર્યું છે.

**લેયં તેયં જ્યૌ ઓજસ દ્વયં દશ;**
**શ્રવણં શ્રોતાયં પારાયં પાયંતી. ૩**

#### શબ્દાર્થ

**લેયં** = લઈને **તેયં** = તેને **જ્યૌ** = જેમ **ઓજસ** = પ્રકાશ, તેજ, પ્રતિભા **દ્વયંદશ** = બાર **શ્રવણં** = સાંભળીને **શ્રોતાયં** = શ્રોતાવર્ગ **પારાયં** = પાર, સમજ **પાયંતિ** = પામે, કેળવે, પ્રાપ્ત કરે.

### અનુવાદ

**આ બાર વાક્યો વેદના ઓજસ રૂપે છે. શ્રોતાજન તેને સાંભળીને જ્ઞાનનો પાર પામી શકે.**

### ભાવાર્થ

ચતુરાનન બ્રહ્માજીએ ચાર વેદના પ્રકાશરૂપે સિદ્ધ કરેલા બાર મહાવાક્યો જણાવ્યા છે. તેવા ગૂઢાર્થભર્યા અને યથાર્થ જ્ઞાનને શ્રોતાજનો સાંભળે તો ચાર વેદના જ્ઞાનને સમજી શકે અને તેમાં સમાયેલા અથાગ જ્ઞાનનો પાર પામી શકે.

**કહંતં તેયંમં સુનંતં સ્ત્રવેયં;**
**જ્ઞાનં ગમેયં જેયં બુધ્ધ જેતી. ૪**

### શબ્દાર્થ

**કહંતં** = કહુ છું **તેયંમં** = તેને હું **સુનંતં** = સાંભળતાં **સ્ત્રવેયં** = ઝરતું, નીતરતું, વહેતું **જ્ઞાનં** = જ્ઞાન, સમજ **ગમેયં** = ગમે, સમજશે **જેયં** = જેની **બુધ્ધ** = બુદ્ધિ **જેતી** = જેટલી વિચક્ષણ જેવી.

### અનુવાદ

**તેને (મહાવાક્યોને) હું કહુ છું. આ જ્ઞાનના પ્રવાહને સાંભળતાં જેની જેવી બુદ્ધિ હશે, તેવી તેને સમજ પડશે.**

### ભાવાર્થ

પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આ બાર મહાવાક્યોના ગૂઢાર્થ ભરેલા જ્ઞાનને સમજાવતાં વિગતવાર સ્પષ્ટીકરણ કરે છે, પરંતુ શ્રોતાવર્ગમાં જેની જેવી બુદ્ધિ હશે તેવી તેને સમજ પડશે. એટલે કે, જેનામાં બુદ્ધિનો જેવો વિકાસ થયેલો હોય તેને તેટલી હદ સુધી જ્ઞાન પ્રાપ્ત થઈ શકે છે.

**સદ ચિદ્ આનંદ અહં બ્રહ્મ અસીયં;**
**રઘુયં જજુરં સજુયં વદંતી. ૫**

### શબ્દાર્થ

**સદ ચિદ્ આનંદ** = સદ્ ચિદ્ આનંદ **અહં બ્રહ્મ અસીયં** = અહં બ્રહ્મ અસી **રઘુયં** = ઋગ્વેદનું **જજુરં** = યજુર્વેદ **સજુયં** = સંયુક્ત, બંને **વદંતી** = વદેલા છે, બોલેલા છે.

### અનુવાદ

**સદ્, ચિદ્ અને આનંદ એ ઋગ્વેદનાં અને અહમ, બ્રહ્મ અને અસિ એ યજુર્વેદનાં - એ રીતે વેદમાં દર્શાવ્યું છે.**

### ભાવાર્થ

બ્રહ્માજીએ ઋગ્વેદના નિચોડ સ્વરૂપે તેના મહાવાક્યમાં સદ્, ચિદ્ અને આનંદ એમ ત્રણ મહાવાક્યો અને યજુર્વેદના નિચોડ સ્વરૂપે તેના પણ ત્રણ મહાવાક્યોમાં અહમ, બ્રહ્મ અને અસિ જણાવ્યા છે. એમ બન્ને વેદોના કુલ છ

મહાવાક્યો બ્રહ્માજીએ વિશ્વને જણાવ્યા છે.

**તમો તદસીયં અયં અહો નિરમલૈયં;**
**અથર અથૈયં સાંમ્યૈ લક્ષ એતી. ૬**

**શબ્દાર્થ**

**તમો** = તમ પદ **તદ સીયં** = તદપદ અને અસીપદ **અયં** = અયં **અહો** = અહો **નિરમલૈયં** = નિરમલ **અથર** = અથર્વવેદ **અથૈયં** = અથાક **સાંમ્યૈ** = સામવેદ **લક્ષ** = લક્ષ, સમજ, જ્ઞાન **એતી** = એટલા, એ પ્રમાણે.

**અનુવાદ**

**તમપદ્, તદ્પદ અને અસીપદ સામવેદના અને અયં અહો નિરમલ અથર્વવેદના લક્ષ રૂપે છે.**

**ભાવાર્થ**

બ્રહ્માજીએ પોતાના રચેલા સામવેદના નિચોડ રૂપે તમપદ, તદ્પદ અને અસીપદ એમ ત્રણ મહાવાક્યો દર્શાવ્યા છે. જ્યારે અથર્વવેદના નિચોડ સ્વરૂપે અયં, અહો, નિરમલ — ત્રણ મહાવાક્યોનું નિર્માણ કરીને વેદ ના લક્ષનો ભેદ દર્શાવ્યો છે.

**ભન્યે એ ચતુષ્ઠ અધો શબ્દ પુષ્ટં;**
**કુવેર તદ પરંતં કહીતં ગન્યેતી. ૭**

**શબ્દાર્થ**

**ભન્યે** = ભણે, સમજે, દર્શાવેલું **એ** = એ **ચતુષ્ઠ** = ચારેયવેદ **અધો** = આધારભૂત **શબ્દ** = શબ્દ, વાક્ય **પુષ્ટં** = પૃષ્ટિ પામેલા **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **તદ** = તેનાં **પરંતં** = પરે રહેલા, પાર **કહીતં** = કહુ છું **ગન્યેની** = જે ગણતરીમાં લેજો.

**અનુવાદ**

**કુવેરસ્વામી કહે છે કે - ચાર વેદના આધારિત જે મહાવાક્યો પૃષ્ટિ પામ્યા તેથી પરે રહેલ ગણતરી જણાવું છું.**

## ભાવાર્થ

બ્રહ્માજીએ જ્ઞાનથી ભરપૂર ચાર વેદ બનાવ્યા છે. તેના રહસ્યને દર્શાવતા બાર મહાવાક્યોનું નિર્માણ કર્યું છે. સંસારમાં તેની પ્રશંસા થાય છે, પરંતુ તે પદની પરે રહેલા ભેદને હવે પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર દર્શાવે છે.

# અંગ ૪૦
# વેદ ના મહાવાક્યનો ભેદ

(પરિબોધ મોરાલકંદ)

**કહેં જો મહાવાયક વિપ્રકે સુને લાયક;**
**ભિન્ન બતાવુ સાહક વેદે જ્યૌ વિચારે હે. ૧**

### શબ્દાર્થ

**કહેં** = કહેવામાં આવેલા કહેલા **જો** = જે **મહાવાયક** = મહાવાક્યો **વિપ્રકે** = બ્રાહ્મણોને **સુને** = સાંભળવા **લાયક** = લાયક **ભિન્ન** = જુદા **બતાવુ** = બતાવું, દર્શાવું **સાહક** = સહિત, સાથે **વેદે** = વેદે **જ્યૌ** = જે પ્રમાણે **વિચારે હે** = વિચાર્યું છે.

### અનુવાદ

**વેદે જે પ્રમાણે દર્શાવ્યાં છે તે બાર મહાવાક્યો ફક્ત બ્રાહ્મણોને સાંભળવા લાયક છે. તેનો ભેદ હું બતાવું છું.**

### ભાવાર્થ

બ્રહ્માજીના મુખોથી રચાયેલા ચારવેદોનાં બાર મહાવાક્યોને તારવી તેમણે જુદાં બતાવ્યાં છે. એ વાણી બ્રહ્માજીના મુખારવિંદના અર્કથી બનેલા એવા બ્રાહ્મણો જ સાંભળવા માટે લાયક છે, તેવું પ્રતિપાદિત કરેલું છે, પરંતુ વેદોએ જે પ્રમાણે વિચાર કરેલ છે, તેના ભેદને પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આપણને સમજાવે છે.

**પ્રથમ હી રઘુવેદ સદ્ ચિદ્ આનંદ ભેદ;**
**સકલ વિધિ નિષેદ પર પદ ધારે હે. ૨**

### શબ્દાર્થ

**પ્રથમહી** = સૌ પ્રથમ **રઘુવેદ** = ઋગ્વેદના **સદ્ ચિદ આનંદ** = સદ્, ચિદ્ અને આનંદ **ભેદ** = રહસ્ય, મર્મ, ગૂઢાર્થ સમજ **સકલ** = સર્વે **વિધિ** = કરવા યોગ્ય **નિષેદ** = નહીં કરવા યોગ્ય **પર** = ઉપરાંત **પદ** = જે પદ **ધારે હે** = ધારણ કર્યું છે, નક્કી કર્યું છે, દર્શાવ્યું છે.

### અનુવાદ

**સૌ પ્રથમ ઋગ્વેદમાં સર્વ પ્રકારનો વિધિ અને નિષેધથી પરે રહેલ સદ્, ચિદ્ અને આનંદનું પદ દર્શાવ્યું છે.**

### ભાવાર્થ

બ્રહ્માજીએ પોતાના ઋગ્વેદમાં વિશ્વના માનવો માટે (વિધિ) કરવા યોગ્ય કાર્યો અને (નિષેધ) નહીં કરવા યોગ્ય કાર્ય નક્કી કરેલા છે. તેનાથી પર હાર્દ રૂપે તારવેલાં ત્રણ મહાવાક્યો સદ્, ચિદ્ અને આનંદ છે તેમ દર્શાવ્યું છે.

**સદ સો તો બીજ સર્વ ચિદ સો હિરણગ્રભ;**
**આનંદ સફુરે ગુન વિશ્વકુ વિસ્તારે હે. ૩**

#### શબ્દાર્થ

**સદ** = સદ્ **સો તો** = તે તો **બીજ** = બીજક **સર્વ** = બધાં, તમામ **ચિદ** = ચિદ્ **સો** = તો **હિરણગ્રભ** = હિરણ્યગર્ભ **આનંદ** = આનંદ **સફુરે** = સ્ફુરાયમાન કરનાર **ગુન** = ગુણ **વિશ્વકુ** = વિશ્વનો **વિસ્તારે** = વિસ્તાર, ફેલાવો **હે** = કરે છે.

### અનુવાદ

**સદ્ એટલે તમામ પ્રકારના બીજક. ચિદ એટલે હિરણ્યગર્ભિત અંકુર અને આ બન્નેની એકતાથી જે સ્ફુરાયમાન થાય તે આનંદ. એમ આ ત્રણ ગુણથી વિશ્વનો વિસ્તાર થયેલો છે.**

### ભાવાર્થ

ઋગ્વેદના ત્રણ મહાવાક્યો પૈકી સદ્ એટલે વિશ્વમાં રહેલા સર્વે ૮૪ લાખ પ્રકારના સ્થાવર જંગમ ઘાટો અને સર્વપ્રકારના દેહમાં ચાર પ્રકારની ખાણના ઉત્પત્તિવાળા મૂળ અંકુરરૂપે રહેલા બીજક સમજવા. ચિદ્ એ તો સર્જનહારે પોંખેલી ચિદાકાર હીરણ્યગર્ભિત શક્તિ, જે બીજકોમાં રહેલી છે તે સમજવી. આનંદ એટલે તે બીજકોનું યોગ્ય વાતાવરણ અને સંજોગો પ્રાપ્ત થતાં સ્ફુરાયમાન થાય છે તે સમજવું. આમ આ બીજકમાં પોખાયેલા ત્રણેય ગુણથી સર્વ જગતની

ઉત્પત્તિ, બ્રહ્મરૂપ ભૂમિકામાં વ્યાપ થયેલી સમજવી.

સદ્ = સર્વ પ્રકારના બીજક

ચિદ્ = શક્તિરૂપ હિરણ્ય ગર્ભિત અંકુર

આનંદ = સ્ફુરાયમાન થવાથી મળતો આનંદ

**અહમ સો તો કર્તા આપ સાક્ષીવત્ બ્રહ્મ વ્યાપ;**
**અસ્મિ અમાપ થાપ જજુર ઉચ્ચારે હે. ૪**

### શબ્દાર્થ

**અહમ** = અહમ **સોતો** = તે તો **કર્તા** = કર્તા **આપ** = પોતે **સાક્ષીવત્** = સાક્ષી સ્વરૂપે **બ્રહ્મ** = બ્રહ્મ **વ્યાપ** = વ્યાપક **અસ્મિ** = અસ્મિ **અમાપ** = અમાપ, અંત રહિત **થાપ** = સ્થાપિત, સ્થાપના કરી **જજુર** = યજુર્વેદ **ઉચ્ચારે હે** = ઉચ્ચાર કર્યો છે.

### અનુવાદ

**અહમ્ એટલે પોતે કર્તા હોઈ વ્યાપક બ્રહ્મ સાક્ષીરૂપે છે અને અસ્મિ એટલે માપથી રહિત (અમાપ) સ્થપાયેલી અસ્મિતા, જેનો યજુર્વેદે ઉચ્ચાર કર્યો છે.**

### ભાવાર્થ

યજુર્વેદના ત્રણ મહાવાક્યો પૈકી અહમ્ એટલે હું પોતે કર્તા છું, એવું કહેલું છે. એટલે કે, આ સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર બીજો કોઈ નથી, પરંતુ બ્રહ્મમય બધું એક જ છે. આપોઆપ ઉત્પત્તિ થયેલા સર્વ જગતમાં કર્તા હું પોતે જ છું. બ્રહ્મ એટલે જે સચરાચર વ્યાપક ચેતન આશ્રિત, નિત્ય સિદ્ધ, અનંત શક્તિ તરીકે સર્વના સાક્ષીરૂપે રહેલો છે. અસ્મિ એટલે માપથી રહિત અમાપ પદની અસ્મિતા તે સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપક રીતે સ્થપાયેલી છે પથરાયેલી છે.

અહં = હું પોતે કર્તારૂપ

બ્રહ્મ = વ્યાપક બ્રહ્મ

અસ્મિ = માયાથી રહિત પથરાયેલી (તે પદની) અસ્મિતા

**તમ સો તો જીવ સદ્ આપા પર માની રદ;**
**તદ ઈશ્વર ક્રિયા કારે અસી અવિકારે હે. ૫**

### શબ્દાર્થ

**તમ** = તમપદ **સો તો** = તેતો **જીવ** = જીવાત્મા **સદ્** = શાશ્વત **આપા** = પોતાના **પર** = ઉપરાંત, પરે, પાર **માની** = માનીને **રદ** = જૂનું પુરાણું, નાશવંત **તદ** = તદ પદ **ઈશ્વર** = ઈશ્વર **ક્રિયા** = ક્રિયા **કારે** = કરવી, કરે **અસી** = અસીપદ **અવિકારે** = અવિકારરૂપ, ફેરફાર ન હોવાપણું, નિર્વિકાર સ્થિતિ, વિકાર રહિત **હે** = છે.

### અનુવાદ

**તમપદ એટલે જીવ શાશ્વતરૂપે હોઈ તેથી પરે સર્વ નાશંવત માન્યું છે તે. તદપદ એટલે ઈશ્વરરૂપ થવા માટે ક્રિયા કરવી અને અસીપદ એટલે વિકાર રહિત સ્થિતિ.**

### ભાવાર્થ

તમપદ એટલે જીવ ત્રણેય કાળમાં શાશ્વતરૂપે છે બાકી સર્વે નાશવંત છે. તેવી માન્યતા અર્થાત્ તેવી સમજ. તદપદ એટલે ઈશ્વરરૂપે થવા જે જે ક્રિયાઓ દર્શાવવામાં આવી છે તે યથાર્થ રીતે કરવી તે. અસીપદ એટલે ફેરફાર ન હોવાપણું એટલે કે, નિર્વિકાર સ્થિતિમાં વિકાર રહિત રહેવું તે. આ રીતે સામવેદમાં રહેલાં ત્રણ મહાવાક્યોનો અર્થ સમજવો.

તમ = જીવ ત્રણેય કાળમાં સત્ય શાશ્વત છે.

તદ = ઈશ્વરરૂપ થવા ક્રિયા કરવી

અસી = તમ અને તદ, બંનેને પોતાનામાં સમાવીને અવિકાર રૂપ (વિકાર રહીત) રહેવું તે.

**અયંગ આતમા જમ અહો કોહુ કર્તા મમ;**
**નિર્મલ નિરાલો સમ અથર પોકારે હે. ૬**

### શબ્દાર્થ

**અયંગ** = અયંગપદ **આતમ** = આત્મા **જમ** = જેવો, રૂપે **અહો** = અહી પદ **કોહુ** = કોણ **કર્તા** = કર્તા, રચનાર **મમ** = મારો **નિર્મલ** = નિર્મળ **નિરાલો** = નિરાળો **સમ** = સમાવેશ કરીને, સમીને

**અથર** = અથર્વવેદ **પોકારે હે** = પોકારે છે.

## અનુવાદ

**અયંગ એટલે હું આત્મા જેવો છું અહો એટલે મારો કર્તા અન્ય કોણ છે? તેવો ભાવ અને નિર્મળ એટલે હું નિરાળો છું એમ અથર્વવેદ પોકારે છે.**

## ભાવાર્થ

અયંગ એટલે હું પોતે જ આત્મા છું, એવી સમજ પ્રાપ્ત થવી. અહો એટલે એવો અહોભાવ હૃદયમાં ઉત્પન્ન થાય કે હવે મારો કર્તા અન્ય કોઈ જ નથી પણ હું જ બ્રહ્મમય સ્વરૂપે છું એવી સમજ. નિર્મલ એટલે હું પોતે આ સર્વ નાશવંત રચનાથી નિરાળો છું. મારું સ્વરૂપ સર્વથી ન્યારું હોઈ સર્વમાં સમાઈને વ્યાપક રહેલું છે એવી સમજ. આ પ્રમાણે અથર્વવેદે ત્રણ મહાવાક્યોનો પોકાર કરેલો છે.

અયંગ = હું આત્મારૂપ છું.

અહો = મારો કર્તા અન્ય કોઈ જ નથી, અર્થાત્ મારો કર્તા કોણ છે?

નિર્મળ = સર્વથી હું નિરાળો હોઈ સર્વમાં સમાન પણે સમાઈને વ્યાપક રહેલો છું.

**નિગમકી નિજગમ કહી લહી હુતી તમ;**
**કુવેર કૈવલ સો તો વાહી હુતે ન્યારે હે. ૭**

### શબ્દાર્થ

**નિગમકી** = વેદની **નિજગમ** = પોતાની જાણ, મૂળ જ્ઞાનની સમજ **કહી** = કહી, **લહી** = જાણી **હુતી** = હતી **તમ** = તે પ્રમાણે **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **કૈવલ** = કૈવલકર્તા **સોતો** = તેતો **વાહી** = તેમના **હુતે** = થકી **ન્યારે** = ન્યારા **હે** = છે.

## અનુવાદ

**આ પ્રમાણે વેદની પોતાની જે જાણ્ય હતી તે મેં કહી. કુવેરસ્વામી કહે છે કે તેમની માન્યતાથી કૈવલ ન્યારા છે.**

## ભાવાર્થ

આ પ્રમાણે બ્રહ્માજી દ્વારા રચાયેલા ચાર વેદોની અંદર રહેલી સર્વે જાણ જે રીતે હતી તે સર્વે પ્રગટ રૂપે સંક્ષિપ્તમાં દર્શાવી છે. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે તે ચારેય વેદમાં રહેલી સર્વે માન્યતા અને સમજથી પર રહેલા વિશ્વના સાચા સર્જનહાર વળથી રહિત, તત્ત્વાતીત અને પરમ ચૈતન સ્વરૂપે રહેલા છે. એવા કૈવલનું પરમપદ બ્રહ્માંડથી ન્યારું છે. એટલે કે, કૈવલકર્તા આ સર્વ બ્રહ્માંડની રચના અને વેદની માન્યતાઓથી પરે અને નિરાળા છે.

# અંગ ૪૧
# સકર્તા પરમલક્ષનો મત

(ઉમંગ છંદ)

**કુન કરે સો મહાલક્ષ કે પક્ષના;**
**દક્ષ બાવનમાંહી જો આવત. ૧**

### શબ્દાર્થ

**કુન કરે** = કોણ કરે ? **સો** = તે **મહાલક્ષ** = મહાન લક્ષ **કે** = નો **પક્ષના** = પક્ષ અંગેના **દક્ષ** = ચતુર, હોંશિયાર, નિપુણ, કાબેલ, પ્રવીણ **બાવનમાંહી** = બાવન અક્ષરોમાં **જો** = જો જે **આવત** = આવે છે.

### અનુવાદ

**ચતુર અને હોંશિયાર આગેવાનો બાવન અક્ષરોમાં જ રમણ કરે છે. તો પછી તે બાવન અક્ષરોની બહારના મહાલક્ષનો પક્ષકાર કોણ છે ?**

### ભાવાર્થ

વેદ રચયિતા બ્રહ્માજી સહિતના અન્ય સર્વ ધર્મ ગ્રંથોના રચયિતા આગેવાનો ચતુર અને હોંશિયાર હતા. તેમણે પોતાની વાણી બાવન અક્ષરોથી વર્ણવી શકાય તેવા પદોની સમજ આપીને વિશ્વના જીવોને જ્ઞાન આપ્યું છે, પરંતુ જ્યાં વાણી પહોંચતી નથી તેવા નિર્વાણ અર્થાત્ બાવન અક્ષરોથી લખી ન શકાય તેવા પરમ લક્ષના પક્ષની શ્રેષ્ઠ ગતિ કોઈ પણ કહી શક્યા નથી.

**વર્ણ વીવ્યક્ત રહિત રહ્યો જમ;**
**હે સમ સો ના કોહુકે પખાવત. ૨**

### શબ્દાર્થ

**વર્ણ** = રંગ **વીવ્યક્ત** = વ્યક્ત થાય તેવું સ્વરૂપ **રહિત** = રહિત, વગર, સિવાય **રહ્યો** = રહેલાં **જમ** = જેમ **હે** = છે **સમ** = તેમ **સો** = તે **ના** = ના **કોહુ** = કોઈ **કે** = એ

**પખાવત** = ઓળખાવવું, સાફ દર્શાવવું, ચોખ્ખું કરીને કહેવું.

## અનુવાદ

**રંગ અને રૂપથી રહિત પરમપદને જેમ છે તેમ કોઈએ ઓળખાયું નથી.**

## ભાવાર્થ

જ્યાં વાણી પહોંચતી જ નથી અને બાવન અક્ષરોથી લખાય તેમ નથી, તેવા રંગ અને રૂપથી રહિત રહેલ પરમપદને જેમ છે તેમ એટલે કે, યથાર્થ રીતે કોઈએ સ્પષ્ટતા કરીને ઓળખી બતાયું નથી.

**કોટી બ્રહ્માંડ રહે વિવિધ વિધ;**
**અમર આલે અણુ ન લહાવત. ૩**

### શબ્દાર્થ

**કોટી** = કરોડ **બ્રહ્માંડ** = બ્રહ્મમાં રહેલા ઈંડો, શરીર, ઘાટો **રહે** = રહે **વિવિધ વિધ** = વિધ વિધ પ્રકારના, અન્ય પ્રકારના **અમર** = અમર **આલે** = તેમની જાણથી, જાણ વગર બાકી **અણું** = અણુ **ન** = નહીં **લહાવત** = જાણ્યમાં.

## અનુવાદ

**વિશ્વમાં જેણે વિવિધ પ્રકારના કરોડો શરીર (ઇંડ) બનાવ્યા છે, એવા અમરની જાણમાં અણુ પણ બાકી નથી.**

## ભાવાર્થ

જેણે આ વિશ્વમાં ૮૪ લાખ પ્રકારના સ્થાવર-જંગમના વિવિધ રંગબેરંગી કરોડો ઘાટોની આદ્ય લઈ પાંચ પ્રકારના અસંખ્ય દેહોની રચના કરી છે અને જેને આદિ, મધ્ય કે અંત કાળ ભરખી શકતો નથી તેવા કર્તાપદની જાણમાં આ વિશ્વ તથા સમસ્ત બ્રહ્માંડની અણુએ અણુની માહિતી છે. એટલે કે, તેમની જાણમાં સર્વે રચના સમાયેલી છે.

**અમરાતિત અવિગત હે મત;**
**દેહ ગતસે મતિ કોહો કુન પાવત. ૪**

### શબ્દાર્થ

**અમરાતિત** = અરસથી પણ અતીત, બ્રહ્મથી પરે **અવિગત** = ગતિમાં ન આવે તેવા **હે** = છે **મત** = લક્ષ **દેહ** = દેહની **ગતસે** = ગતિથી **મતિ** = સમજ **કોહો** = કહે, કેમ કરીને **કુન** = કોણ ? **પાવત** = પામી શકે.

## અનુવાદ

**મહાન અવિગત સકર્તાના પરમ લક્ષનો મત તે અમરરૂપ બ્રહ્મપદની તીત રહેલો છે. જેથી દેહની ગતિ વડે તે મહાન કર્તાપદની ગતિને કોણ પ્રાપ્ત કરી શકે ?**

## ભાવાર્થ

અગાઉ દર્શાવ્યું તેમ જ્યાં વાણી પહોંચતી નથી તેમજ બાવન અક્ષરોથી લખી ન શકાય તેવું અલેખ નિર્વાણ પરમપદ છે. વળી તે રૂપ અને રંગથી રહિત અને વિવિધ પ્રકારના શરીરને ઉત્પન્ન કરનાર છે. જેને કાળ પણ ભરખી શકતો નથી તેવા અમર તથા જેની જાણમાં અણુ પણ બાકી નથી તેવા પદનો લક્ષ અમર કહેવાતા બ્રહ્મપદથી પણ તીત અને અવિગત છે. તે પરમ શ્રેષ્ઠ પદ દેહભાવે એટલે કે, નાશવંત સ્થૂળ પંચ ભૌતિકદેહ થકી સમજી શકાય કે પામી શકાય તેમ નથી.

**બ્રહ્માંડ કોટી અણુ તુલ્ય જ્યાં નહીં;**
**આ પિંડકી પુની કુન ચલાવત. ૫**

### શબ્દાર્થ

**બ્રહ્માંડ** = બ્રહ્મમાં ઉત્પન્ન થયેલ સર્વે ઈંડ **કોટી** = કરોડ **અણુતૂલ્ય** = અણુ સમાન **જ્યાં** = જ્યાં **નહીં** = નથી **આ** = આ **પિંડકી** = મનુષ્યના દેહની **પુની** = વળી **કુન** = શી **ચલાવત** = ચાલે ? શું ગણતરી?

## અનુવાદ

**મહાન અલૌકિક પરમ કૈવલકર્તાની ગતિ આગળ કરોડો બ્રહ્માંડના ઈંડ પણ અણુતુલ્ય હોવાથી કીંચિતમાત્ર હિસાબમાં નથી તો પછી બ્રહ્માંડમાં રહેલા પંચ તત્ત્વના પિંડ રૂપ ભિન્ન ભિન્ન ઘાટોની શું ગણતરી ?**

## ભાવાર્થ

બ્રહ્માંડમાં કીટ પતંગની આદ્ય લઈ ત્રિગુણાત્મક દેવો, આદ્યશક્તિ અને નિરંજનપુરુષ સુધીના તેમજ સ્થાવર-જંગમ પૈકીના કદાવર ડાયનાસોર કે હાથીના દેહો સર્જનહારની તુલનામાં એક અણુ સરખા પણ નથી. એટલે કે, તુલનાની બરાબરીમાં મહાનમાં મહાન ઘાટો કિંચિતમાત્ર છે તો પછી આ સાડાત્રણ હાથ માપવાળા મનુષ્ય ઘાટની તો વળી શી વિસાત ? શી ગણતરી ?

દેહની દૃષ્ટિએ સમજીએ તો પંચ ભૌતિક તત્ત્વોથી બનેલા ઘાટની પારખવાની શક્તિ દેહમય અથવા તો તત્ત્વોથી બનેલ રચનાને ઓળખી શકે. સજાતિ સજાતિને પ્રાપ્ત કરે તે ન્યાયે દેહ થકી માત્ર નાશવંત રચનાને ઓળખી શકાય, પરંતુ તત્ત્વાતીત એવા પરમપદનો પાર પામી ન શકાય.

**થાહ અથાહકો કોઉ ન આવત;**
**કુવેર કૈવલ સોહી કહાવત. ૬**

### શબ્દાર્થ

**થાહ** = અંત, પાર **અથાહકો** = અથાહ, અનંત, અપાર **કોઉ** = કોઈ **ન** = નહીં **આવત** = આવે **કુવેર** = કુવેરસ્વામી કહે છે કે **કૈવલ** = કૈવલકર્તા **સોહી** = તે **કહાવત** = કહેવાય છે.

## અનુવાદ

**એવા અથાહનો કોઈ થાહ પામી શકે તેમ નથી. કુવેરસ્વામી કહે છે કે તેમને જ કૈવલપતિ કહેવાય છે.**

## ભાવાર્થ

એવા અનંત અને અપાર પરમપદનો કોઈ અંત કે પાર પામી શકે તેમ

નથી. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે એવા પરમપદના પતિ જે વળથી રહિત છે તેમનેજ "કૈવલ" કહેવાય. વળી આદ્ય, સક્રત, સ્વરાજ, કરુણેશ અને કૈવલ એમ પાંચ વિશેષણો દર્શાવ્યા છે તે સર્વેને ધારણ કરનાર એકમાત્ર સર્જનહાર છે.

# અંગ ૪૨
# અક્ત અકથ પરમપદ ની સમજ

**(પરિબોધ મોરાલકંદ)**

**અક્ષર અનુકરમ લગે ના પદ પરમ;**
**લખે સો ગુન ધરમ માયાહુકે ક્રત હૈ. ૧**

**શબ્દાર્થ**

**અક્ષર** = અક્ષર, વર્ણ **અનુકરમ** = અનુક્રમ, ક્રમાંક **લગે** = લાગે **ના** = નહીં **પદ પરમ** = પરમપદને **લખે** = લખાણમાં **સો** = તેના **ગુન** = ગુનગાન **ધરમ** = ધરમ, ધર્મ **માયાહુકે** = માયાનું, પ્રકૃતિનું **ક્રત** = કાર્ય, રચના **હે** = છે.

**અનુવાદ**

**બાવન અક્ષરનો અનુક્રમ પરમપદને પહોંચતો નથી. જે લખાય તેનો ગુણ ધર્મ હોવાથી તે માયાનું જ કૃત છે.**

**ભાવાર્થ**

જે પદ બાવન અક્ષરોથી તીત છે એવા પરમપદને બાવન અક્ષરોનો અનુક્રમ એટલે કે, એકથી શરૂ થતાં બાવન પુરાં થાય ત્યાં સુધીના ક્રમાંકમાં આવતા બધા અક્ષરોનું બળ કે શક્તિ પરમપદના ગુણ ગાવામાં અધૂરી છે, અસમર્થ છે. તેથી વિશ્વમાં જે અક્ષરોથી લખી શકાય અને જેનું વિવરણ કરી શકાય તેવું ગુણવાળી ઉત્પત્તિ એ મહંમાયા પ્રકૃતિની છે. એટલે કે, પ્રકૃતિના તત્ત્વોથી ઉત્પન્ન થયેલ ગુણવાળી સર્વ રચનાના ગુણગાન અક્ષરોથી અને વાણી દ્વારા થઈ શકે છે.

**વિસનવું લક્ષ તાકુ વિસનવું કહત સહુ;**
**નિજ નામ ક્યૌ ન લહ્યું લક્ષણ રહિત હે. ૨**

### શબ્દાર્થ

**વિસવવું** = વૈષ્ણવોનો **લક્ષ** = લક્ષ, ધ્યેય **તાકુ** = તાક્યું, કેન્દ્રસ્થાને રહેલું, મધ્યબિંદુ **વિસનવું** = વિષ્ણુદેવ **કહત** = કહે છે **સહુ** = સર્વે **નિજ** = મૂળ, આદિનું **નામ** = નામ **ક્યોં** = કેમ? **નલહ્યું** = જાણ્યું નહીં, ઓળખ્યું નહીં **લક્ષણ** = લક્ષણોથી **રહિત** = વગરનું, વિનાનું **હે** = છે.

### અનુવાદ

**વૈષ્ણવોએ વિષ્ણુ શબ્દના લક્ષને કેન્દ્રસ્થાને રાખેલું છે, પરંતુ કોઈ પણ પ્રકારના લક્ષણોથી રહિત છે તેવાં નિજ નામને કોઈ જાણી શક્યું નથી.**

### ભાવાર્થ

વિશ્વમાં રહેલા કરોડો વૈષ્ણવો પોતાના શિર ઉપર એક જ ગુરુપદ ધારણ કરીને પોતાના આરાધ્ય એવા વિષ્ણુદેવનું જ ધ્યાન ધરે છે. તેઓ વિષ્ણુ શબ્દને કેન્દ્ર સ્થાને રાખીને તેમના જ નામના જાપનું રટણ કરે છે, પરંતુ જે બાવન અક્ષરોથી તિત અને પ્રકૃતિના તત્ત્વોથી પર રહેલા તત્ત્વાતીત એવા આદિ નિજકર્તાનું નામ જે શબ્દની લક્ષણાથી રહિત છે તેને કોઈ જાણી શક્યું નથી.

**તાહીકે સહસ્ત્ર નામ રહેસ રહે કીયે કામ;**
**ફેલે જેસે દેશ ગામ લખી લખી પ્રત હે. ૩**

### શબ્દાર્થ

**તાહીકે** = તેમનાં **સહસ્ત્ર** = હજારો **નામ** = નામ **રેહેસ** = રહેશ વિધિ, કહ્યા મુજબનું, ધર્માચરણ કરી **રહે** = રહે છે **કીયે** = કર્યા **કામ** = કામ **ફેલે** = ફેલાવ્યાં, પ્રસારિત કર્યું, જાહેર કર્યું **જેસે** = જેવી રીતે **દેશ** = સમગ્ર દેશ **ગામ** = દરેક ગામ **લખી લખી** = લખી લખીને, **પ્રત** = નકલ, પત્રિકા **હે** = છે.

### અનુવાદ

**વિષ્ણુના હજારો નામોનો પાઠ કરી, કહ્યા મુજબનું ધર્માચરણ કરીને રહેલાઓનાં કામો કર્યા છે. (આ પ્રમાણે) દેશના દરેક ગામોમાં પત્રિકા દ્વારા**

**લખીને કીર્તિ ફેલાવી છે.**

### ભાવાર્થ

એવા ચુસ્ત વૈષ્ણવો પોતાના રોજિંદા જીવનમાં સવાર-સાંજ વિષ્ણુનાં સહસ્ત્રનામનો પાઠ કરે છે અને એમના ગુરુની આજ્ઞા મુજબ ધર્મનું આચરણ કરીને પવિત્ર જિંદગી જીવે છે. આવા વૈષ્ણવો પૈકી ઘણાનાં લૌકિક કાર્યો વિષ્ણુએ કર્યાં છે. આવા પરચાઓની પત્રિકાઓ દેશ-પરદેશ અને ગામેગામ મોકલીને સહસ્ત્રનામનો મહિમા અને તેમની કીર્તિ તથા યશ ફેલાયેલો છે.

**અકલ અરુપ ગુપ સોતો પદ ચાપચુપ;**
**લખી તાકી હાસ ઉપ જીવ તહાં આરતુ હે. ૪**

### શબ્દાર્થ

**અકલ** = કહ્યામાં ન આવે તેવા **અરુપ** = જેનો કોઈ આકાર કે સ્વરૂપ નથી તેવા **ગુપ** = ગુપ્ત, જેની કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી તેવા **સોતો** = તે તો, તેવા **પદ** = પદ, સ્થાન **ચાપચુપ** = અજાણ્યું, ચર્ચા વિનાનું, મૂંગું, અબોલ **લખી** = લખાણ લખીને **તાકી** = તેનું, તેમનું **હાસ** = આનંદ **ઉપ** = ઉપજાવી, લાવીને **જીવ** = જીવો **તહાં** = ત્યાં **આરતુ** = આરતવાન થઈને, આરત લાવીને, પ્રેમપૂર્વક, ઘેલા બનીને **હે** = રહેલા છે.

### અનુવાદ

**જે અકળ, અરૂપ, ગુપ્ત પદ છે તે અજાણ્યું રહ્યું છે અને જે લખી લખીને જાહેર થયું છે તેના માટે જીવોને આરત અને આનંદ ઊપજે છે.**

### ભાવાર્થ

વિશ્વમાં કળ્યામાં ન આવી શકે તેવા તથા રૂપ અને અરૂપથી પણ પરે રહેલા તત્ત્વાતીત પદ માટે, વિશ્વની ઉત્પત્તિ થઈ ત્યારથી અત્યાર સુધી કોઈને પણ માહિતી મળી નથી. તેથી તેવું પરમપદ ગુપ્ત અને અજાણ્યું રહેલું છે. જે અંગે મૌન સેવવામાં આવી રહ્યું છે. લખેલી પત્રિકાઓ વાંચીને પ્રસિદ્ધ થયેલા પદોમાં શ્રદ્ધા અને વિશ્વાસ બેઠો હોવાથી, એવા પદોમાં આરત લાવી, જીવો આનંદની

લાગણી અનુભવે છે.

**આદ્ય પુરુષ અલેખા રુપહુ ના રંગ રેખા;**
**ઈશ્વર અનંત ભેખા અજાહુ આવ્રત હે. ૫**

### શબ્દાર્થ

**આદ્ય** = આદિ, અનાદિ **પુરુષ** = પુરુષ, નિજકર્તા **અલેખા** = અલેખ, અવર્ણનીય **રુપહુ** = રૂપ, આકાર **ના** = નહીં **રંગ** = રંગ **રેખા** = આકૃતિ **ઈશ્વર** = પરમેશ્વર **અનંત** = અંત વગરના **ભેખા** = ભેખધારીઓ, દેખ્યા **અજાહુ** = સ્થાપિત, માયાવી **આવ્રત** = આવરણવાળા, **હે** = છે.

### અનુવાદ

**આદિ-અનાદિ નિજકર્તા પુરુષ અલેખ અને રૂપ રંગ તથા આકાર રહિત છે. છતાં ભેખધારીઓએ માયાવી આવરણોવાળા અનંત ઈશ્વરો સ્થાપિત કર્યા છે.**

### ભાવાર્થ

પિંડ અને બ્રહ્માંડની આદ્ય લઈ અંશો સહિત સર્વેના સર્જનહાર એક છે. વિશ્વમાં સ્થાપિત વિવિધ સંપ્રદાયોના વડાઓ પણ તેવું જ દર્શાવતા હોય છે. એવા એક નિજ કર્તા આદિ-અનાદિ પુરુષ, લખી ન શકાય એટલે કે, અલેખ, રૂપથી નિરખી ન શક્યા તેવા, અરૂપ અને રંગ તેમજ આકાર સિવાયના તત્ત્વાતીત છે. તેમ છતાં ધર્મના વડાઓએ પોતાની અંગત માન્યતાને આધારે ઐશ્વર્યતા ધરાવતા અલગ-અલગ પરમેશ્વરના સ્વરૂપો દર્શાવીને માયાના નાશવંત આવરણોવાળા નકલી ભગવાન (કર્તા) ઊભા કરેલા છે.

**ગ્રાહક ગ્રહણ ગ્રહે કોહુ વે ન વાહી પદ;**
**ગ્રંથની ગ્રહે હારદ ઓરલી સાંસ્ત્રત હે. ૬**

### શબ્દાર્થ

**ગ્રાહક** = ગ્રહણ કરનાર **ગ્રહણ** = પકડે, ગ્રહી શકે **ગ્રહે કોહુ** = ગ્રહણ કરે કોનું?

**વે** = તે **ન** = નહીં **વાહી પદ** = તે પદ, સ્થાન, પરમપદ **ગ્રંથની** = ગ્રંથમાં **ગ્રહે** = ગ્રહે, પકડે **હારદ** = હાર્દરૂપ **ઓરલી** = આ બાજુની, જગતના પક્ષે, રચનાના પક્ષે **સાંસ્ત્રત** = સબૂરી, રચના **હે** = છે.

## અનુવાદ

**ધર્મગ્રંથોમાં હાર્દરૂપ જે ગ્રહવા યોગ્ય કહ્યું છે તે આ બાજુની રચના છે. જે પદ (કર્તા પદ) ગ્રહણ કરી શકાય તેમ નથી તો પછી ગ્રહણ કરનાર કોને ગ્રહણ કરે ?**

## ભાવાર્થ

વિશ્વના રચાયેલા વેદ, શાસ્ત્રો, કિતાબ, કુરાન, પુરાણો, સહિતના અન્ય ધાર્મિક ધર્મગ્રંથો અને ધર્મપુસ્તકોમાં જે પરમેશ્વર પદને ગ્રાહ્ય દર્શાવ્યું છે, તે તો માયાના તત્ત્વોની જંજાળરૂપ રચના છે. જે ગમે ત્યારે નાશ પામવાની છે. જ્યારે વસ્તુરૂપ પરમપદ જે તત્ત્વાતીત હોઈ અમર, અચ્યુત, અલેખ, અવર્ણનીય, અરૂપ, રંગ અને આકૃતિ વગરનું હોઈ તે પરમપદ ઇન્દ્રિયોથી ગ્રહણ કરવું શક્ય જ નથી, એટલે કે, દૃષ્ટિમાં કે હાથમાં આવી શકે તેવું નથી, તો પછી ગ્રહણ કરનાર કોને ગ્રહણ કરે? અર્થાત્ સંસારના માનવો સ્થૂળ શરીરની ઇન્દ્રિયોથી તેવા પરમપદને ગ્રહણ કરી શકે તેમ નથી.

**પઢ્ય ગુનત સુર્તિ નુર્તિ જ્યૌ લ્યૌ કર્તા ક્રત;**
**કુવેર કૈવલ પદ અકથ અક્રત હે. ૭**

### શબ્દાર્થ

**પઢ્ય** = પઢી શકાય, વાંચી શકાય, ભણી શકાય **ગુનત** = ગણી શકાય, સંખ્યાની દૃષ્ટિથી તેની ગણતરી થાય **સુર્તિ** = સુરતા **નુર્તિ** = નુરતા **જ્યૌ** = જ્યાં સુધી **લ્યૌ** = પહોંચે, ત્યાં સુધી **કર્તા** = સર્જનહાર **ક્રત** = રચના છે **કુવેર** = કુવેરસ્વામી કહે છે **કૈવલ** = સર્જનહાર, કૈવલકર્તાનું **પદ** = પદ **અકથ** = અવર્ણનીય **અક્રત** = ક્રતથી રહિત, રચનાથી પરે, સ્વયં **હે** = છે.

## અનુવાદ

**વાંચી કે ગણતરી કરી શકાય, સુરતા અને નુરતા જ્યાં સુધી પહોંચે ત્યાં**

**સુધી સર્જનહારની રચના સમજવી. કુવેરસ્વામી કહે છે કે કૈવલકર્તાનું પદ અકથ અને અક્રત છે.**

## ભાવાર્થ

જ્યાં સુધી અક્ષરોથી લખાયેલું, વાણીથી દર્શાવેલું, ભણી ગણી શકાય તેવું, પોતાની બે આંખો થકી દૃષ્ટિમાં આવે તેમજ મન અંતઃકરણથી તેની કલ્પના કરી શકાય અર્થાત્ સુરતા અને નુરતાનો અમલ પહોંચે ત્યાં સુધીની સર્વે સર્જનહારની રચના નાશવંત સમજવી. પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર કહે છે કે વિશ્વના સાચા સર્જનહાર વળથી રહિત, અકથ એટલે કે, વાણીથી પરે અને ક્રત એટલે રચનાથી તિત સ્વયં પુરુષ છે.

# અંગ ૪૩
# કૈવલકર્તાની સ્તુતિ

(ઉમંગ છંદ)

**કૈવલં ચીદેનં અવ્યેનાં વયનં;**
**દ્વીઘનં લઘુયં અમોહં અમસ્તુ. ૧**

**શબ્દાર્થ**

**કૈવલં** = કૈવલકર્તા **ચીદેનં** = ચિદાભાસ, બ્રહ્મના પ્રકાશક **અવ્યેનાં** = અવયવથી રહિત **વયનં** = વયથી રહિત **દ્વિઘનં** = મોટા નહીં **લઘુયં** = નાના નહીં **અમોહં** = મોહથી રહિત **અમસ્તુ** = સહેજાસહેજ પણે.

**અનુવાદ**

**ચિદરૂપ બ્રહ્મના પ્રકાશક કૈવલકર્તાનું સ્વરૂપ વય (આયુષ્ય) અને અવયવોથી રહિત છે. આપ મોટા કે નાના નથી. મોહથી રહિત આપ સહેજાસહેજ દશામાં નિજ સ્વરૂપે કાયમ રહેલા છો.**

**ભાવાર્થ**

અનંત બ્રહ્માંડાધીશ કૈવલકર્તા ચિદાભાસ એટલે કે, ચિદરૂપ બ્રહ્મના પ્રકાશક છે. અર્થાત્ ચિદરૂપ બ્રહ્મ એ જ કૈવલકર્તાનો પ્રકાશ છે. તેમનું સ્વરૂપ વય અને અવયવોથી રહિત શાશ્વત છે. એટલે કે, તેમને રૂપવાળા પણ ન કહેવાય અને અરૂપ પણ ન કહેવાય, તેવા મૂર્તિમંત છે. તેમને મોટા કે નાના એમ બંને સ્વરૂપે કહી શકાય તેમ નથી. એટલે કે, માપ સિવાયના - વારપાર વિનાના છે. તેમણે મોહ અને માયાવાળી સૃષ્ટિનું સર્જન કર્યું છે, પરંતુ તેઓ પોતે મોહથી અને વળથી રહિત છે. તેઓ સહેજાસહેજપણે એટલે કે, જેમ છે તેમ સહેજાસહેજ દશામાં હંમેશને માટે કૈવલધામમાં બિરાજેલા રહે છે.

## નિરાલં નારાયણં અહં નં વ્રણેયં;
## નયેતિ નર્ણેયં પ્રણાયં પરંતુ. ૨

### શબ્દાર્થ

**નિરાલં** = આલંબનોથી રહિત (આવરણથી રહિત), નિરાલંબ **નારાયણં** = નારાયણ, જ્યોતિ પુરુષ **અહં નં વ્રણેયં** = મારાથી વર્ણન થઈ શકાતું નથી **નયેતિ** = ન, 'ઈતી' નેતિ **નર્ણેયં** = નિર્ણય કરીને **પ્રણાયં પરંતુ** = ૐકાર પ્રણવથી પાર.

### અનુવાદ

**કર્તા આલંબનથી રહિત નિરાલંબ હોઈ તેમનું વર્ણન જ્યોતિસ્વરૂપ નિરંજન પણ કરી શક્યા નથી. વેદે નિર્ણય કરીને 'નેતિ' શબ્દનો ઉચ્ચાર કરેલ છે. એવું આપનું પદ ૐકાર પ્રણવથી પર આવેલું છે.**

### ભાવાર્થ

સૃષ્ટિના સર્જનહાર આલંબનોથી રહિત, કોઈ પણ પ્રકારના આવરણ વગર પોતાના ધામમાં રહે છે. જ્યોતિ નારાયણ એવા નિરંજન પુરુષ કહે છે કે "એવા તે પરમપદનું મારાથી વર્ણન થઈ શક્યું નથી, તેમજ વેદોએ નિર્ણય કરીને 'નેતિ' શબ્દનો ઉચ્ચાર કરેલો છે. એવા તે કર્તાનું પરમપદ ૐકાર પ્રણવથી પર આવેલું છે." (માટે તો નિરંજન પુરુષ કર્તાપદને પામવા માટે અવ્યાક્રત શક્તિનો ત્યાગ કરી તીવ્ર વૈરાગ ધારણ કરી ધંધુકાર શૂન્યમાં તપશ્ચર્યા કરવા ચાલ્યા ગયા હતા, જે આજ દિન પર્યંત પાછા વળ્યા નથી, જેનું શાસ્ત્રોમાં પ્રમાણ છે. જ્યારે જ્યારે દેવો તકલીફમાં મુકાતા હોય ત્યારે નિરંજનને પ્રાર્થના સ્તુતિ કરે છે ત્યારે નિરંજન પુરુષ પણ આકાશવાણી દ્વારા ઉપદેશ યા માર્ગદર્શન આપે છે.)

## જપેનં જપાયં કાયં નં મયાયં;
## મનાતી મગોયં સ્વયં તમ સમસ્તુ. ૩

### શબ્દાર્થ

**જપેનં** = જપી ન શકાય તેવા **જપાયં** = જપાવી ન શકાય તેવા **કાયં નં** = કાયા વિનાના **મયાયં** = માયાથી અલગ **મનાતી** = મનથી પર **મગોયં** = માર્ગથી અજાણ **સ્વયં** = પોતે,

**તમ** = તમે **સમસ્તુ** = સ્વયં, સમસ્ત, સર્વજ્ઞ, સર્વોપરી.

## અનુવાદ

**આપના સ્વરૂપને જપી શકાય કે જપાવી શકાય તેમ નથી. આપ કાયાથી અને માયાથી રહિત છો. આપ મનથી પર હોઈ આપને મેળવવાનો માર્ગ અજાણ છે. આપ સ્વયં સર્વજ્ઞ છો.**

## ભાવાર્થ

સંસારમાં ત્રિગુણાત્મક અને આસુરી દેવી-દેવતાઓના મંત્રો(જાપ) દ્વારા આરાધના કરવામાં આવે છે. અન્ય ગ્રહોના તથા પિતૃદોષ જેવા નડતર માટે અન્ય કર્મકાંડી દ્વારા જાપ જપાવી, વિધિ કરવામાં આવે છે, પરંતુ સર્જનહારને દેહ ભાવે મંત્રો દ્વારા જપી શકાય કે બીજા દ્વારા જપાવી શકાય તેમ નથી. તેઓ તત્ત્વાતીત હોઈ સ્વરૂપ અને અરૂપથી રહિત હોવાથી માત્ર ચૈતન ભાવવાળી સ્તુતિ જ કરી શકાય. વળી કર્તા કાયા અને માયાથી રહિત છે. જેથી કદાપિ પંચતત્ત્વોનો સગુણ દેહ ધારણ કરતા નથી. તેથી જગતના વ્યાવહારિક નામ તેમને લાગુ પડતું નથી. માટે કર્તાનું પરમપદ ગુપ્ત રહેલું છે. તેમજ મન સહિતના અન્ય ચાર અંતઃકરણોથી તિત (ન્યારું) હોવાથી તે માર્ગે પ્રયાણ કરવું અતિ વિકટ છે. જગતની રચના તેમના કાર્યરૂપે હોવાથી સર્જનહાર સૃષ્ટિના મૂળ કારણરૂપે છે અને તેથી તે પોતે વૃત્તિઓ થકી સર્વવ્યાપક અને સર્વજ્ઞ રહેલાં છે.

## જાહાં નં ધાતા ધ્યેયં નં વિછંદં;
## વિનય જે કરોતી વિવર્જિત વસ્તુ. ૪

### શબ્દાર્થ

**જાહાં** = જ્યાં **નં** = નહીં **ધાતા** = જીવ (ધ્યાન ધરનાર) **ધ્યેયં** = ઈશ્વર (ધ્યાન ધરવા યોગ્ય) **નં** = નહીં **વિછંદં** = વિભાગ ન પડે તેવું (ભાગલા ન પડે તેવું) **વિનય** = નમ્રતાપૂર્વક **જે** = તે **કરોતી** = કરું **વિવર્જીત** = અલગ, જુદા **વસ્તુ** = સત્ય, સાર.

### અનુવાદ

**જ્યાં જીવ અને ઈશ્વર પદ સંભવિત નથી. તેથી એના જુદા જુદા વિભાગો પાડી શકાતા નથી. વેદો અને શાસ્ત્રો દ્વારા કરાયેલ વિનયપૂર્વકની સ્તુતિથી આપ અલગ છો.**

### ભાવાર્થ

જગતમાં ધ્યાન ધરનારાને જીવ અને જેનું ધ્યાન ધરવાનું છે તેને ઈશ્વર કહીએ છીએ. મુમુક્ષુ, અર્થાર્થી, વિષયી અને જિજ્ઞાસુ જીવો, ત્રિગુણાત્મક દેવી-દેવતાઓ સહિત આદ્યશક્તિ નિરંજન અને નિર્ગુણ બ્રહ્મ જેવા વિવિધ રૂપે મનાતા ઈશ્વરોનું ધ્યાન ધરે છે. જ્યારે સર્જનહારના પરમપદમાં આવા અલગ અલગ વિભાગો પડાતા નથી. એટલે કે,, કૈવલ ધામમાં, જીવ તથા ઈશ્વર બંને પદ સંભવતા ન હોવાથી કોઈએ કોઈની ભક્તિ પણ કરવાની રહેતી નથી. દુનિયા જે ઈશ્વરીય પદોની વિશેષ છંદો દ્વારા સ્તુતિ પ્રાર્થના કરી પ્રિય વચનોથી વિનય કરે છે, તેનાથી સૃષ્ટિના કારણરૂપી કૈવલ કર્તાનું પરમપદ અલગ છે. તે પરમપદ તત્ત્વાતીત હોઈ લૌકિક રીતે કરાયેલી પ્રાર્થના સ્તુતિ ત્યાં પહોંચતી નથી.

**વિધિવૈ વેદંતં અચંત્યે નચંતં;**
**સુનાતી સનાતં જે નાથ અનંતું. ૫**

#### શબ્દાર્થ

**વિધિ વૈ** = બ્રહ્માજી દ્વારા **વેદંતં** = વેદોની અંતે **અચંત્યે** = ચિંતવન ન કરવાથી **નચંતં** = નચિંતપણે થયા **સુનાતિ** = શૂન્યરૂપ બ્રહ્મથી તિત **સનાતં** = સનાતન **જે** = તે **નાથ** = નિજપતિ **અનંતુ** = અનંત છે.

### અનુવાદ

**બ્રહ્મથી તીત નિજકર્તા સ્વયં સનાતન અને અનંત છે, એવા કર્તાના સ્વરૂપનું વેદો દ્વારા વર્ણન કરતાં બ્રહ્માજી પણ ચિંતવન સિવાયના નચિંત બન્યા હતા.**

## ભાવાર્થ

બ્રહ્માજીએ ચાર વેદનું નિરૂપણ કર્યું છે, સૃષ્ટિના ક્રમને આગળ ધપાવવા માટે શંકર દ્વારા તેમના પાંચમાં મુખનું છેદન કરવામાં આવ્યું. જેથી તેમની વૈરાગી વાણીનો લોપ થયો. સૃષ્ટિની વૃદ્ધિમાં ચિંતીત બનેલા બ્રહ્માજીને તે કાર્ય કરતાં કરતાં ઘણો વખત વીતી ગયો. જેથી વિસ્મૃતિ થઈ પછીથી બ્રહ્માને સહેજ સ્વભાવે અંદરથી એવી સમજણ હતી કે આ બ્રહ્મથી કંઈક વસ્તુ તિત (અલગ) છે ખરી, પરંતુ તે અવિનાશી શાશ્વત પદનું વર્ણન કરતાં અંત આવ્યો નહીં. તેથી નચિંત પણે થઈને એક લક્ષનું ચિંતવન કરવા લાગ્યા કે "હે નાથ ! આપનો અંત જડે તેમ નથી. અર્થાત્ આપ વારપાર વિનાના અનંત અને સનાતન છો !"

**અગાધં બોહોધં લહે જન મહાદં;**
**કુવેરં તેયં મમ નમામિ નમસ્તુ. ૬**

### શબ્દાર્થ

**અગાધં** = અતિ ગહન **બોહોધં** = ઉપદેશ **લહે** = જાણવું **જન** = માનવ **મહાદં** = વિશેષ ગતિવાળા, મહાન **કુવેરં** = કુવેરસ્વામી **તેયં** = તેમને **મમ** = મારા, હું **નમામિ** = મસ્તક નમાવીને **નમસ્તુ** = નમસ્કાર છે.

## અનુવાદ

**તે પરમપદનો અગાધ બોધરૂપી ઉપદેશ કોઈક મહાપુરુષ જ જાણી શકે તેમ છે. માટે કુવેરસ્વામી કહે છે કે "તેવા પદને હું મસ્તક નમાવીને નમસ્કાર કરું છું."**

## ભાવાર્થ

જગતના જીવો સૃષ્ટિની શરૂઆતથી અત્યાર સુધી માયાના પાશમાં એવા તો જકડાઈ રહ્યા છે કે તેમને અજ્ઞાનરૂપી અંધકારમાંથી બહાર આવવાનું સૂઝતું નથી. પોતે કોણ છે ? ક્યાંથી આવ્યા છે ? અને આપણા પિતા કોણ છે ? તે અંગેનો વિચાર પણ સ્ફુરાયમાન થતો નથી કે આ સત્ય હકીકતને શોધવા કોઈ પ્રયત્ન પણ કરતા નથી. અજ્ઞાનતાવશાત્ શરીરમાં રહેલો ચૈતન અંશ અને

તેના સજાતીય કર્તા અંશીને કોઈ જાણી શકતું નથી. જો અંશ પરમગુરુ પ્રતાપે પોતાના શુદ્ધ સ્વ-સ્વરૂપે થાય તો જ તત્ત્વાતીત એવા સર્જનહારની કે તેના પોતાના સ્વ-ચૈતન સ્વરૂપની અનુભૂતિ થાય. આવા ખૂબ જ ગહન અને અગાધ જ્ઞાનનો ઉપદેશ સમર્થ પરમગુરુના શરણે જઈને તેમની કૃપા થકી પ્રાપ્ત કરી શકાય. કૈવલકર્તાના અગાધ કૈવલપદનો ઉપદેશ પૂર્વ જન્મના સંચિત પુણ્ય પ્રતાપે કોઈક મહદ્ ગતિવાળા વિરલા પુરુષો જ સમજી શકે છે. તેથી જ પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર આ સ્તુતિના અંતે પોતે પણ એવા કર્તાના સનાતન કૈવલપદની ચૈતન ભાવે સ્તુતિ કરતાં વારંવાર નમીને નમસ્કાર કરે છે.

# કૈવલ વિલાસ ગ્રંથ સંપૂર્ણ

## સત્ કૈવલ સાહેબ

## સત્ કૈવલ પરમાત્મા

# ચોપાઇ અનુસુચી


| ચોપાઇ | અંગ | ચોપાઇ નં. | પેજ નં. |
|---|---|---|---|
| **અ** | | | |
| અમર અચુત ભૂત ગ્રાહક ન ઈત ઉત... | ૧૪ | ૧ | ૬૬ |
| અમરાતિત અવિગત હે મત... | ૪૧ | ૪ | ૨૦૬ |
| અમાની અવ્યક્ત વ્યક્ત સકલ જહાકી શક્ત... | ૩૦ | ૧ | ૧૫૦ |
| અજ્ઞાન અગન્ય રોગ નેંનની અનંત ભાસે... | ૩૪ | ૭ | ૧૭૩ |
| અલખ સો લક્ષ વ્યાપ અમાપ સો માપ ભયો... | ૩૬ | ૨ | ૧૭૯ |
| અધર ચલત વાયુ અવનિ પ્રસત નાંહી... | ૮ | ૪ | ૩૯ |
| અપકે ઉછંગ સંગ તોરંગ બોરંગા રંગ... | ૩૪ | ૩ | ૧૭૦ |
| અવનિ અમલ શ્વાસામહી કે લગત ગત... | ૨ | ૩ | ૭ |
| અકલ અરુપ ગુપ સોતો પદ ચાપચુપ... | ૪૨ | ૪ | ૨૧૧ |
| અરથ અતિ અરુઢ અંતસકર્ણ શુદ્ધ... | ૮ | ૭ | ૪૦ |
| અહમ સો તો કર્તા આપ સાક્ષીવત્ બ્રહ્મ વ્યાપ... | ૪૦ | ૪ | ૨૦૦ |
| અહંક્રતી ગ્રંથિ ગલે સો તુરી સષોપતિ કી... | ૨૪ | ૨ | ૧૧૯ |
| અહંક્રતી ગ્રંથિ ગલે સો તુરીપદ... | ૨૩ | ૧ | ૧૧૩ |
| અગાધં બોહોધં લહે જન મહાદં... | ૪૩ | ૬ | ૨૧૯ |
| અગની વાયુકી વ્યક્ત રૂપ જાકે લીલ રક્ત... | ૧૨ | ૧ | ૫૬ |
| અગની અમલ ભલે, આંગૂલ ચતુર ચલે... | ૨ | ૪ | ૮ |
| અધિષ્ટાન કહુ તાકે અંતસકરણ જાકે... | ૨૨ | ૬ | ૧૧૧ |
| અવિગત નિજ તાતે નભ ઉત્પન્ન ભયે... | ૩૨ | ૨ | ૧૬૦ |
| અજપા આંગૂલ અષ્ટ ચલત પવન પૃષ્ટ... | ૪ | ૪ | ૧૮ |
| અયંગ આતમા જમ અહો કોહુ કર્તા મમ... | ૪૦ | ૬ | ૨૦૧ |
| અક્ષર અનુકરમ લગે ના પદ પરમ... | ૪૨ | ૧ | ૨૦૯ |
| અક્ષરા અતિત મત અનુભવી જ્ઞાની ગત... | ૩૦ | ૬ | ૧૫૩ |
| **આ** | | | |
| આદ્ય પુરુષ અલેખા રુપહુ ના રંગ રેખા... | ૪૨ | ૫ | ૨૧૨ |
| આદ્ય અવ્યક્ત અરુપી અચાનક... | ૩૫ | ૩ | ૧૭૬ |
| આપહી આપ બુઝાવત સો જલ... | ૧૧ | ૧ | ૫૧ |

| | | | |
|---|---|---|---|
| આપહી આપ અનંત ઉઠે મત... | ૩૫ | ૨ | ૧૭૫ |
| આરધ ખેંચત વાયુ સર્વના મૂલ... | ૭ | ૫ | ૩૫ |
| આત્મા અદિતવત્ બિંબ પ્રકૃતિ ગ્રહસ્ત... | ૨૦ | ૭ | ૧૦૦ |
| આન્ય સબે બ્રહ્મકે બ્રહ્મહી ઘાટ... | ૩૧ | ૫ | ૧૫૭ |
| આગે જો અવસ્થા તીન જે જાકે સુર સાંમીન... | ૨૪ | ૧ | ૧૧૯ |
| આંગૂલ આકાશ અડી સુખમણા ચલે ઝડી... | ૬ | ૨ | ૨૬ |

ઈ

| | | | |
|---|---|---|---|
| ઈષ્ટ કે ઉપાસી સો તો તત્ત્વકે વિક્ષાતી ભાતી... | ૨૮ | ૨ | ૧૪૦ |

ઉ

| | | | |
|---|---|---|---|
| ઉપાધિ કે સંગ મીલી દીસત ઉપાધિ રુપ... | ૩૬ | ૫ | ૧૮૧ |
| ઉરધ અગન્ય તન તીરસી ચલે પવન... | ૧૨ | ૩ | ૫૭ |

એ

| | | | |
|---|---|---|---|
| એ ચહુ ઈષ્ટ ઉપાસના સૃષ્ટિમેં... | ૨૭ | ૩ | ૧૩૭ |
| એ પિંડકે પંચતત્ત્વ પ્રણાલીકા... | ૭ | ૧ | ૩૨ |
| એ પંચભૂત કહ્યો હિરણગ્રભ... | ૫ | ૪ | ૨૩ |
| એ સર્વ દષ્ટ પદારથ કે ક્રત... | ૧૭ | ૬ | ૮૫ |
| એક અનેક અરુપી રૂપે મત કેહે... | ૧૭ | ૨ | ૮૨ |

ઓ

| | | | |
|---|---|---|---|
| ઓતર અથર જાકે શાસ્તર વિશેષી સાંખ્ય... | ૩૮ | ૬ | ૧૯૧ |

અં

| | | | |
|---|---|---|---|
| અંતઃકરણ ચારુ વિષ્ણુસુ ચેતન સારુ... | ૨૦ | ૫ | ૯૮ |
| અંતઃકરણ જાકે રહત ઉપકરણ... | ૨૨ | ૫ | ૧૧૦ |
| અંતઃકરણ યેસે એકુ એકુ માંહી તીનું... | ૨૪ | ૫ | ૧૨૨ |
| અંતસકરણ અવસ્થા ઉપાસિક... | ૧૯ | ૪ | ૯૪ |

ક

| | | | |
|---|---|---|---|
| કહત કુવેર ઘનેરે મતંતર... | ૨૫ | ૬ | ૧૨૮ |

| | | | |
|---|---|---|---|
| કહત કુવેર સમજુકો સ્વે ઘર... | ૩૭ | ૬ | ૧૮૭ |
| કહત કુવેર વિશાલ વિલોકન... | ૧૧ | ૬ | ૫૪ |
| કહત કુવેર અનેરે એ પંચીર... | ૭ | ૬ | ૩૫ |
| કહત તાઈંકે વિષે ભોગવત મસરીસે... | ૧૬ | ૨ | ૭૬ |
| કહત સષોપતિમે રહત સષોપતિ જેસે... | ૨૨ | ૪ | ૧૧૦ |
| કહત સષોપતિમેં હે પુનિ સ્વપ્નકી... | ૨૧ | ૫ | ૧૦૬ |
| કહત અવનિ મહા તત્વની સ્વાસાની સત્વ... | ૮ | ૩ | ૩૮ |
| કારજ પિંડ સ્થૂલ કારણ બ્રહ્માંડ સ્થૂલ... | ૧૪ | ૭ | ૭૦ |
| કારણ માત્ર કુવેર કહેવા ઈત... | ૫ | ૬ | ૨૪ |
| કારણ સો ગુણ દેહ તામે ન કછુ સંદેહ... | ૨૦ | ૨ | ૯૬ |
| કાઉકો ચિત્ત લાગ્યો શક્તિ સુર... | ૨૭ | ૧ | ૧૩૬ |
| કાઉનકો ચિત્ત, વિષ્ણુ આરાધના... | ૨૭ | ૨ | ૧૩૬ |
| કુવેર ભોમિ લઘુ દ્રીઘ થાવત... | ૯ | ૬ | ૪૫ |
| કુન કરે સો મહાલક્ષ કે પક્ષના... | ૪૧ | ૧ | ૨૦૪ |
| કોઉ ન દ્વૈત દુજા મતકી ગત... | ૩૭ | ૨ | ૧૮૪ |
| કોટી બ્રહ્માંડ રહે વિવિધ વિધ... | ૪૧ | ૩ | ૨૦૫ |
| કોટીદસ ક્રોડ શ્વાસ ચલત જલકી નાસા... | ૧૦ | ૨ | ૪૬ |
| કૈવલં ચીદેનં અવ્યેનાં વયનં... | ૪૩ | ૧ | ૨૧૫ |
| કહંતં તેયંમં સુનંતં સ્ત્રવેયં... | ૩૯ | ૪ | ૧૯૪ |
| કહેં જો મહાવાયક વિપ્રકે સુને લાયક... | ૪૦ | ૧ | ૧૯૮ |


**ખ**


| | | | |
|---|---|---|---|
| ખાવત પીવત બોલત ચાલત... | ૩૧ | ૪ | ૧૫૭ |
| ખ્યાલક ખેલ ઉકેલ સંકેલત... | ૩૫ | ૫ | ૧૭૭ |


**ગ**


| | | | |
|---|---|---|---|
| ગ્રાહક ગ્રહણ ગ્રહે કોહુ વે ન વાહી પદ... | ૪૨ | ૬ | ૨૧૨ |
| ગ્રંથની અનેક મત ઉતઈત જીતતીત... | ૨૬ | ૩ | ૧૩૧ |


**ઘ**


| | | | |
|---|---|---|---|
| ઘન સો રસનાવત ગગન ગીરા ગ્રજત... | ૧૪ | ૫ | ૬૮ |
| ઘાવ કરે ગગને ચમકે મહી... | ૧૩ | ૪ | ૬૩ |

### ચ

| | | | |
|---|---|---|---|
| ચલત ભોમિ ઘસાઈ જેઠકે લગત વાઈ... | ૧૦ | ૩ | ૪૭ |
| ચપલ સભાવ ચાહાવ કરત પવન ધાવ... | ૪ | ૫ | ૧૮ |
| ચતુર ધુપ પ્રકાશ વર્ષા કાલ કે દો માસ... | ૧૨ | ૫ | ૫૮ |
| ચાર પદારથકે ક્રત સૂર્લભ... | ૫ | ૧ | ૨૧ |

### છ

| | | | |
|---|---|---|---|
| છૂટત ભરમ સબ સતગુરુ મીલે જબ... | ૨૬ | ૭ | ૧૩૪ |

### ઝ

| | | | |
|---|---|---|---|
| ઝલકત તોઈ રહત અહોનિશ... | ૯ | ૪ | ૪૪ |

### જ

| | | | |
|---|---|---|---|
| જહાં જીનકે ચીતમે રત લાગત... | ૧૭ | ૩ | ૮૩ |
| જપેનં જપાયં કાયં નં મયાયં... | ૪૩ | ૩ | ૨૧૬ |
| જામત લવણ મોતી બ્રફ સો મહી હેં... | ૯ | ૩ | ૪૩ |
| જામત ઓસ કહીયે શૂન્યમાં અપ... | ૧૩ | ૩ | ૬૨ |
| જામણ શક્ત છૂટે જલકી જબ... | ૩૩ | ૨ | ૧૬૫ |
| જાહાં નં ધાતા ધ્યેયં નં વિછંદં... | ૪૩ | ૪ | ૨૧૭ |
| જાગ્રત મે મન હે સ્વપનમે બુધ... | ૧૯ | ૫ | ૯૪ |
| જાગ્રત મે જાગ્રત સો દીસત સકલ વિધિ... | ૨૨ | ૨ | ૧૦૮ |
| જાગ્રત ઘોર નાસા બીની બાજત... | ૨૩ | ૩ | ૧૧૪ |
| જાગ્રત સ્વપ્ન સષોપતિ ફોરત... | ૧૯ | ૩ | ૯૩ |
| જાગ્રતમાંહી સુષુપ્તિ વિસરજન... | ૨૧ | ૧ | ૧૦૩ |
| જાથે ઉત્પન્ન અપ સોઈ તપ મીલે જબ... | ૩૨ | ૫ | ૧૬૨ |
| જે ઘરથી ઉલસે વિલસે પુની... | ૩૭ | ૫ | ૧૮૬ |
| જે સેહી ભોમીકે ભંડ દારમે ચિતર ચંડ... | ૩૪ | ૨ | ૧૭૦ |
| જે જીનકી મતકી ગત ઠાનત... | ૨૯ | ૨ | ૧૪૫ |
| જેસે વ્રખાન વ્રતે અવનિ સર્વ... | ૨૭ | ૪ | ૧૩૮ |
| જેસે કુપ નિર એક સિંચત તરુ અનેક... | ૩૬ | ૬ | ૧૮૨ |
| જેસે થલ વિધિ ગાઈ તેસેહી જલકી સહી... | ૧૦ | ૧ | ૪૬ |
| જેસેહી અમર સ્વર મિલીને ઉચ્ચાર કર... | ૩૦ | ૨ | ૧૫૦ |

| | | | |
|---|---|---|---|
| જો કોઉ વિચારે જન ઉલટ તપાસે તન... | ૧૮ | ૭ | ૯૦ |
| જંત જમે પ્રકૃતિ બ્રહ્મકે અપ... | ૩૩ | ૩ | ૧૬૬ |

ડ

| | | | |
|---|---|---|---|
| ડોલત નેંન સો વાયુ વિસેષન... | ૧ | ૬ | ૫ |

ન

| | | | |
|---|---|---|---|
| નભ તે નાદમાં નાદ ફુકન ગહન સાદ... | ૩૦ | ૩ | ૧૫૧ |
| નીચેકું ચલત નીર અવિરલ અતિધાર... | ૬ | ૬ | ૨૯ |
| નીરકુ જડતા આઈ શીતકી પ્રસંગા પાઈ... | ૩૨ | ૪ | ૧૬૨ |
| નિરાલં નારાયણં અહં નં વ્રણેયં... | ૪૩ | ૨ | ૨૧૬ |
| નિગમકી નિજગમ કહી લહી હુતી તમ... | ૪૦ | ૭ | ૨૦૨ |
| નિગમં નિરુપં નિરમેયં મહાવાયક... | ૩૯ | ૧ | ૧૯૩ |
| નાં ઈતકે ઉતહી પુની આવત... | ૧૭ | ૪ | ૮૩ |

ત

| | | | |
|---|---|---|---|
| તમ સો તો જીવ સદ્ આપા પર માની રદ... | ૪૦ | ૫ | ૨૦૧ |
| તમો તદસીયં અયં અહો નિરમલૈયં... | ૩૯ | ૬ | ૧૯૬ |
| તમોસે ભૂતાની દસકાલ સહિત સંચ... | ૨૦ | ૪ | ૯૮ |
| તત્ત્વની ચતુર ઉર ચુરચુર કહીયે ચીંન... | ૪ | ૭ | ૧૯ |
| તત્ત્વની જુગલ કહી શ્વાસાની સમાસ લહી... | ૧૦ | ૭ | ૪૯ |
| તત્વ સમાસ કરે તે માટે શૂન્ય... | ૩ | ૪ | ૧૩ |
| તા પદકે મધ્યકી હર્દ યાંમમ... | ૩૭ | ૧ | ૧૮૪ |
| તાઈમે જાગ્રત કહત કુવેર જ્યૌ... | ૨૧ | ૬ | ૧૦૭ |
| તાઈકે અમલ શ્વાસા ક્રોડ કોસ લખ પચાસા... | ૧૪ | ૨ | ૬૭ |
| તાઈકુ ગ્રાહક પાણ્ય પંચુક્રમ... | ૧૫ | ૬ | ૭૪ |
| તાઈતે ભૂલત જીવ પરત વિભ્રાંતિ ભાતિ... | ૨૬ | ૫ | ૧૩૩ |
| તાઈતે આ સંખ્યા તજ પિંડની બ્રહ્માંડ રજ... | ૩૪ | ૧ | ૧૬૯ |
| તાહીકે સહસ્ત્ર નામ રહેસ રહે કીયે કામ... | ૪૨ | ૩ | ૨૧૦ |
| તીરસી સમીર સ્વર સુભર ચલે અમર... | ૬ | ૫ | ૨૯ |
| તીનું અવસ્થા તુરીમે અંકુરવત... | ૨૩ | ૨ | ૧૧૪ |
| તીક્ષણ અગન્ય મીષ્ટ મહીકી કહત પુનિ... | ૨ | ૫ | ૮ |

| | | | |
|---|---|---|---|
| તિનુકે સાક્ષી તુરિ ચિત્તની કલ... | ૧૯ | ૬ | ૯૫ |
| તુરીયા ચતુર તાકી કહે કોહો મત ગતિ... | ૨૪ | ૩ | ૧૨૦ |
| તુરીયામે તુરીયા સો અસમિ અહંગ આપ... | ૨૪ | ૪ | ૧૨૧ |
| તેસે કુવેર કૈવલ પયોધીત્યે... | ૨૭ | ૬ | ૧૩૯ |
| તેસે જલકી યુગલ રસના ઉપસ્થ મીલ... | ૧૬ | ૪ | ૭૮ |
| તેસેહી ચૈતન વ્યાપ સરવાંગ સોહંગ થાપ... | ૩૬ | ૭ | ૧૮૩ |
| તેસેહી પિંડ બ્રહ્માંડ રસીક રચે પ્રચંડ... | ૩૪ | ૫ | ૧૭૨ |
| તેસેહી નિમતવત્ વ્યોમને વાજીંત્ર ગત... | ૩૦ | ૪ | ૧૫૨ |
| તેજ પ્રકાશ રહે વ્યોમ વ્યાપક... | ૧૩ | ૨ | ૬૧ |
| તેજમે તોય તપે અપ છાંડત... | ૧ | ૫ | ૪ |
| તેજકી નેતર પાદુ દેખત ચલે અનાદુ... | ૧૬ | ૫ | ૭૮ |
| તોઈમે તેજ રહે સો સુનો ગત | ૩ | ૨ | ૧૧ |
| તોઈકો તાન આનંદ આલંબન... | ૧૫ | ૩ | ૭૨ |
| ત્યૌ લ્યહુ ભિન્ન વિલાસ દીસે બ્રહ્મ... | ૩૧ | ૬ | ૧૫૮ |


### થ


| | | | |
|---|---|---|---|
| થાહ અથાહકો કોઉ ન આવત... | ૪૧ | ૬ | ૨૦૭ |


### દ


| | | | |
|---|---|---|---|
| દછન યજુરવેદ શાસ્તર મીમાંસા ભન્યે... | ૩૮ | ૪ | ૧૯૦ |
| દિવ્ય દ્દષ્ટિ ઉતકૃષ્ટ ભયો દ્રશ્ય... | ૩૩ | ૬ | ૧૬૮ |
| દેવમે દૈવત રૂપે મનુષ્યમે મનુજ પે... | ૩૬ | ૪ | ૧૮૧ |
| દેહ અનુમાન ભૂલે સો તુરી પદ... | ૨૧ | ૪ | ૧૦૫ |
| દ્દષ્ટ પદારથ હે અવનિ અપ | ૧૯ | ૧ | ૯૨ |
| દ્દષ્ટાંત સમજ પરે બુદ્ધિ ચિંતવન કરે... | ૩૨ | ૬ | ૧૬૩ |
| દ્વૈતની પ્રથમ કહુ ભેદ પડનાલી ટીકા... | ૩૨ | ૧ | ૧૬૦ |


### ધ


| | | | |
|---|---|---|---|
| ધીરજ પ્રગટ ભોમિ અચલ ચલત નાંહી... | ૮ | ૬ | ૪૦ |
| ધીરજ અવન્ય મન અગની અકલ પત... | ૨ | ૬ | ૯ |


### પ

| | | | |
|---|---|---|---|
| પછમ વદન સામવેદહી વિનયે કર્યો... | ૩૮ | ૫ | ૧૯૦ |
| પવન પ્રસવ દાવ અગન્ય ઉપજ ભઈ... | ૩૨ | ૩ | ૧૬૧ |
| પવને સુકાત તાતે કહ્યો તેજ... | ૧૧ | ૩ | ૫૨ |
| પક્ષવાદી સંશે દહુ વેદકે વૈવાદ કહુ... | ૩૮ | ૧ | ૧૮૮ |
| પઢ્ય ગુનત સુર્તિ નુર્તિ જ્યૌ લ્યૌ કર્તા ક્રત... | ૪૨ | ૭ | ૨૧૩ |
| પિંડ બ્રહ્માંડ પંચાત નરણે કીજ... | ૧૩ | ૫ | ૬૩ |
| પિંડકે પંચિકરણ વિભાગ બહુ વરણ... | ૮ | ૧ | ૩૭ |
| પિંડકે વિલાસ કીટ બ્રહ્માંકે પ્રજંત અંત... | ૨૮ | ૩ | ૧૪૧ |
| પિંડહી બ્રહ્માંડ ઈંડ ભાસતહી ખંડ ખંડ... | ૨૮ | ૭ | ૧૪૪ |
| પુના તીન ક્રોડ કોસ ચલત અગન્ય શ્વાસ... | ૧૨ | ૨ | ૫૬ |
| પૂર્વક કે મુખ રઘુવેદની વિધિને કહ્યો... | ૩૮ | ૩ | ૧૮૯ |
| પ્રકૃતિ પુરુષ લક્ષ દેખત દ્વૈત પક્ષ... | ૨૮ | ૬ | ૧૪૩ |
| પ્રકૃતિસે ગુણ તીનું વિશ્વનું કરે અમીનું... | ૨૦ | ૬ | ૯૯ |
| પ્રથમ હી રઘુવેદ સદ્ ચિદ્ આનંદ ભેદ... | ૪૦ | ૨ | ૧૯૮ |
| પ્રથમહી મન આગુ આંન્ય રહે તાકે સોહાગુ... | ૨૪ | ૬ | ૧૨૨ |
| પૃથ્વિ અપ તેજ વાઈ પંચમુ શૂન્ય સોહાઈ... | ૧૬ | ૧ | ૭૬ |
| પૃથ્વીકી ઈન્દ્રિ દોઉ કારજ કારણ સોઉ... | ૧૬ | ૩ | ૭૭ |
| પાંચ પચીસ પ્રકૃતિ તિનું ગુણ... | ૩૧ | ૨ | ૧૫૫ |
| પંચની ચલત ચાલ સ્વાસમે હલત હાલ... | ૬ | ૪ | ૨૮ |
| પંચહી કોશ વસે તનકે ભગ... | ૧૫ | ૧ | ૭૧ |


### બ


| | | | |
|---|---|---|---|
| બરન સપેત શ્વાસામાંહીકે અપકે વિત્ત... | ૧૦ | ૬ | ૪૯ |
| બાંની અનંત ગીરાયં વલોયં... | ૩૯ | ૨ | ૧૯૩ |
| બુદ્ધિ કે માપસ અસ ગાવત રસના રસ... | ૨૮ | ૧ | ૧૪૦ |
| બોલત તાડ કરે સો કહ્યો તેજ... | ૫ | ૨ | ૨૧ |
| બ્રહ્મ હીલોલ ઉઠે નિધ્યકી મધ્ય... | ૩૭ | ૩ | ૧૮૫ |
| બ્રહ્મમે સકલ વાસ કીયો ન તાકો અભ્યાસ... | ૧૮ | ૫ | ૮૯ |
| બ્રહ્મતરુ ફુરણ શાખ્યા વિશ્વ સફુરણ... | ૩૦ | ૭ | ૧૫૪ |
| બ્રહ્માંડ કોટી અણુ તુલ્ય જ્યાં નહીં... | ૪૧ | ૫ | ૨૦૬ |
| બ્રહ્માંડ એ કીસ ઈસ નામ રૂપ ગુન વિષે... | ૨૮ | ૫ | ૧૪૩ |
| બ્રહ્મહીકે જાને બીના પાર ન પાવત કોઉ... | ૨૬ | ૧ | ૧૩૦ |

| | | | |
|---|---|---|---|
| બ્રહ્મહીકે જાને બિના ગલત ના હર્દે ગ્રંથિ... | ૨૬ | ૨ | ૧૩૦ |

**ભ**

| | | | |
|---|---|---|---|
| ભન્યે એ ચતુષ્ઠ અધો શબ્દ પુષ્ટં... | ૩૯ | ૭ | ૧૯૬ |
| ભૂલ રહે ઈતકે ઈતહી સર્વ... | ૨૯ | ૧ | ૧૪૫ |
| ભૂલ્યેહુ આપકે આપ, જપત કાહુકો જાપ... | ૧૮ | ૨ | ૮૬ |
| ભેખ અનેક રચે ખટ દર્શન... | ૨૫ | ૫ | ૧૨૮ |
| ભોમી તેજ ભાગ કહે ઉદર અંકુર રહે... | ૨ | ૧ | ૬ |
| ભોમી વિભાગ લઘુ પલ મીંચત | ૩ | ૧ | ૧૧ |
| ભોમી વિભાગ કહું પંચકે સંચ... | ૧ | ૨ | ૨ |
| ભોમીમેં હેજ રહે સમસો અપ... | ૭ | ૩ | ૩૩ |
| ભોમીકો ભોગ અનોમે અન્યો અન્ય... | ૧૫ | ૨ | ૭૧ |
| ભોગકે લિંગ શબ્દ સપરસ... | ૧૫ | ૫ | ૭૪ |

**મ**

| | | | |
|---|---|---|---|
| મલકો સવાદ તાકો સૂભર ગવન જાકો... | ૧૪ | ૪ | ૬૮ |
| મલતાન મંગલમયે મસરી રસ... | ૧૧ | ૫ | ૫૩ |
| મનકે ચંદ્રદેવ બુદ્ધિ ચિત્ત અજ વાસુ... | ૨૨ | ૭ | ૧૧૨ |
| મહદતા માહાજ અજ અકથ કહ્યાની બાની... | ૩૦ | ૫ | ૧૫૨ |
| મહાભૂત કે પંચીકરણ કહુ અબ... | ૭ | ૨ | ૩૨ |
| મહાકારણ દેહ સો તો પ્રકૃતિ સનેહ જેહ... | ૨૦ | ૩ | ૯૭ |
| મહાશૂન્ય શ્વાસા સમીર ચલતહી ધીર ધીર... | ૧૪ | ૩ | ૬૭ |
| મારુત અપકે ચીન ભેદ જાકે ભીન ભીંન... | ૪ | ૧ | ૧૬ |
| મારુતકી રત પ્રીત અતિ પ્રાણ... | ૧૫ | ૪ | ૭૩ |
| મારુતકી તુચા હસ્ત ખણસ જહાં જહાં ખનસ્ત... | ૧૬ | ૬ | ૭૯ |
| માતરા તાઈકુ તેસે રહત રસના રસ... | ૧૦ | ૫ | ૪૮ |
| માતરા જાહીકી રૂપ સપરસહી અનુપ... | ૧૨ | ૪ | ૫૮ |
| માતરા શબદ જાકી ઉદાર સભાવ તાકી... | ૬ | ૩ | ૨૭ |
| મીનની આદ્ય અનંત અતિ જીવ... | ૯ | ૨ | ૪૩ |
| મીસરી મીઠાઈ કરી નામ રૂપ જુદાં ધરી... | ૩૪ | ૪ | ૧૭૧ |

**ય**

| | | | |
|---|---|---|---|
| યા વિધિ દ્વૈત ભયો શિવનો જીવ... | ૧૭ | ૫ | ૮૪ |
| યાહીકુ જીવ કહે સબકી ઈત... | ૩૩ | ૧ | ૧૬૫ |
| યેસો ના કીયો સમાપ શિર લેત પુન્ય પાપ... | ૧૮ | ૪ | ૮૮ |
| યેસે મહાભૂત જૂથ અન્યો અન્ય અનુસૂત... | ૮ | ૨ | ૩૭ |
| યેસેહી વિશ્વ વિચિત્ર બ્રહ્મ અપકે આભીત્ર... | ૧૮ | ૬ | ૮૯ |
| યેસેહી અંતઃકરણ અન્યોઅન્ય... | ૨૩ | ૫ | ૧૧૬ |

**ર**

| | | | |
|---|---|---|---|
| રહત માતરા બેન્યું ઓતપ્રોત અન્યો અન્ય... | ૧૨ | ૭ | ૫૯ |
| રહત ધનંજય વાયુ જે પડે પિંડ... | ૧ | ૩ | ૩ |
| રહત વાયુ તેજ મેં જ્વાલા ચાલત... | ૯ | ૫ | ૪૪ |
| રહત આભિત્ર ચરિત્ર ન્હાંના વિધિ... | ૩૫ | ૪ | ૧૭૭ |
| રહે સો શીતકે ખટ પ્રસ પવન નીકટ... | ૧૨ | ૬ | ૫૯ |
| રાજસ સત્વ પ્રકૃતિ તમોગુન... | ૨૫ | ૪ | ૧૨૭ |
| રોમ કે છિદ્ર સો વ્યોમ કહાવત... | ૧ | ૪ | ૩ |

**લ**

| | | | |
|---|---|---|---|
| લહ્યો ન વિચાર નિજ અહો મમ કુન બીજ... | ૧૮ | ૩ | ૮૭ |
| લહત સમજ સંત જાને ન જગત જંત... | ૩૨ | ૭ | ૧૬૩ |
| લહે કોઈ સંત જન જાકે નિરમલ મન... | ૨ | ૨ | ૬ |
| લહે બિનું નિજગતિ રહત ના ઈન્દ્રિ જીતી... | ૨૬ | ૬ | ૧૩૩ |
| લગત માતરા સપરસહી પવન તન... | ૪ | ૬ | ૧૯ |
| લગત માતરા ગંધ રુપ હી સ્વરૂપ ઉપ... | ૨ | ૭ | ૧૦ |
| લીન વિચાર વિલે પ્રકૃતિ સમ... | ૨૧ | ૨ | ૧૦૪ |
| લોક ચતુરદસ હે માંનકે વશ... | ૨૯ | ૬ | ૧૪૯ |
| લેયં તેયં જ્યૌ ઓજસ દ્વયં દશ... | ૩૯ | ૩ | ૧૯૪ |

**વ**

| | | | |
|---|---|---|---|
| વારી અપાર ના પાર પયોધીર... | ૨૭ | ૫ | ૧૩૮ |
| વારીમે વાઈ રહે નીસયા સુર... | ૯ | ૧ | ૪૨ |
| વાયુ રહ્યો રસના રસ ગ્રાહત... | ૩ | ૩ | ૧૨ |
| વાયુમે વ્યોમ રહે ભુક્ષ લાગત... | ૩ | ૫ | ૧૩ |

| | | | |
|---|---|---|---|
| વાયુમે વ્યોમ વિશેષ ગ્રાહતન... | ૧૧ | ૨ | ૫૨ |
| વાણી પશ્યંતિ મધ્યમા વાચ રહિત... | ૨૩ | ૬ | ૧૧૭ |
| વાણી વિચિત્ર પ્રકાર ઉચ્ચારત... | ૩૭ | ૪ | ૧૮૫ |
| વિશ્વ સકલ વિલાપ દષ્ટકો કરત થાપ... | ૧૮ | ૧ | ૮૬ |
| વિસનવું લક્ષ તાકુ વિસનવું કહત સહુ... | ૪૨ | ૨ | ૨૦૯ |
| વિધિ કે વદન ચારુ ઉચરત ન્યારુ ન્યારુ... | ૩૮ | ૨ | ૧૮૮ |
| વિધિવૈ વેદંતં અચંત્યે નચંતં... | ૪૩ | ૫ | ૨૧૮ |
| વિશેષીકે જ્ઞાનદેવ સાંખ્યકે કપિલ મૂનિ... | ૩૮ | ૭ | ૧૯૨ |
| વેદ કતેબ કુરાન પુરાન... | ૨૫ | ૧ | ૧૨૫ |
| વૃક્ષનીમે વૃક્ષ જેસે, કીટમે કીટંપ તેસે... | ૩૬ | ૩ | ૧૮૦ |
| વંશ વિલાપ વાચાલ ભયો વિધિ... | ૩૫ | ૬ | ૧૭૮ |
| વર્ણ વીવ્યક્ત રહિત રહ્યો જમ... | ૪૧ | ૨ | ૨૦૪ |
| વ્યાપક બ્રહ્મ ન્હેઃકર્મ નિરાલંબ... | ૩૧ | ૧ | ૧૫૫ |
| વ્યોમકી શ્રવણ મુખ યા બોલે યા સુને સુખ... | ૧૬ | ૭ | ૮૦ |


## સ


| | | | |
|---|---|---|---|
| સચેત સચીવ શીવ ઈન્દ્રિને અવિલંબન જીવ... | ૩૪ | ૬ | ૧૭૨ |
| સવાદ મધુરો તાઈ જેઠકે મારુત પાઈ... | ૧૦ | ૪ | ૪૮ |
| સવાદ જાઈકો મીષ્ટ લગત તાઈકો સ્ત્રષ્ટ... | ૮ | ૫ | ૩૯ |
| સર્વજ્ઞ જ્ઞાન રસાન વ્રણોવીત... | ૧૩ | ૬ | ૬૪ |
| સદ સો તો બીજ સર્વ ચિદ સો હિરણગ્રભ... | ૪૦ | ૩ | ૧૯૯ |
| સદ ચિદ્ આનંદ અહં બ્રહ્મ અસીયં... | ૩૯ | ૫ | ૧૯૫ |
| સાધન સિધ્ધ ખટચક્રકી રટ... | ૨૯ | ૫ | ૧૪૮ |
| સોસત તેજ તાતે તે કહ્યો અપ... | ૩ | ૬ | ૧૪ |
| સોડસ આંગુલ જલ ચલત આ દમ સમ... | ૪ | ૩ | ૧૭ |
| સુરતી દરશ ચિંતવન મન જ્યૌ લ્યૌ તન... | ૨૮ | ૪ | ૧૪૨ |
| સુનવા સમીર હીર શ્રોતા મન કરો ધીર... | ૪ | ૨ | ૧૬ |
| સુનીયો અવસ્થા ભેદ કહુ મેં તાકે કલેદ... | ૨૨ | ૧ | ૧૦૮ |
| સુનત સુનત અતિ ભિન્ન ભિન્ન હોત મતિ... | ૨૬ | ૪ | ૧૩૨ |
| સુનો તત્ત્વકે પ્રતિલોમ અન્યોન્ય... | ૧ | ૧ | ૧ |
| સૂરતિ સમરતિ ઉચરતિ અહોનિશ... | ૨૫ | ૨ | ૧૨૫ |
| સૂક્ષ્મ સ્થૂલ કારણ મહાકારણ... | ૧૯ | ૨ | ૯૨ |

| | | | |
|---|---|---|---|
| સૂક્ષ્મે સૂક્ષ્મ રહે રુપમે અરુપ અતિ... | ૨૪ | ૭ | ૧૨૩ |
| સ્થૂલ સો પ્રગટ પિંડ ઔઠ હાથકી જો મંડ... | ૨૦ | ૧ | ૯૬ |
| સ્થાવર જંગમ વિશ્વ ચરાચર... | ૫ | ૫ | ૨૩ |
| સ્વપ્નમે જાગ્રત સો સર્વ ભાસત... | ૨૧ | ૩ | ૧૦૪ |
| સ્વપ્નામેં સ્વપ્ન સો ફોરત દેખ્યો ન કાઉ... | ૨૨ | ૩ | ૧૦૯ |
| સ્વયંગ નિધિ યથારથ લખ્યો ન કાઉન ગ્રંથ... | ૩૬ | ૧ | ૧૭૯ |
| સાંખ્ય વેદાન્ત મીમાંસા પાતાંજલિ... | ૨૫ | ૩ | ૧૨૬ |

**શ**

| | | | |
|---|---|---|---|
| શબ્દ વિભાગ કરે સો કહીયે મહી... | ૫ | ૩ | ૨૨ |
| શુદ્ધ વિચાર વિલે પ્રકૃતિ શીત... | ૩૩ | ૪ | ૧૬૭ |
| શૂન્ય કે સભાવ શૂન્ય અહોનિશ રહે મુન્ય... | ૧૪ | ૬ | ૬૯ |
| શૂન્ય સમીર રહે સાક્ષીવત્... | ૧૩ | ૧ | ૬૧ |
| શૂન્ય સનેહી તેહી તત્ત્વ સૂક્ષમ... | ૧૧ | ૪ | ૫૩ |
| શૂન્યકે સમાસ આસ કરત પ્રકાશ હાસ... | ૬ | ૧ | ૨૬ |
| શ્વાસ ઉશ્વાસ ભોમીમે વાયુ દમ... | ૭ | ૪ | ૩૪ |
| શ્વાસ ઉશ્વાસ સષોપતિ જાણો સત્... | ૨૩ | ૪ | ૧૧૫ |

**હ**

| | | | |
|---|---|---|---|
| હે સત્ વસ્ત ઉદે જહાં ના અસ્ત... | ૩૩ | ૫ | ૧૬૭ |
| હે હસના રસના ગુન ગાવત... | ૩૫ | ૧ | ૧૭૫ |
| હે જયહુકો ત્યહુ બ્રહ્મ ચિદાનંદ... | ૧૭ | ૧ | ૮૨ |

**જ્ઞ**

| | | | |
|---|---|---|---|
| જ્ઞાન આદીત ઉદે જીનકે ઘટ... | ૩૧ | ૩ | ૧૫૬ |
| જ્ઞાનક્રમ ઈન્દ્રિ મીલી પ્રકૃતિસુ હલીચલી | ૬ | ૭ | ૩૦ |
| જ્ઞાની મુની સુની કહત સરવે સત્... | ૨૯ | ૩ | ૧૪૬ |



જ્ઞાન સંપ્રદાયના આદ્યસ્થાપક કુવેરસ્વામી સંવત ૧૮૨૯ના મહાસુદ બીજના દિવસે ગુજરાત રાજ્યમાં ભાલેજ નજીક કાસોર ગામની વનખંડીમાં પ્રગટ થયા હતા. ગયા જન્મમાં અચાનક આવીને કલ્યાણ કરવાનું વરદાન આપ્યા મુજબ તેઓ હેતબાઈ નામની ક્ષત્રિયાણીને બાળ સ્વરૂપે મળ્યા હતા. સાત વર્ષની ઉંમરે ગુરુ પરંપરાને માન આપી કૃષ્ણસ્વામી નામના તપસ્વીને ગુરુ તરીકે સ્વીકારી સર્જનહારે સોંપેલા અંશના કલ્યાણની પ્રવૃત્તિ શરૂ કરી હતી. નાની ઉંમરથી જ પ્રભાત અને મંગળ પદની રચના રચીને અંશ-અંશીના લક્ષનું જ્ઞાન જગતને આપવાનો પ્રારંભ કર્યો હતો. ૧૦૫ વર્ષના (૧૮૨૯-૧૯૩૪) ગાળા દરમિયાન જંબુદ્વીપમાં રહી તેમણે સકર્તા સિદ્ધાંતની સ્થાપના કરી છે. જગતમાં પરંપરાગત ચાલી આવતી ઉપાસના અને સગુણ-નિર્ગુણ સિદ્ધાંતની હદ બતાવી જડ શરીરના કારણ રૂપે રહેલ ચૈતન અંશ અને બ્રહ્માંડની સર્વ ઉત્પત્તિના કારણ રૂપે રહેલ અંશીની સાચી ઓળખ આપતા કૈવલ જ્ઞાનથી ભરપૂર ૧૫ ધર્મગ્રંથોની આદ્ય લઈ આરતી, સ્તુતિ, ભજન, પદ, ગોડી વગેરેની રચના કરી છે. સર્જનહાર દ્વારા મળેલ કુલમુખત્યારનામાને આધારે સમસ્ત બ્રહ્માંડમાં કૈવલકર્તા સાથે અંશને મેળાપ કરાવનાર તેઓ એક માત્ર સમર્થ ગુરુ છે. અંશને પંચમી અખંડ કૈવલ મુક્તિ મળે તે માટે તેમણે પ્રગટ અને ગુપ્ત અમરમંત્ર આપેલો છે. જેના સહારે અંશ જન્મ-મરણના ભવસંકટમાંથી સદાને માટે મુક્તિ પામી શકે છે. તેઓ સર્જનહારના પરમવિશેષ પાટવી અંશ હોઈ સર્જનહારે તેમને નવ બુદ્ધિ અને સોળ વિભૂતિથી વિભૂષિત દિવ્ય દેહ ધારણ કરાવી બ્રહ્માંડમાં મોકલ્યા છે. વળી, જગતના ઈશ્વરો ગણાતા દેવી-દેવતાઓને કર્તાએ એક એક કરુણા આપી કરુણામય બનાવ્યા છે. જ્યારે સર્જનહારે તેમને સર્વ કરુણાઓનો સમૂહ બક્ષેલો હોઈ તેઓ કરુણાસાગર કહેવાયા. મુખ્ય ગુરુગાદી સારસા, તા-જીઃ આણંદમાં સ્થાપીને બ્રહ્માના પાંચમા મુખના છેદન બાદ ગુપ્ત થયેલા જ્ઞાનને દર્શાવતા ''પંચમ સ્વસમ વેદ''ની રચના કરી જગતને નેતિપદથી પર રહેલા પરમપદને પામવાનો સાચો અને ન્યાયપૂર્વક માર્ગ દર્શાવનાર કૈવલવેત્તા પુરુષ એટલે દિવ્ય પરમગુરુ શ્રીમત્ કરુણાસાગર.

- બીપીન આર. શાહ

ભજનાનંદ પબ્લિકેશન

978-81-921648-0-9